

# એક યોગીનો નવો જન્મ

રવીન્દ્રનાથ આર. મહારાજ

# એક યોગીનો નવો જન્મ

( પ્રકાશપંથનો યાત્રિક )

: લેખક :

રવીન્દ્રનાથ આર. મહારાજ

*  *  *

Rebirth of Yogi
(Gujarati)

*By :*
Rabindranath R. Maharaj

© Original Edition 1986: Rabindranath Maharaj
Second Gujarati Edition 1994 : 3000 Copies

© O.M. India,
I.S.B.N. 81-7362-027 - X

All Rights reserved.

No part of this book may be reproduced in any form without written permission from the publisher.

Copies of this book can be obtained from
**O.M. INDIA**
P.O. Box - 7
Behrampura
Ahmedabad - 380 022.
Gujarat.

***Printed at*** **:- Apsara Printing Works**
2-2-1166/1, Tilak nagar, Hyderabad - 500 044 Ph: 551074

# અનુક્રમણિકા

પૃષ્ઠ નં.

| | | |
|---|---|---|
| ૧. | એક બ્રાહ્મણનાં મૂળ | ૧ |
| ૨. | અવતારની પૂર્ણાહુતિ | ૧૪ |
| ૩. | પવિત્ર ગંગામાં અસ્થિવિસર્જન | ૨૨ |
| ૪. | કર્મ અને પ્રારબ્ધ | ૩૫ |
| ૫. | પંડિતજી | ૪૫ |
| ૬. | યુવાન ગુરુ | ૫૫ |
| ૭. | શિવજી અને હું | ૬૦ |
| ૮. | પવિત્ર ગાય ! | ૬૯ |
| ૯. | ધનવાન માણસ, ગરીબ માણસ | ૭૪ |
| ૧૦. | અજાણ્યો ઈશ્વર | ૮૨ |
| ૧૧. | तत्त्वमसि (તે તું છે) | ૮૫ |
| ૧૨. | ગુરુપૂજા | ૯૧ |
| ૧૩. | કર્મ અને કૃપા | ૧૦૦ |
| ૧૪. | જ્ઞાનપ્રકાશ | ૧૦૬ |
| ૧૫. | ગુરુનું મૃત્યુ | ૧૧૦ |
| ૧૬. | નવો આરંભ | ૧૨૪ |
| ૧૭. | પુનર્મિલન અને વિદાય | ૧૩૬ |

# ૧. એક બ્રાહ્મણનાં મૂળ

જીવન ભલેને ગમે તેટલું સફળતાથી વીતેલું હોય, પરંતુ માણસ જ્યારે ભૂત-કાળમાં ડોકિયું કરે છે ત્યારે તેને હંમેશાં કોઈને કોઈ નિરાશા ને ગમગીની પીડયા કરે છે. કશુંક ગુમાવ્યાની મારી ઊંડામાં ઊંડી લાગણી મારા પિતાજી ચંદ્રભાણ રઘુવીર શર્મા ઉર્ફે મહાવીર પંડિત વિશેની છે. આજે તે જીવતા હોત તો કેટલું બધું સારું થાત ! આ અસાધારણ માણસ ભરયુવાનીમાં ને તે પણ રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામ્યા એ હકીકત પણ મારી ગમગીનીને સંપૂર્ણ રીતે સમજાવી શકે તેમ નથી. તેમના મૃત્યુ પછી પણ બીજી ઘણી આશ્ચર્યકારક ઘટનાઓ બની છે. આ બધા પ્રસંગોમાં જો તેમના સહભાગી થવાનું મળ્યું હોત તો મને કેવી લાગણી થાત ને તેમના પ્રત્યાઘાત કેવા હોત તે વિશે મને ઘણી વાર વિચાર આવે છે.

તેમની સાથે ભાગે પડતી વહેંચણી કરી હોત તો? અમે અમારી પ્રવૃત્તિઓમાં સહભાગી થયા હોત તો? જીવનમાં કશાની પણ ભાગે પડતી વહેંચણી કરી નથી, કશામાં સહભાગી થયા નથી. હું જન્મ્યો તે પહેલાં તેમણે અમુક માનતાઓ—પ્રતિજ્ઞાઓ લીધી હતી, જેને કારણે તેમણે એક પણ વખત ન તો મારી સાથે વાત કરી હતી કે ન તો મારા પ્રત્યે ધ્યાન આપ્યું હતું. તેમના માત્ર એક-બે શબ્દોથી જ મને અવર્ણનીય આનંદ થયો હોત. બીજા બધા કરતાં તેમને મોઢેથી "રવિ ! બેટા રવિ !" માત્ર એકવાર પણ સાંભળવાની મને કેટલી તીવ્ર આકાંક્ષા હતી ! પણ તેમની પાસેથી એવા વહાલસૂચક શબ્દો કદી પણ સાંભળી શકાયા નહિ !

લાંબાં લાંબાં આઠ વર્ષો સુધી તેમણે એક પણ વખત આ શબ્દો ઉચ્ચાર્યા નહિ. મારી માતા સાથે પણ કશી વાતચીત કરી નહિ. યોગની મદદથી તેમણે જે નિર્વિકાર ને ધ્યાની જેવી સ્થિતિ પ્રાપ્ત કરી હતી તે અત્યંત વિશિષ્ટ હતી ને પૂર્વની અધ્યાત્મ-વિદ્યા(રહસ્યવાદ)ની જેમને ઓળખ કે સમજ ન હોય તેમને તો તે એક પ્રકારનું પાગલપણ જ લાગે. હવે જો કે 'ચેતનાવસ્થાની પરિવર્તનશીલ ભાવસ્થિતિ'ને પશ્ચિમમાં પણ નવો આવકાર પ્રાપ્ત થયો છે. તેનો આરંભ વૈજ્ઞાનિક પ્રયોગશાળાઓમાં જુદા જુદા કેફી પદાર્થો પરના પ્રયોગોમાંથી થયો હતો. હવે તો આ 'વૈકલ્પિક સત્ય' સમાજમાં પણ ખૂબ ફેલાઈ ગયેલ છે ને લાખો માણસોએ સંમોહન ચિકિત્સા (hypnotherapy), આત્મસૂચન, દિશાસૂચક કલ્પના ચિત્રો અને પશ્ચિમમાં લોક-પ્રિય બનેલાં યોગની જુદી જુદી પદ્ધતિઓના ઉપયોગ દ્વારા તેનો અનુભવ મેળવ્યો છે. જેમાં અનુભવાતીત ચિંતન(TM)થી માંડી ધ્યાનકેન્દ્રીકરણ (centring) ને

માનસિક ચક્ષુ વડે પ્રત્યક્ષીકરણનો આનંદ મેળવવો વગેરે વાતોનો પણ સમાવેશ થઈ જાય છે. હવે તો વૈજ્ઞાનિક બિરાદરીમાં ઈન્દ્રિયગમ્ય આધ્યાત્મિક ઘટનાઓની વધુ ને વધુ સ્વીકૃતિ જોવા મળે છે. પરિણામે પશ્ચિમના સમાજના ભૌતિકવાદી પલાયન-વાદમાંથી મંત્રતંત્રશાસ્ત્ર–occult–ગૂઢવિદ્યાના અધ્યયન તરફની નવી અભિમુખતા જોવા મળે છે.

હજારો વર્ષથી આપણને ભારતના લોકોને યોગમાં રહેલી વાસ્તવિક શક્તિની પિછાન છે. મારા પિતાજીએ તેની સત્યતાની ખાતરી કરાવી આપી છે. હવે તો યુરોપ ને અમેરિકામાં પણ ભારતીય યોગીઓ ને ગુરુઓ ઘણા પ્રખ્યાત થઈ ગયા છે. ને તેઓ જે શીખવે છે તેનો પરમ (આખરી આદર્શ) કે અનુકરણીય નમૂનો પિતાજીમાં જોવા મળતો હતો. યોગીઓ જે કંઈ શીખવે છે તે જાણે તેમણે જીવી બતાવ્યું હતું. બહુ થોડા માણસો તેવું કરી શકે.

મારામાં જ્યારે પુખ્ત સમજણ ન હતી ત્યારે મારી માતાને પૂછી બેસતો કે, "પિતાજી કેમ આવું કરે છે?"

માતા કહેતી, "તારા પિતાજી એક વિશિષ્ટ પ્રકારના માણસ છે, એક મહાન માણસ છે." તે હમેશાં મારી મૂંઝવણભરી અભિવ્યક્તિઓ અને સતત પુછાતા પ્રશ્નો પ્રત્યે ખૂબ ધીરજ દર્શાવતી. "તે આપણી અંદર પડેલા એકમાત્ર આત્મતત્ત્વની ખોજ કરે છે. રવિ, તારામાં પણ એવો જ એક આત્મા છે."

એ વખતે તો મારી સમજણ ખૂબ ઓછી હતી, છતાં થોડા સમયમાં મને વિશ્વાસ પડવા લાગ્યો કે પિતાજીએ ખૂબ ઉમદા પસંદગી કરી હતી. માતાએ પણ મને તે બાબતની ખાતરી કરાવી હતી ને બીજાંઓ પણ એવું કહેતાં હતાં. તેઓ કહેતાં કે બુદ્ધના મહાન ત્યાગ જેવો જ પિતાજીનો ત્યાગ હતો. જ્યારે મોટા થઈને મેં ધાર્મિક લખાણો તપાસવા માંડયાં ત્યારે મને તેની વિશેષ પ્રતીતિ થઈ. લગ્નના થોડાક જ દિવસોમાં તેમણે આ વિરલ–સીધાં ચઢાણ જેવો સંપૂર્ણ–ત્યાગ કર્યો હતો. જો એ થોડા વધુ દિવસ પહેલાં થયો હોત તો કદાચ મારો જન્મ જ ન થયો હોત!

જો કે મેં એ સ્વીકારી તો લીધું કે એક ઊંચી પસંદગી કરવાને કારણે પિતાજી મારી સાથે–તેમના એકમાત્ર સંતાન સાથે–બોલતા નહોતા, છતાં પેલું ચૂંટી ખાતું ખાલીપણું, કોરી ખાતી એષણાઓ અને પેલી વિશિષ્ટ ને અસ્વસ્થ કરી મૂકતી ક્ષુધા ઉપર હું ક્યારેય સંપૂર્ણ જીત મેળવી શકયો નહિ. આ બધું હોવા છતાં માઠું લગાડવાનો કે ચીસે ભરાવાનો કોઈ પ્રશ્ન જ ઊઠતો નહોતો. બધા જ હિન્દુ-ઓને માટે શ્રીમદ્ ભગવદ્ગીતા તો સૌથી પવિત્ર ગ્રંથ છે ને મારા પિતાજીએ હિંમતપૂર્વક એ ગ્રંથમાંના ઉપદેશ મુજબ જીવન ગાળવાનું પસંદ કર્યું હતું. મારી માતાએ મારામાં ધાર્મિક સંસ્કારનું સિંચન કર્યું હતું, એટલે હું કેવી રીતે

એ જીવન પ્રત્યે માઠું લગાડી શકું કે રોષ વ્યક્ત કરી શકું? આમ છતાં, પિતાજીના સહવાસની મને ઊંડી ઝંખના રહ્યા કરતી.

કોઈને પણ, અરે મારી માતાને પણ, પિતાજીએ લીધેલ પ્રતિજ્ઞાઓની ખબર નહોતી. એમણે એકાએક જે અસાધારણ જીવનરીતિ અપનાવી હતી તેમાંથી જ એમણે લીધેલ પ્રતિજ્ઞાઓ વિશે કલ્પનાઓ કરવાની રહેતી. પદ્માસન વાળીને, પગના બંને અંગૂઠા ઘૂંટણ પર ચડાવીને, તે એક લાકડાની પાટ પર બેસતા ને પોતાનો આખો દિવસ ધાર્મિક ગ્રંથોના અધ્યયનમાં ને ધ્યાન ધરવામાં પસાર કરતા. પેલી લાકડાની પાટ ઉપર જ સૂઈ પણ જતા. મંત્રોનું ઉચ્ચારણ એ ધ્યાન માટે મહત્ત્વનું છે. તેમનાથી ઉત્પન્ન થતાં આંદોલનો જ દેવતાઓને નિમંત્રવામાં મોટો ભાગ ભજવે છે. અને આ દૈવી તત્ત્વોની મદદ વિના ધ્યાનમાં બેસનારને કશો ખાસ લાભ થતો નથી. પણ પિતાજી માટે તો મંત્રો રટવાની કશી જરૂર નહોતી. અમે બધાં માનતાં કે તે બ્રહ્મ સાથે સીધો સંબંધ ધરાવે છે. તે પોતાના આત્મતત્ત્વને સમજવામાં એટલા ઊંડા ઊતર્યા હતા કે તે કોઈપણ મનુષ્યની હાજરીને કશું મહત્ત્વ આપતા નહિ. અલબત્ત તેમને પગે લાગવા આસપાસના દૂરદૂરના વિસ્તારમાંથી શ્રદ્ધાળુઓ આવતા ને તેમને ચરણે ફળો, ફૂલો, કપડાં ને નાણાંની ભેટ ચડાવતા. આમાંથી કોઈ પણ પિતાજીમાં કશો આસક્તિભાવ ઉત્પન્ન કરી શકતું નહિ. એ તો જાણે કોઈ બીજી જ દુનિયામાં જીવતા. વર્ષો પછી હું પણ ધ્યાન ને સમાધિમાં એવી સિદ્ધિ મેળવી શક્યો કે હું વિચિત્ર ગ્રહોની, અદ્ભુત વિશ્વની ને ઊંચાં ઊંચાં ઊર્ધ્વાસનોએ બેઠેલા તપસ્વીઓની મુલાકાતો લઈ શકતો, અને મને લાગે છે કે પિતાજી પણ પોતાનો સમય આવા લોકોની સાથે જ વિતાવતા હશે. પણ મારી ભારે નિરાશા વચ્ચે ત્યાં મને પિતાજીની ભેટ થઈ શકી નહિ.

પણ હું વાતમાં ઘણો આગળ વધી ગયો છું. આવી સિદ્ધિઓ કાંઈ સરળતાથી સાંપડતી નથી અને જેમણે માત્ર પાંચ જ્ઞાનેન્દ્રિયોની મદદથી આ વિશ્વની જાણકારી ને અનુભવ મેળવ્યાં છે તેમને તેની સહેલાઈથી સમજ પણ પડતી નથી. આપણે તો આપણી યાત્રાનો આરંભ ધીમેધીમે કરવો પડે છે. પહેલાં તો ઘણાં વર્ષોથી મનમાં ભંડારેલા પૂર્વગ્રહોને વિદાય આપવી પડે છે અને તેમાંયે ખાસ કરીને આપણી આજની તંત્રવિદ્યા (technology)નાં અપરિપક્વ કે અપૂર્ણ સાધનોથી જેને ન શોધી શકાય કે ન સમજી શકાય તેવું બધું ખોટું છે તેવી બુદ્ધિહીન માન્યતામાંથી મુક્ત થવું પડે છે. જે આપણે જાણીએ છીએ કે સમજીએ છીએ તેવી આપણી માન્યતા પણ મર્યાદિત હોય છે; કારણ, જીવન શું છે, ઊર્જા (energy) શું છે, અરે પ્રકાશ પણ શું છે તે કોણ સમજી શકે છે? ને કયું સાધન એવું છે જે પ્રેમને માપી શકે?

મારા પિતા પર ઘણા લોકો ઘણી વાર પ્રશંસાનાં પુષ્પો વરસાવતા, ત્યારે હું નાનો હતો તો પણ ભારે ગર્વનો અનુભવ કરતો. શ્રદ્ધાળુ હિંદુઓ ઊંચા ને રહસ્યમય

જીવનમાર્ગે જવાની પિતાજીની હિંમત ને નિષ્ઠાની આદર ને ભક્તિ સહિત કદર કરતા. ઘણાના અભિપ્રાય પ્રમાણે, ને જેમને હું સૌથી મોટા પંડિત માનતો હતો તેમના અભિપ્રાય મુજબ, પિતાજી એક અવતારી પુરુષ હતા. અવતાર શબ્દનો શો અર્થ થાય છે તે હું બરોબર સમજી શકું તે પહેલાં મેં એ શબ્દ ઘણીવાર સાંભળ્યો હતો. તે શબ્દ મને ઘણો મધુર લાગતો ને તે એક વિશિષ્ટ મહત્ત્વનો કે ખાસ શબ્દ પણ હતો. મને લાગતું કે મારું પણ ખાસ મહત્ત્વ છે. કારણ, મારા પિતાજીનું ખાસ મહત્ત્વ છે. હું પણ એક દિવસ એક મહાન યોગી બનીશ. શરૂઆતમાં તો તે ઓછી સમજાયેલી તેવી સ્વયંસ્ફુરણા એક (intuition) હતી, પણ પાછળથી તો તે વર્ષોના વહેવા સાથે સુદૃઢ થતી જતી પ્રતીતિ કે પાકી ખાતરી બની રહી.

મારે જે અચરજોનો અનુભવ કરવાનો હતો તેની તો મેં મારાં સૌથી ગૂઢ સ્વપ્નોમાં પણ કલ્પના કરી નહોતી. હવે તો મારી પાસે એટલી બધી એવી બાબતો છે જેમાં પિતાજી સાથે સામેલ થવામાં મને ઘણો આનંદ થયો હોત, પણ હવે તો તે આ દુનિયામાં નથી.

ઘણી વાર હું આ અસાધારણ માણસ આગળ ઊભો રહેતો, તેમની આંખોમાં આંખ પરોવી તાકી રહેતો ને તે આંખોનાં અગાધ ઊંડાણોમાં ખોવાઈ જતો. એ તો જાણે આપણે ઊંચા અવકાશમાંથી પડી જતા હોઈએ ને કશુંક પકડવાનો પ્રયત્ન કરીએ, કોઈને બોલાવવાની કોશિશ કરીએ પણ હાથમાં તો આવે માત્ર અનસ્તિત્વ ને મૌન–તેના જેવો અનુભવ હતો. ભગવાન કૃષ્ણે અર્જુનને જે પરમ સખ્યનો અનુભવ કરાવ્યો હતો તેવું પરમસખ્ય તેમને પ્રાપ્ત થયું છે તેવું હું જાણતો હતો. તેમનો શ્વાસ ધીમેધીમે ને લયબદ્ધ રીતે ચાલતો હોય, કમર સુધી વધી ગયેલાં વાળ–દાઢી સાથે તે પોતાની બાજઠ પર સ્થિર દશામાં બેઠા હોય, ત્યારે તે અત્યંત સ્વસ્થ ને શાંત દેખાતા. આવે વખતે તો હું કોઈ દેવની હાજરીમાં હોઉં તેવી લાગણી અનુભવતો.

અમે અમારા કુળના સ્થાપન ઉપર બેસાડેલા કુળદેવતાઓને હળવેકથી ખસેડતા, તેમને ઓઢાડેલ મુલાયમ કાપડ કાઢતાં ને ફરીથી તેમને તે ઓઢાડતાં, તેમને નવડાવતાં ને પછી ભારે કાળજી ને આદરભાવથી તેમને વસ્ત્રો પહેરાવતાં. પિતાજી સાથે પણ અમે તેવી જ રીતે વર્તતાં. પૂજાઘરમાં સ્થાપના કરેલા દેવોની જેમ તે પોતે પણ કશું જ કરતા નહિ. લગભગ આઠ વર્ષ સુધી અમે તેમની પણ એક દેવ તરીકે જ સંભાળ લીધી, તેમને નવડાવ્યા, જમવાનું આપ્યું ને વસ્ત્રો બદલાવ્યાં. પિતાજીએ કૃષ્ણના આદેશોનું પાલન કરી સત્તા, સ્થાન કે હોદ્દો, કામનાઓ, બધી જ ભૌતિક વસ્તુઓનો ત્યાગ કર્યો હતો. તેથી જ, પાસેથી ને દૂરથી લોકો તેમને પગે લાગવા આવે તેમાં નવાઈ પામવા જેવું શું હોય ? તેમના વિશે ગંભીર ને આદરસૂચક રીતે કહેવાનું કે તેઓ જીવનમુક્ત બની ગયા છે ને જન્મ-મરણના ચક્રમાંથી તે મુક્ત

થઈ ગયા છે. આ નશ્વર જગતમાં તેમને હવે નવા નવા જન્મો લેવાની જરૂર નહિ પડે, હવે તો તેમને માટે મોક્ષનું પરમસુખ નિશ્ચિત થઈ ચૂક્યું છે. સૌથી ઊર્ધ્વ એવા માર્ગોમાં તે પ્રવેશી ચૂકયા છે અને તેમના રહસ્યમય મૃત્યુએ અમને બધાને આશ્ચર્યમાં ડુબાડી દીધાં તે પહેલાં મને ખબર પડી ગઈ હતી કે અમે ફરી કદી એકબીજાને મળવાના નથી.

* * *

"વિષ્ણુ કહે છે કે તેમને આરોગ્યભવનમાં લઈ જવા એમ્બ્યુલન્સની જરૂર પડશે !"

હું બહાર ઊભો ઊભો તાજેતરમાં તોડેલી કેરી ખાતો હતો ત્યાં એક ખુલ્લી બારીમાંથી સવારની હવા પર સવાર થઈને આવેલા પેલા શબ્દો મારા કર્ણપટ પર અથડાયા. અવાજ મોહિની ફોઈનો હતો. તે પિતાજીનાં મોટાં બહેન હતાં ને તેમનાં સૌથી ઉત્સાહી શિષ્ય હતાં. તે અત્યારે ઘરમાં મારા પિતાજીને સ્નાન કરાવવામાં માતાને મદદ કરતાં હતાં. ફોઈબાને પિતાજી પ્રત્યે ભારે પ્રેમ હતો, ને તે આવેશપૂર્વક પિતાજીની ભક્તિ કરતાં. વિષ્ણુ તેમના નજીકના સગા હતા, સફળ ધંધાદારી માણસ હતા. તેમની પાસે ધર્મ માટે કશો સમય ન હનો, અને પિતાજી માટે માત્ર કટુ શબ્દો જ હતા. મારા હાથમાંથી કેરી નીચે સરકી પડી. વધુ સ્પષ્ટ રીતે સાંભળવા માટે હું શ્વાસ રૂંધીને બારીની નજીક ગયો. પાણીના ને વાસણના ખખડાટના અવાજોમાં વાતચીતના મંદમંદ શબ્દો બરાબર સંભળાતા કે સમજાતા ન હતા. વિષ્ણુ કશુંક ભારપૂર્વક કહેતા હતા કે, "જો લોકો તેમની સાથે દેવ તરીકેનો વ્યવહાર મૂકી દે તો પિતાજી આ અર્થહીન ઉપવાસ છોડી દે." "વીજળીના આંચકા દ્વારા અપાતી સારવાર" (shock treatment) માનસિક રોગોના ચિકિત્સક (psychiatrist) જેવા શબ્દો મારી બાળસહજ સમજની ગજા બહારના હતા. ડૉક્ટરો, દવાઓ ને આવા બીજા શબ્દો બારીમાંથી બહાર વહી આવતા હતા. ત્યાં જ મને લાગ્યું કે મારી માતાનો અવાજ ફોઈબાના અવાજ જેવો ઉન્માદયુક્ત બની ગયો છે, તેથી તો હું દિઙ્મૂઢ બની ગયો, ને ફરી પણ ગયો. માતા તો હંમેશાં શાંત જ રહેતી. કશાક અત્યંત ગંભીર બનાવે જ તેને આવો ઊંડો આઘાત પહોંચાડયો હશે.

છૂટીછવાઈ નાળિયેરીનાં વૃક્ષો વચ્ચેથી પસાર થતા પેલા જાણીતા રસ્તા પર થઈને હું ઘર તરફ દોડયો. ઘર તો ખરેખર માટીની દીવાલોવાળા બે ખંડનું ખોરડું હતું. એના ભોંયતળિયા પર લીંપણ હતું ને છત ઉપર વાટા પાડેલાં લોખંડનાં પતરાં હતો. મારી માતાના પિતાજીનું નામ લક્ષ્મણસિંગ. તેમના એક મિત્રનું નામ ગોપાળ. દાદાજી પાસે વિશાળ મિલકત હતી. મારાં માબાપને લગ્નની ભેટ તરીકે દાદાએ પેલું ઘર આપ્યું હતું. તેની પાસે જ ગોપાળદાદાએ પોતાનું સાદું ઘર બાંધ્યું હતું.

ગોપાળદાદાનું શરીર પાતળું પણ કસાયેલું હતું. તે અત્યારે ટૂંટિયુંવાળીને પેલા નીચા ઘરની પાસે ઊગેલા સોપારીના ઝાડના આછા છાંયડામાં રેતીમાં બેઠા હતા. તેમની ચામડી કરચલીવાળી ને પુરાણા ભૂજપત્ર જેવી ઘસાઈ ગયેલી હતી. તેમણે ધોતિયાનો કાછોટો વાળ્યો હતો, બંને ઘૂંટણ પર હાથ મૂકયા હતા ને તેઓ બંને હાથ હડપચી નીચે રાખીને બેઠા હતા.

"હે મહાન યોગીના પુત્ર, તું કેમ આટલો બધો ઉદાસ દેખાય છે?" તેમણે પૂછ્યું. મને તો લાગતું જ હતું કે ગોપાળદાદાએ કોઈ પુરાણા મુનિના પુનર્જન્મ-રૂપે જન્મ લીધો છે અને હવે તે વૃદ્ધાવસ્થાને આરે પહોંચ્યા છે. તેમના મોં પર શાણપણના ભાવ હતા. ગોપાળ હિંદી સારી રીતે બોલી શકતા પણ તેમનું અંગ્રેજી ને ત્રિનિદાદની અમારી અંગ્રેજી બોલછા ઘણી ખામી ભરેલાં હતાં.

ગોપાળદાદાએ પ્રશ્ન પૂછયો હતો. ત્રિનિદાદની અંગ્રેજી બોલછામાં વળતો બચાવાત્મક પ્રશ્ન પૂછતાં મેં કહ્યું, "તમે કેમ મને ઉદાસ ધારો છો?" મારી માતા તો હું શુદ્ધ અગ્રેજી બોલું તેવો ઘણો આગ્રહ રાખતી હતી, પણ મને તે ફાવતું ન હતું. અમારા ગામડાગામમાં મારા બધા મિત્રો જે તળપદી અંગ્રેજી બોલી બોલતા હતા તેમાંથી મને શુદ્ધ ભાષા બોલતો કરવો તે તો લગભગ અશક્ય હતું. મેં વધુમાં કહ્યું, "તમે પણ આજે કંઈ બહુ ખુશમિજાજમાં જણાતા નથી."

"ભાઈ, મને તો રાતે બરોબર ઊંઘેય આવી નહોતી." ગોપાળદાદાએ ગંભીરતાથી કહ્યું. તેમની ભરાવદાર ભૂખરી મૂછો બોલતી વખતે ઊંચીનીચી થતી હતી. તેમની ગુચ્છાદાર મૂછો કે કાનના લાંબા વાળ બેમાંથી મને શું વધારે મુગ્ધ બનાવતું હતું તે હજુ મારા મનમાં સ્પષ્ટ નહોતું.

હું ધીમેથી તેમની પાસે નીચે બેસી ગયો. વયમાં તફાવત હોવા છતાં અમે સારા મિત્રો હતા. એટલા સારા કે આખો સમય વાતો કરવાની જરૂર પણ જણાતી નહિ. ને માત્ર તેમની પાસે બેસવામાંયે મને આનંદ આવતો. થોડી મિનિટો પછી મન પરનો બોજો હળવો કરવા મેં પૂછ્યું, "શૉક-ટ્રીટમેન્ટ (વીજળીના આંચકાથી અપાતી સારવાર) એ શું છે? તમને કંઈ ખબર છે?"

કશા વિચારમાં પડી ગયા હોય તેવી મુદ્રામાં પોતાની હડપચી પસવારતાં ને પોતાના કપાળ પરની ભમ્મરો ઊંચીનીચી કરતાં એ વૃદ્ધે કહ્યું, "એ તો ભાઈ, શહેરના લોકોની વાત. અહીં એનો કશો અર્થ નહિ. તેં કયાં એવું સાંભળ્યું? રેડિયો પર સાંભળ્યું હશે નહિ?"

"મેં વિષ્ણુ પાસેથી સાંભળ્યું. મેં જો કે બરોબર સાંભળ્યું નથી."

"વિષ્ણુ કંઈ ખરાબ માણસ નથી. માત્ર બેપરવા છે. મોહિનીએ કશું કહ્યું હશે. તારા પિતાજી તેને બરોબર સીધો રાખતા, કેવા હતા એ દિવસો......"

હું થોડો નિરાશ થઈને ફરીથી મૂંગો થઈ ગયો. ગોપાળદાદા હંમેશાં મને ડહાપણના ભંડાર જેવા દેખાતા. કદાચ એ શહેરના લોકોની વાત હશે, પણ એમો જરૂર કશો અર્થ હોવો જોઈએ.

"મને હજુયે એ લગ્નની વાત બરોબર સમજાઈ નથી." ગોપાળદાદા એકાએક બોલી ઊઠયા; જાણે કે એ વાત મને એ પહેલી વખત કહેતા ન હોય! હકીકતમાં, તો એ વાત મેં તેમની પાસેથી ઓછામાં ઓછી વીસેક વખત સાંભળી હશે. મને હવે એ શબ્દેશબ્દ મોઢે થઈ ગયો હતો.

"ભાઈ, તારો બાપ તો જબ્બર હોશિયાર માણસ. તું પણ તારા બાપનો ખરો દીકરો. લગ્ન વખતે તારા બાપે જે છોગું પહેર્યું'તું એની તો વાત જ શી કરવી? ચારેબાજુથી વીજળીનો પ્રકાશ ઝગમગે. ખિસ્સામાં બેટરી મૂકી'તી. એ બધું તેણે પોતે બનાવેલું. તારા દાદાના સ્ટોર પાસેથી એ મોટરમાં બેઠો ત્યારથી માંડીને બધી વાત તારે નજરે જોનારા પાસેથી સાંભળવી જોઈએ.

"શું તમે પણ ત્યાં હતા?" જાણે હું જાણતો ન હોઉં, તેમ મેં દેખીતી નિર્દોષતાથી પૂછ્યું.

"ભાઈ, મેં તો જે જોયું હતું તેની સ્તો વાત કરું છું. આ કંઈ બીજાના અનુભવ પર આધારિત વાત નથી. મેં જોયેલાં લગ્નોમાં એ સૌથી મોટામાં મોટું હતું ને પાછું હતું યે સૌથી ખર્ચાળ. હું હાજર હોઉં ને ભાગ ન લઉં એવું બને ખરું? એય...ઢોલવાજાં ને નાચગાન ને ખાણીપીણી. ખાવાનું તો એટલું બધું કે આખો મહિનો ચાલે! ને દહેજની તો વળી વાત જ શી? ભાઈલા, તારે એ બધું જોવું જોઈતું હતું! તું તારા બાપ જેવો થાય તો......"

ગોપાળદાદા આટલું બોલીને થોભ્યા. પછી અવાજમાં નવો આદરભાવ ઉમેરી કહ્યું, "પણ એણે તો બધું જ મૂકી દીધું......બધું જ! તું કશું જાણે છે? એ તો અવતારી હતા અવતારી!"

પોતે હમણાં જ જે કહ્યું તેને વધુ પ્રતીતિકર બનાવવા ગોપાળદાદા મૌનમાં સરી પડયા. સામાન્ય રીતે તો વધુ સાંભળવા માટે હું રોકાયો હોત. છેવટે તો લગ્નની વાત પૂરી કરીને તેમણે રામાયણ કે મહાભારતમાંથી દેવતાની પરાક્રમગાથા શરૂ કરી દીધી હોત. તેમને તો હિંદુ ધર્મની જાણીતી પુરાણકથાઓનું બીજાઓ જેટલું જ જ્ઞાન હતું ને હું તેમની પાસેથી ઘણું શીખ્યો હતો. પણ હું મારા પિતાજી વિશે ને ખાસ કરીને તે કેવા ચમત્કારી માણસ છે તે વિશે વધુ સાંભળવા ઇચ્છતો નહોતો, કારણ, મને લાગતું હતું કે કશુંક ભયાનક — ઘણું ખરાબ — બનવાનું છે, ને ગોપાળદાદાને મોંઢે તેમની ઘણી પ્રશંસા સાંભળીને તો મને વધુ આશંકા ને ભીતિ લાગતી હતી.

કેટલાક દિવસો પસાર થઈ ગયા. કશું યે અસાધારણ બન્યું નહિ. મને વિષ્ણુની ધમકી પણ વીસરાવા લાગી. મને તો એ આમ પણ સમજાઈ નહોતી ને મારી માતાને એ વિશે પૂછતાં મને ડર લાગતો હતો. જીવન રહસ્યોથી ભરેલું હતું ને તેમાંનાં ઘણાં વિશે તો વાત કરતાંયે બીક લાગતી હતી.

મારી માતા દેખાવમાં ખૂબ સુંદર હતી, ખૂબ બુદ્ધિશાળી પણ હતી ને તેનામાં એક વિશિષ્ટ આંતરિક શક્તિ હતી. રૂઢિગત ભારતીય રીત પ્રમાણે તેનું પિતાજી સાથેનું લગ્ન તેનાં માબાપે ગોઠવ્યું હતું. લગ્ન સમયે તે માત્ર પંદર વર્ષની હતી, શાળામાં ભણતી હતી, વર્ગમાં પહેલો નંબર રાખતી હતી ને તેને તો આગળ ભણવું હતું, પણ દાદાજીએ તેને પરણાવી દીધી. આમ, વધુ અભ્યાસાર્થે ઇંગ્લૅન્ડ જવાનું તેનું સ્વપ્ન ભાંગીને રાખ થઈ ગયું. આઘાતને કારણે એ બીમાર પણ પડી ગઈ. છતાં તેના પિતાજીની ઇચ્છાને આધીન થઈ એ વિસ્તારના સૌથી મહત્ત્વના બે પંડિતોએ-જોશીઓએ-બંનેના હાથ જોયા, કુંડળીઓ માંડી ને ગણતરી કરી, જ્યોતિષનાં પુસ્તકોનો પણ સહારો લીધો ને જાહેર કર્યું કે આ બે જણનાં લગ્ન ઉપર દેવોના આશીર્વાદ ઉતરશે. મારી માતાને કદાચ જુદી જ લાગણીઓ થઈ હશે, ભિન્ન વિચારો આવ્યા હશે, પણ આકાશના તારાઓએ જે નક્કી કર્યું હોય ને જોશીઓએ જેના પર મહોર મારી હોય તેની સામે કોણ પ્રશ્ન પણ કરી શકે? વિરોધનો સૂર કાઢી શકે? દુ:ખનું એકપણ ચિહ્ન દર્શાવીને તે પોતાનાં માબાપને નારાજ કરવા માગતી નહોતી. હિંદુઓમાં તો કુટુંબ ને ન્યાતજાત પ્રત્યેની ફરજોને પવિત્ર ગણવામાં આવે છે.

લગ્ન પછીના થોડાક જ દિવસોમાં, કશીયે વાત કર્યા વગર, પિતાજીએ મૌન ધ્યાન ને સાધનાનો માર્ગ સ્વીકાર્યો. તેથી તો માતાને વધુ સખત આઘાત લાગ્યો. પછીથી પિતાજીએ તો આંખો દ્વારા પણ આસપાસનાં માણસો સાથે વ્યવહાર કરવાનું મૂકી દીધું. માતા તો પંદર વર્ષની નવવધૂ હતી, ગર્ભવતી પણ બની હતી. તેને આ બધી જવાબદારીઓનો સામનો કરવામાં કેવો ભારે ગભરાટ થયો હશે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી. તેમાંયે હવે તો આંધળા, બહેરા ને મૂંગા જન્મેલા બાળકની જેમ પિતાજીની પણ દેખભાળ કરવાની હતી. છતાં, માતાએ કદી પણ ફરિયાદનો એકે શબ્દ ઉચ્ચાર્યો નહિ. હું મોટો થતો ગયો તેમ તેમ પિતાજી પ્રત્યેની તેમની પ્રેમભરી કાળજી ને તેમની આદરભરી વફાદારી અદા થતી મેં નિહાળી. જીવનનો જે માર્ગ પિતાજીએ પસંદ કર્યો હતો તેની મારી માતામાં એક સહાનુભૂતિપૂર્ણ સમજ હતી.

મારી માતા શાંત, વિચારશીલ અને અત્યંત શ્રદ્ધાળુ હતી. તેણે મારે માટે તો પિતા અને માતા બંનેની ગરજ સારી હતી. હિંદુ ધર્મ પ્રત્યેના મારા સંસ્કારનું સૌપ્રથમ તેણે જ સિંચન કર્યું હતું. અમારા ઘરના પૂજાખંડમાં એક સિંહાસન હતું તેના ઉપર ઘણાં દેવદેવીઓની મૂર્તિઓ હતી. ત્યાં માતાના ખોળામાં બેસીને

હું મારા ધર્મના પ્રથમ પાઠ શીખ્યો હતો તે મને બરોબર યાદ છે. ત્યાં મૂકેલાં દેવદેવીઓ ઉપર નવેસરથી થતો ચંદનનો લેપ, આરતી વખતે કોડિયામાં મૂકેલા ઘીમાં સળગતી દિવેટનો ધ્રૂજતો ને છતાં લોહચુંબકની જેમ મને આકર્ષતો પ્રકાશ, ને ધીમે સાદે ઉચ્ચારાતા મંત્રોનો ગંભીર અવાજ એક એવું પવિત્ર વાતાવરણ ઊભું કરતાં કે મારું શિશુ મન મંત્રમુગ્ધ બની જતું. હિંદુ ધર્મમાં તો અસંખ્ય દેવદેવીઓ છે, પરંતુ મારા કુટુંબે તો અમુકને જ તેમાંથી પોતાનાં અંગત દેવદેવી તરીકે પસંદ કર્યાં હતાં. એ દેવદેવીનું શું માહાત્મ્ય છે તેની તો મને હજી પૂરેપૂરી સમજ ન હતી, તેમ છતાં સિંહાસન ઉપર બિરાજેલી એ નાનકડી મૂર્તિઓ ને દીવાલો ઉપરનાં ચિત્રો (જેમની આસપાસ અમે અમારા શ્રદ્ધા-ભક્તિભર્યા હાર લટકાવતાં) મારામાં ભદ્રમિશ્રિત આદરની લાગણી જન્માવતાં. હુ જ્યારે જોતો ન હોઉં ત્યારે પણ પથ્થર ને પિત્તળ, કાષ્ઠ ને માટીની એ મટકું પણ ન મારતી આંખો ને કાગળ પરની આકૃતિઓ મને જોયા કરતી. આ અચળ મૂર્તિઓ મારા કરતાં વધુ જીવંત છે ને આપણને દિઙ્મૂઢ બનાવી દે તેવી ચમત્કારિક શક્તિઓ ધરાવે છે તેવી એક વિચિત્ર લાગણી મને વારંવાર થઈ આવતી. મૂર્તિઓનું આ ભયાવહ ચઢિયાતાપણું અમારી પૂજામાં ને તેમને અપાતાં અમારાં અર્ધ્યોમાં સ્પષ્ટ રીતે દેખાઈ આવતું.

સવારની કે સાંજની પૂજા પૂરી થાય ને મારાં કાકા-કાકીઓ, માસા-માસીઓ ને પિતરાઈઓ તેમના કામમાં પરોવાય કે નોકરીએ જાય ત્યારે હું ને મારી માતા અમારું કામ શરૂ કરતાં. હું કેવી રીતે સાચો હિંદુ બની શકું, મારી ધાર્મિક ફરજો બજાવી શકું ને અમારા દેવોની કેવી રીતે સાચી પૂજા કરી શકું તે વિશે માતા મને ખંતપૂર્વક છતાં સરળ શૈલીમાં શીખવતી. મેં તેની પાસેથી જ પહેલીવાર સાંભળ્યું કે આગલા જન્મનાં સુકૃત્યોને કારણે મને સૌથી ઊંચી જ્ઞાતિમાં જન્મ મળ્યો હતો: બ્રહ્મ એ જ એકમાત્ર પરમ સત્ય છે ને બ્રાહ્મણો પૃથ્વી પર બ્રહ્મદેવતાના પ્રતિનિધિઓ છે. હું બ્રાહ્મણ તો હતો જ ને મારી ફરજ મારા ખરા બ્રાહ્મણત્વને પ્રાપ્ત કરવાની હતી.

એ દિવસો પછીનાં પચીસ વર્ષો તો જાણે ઊડીને પસાર થઈ ગયાં છે. તેમ છતાં શ્રીમદ્ ભગવદ્ગીતામાંથી ભગવાન કૃષ્ણની ઉક્તિઓ શ્લોકો રૂપે ટાંકતી માતાનો સ્પષ્ટ ને મધુર અવાજ મને હજુ પણ સંભળાય છે.

"ચિત્ત સ્થિર કરીને વાસના ને સંગ્રહનો ત્યાગ કરીને (અપરિગ્રહી બનીને) એકલો, એકાંતમાં રહીને યોગી નિરંતર આત્માને પરમાત્માની સાથે જોડે. સ્થિરપણે કાયા, ડોક ને મસ્તક સમરેખામાં અચળ રાખીને, આમતેમ ન જોતાં પોતાની નાસિકાના અગ્રભાગ (ભ્રૂકુટિ વચ્ચેનો ભાગ) ઉપર નજર ટેકવીને, પૂર્ણ શાંતિથી ભયરહિત થઈને બ્રહ્મચર્ય વિશે દૃઢ થઈને, ચિત્ત ને ઇન્દ્રિયોને વશ કરીને મારામાં પરાયણ થયેલો યોગી મારું ધ્યાન ધરીને બેસે ને આત્માની શુદ્ધિને માટે યોગની સાધના કરે. આમ જેનું

મન નિયમમાં છે એવો યોગી આત્માનું અનુસંધાન પરમાત્મા સાથે કરે છે અને મને પામીને મોક્ષરૂપી ચિર શાંતિ મેળવે છે."

શ્રીમદ્ ભગવદ્ગીતા જણાવે છે તેમ કૃષ્ણ સાચા યોગના પ્રવર્તક અને પારંગત હતા. મારા પિતાજી તેમણે પ્રબોધેલા યોગના સાચા અનુયાયી હતા. હું પોતે યોગી બન્યો ત્યાં સુધીમાં ઝડપથી પસાર થતાં વર્ષોમાં મારી આ સમજ દૃઢ થતી ગઈ.

મારી માતા પાસેથી મળેલી સલાહ-શિખામણોને હું અનુસરતો રહ્યો, ને પિતાજીનું આદર્શ ઉદાહરણ તો આંખ સામે હતું જ, તેથી પાંચ વર્ષની ઉંમરથી મેં દરરોજ ધ્યાન ધરવાનું શરૂ કર્યું. પદ્માસન વાળીને, કમર ટટ્ટાર રાખીને નજર સ્થિર રાખીને મેં પિતાજીનું અનુકરણ કરવાનું આરંભ્યું. પિતાજી હવે તો મને ભગવાન સ્વરૂપ લાગતા હતા.

"તું ધ્યાન ધરે છે ત્યારે અદ્દલ તારા પિતા જેવો લાગે છે!" અવાજમાં થોડાક ગર્વની છાંટ સાથે માતા મને કોઈવાર કહેતી. "તું પણ એક દિવસ મોટો યોગી થવાનો!" માતાના આવા પ્રેરણાદાયી શબ્દોથી તો તે શબ્દોને સાચા પાડવાનો મારો નિશ્ચય વધુને વધુ દૃઢ થતો ગયો.

મારી માતા તેની અલ્લડ યુવાનીથી જ જવાબદારીનો ભારે બોજો વહન કરતી હતી. તેમાંય વળી, એ અસાધારણ ફરજોનો બોજો તેને એકલીને ઉઠાવવો પડતો હતો. હું જ્યારે નાનું બાળક હતો ત્યારે મને ખવડાવવા માટે માતા પડોશીઓ પાસેથી ચોખા ઉકાળ્યા હોય તેવું ઓસામણ માંગી લાવતી. પોતાના તાલેવંત પિતાને તે આ વાતની જરાપણ જાણ થવા દેતી નહિ. પરંતુ મારા દાદા લક્ષ્મણસિંગને છેવટે આની ખબર પડી ગઈ ને તેમણે માતાને પિયરના ઘરમાં પાછા આવી જવાનું જણાવી દીધું. માતાને રેવતી નામની એક બહેન હતી. આ મારી માસીના પતિ એટલે કે મારા માસા ખૂબ દારૂ પીતા હતા. દારૂ પીને માસા ઘણી વાર માસીને મારઝૂડ કરતા, તેથી માસી ઘણી વાર શરીર પર મારના ઉઝરડા લઈને પોતાનાં નાનાં બાળકો સાથે પિયરમાં નાસી આવતી. એ દિવસોમાં પત્નીને મારઝૂડ કરવાનું ખૂબ સામાન્ય ગણાતું, તેથી થોડા આરામના દિવસો પછી ને થોડીક સારવાર લીધા પછી દાદાજી માસીને ફરી એના પોતાને ઘેર પાછી મોકલી આપતા. તેમણે તો માસા સાથે પોતાની દીકરીને પરણાવી હતી ને તેમણે પણ પોતાના વચનને વળગી રહેવામાં મળતી પ્રતિષ્ઠાને જાળવવાની હતી. તેથી રેવતીમાસી માર ખાઈને, પોતાનાં બાળકોને સાથે લઈને નિયમિત રીતે પિયરમાં પાછાં ફરતાં. જ્યારે આવે ત્યારે મોટે ભાગે સગર્ભા હોય. પ્રસૂતિ સુખરૂપ પતી જાય એટલે થોડા મહિના પછી દાદાજી અચૂક પતિગૃહે પાછી મોકલી આપે. માસીને પાંચમા બાળકના જન્મ પછી ને દાદાજીના અવસાન પછી રેવતીમાસીએ અમારા મોસાળના વિશાળ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું. મને પણ મારાં મોસાળનાં ભાઈ-બહેનો સાથે મજા પડતી. રૂઢિગત હિંદુ સંયુક્ત કુટુંબની જેમ અમારા મોસાળમાં

પણ પંદર-વીસ માણસો એક જ ઘરમાં સાથે રહેતાં હતાં. માસી-માસા, મામી-મામા, પિતરાઈઓ, હું ને માતા અને દાદી આ બધાં જ સાથે રહેતાં. દાદીને અમે વહાલથી 'મા' કહી બોલાવતાં.

મારી બાલ્યાવસ્થામાં જ દાદાજીનું મરણ થયું હતું. હું અને મારી માતા તેમના શયનખંડમાં રહેતાં હતાં. તેમની 'રમ'(શેરડીમાંથી બનાવેલો દારૂ)ની દુકાન ને કાપડ, દોરા, બટન, વગેરે વેચવાની દુકાન નીચે હતી. દાદાના મૃત્યુ પછી પણ ઉપરના માળે આવેલા વસવાટ–ખંડોમાં કેટલીયે વાર તેમના ભારે બૂટના–પગલાંના–અવાજો સંભળાતા. તેમણે બાંધેલું મકાન નક્કર કૉંક્રિટનું હતું, કહો ને કે એક ગઢ જેવું હતું. તેમનાં પગલાંના અવાજો સંભળાય ત્યારે તેમનો આત્મા ત્યાં ફરતો ને ચિંતન કરતો લાગે. જેઓ આ વિશ્વમાં પડેલાં ગૂઢ બળોમાં વિશ્વાસ કરતા ન હોય તેમને આવી વાત માત્ર અંધશ્રદ્ધા કે ચિત્તભ્રમ જેવી લાગે. તેમ છતાં ઘણીવાર અમને દાદાજીનાં પગલાં ઉપલા માળ પરની ઓરડીમાં સંભળાતાં. ને અમે સૂઈ ગયાં હોઈએ ત્યારે અમારા શયનખંડનાં બારણાંની બહાર સંભળાતાં અમારે ઘેર આવતા મહેમાનોને પણ આવા જ અનુભવો થતા. અમારા ઘેર ઊતરતા મોટા ભાગના મહેમાનો ઉપર રાતે કોઈક અદશ્ય હાથ વડે હુમલા થતા ને અચાનક આભાસી દશ્યો દેખાતાં. આવા એકાદ અનુભવ પછી અમારાં સગાં–સ્નેહીઓ અમારે ઘેર રાત ગાળવાનું ટાળતાં, પણ અમારું તો એ પોતીકું ઘર હતું. અમારે ત્યાં રહ્યા વિના છૂટકો પણ ક્યાં હતો?

દાદાજી મંત્રતંત્રશાસ્ત્ર અથવા ગૂઢ વિષયોના અધ્યયન સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા ને પરાવાસ્તવ (supernatural) કે પ્રકૃતિથી પર એવાં તત્ત્વો સાથે અનુસંધાન કર્યા વિના ધર્મનો અભ્યાસ કરનારાં માણસોની તે કડક ટીકા કરતા. મારી માતાએ ઘણાં વર્ષો સુધી મારાથી એક રહસ્ય છુપાવી રાખ્યું હતું. ફક્ત તે અને રેવતી-માસી બે જ તે વિશે જાણતાં હતાં. હું મોટો થયો તે પછી જ માતાએ તે રહસ્ય મને જણાવ્યું કે દાદાજીએ પોતાના એક પ્રિય દેવને પોતાના પ્રથમ પુત્રનો બલિ ચડાવ્યો હતો. આ કંઈ અસામાન્ય રીત નહોતી, પણ કોઈ તે વિશે કદી ખુલ્લે આમ ચર્ચા કરતું નહિ. પોષણકર્તા દેવ વિષ્ણુની ભાર્યા લક્ષ્મી તે દાદાજીની ઈષ્ટ દેવી હતી. વિષ્ણુ-ભાર્યા લક્ષ્મી તો સમૃદ્ધિ ને આબાદીની દેવી છે, ને લક્ષ્મી પ્રસન્ન થવાથી અતિ અલ્પ સમયમાં દાદાજી પોતાના વતન ત્રિનિદાદમાં એક સૌથી સમૃદ્ધ ને શક્તિશાળી માણસ બની ગયા. દાદાજીએ પોતાના કુટુંબ માટે બાંધેલું નાનું ઘર જ્યારે કોઈ અકળ રીતે બળી ગયું ત્યારે દાદાજીએ તેની જગ્યાએ એક વિશાળ મકાન બાંધી દીધું પોર્ટ ઑવ્ સ્પેનથી સાનફર્નાન્ડો જવાના રસ્તા ઉપર આ આલીશાન ઈમારત એક સીમાચિહ્ન જેવી બની ગઈ હતી. આટલાં બધાં નાણાં ક્યાંથી આવ્યાં તેની કોઈને કલ્પના સુદ્ધાં આવતી નહોતી. દાદાજીએ નવા મકાનની કૉંક્રિટની જાડી દીવાલમાં ગોઠવેલી તિજોરીમાં ઘણું બધું સોનું પણ સંઘરી રાખ્યું હતું. આ વિશે પણ કોઈને કશી

જાણ નહોતી. ભારતમાંથી તો હજારો માણસોએ ત્યાં જઈને કાયમી વસવાટ કર્યો હતો, પરંતુ તેમનામાંના કોઈની પાસે આટલી ઝડપથી ને સરળતાથી આટલું બધું ધન એકઠું થયું નહોતું. અમે બધાં માનતાં હતાં કે શક્તિશાળી દેવોએ જ દાદાજીને મદદ કરી હતી, ને બદલામાં તેમણે તે દેવોને પોતાનો આત્મા આપી દીધો હતો.

જ્યાં હું રહેતો તે 'લક્ષ્મણસિંગ જંકશન'નું નામ દાદાજીના નામ ઉપરથી રાખવામાં આવ્યું હતું. તે પોર્ટ ઑવ્ સ્પેન જવાના મુખ્ય માર્ગ ઉપર આવેલું છે. ત્રિનિદાદમાં પૂર્વ ભારતમાંથી આવેલા ભારતીઓની મોટી વસ્તી છે, તેમાં દાદાજીનું એક હિંદુ આગેવાન તરીકે મોભાદાર સ્થાન હતું. બધા માનતા કે દાદાજી પાસે અલૌકિક ને ગૂઢ શક્તિઓ છે, જેનો ન તો કોઈ ઇન્કાર કરી શકે કે ન કોઈ તેની સાથે કશો હસ્તક્ષેપ કરી શકે–ખોટી રીતે માથું મારી શકે. બધા એવું માનતા હતા કે દાદાજીએ લાખો ડોલરના સોનાના સિક્કા પોતાના કોઈ એક મકાનમાં છુપાવી રાખ્યા છે ને દૈવી શક્તિઓ તેની રક્ષા કરે છે. આ બધી બીજા વિશ્વયુદ્ધના આરંભનાં વર્ષોની વાત છે. આ ગુપ્ત ખજાનાની શોધ કરવાની ને પેલી દૈવી શક્તિઓનો પ્રતિકાર કરવાની કોઈની હિંમત ચાલતી નહિ. પોતાની સૌથી સમર્થ જાદુવિદ્યાથી પણ પેલા ખજાનાનાં પેલાં ગુપ્ત સ્થાનો શોધી શકે તેવો કોઈ માણસ આખા દેશમાં નહોતો. આજે તો જેની કિંમત ત્યારે હતી તેના કરતાં ઘણી વધારે હોઈ શકે તેવા સોનાના પેલા બહુમૂલ્ય સિક્કા હજુ આજે પણ ક્યાંક છુપાયેલા જ પડ્યા છે.

દાદાજીને મન તો પૈસા કરતાં પણ મંત્ર-તંત્રવિદ્યાનું મૂલ્ય વધારે હતું. તેમજ લોખંડી તિજોરીમાં એક વસ્તુ હતી, જેને તે કોઈપણ કિંમતે વેચવા તૈયાર નહોતા- તે તો ભારતમાંથી આણેલો એક નાનો સફેદ પથ્થર હતો. એ પથ્થરમાં સાજા કરવાનું ને શાપ દેવાનું અલૌકિક સામર્થ્ય હતું. મેં ખૂબ ભરોસાપાત્ર સાક્ષીઓ પાસેથી સાંભળ્યું છે કે એ એ પથ્થરને સાપના ડંખ ઉપર મૂકવામાં આવતો તો એ તરત જ સાપનું ઝેર ચૂસી લેતો. જો કે મેં જાતે આવી ઘટના કદી જોઈ નહોતી. મારા એક કાકાએ, માત્ર જિજ્ઞાસાથી પ્રેરાઈને, દાદાજીની તિજોરી જ્યાં રહેતી હતી તે ખાનગી ઓરડો સાવચેતીપૂર્વક ઉઘાડયો હતો તો ત્યાં તેમને એક વિશાળકાય સાપનાં દર્શન થયાં હતાં. એ સાપ નાણાં, કાગળિયાં ને લોકો જેની કાનાફૂસી વાતો કરતા તે બધાં રહસ્યો સાચવતો હતો. એ સાપ ખરેખર સાચો હતો કે કોઈ દૈવી શક્તિઓએ એવું રૂપ ધારણ કર્યું છે (કેટલાક એવો સંકેત કરતા) તે વિશે મને કશી ચોક્કસ ખાતરી નથી, પરંતુ દાદાજીના ત્રેસઠ વર્ષની વયે હૃદય-રોગના હુમલાથી થયેલા અચાનક અવસાન પછી મેં એ વિશાળ, ચળકતા રંગોવાળા સાપને ઘરની આસપાસ ફરતો જોયો હતો.

હિંદુઓ તો નાગની પૂજા કરે છે. મેં પોતે પણ એક નમણો સાપ પાળ્યો હતો, ને હું તેની પૂજા કરતો હતો. જેમ હું હનુમાનની, ગજરાજની ને ગાયની પૂજા કરતો તેમજ નાગદેવતાને પણ પૂજતો. મારે મન બધી વસ્તુઓમાં ઈશ્વરનો

વાસ હતો એટલે કે ઈશ્વર સર્વવ્યાપક હતા. જોકે પેલા અછૂતોમાં ભગવાન વસતા નહોતા. દેવો ને દૈવી શક્તિઓ ને મંત્ર-તંત્રની સાધનામાં હું જીવતો હતો, ને મને બાળપણથી ધાર્મિક વિધિઓ શીખવવામાં આવી હતી.

પિતાજી પણ આવી જ સંસ્કૃતિનું ફરજંદ હતા; તેમને પણ આવા જ સંસ્કાર મળ્યા હતા. ભગવાન કૃષ્ણ ને એમનીય પૂર્વે થઈ ગયેલા મહાન દેવમુનિઓની પરંપરા તેમણે સાચવી હતી—તેમને પગલે પગ માંડયા હતા—ને મારે પણ તેમજ કરવું જોઈએ તેવું મારી માતાએ મને શીખવ્યું હતું. આ એક એવી વસ્તુ હતી જેના વિશે મને કયારે પણ કશી શંકા ઉદ્‌ભવી નહોતી. પિતાજીએ ઉદાહરણ પૂરું પાડયું હતું. તેમને ઘણી નામના મળી હતી, ઘણાં તેમના પ્રત્યે પૂજ્ય-ભાવથી જોતાં હતાં. તેમના મૃત્યુ પછી હું તેમનો વારસદાર બનું એ અનિવાર્ય હતું. પરંતુ મને એવી કલ્પના નહોતી કે મારી ફૂટતી યુવાનીમાં જ દેવોએ નિર્માણ કરેલો આ દિવસ મને પકડી પાડશે.

# ૨. અવતારની પૂર્ણાહુતિ

"રવિ, અમારી સાથે ચાલને!" મારાં મસિયાઈ ભાઈ-બહેનોએ મને કહ્યું. કુમાર-માસા બધાંને પાસેના દરિયાકિનારે તરવા માટે લઈ જતા હતા. ટુકડીમાં એકાદ બ્રાહ્મણ હોય તે ખૂબ માનપાત્ર ગણાતું. બ્રાહ્મણની હાજરી ટુકડીને શુકનિયાળ બનાવતી. મને તો રાજકુંવર જેવું માન મળતું હતું, ને હું પણ પોતાને રાજકુંવર માનવા લાગ્યો હતો.

"આજે નહિ!" મેં મક્કમતાપૂર્વક માથું ધુણાવ્યું. મેં એક જટિલ ધાર્મિક ચિત્ર દોરવાનું શરૂ કર્યું હતું ને હું તે પૂરું કરવા માગતો હતો.

"ભાઈ, ચાલને!" ચંદ્ર ને શાંતિએ એક સાથે વિનંતી કરતાં કહ્યું.

"મારાથી નહિ અવાય!" મારો આટલો જ જવાબ હતો. વધુ કશા ખુલાસાની જરૂર નહોતી. ઘરમાંનાં બધાંને ખબર હતી કે મારે મન સેવા-પૂજા ને ધાર્મિક વિધિઓ સૌથી વધુ મહત્ત્વનાં હતાં. હનુમાન, શિવ, કૃષ્ણ, ગણેશ એ મારા પ્રિય દેવોનાં ચિત્રો દોરવામાં હું કલાકોના કલાકો ગાળતો. હું રહસ્યવાદી કે ગૂઢ વિદ્યાનો જાણકાર બની ચૂક્યો હતો. મારા દેવોની સેવા પૂજામાં સમય આપવા સમુદ્રકિનારે તરવા જવા કે પાસેના ચોકમાં કે ખેતરોમાં સાથીમિત્રો સાથે રમતો રમવાનો ભોગ આપવા તૈયાર હતો. હું દેવોનાં મેં દોરેલાં ચિત્રોને ભભકાદાર રંગો લગાડતો ને પછી તેમને મારા ખંડમાં ટાંગી દેતો. હું પછી તેમની પૂજા કરતો. મારાં માતાએ મને શીખવ્યું હતું કે, હિંદુ ધર્મ આખી દુનિયામાં સૌથી પુરાણો ને એકમાત્ર સાચો ધર્મ છે, તેથી મેં એ ધર્મની સેવામાં મારું આખું જીવન ખર્ચી નાખવાનો નિર્ણય કર્યો હતો.

માતા જ્યારે પિતાજીની સેવાચાકરી કરવા જાય ત્યારે હંમેશાં મને સાથે લઈ જતી. પિતાજી ત્યારે પોતાનાં ઓરમાન બહેન—મોહિની—સાથે રહેતા હતા. પણ આ વખતે તે મને લીધા વિના ગઈ હતી. આ તો ભારે નિરાશા ઉપજાવે તેવી વાત હતી. મારો મનોભાવ બગડી ગયો હતો. જો કે મેં દોરેલાં દેવોનાં ચિત્રો મને આનંદ પમાડતાં હતાં. મારી નાની ભૂખરી આંગળીઓથી રંગીન ચાકની સળીઓ પકડીને મેં ભગવાન વિષ્ણુના ચિત્રમાં રંગ પૂરવાનું શરૂ કર્યું. ચતુર્ભુજ નારાયણ ભગવાન અનંત નાગની ફેણો પર સૂતા છે, પાસે જ બ્રહ્મા અને લક્ષ્મી સેવામાં ખડાં છે. નારાયણ વિષ્ણુની નાભિમાંથી પ્રગટેલા કમળ ઉપર લક્ષ્મીજી બિરાજમાન છે ... ને બધાં જ મૂળ સમુદ્ર ઉપર તરતા કાચબા ઉપર સવારી કરીને જઈ રહ્યાં છે! માતા આવશે ત્યારે આ ચિત્ર જોઈને તેને કેટલો બધો આનંદ થશે!

અહીં તહીં પીંછીના લસરકા કરીને ને મારા કામથી સંતોષ પામીને હું "ઓમ્ નમઃ શિવાય, ઓમ્ નમઃ શિવાય, ઓમ્ નમઃ શિવાય" નો જાપ જપતો હતો. ત્યાં જ મને મારી માતાનાં પરિચિત પગલાંનો અવાજ સંભળાયો. બહારનો દાદર ચઢીને તે ઝડપથી આવતી હતી. રસોડાનું બારણું ફટાક કરતુંકને ઊઘડયું ને તરત જ લાગણીથી ઉશ્કેરાયેલા અવાજો મારા તરફ જોસભેર ધસી આવ્યા. હું ઝડપ કરી મારા ખંડમાંથી નીકળ્યો પણ મેં જે સાંભળ્યું તેથી તો મારા પગ બારણામાં જ થોભી ગયા.

"તે અવસાન પામ્યા છે! ચંદ્રભાણ ગુજરી ગયા છે!" હું અવાક્ બનીને ત્યાં જ ઊભો રહી ગયો. બધાં જ એક સાથે બોલતાં હતાં ને તેથી પછીના શબ્દો હું સ્પષ્ટ રીતે સાંભળી શક્યો નહિ.

"હું આજે સવારે જાગી ત્યારે મને માઠા વિચારો આવતા હતા," મારી માતાનો અવાજ જોકે દુઃખ ને શોકથી ભારે થઈ ગયો હતો છતાં તદ્દન સ્પષ્ટ સંભળાયો. "હું તરતજ ત્યાં દોડી ગઈ. હું ત્યાં પહોંચી ત્યારે નર્સે તેમના વાળ કાપવાનું શરૂ કર્યું હતું. ડૉક્ટરે એવી સૂચના આપી હતી."

"પણ એ હૉસ્પિટલમાં કેવી રીતે પહોંચી ગયા?" મારાં રેવતીમાસીએ પૂછ્યું. "તે કંઈ માંદા તો નહોતા, ખરું ને?"

"એ વિષ્ણુનો વિચાર હતો. ચંદ્રભાણ તો હમેશાંની જેમ મજબૂત ને અંદરથી શાંત દેખાતા હતા."

થોડી વાર શાંતિ પથરાઈ રહી. પછી ફરી માતાનો અવાજ સંભળાયો. "તેમણે તેમના વાળ કાપી નાખ્યા. ડૉક્ટરે કહ્યું હતું કે એટલા લાંબા વાળને હૉસ્પિટલમાં સ્વચ્છ રાખી શકાય નહિ. તેમણે તે કાપ્યા ત્યારે...ત્યારે તે ધબ્બ દઈને પાછળ પડી ગયા. હું તેમની પાસે દોડી ગઈ. અમે તેમને થોડું પાણી પિવડાવવાનો પ્રયત્ન કર્યો. પણ ડૉક્ટરે કહ્યું કે એ તો મૃત્યુ પામ્યા છે. શું તમે એવું માની શકો, પણ એમ જ બન્યું!"

હું મારી પથારી તરફ દોડી ગયો. તેના પર ઊંધે માથે મેં પડતું નાખ્યું! મારી છાતીમાં ડચૂરા ભરાતા હતા ને મારા ગળામાંથી રૂદન વહી આવતું હતું ને હું મારી લાગણીઓને અંકુશમાં રાખવાનો નિરર્થક પ્રયાસ કરતો હતો. મને એવી લાગણી થતી હતી કે મેં મારું સર્વસ્વ ગુમાવી દીધું છે. જો કે મને પિતા તરીકે તેમનો ભાગ્યે જ પરિચય થયો હતો. પણ તે મારી પ્રેરણાના મૂળ સ્રોત હતા. દેવ કે અવતાર હતા, ને હવે તે મૃત્યુ પામ્યા હતા. તેમનો અંત નજીક આવી ગયો છે તે હું જાણતો હતો. ખાસ કરીને ગોપાળદાદાએ તે દિવસે તેમના લગ્ન વિશે ફરીવાર વાત કરી હતી ત્યારે જ મને તેવી વિચિત્ર અનુભૂતિ થઈ હતી. હવે તો ખરેખર તેમ બન્યું હતું ને હું હવે ફરી ક્યારેય પણ તેમની વાણી સાંભળી શકીશ નહિ. મારે તો તેમને

ઘણા બધા પ્રશ્નો પૂછવા હતા, મને તો ખાતરી હતી કે એક દિવસ તેમની પાસેથી એ બધા પ્રશ્નોના ઉત્તરો મળવાના હતા. સૌથી વધુ તો મને એવી ઝંખના હતી કે પિતાજી મારું નામ લઈને મને બોલાવે ને હું તેમનો દીકરો છું તેવું જાતે મને જણાવે. હવે એ સ્વપ્ન તો કાયમ માટે ભાંગીને ભુક્કો થઈ ગયું હતું.

ભારે થાકને કારણે છેવટે મારાં ડૂસકાં શમી ગયાં. હું લાંબા સમય સુધી શાંત પડી રહ્યો. હું અર્જુનને રણક્ષેત્રમાં મોકલતા કૃષ્ણના શબ્દો સમજવા માટે વ્યર્થ મહેનત કરતો રહ્યો. કૃષ્ણે કહ્યું હતું, "ડાહ્યા પુરુષો ન તો જીવતાંનો શોક કરે છે... ન મૂએલાંનો. આપણા આત્માનો કદી અંત આવવાનો નથી. જે શરીરમાં વસે છે, તે બીજા શરીરમાં પ્રવેશે છે. સ્થિતપ્રજ્ઞ પુરુષો આનો શોક કરતા નથી."

કોઈ માણસ ભારે મોટો બોજો ઉપાડીને આવતો હોય તેવા ધીમા ને લથડતા પગલે મારા કુમારમાસા મારા ખંડમાં દાખલ થયા ને તેમણે મને મારા પિતાજીના મૃત્યુની ખબર આપી. તેમને ખબર નહોતી કે મને તેની જાણ થયેલી જ હતી. મારી માતા ભારે શોકને કારણે મને તે વિશે કહી શકે તેમ નહોતી. મારા માસાને લાગ્યું કે મેં બહાદુરીપૂર્વક આ દુઃખદ સમાચારને સ્વીકાર્યા, પણ તેમને ખબર નહોતી કે દુઃખને કારણે હું એટલો બધો વ્યથિત હતો કે હવે બાહ્ય રીતે દુઃખને પ્રગટ કરી શકું તેવી મારી સ્થિતિ જ ન હતી.

પિતાજીના અચાનક થયેલા રહસ્યમય મૃત્યુથી માત્ર મારાં કુટુંબીજનોને નહિ પણ જેઓ તેમને ઓળખતાં હતાં તે બધાંને ભારે આઘાત લાગ્યો. ડૉક્ટરો મૃત્યુનો કશો વૈદકીય ખુલાસો શોધી શકતા નહોતા. પિતાજી સંપૂર્ણ સાજાસમા હતા. શું પિતાજીને આત્મસાક્ષાત્કાર (self-realization) પ્રાપ્ત થયો હતો ને ફરી ફરી જન્મ ધારણ કરવાના—જન્મજન્માંતરના ચક્રમાંથી છટકી જઈને તેમના આત્માએ ઊર્ધ્વ ગતિ કરી હતી? પણ કેટલાક માણસો ધારતા હતા કે પિતાજીએ પોતાની માનતાઓનો ભંગ કર્યો હોવાથી દૈવી તત્ત્વોએ તેમનું જીવન લઈ લીધું હતું. એ વાત મને સાચી લાગતી નહોતી. એ કંઈ તેમનું કામ નહોતું પણ બીજાઓનું કામ હતું—ખાસ કરીને તેમને હૉસ્પિટલમાં લઈ જનાર વિષ્ણુનું ને જેમને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાની ને મંત્ર-તંત્રવિદ્યાનાં પરિબળોની જાણકારી નહોતી ને જેઓ હિંદુ નહોતા તેવા ડૉક્ટરોનું એ કામ હતું. શ્રીમદ્ ભગવદ્ગીતામાં લખેલા કૃષ્ણના ઉપદેશનું પિતાજી નિષ્ઠાપૂર્વક પાલન કરતા હતા. વિષ્ણુ તો હિંદુ કુટુંબમાં ઊછર્યો હતો ને તેણે સારું શિક્ષણ પણ મેળવ્યું હતું. તેને તો ચોક્કસ આ બધી વાતોનું ભાન હોવું જોઈતું હતું. પણ તે તો માનતો હતો કે યોગીનું જીવન ફારસ કે પ્રહસન જેવું હોય છે અને દેવો ને આધ્યાત્મિક બળોની વાત તો પંડિતની કલ્પનાની નીપજ છે. બધું કુશળ યુક્તિપ્રયુક્તિ જેવું છે. હું એવી ભૂલ કરીશ નહિ. હિંદુ ધર્મમાંની મારી શ્રદ્ધા ક્યારે પણ ડગશે નહિ. જે આપણે સમજી શકતા નથી તેને ધિક્કારવું નહિ તેવું આપણે બધા શીખ્યા છીએ, પણ આ પાઠ અમને ભારે મોંઘો પડયો હતો.

અમે મોહિની ફોઈના ઘેર પહોંચ્યા ત્યારે બેઠકખંડમાં એક ટેબલ ઉપર મુકાયેલ લાકડાની પેટી પ્રત્યે મેં ઈરાદાપૂર્વક જોવાનું ટાળ્યું. મૃત્યુની હાજરીમાં દરેક ધાર્મિક વિધિનું કાળજીપૂર્વક પાલન થવું જોઈએ. મરનાર વ્યક્તિ બીજી દુનિયાઓ તરફની પોતાની મુસાફરી શરૂ કરે ત્યાર પહેલાં થોડોક આરામ કરે છે તે દરમ્યાન ઘરમાં અગ્નિ પ્રગટાવી શકાય નહિ ને કશું ખાવાનું પણ રાંધી શકાય નહિ. આવેલા પંડિતે પૂજાનો લાંબો વિધિ આરંભ્યો ત્યારે મિત્રો ને સગાં-સંબંધીઓ વિલાપ કરતાં હતાં, પણ તે બધાંમાં મોહિની ફોઈ તો હૈયાફાટ વિલાપ કરતાં હતાં, કારણકે તે તો પિતાજીનાં સૌથી ઉત્સાહી શિષ્યા હતાં. હું મારી માતાની છાતી સાથે લપાઈને બેઠો હતો. મારા સમજણ બહારના આ નાટકમાં પિતાજીના એકમાત્ર પુત્ર તરીકે હું બધાંના ધ્યાનનું કેન્દ્ર હતો ને એક બાળક તરીકે મારું મન આ બધા ધ્યાનાકર્ષણના પ્રતિકાર કરતું હતું. પૂજા પતી ગયા પછી મારાં એક માયાળુ પડોશી બહેન મને હળવેથી માતાની પાસેથી ખસેડીને શબપેટી (નનામી) પાસે દોરી ગયાં.

"જો, આ તારા પિતાજી," જાણે કે મને ખબર ન હોય તેમ તે બહેને કહ્યું. એ વાત ફરી ફરી યાદ કરાવવાથી તો હું મનનાં ને મનમાં ધ્રૂજી ઊઠતો હતો. પણ વિચિત્ર વાત તો એ હતી કે આ દેવ ને ઈશ્વરી અવતાર, જેમની સમક્ષ હું ઘણીવાર ઊભો રહ્યો હતો ને અતિ તીવ્ર ઝંખનાથી વારંવાર તાકતો હતો તે મૃત સ્થિતિમાં બહુ દૂર લાગતા નહોતા. મુખ પરના ભાવ તો લગભગ એ જ હતા, પરંતુ ચહેરો ઘણો ફિક્કો લાગતો હતો. વૈદિક સમયની શરૂઆતમાં આવેલા આર્યોમાંથી બ્રાહ્મણો ઊતરી આવ્યા છે. તેમનો રંગ બાકીની ભારતીય જ્ઞાતિઓથી સામાન્યત: ઊજળો હોય છે, ને તેમાંય બ્રાહ્મણોમાં અલગ તરી આવે એટલી હદે પિતાજી ગોરા હતા. અત્યારે તો એક અંગ્રેજ જેવા દેખાતા હતા ને તેમની બંધ પાંપણો મીણ જેવી પોચી ને સ્વચ્છ દેખાતી હતી. મેં હળવેકથી પેલાં બહેનનો હાથ છોડાવી દીધો ને હું ત્યાંથી ખસી ગયો.

અંતિમ ક્રિયા માટે સ્મશાને જતું ડાઘુમંડળ ખૂબ લાંબું હતું, કારણ, આસ-પાસના કિલોમીટરો સુધીના વિસ્તારમાં રહેતા ધાર્મિક હિંદુઓમાં પિતાજીનું ખૂબ માન હતું. લોકો તેમને ખૂબ ચાહતા હતા. સ્મશાન દરિયાકિનારા તરફ જવાના રસ્તે પશ્ચિમમાં લગભગ ત્રણ કિલોમીટર દૂર હતું. એ તરફ જતો સાંકડો રસ્તો, મોટરોમાં ને બળદગાડાંમાં બેઠેલા ને સાઈકલો પર આવતા ડાઘુઓથી ભરાઈ ગયો હતો. દાદાજીને થોડા સમય પહેલાં જ્યાં દાટયા હતા તે સ્મશાનભૂમિ તરફ અમે કેમ જતા નથી તે હું માતાને પૂછી શકયો નહિ; કારણ, હું ખૂબ ગૂંચવાઈ ગયો હતો, ડઘાઈ ગયો હતો, અમારી સ્મશાનયાત્રા તો 'મંકી પૉઈન્ટ' નામના સ્થળ તરફ જઈ રહી હતી, ત્યાં તો અમે તરવા માટે જતા હતા. મારા મનમાં પ્રશ્ન તો ઊભો થયો

પણ તેથી તો પિતાજીના મૃત્યુને વીંટળાઈ વળેલી રહસ્યમયતામાં ઓર વધારો થયો. મેં પ્રશ્નને મારા મનમાં જ રહેવા દીધો ને વધુ જોરથી માતાનો હાથ પકડ્યો.

સૌથી આગળ જતી શબવાહિની ઉપર શબપેટી (નનામી) મૂકવામાં આવી હતી. એ તરફ દૃષ્ટિ કરવાથી પણ મેં મારી જાતને અળગી રાખી. એને બદલે સાંકડા રસ્તાની બંને બાજુએ આવેલાં શેરડીનાં ખેતરો તરફ મેં મારું ધ્યાન પરોવ્યું. એ ખેતરો મંદ ને ગંભીર ગતિથી પાછળ સરકતાં જતાં હતાં ને લાંબાં, લીલાં પાંદડાં શોકમગ્ન હોય તેમ નીચાં ઢળ્યાં હતાં. એમ જ હોવું જોઈએ; કારણ, આ વિશ્વમાંની બધી વસ્તુઓ–ચેતનસ્વરૂપ માનવો ને પ્રાણીઓ ને જડ વસ્તુઓ–એક જ સર્વસામાન્ય આત્મામાંથી પેદા થઈ છે. મને લાગ્યું કે અવતારના મૃત્યુથી આખી પ્રકૃતિ વિલાપ કરી રહી છે. હવે ફરી ક્યારે માનવી રૂપમાં આવું દિવ્ય પ્રગટીકરણ થશે? અતિશય વિદ્વાન એવા બ્રાહ્મણ પંડિતો પણ એ વિશે કશું જાણતાં નહોતા.

હવા પણ ભારે હતી. સામાન્ય રીતે બારે માસ ફૂંકાતા વ્યાપારી પવનોવાળા આ દેશમાં ત્રાસજનક કહી શકાય એવી હવામાં ગરમી હતી. ક્ષિતિજમાં નજર ફેંકતા પારિયાના અખાતની પેલે પાર 'રાક્ષસનું મોં' નામે જાણીતા સ્થળ ઉપર કાળાં કાળાં વાદળો મને દેખાતાં હતાં. ત્યાંથી જ મારા વતન ત્રિનિદાદનો ઉત્તરનો ખૂણો પાસેના વેનેઝૂએલા દેશના કિનારાને સ્પર્શવાનો પ્રયત્ન કરે છે. હું કેટલી બધી વાર આ સાંકડા પરિચિત રસ્તા ઉપર દોડતો ને કૂદતો ગયો છું! હું મારાં મસિયાઈ ભાઈ-બહેનો, પિતરાઈઓ ને મિત્રો સાથે કેવાં હોંશ ને ઉમંગ લઈને દરિયે તરવા માટે જતો! મારા મોં ઉપર જીવનનો ઉલ્લાસ ઊછળતો હોય, આખા શરીરમાં કિશોરાવસ્થાનો આનંદ ઝળકતો હોય! રસ્તા પરથી બધાં જાણીતાં સીમાચિહ્નો પસાર થતાં હતાં. અત્યારે હું મારા શરીરમાં અકળાવી મૂકે તેવી જડતા કે લાગણીવિહીનતા અનુભવતો હતો ને ધીમેધીમે પસાર થતી સ્મશાનયાત્રા તરફ શેરડીનાં ખેતરોમાંથી જિજ્ઞાસાથી જોતા ખેડૂતો પ્રત્યે પણ કોઈક વિચિત્ર જુદાપણાનો ભાવ અનુભવતો હતો. જાણે કે હું અત્યાર સુધી જેમાં હતો, તેવી કોઈ અજાણી દુનિયાના તેઓ ભાગ હોય તેવું મને લાગતું હતું.

પછી તો શેરડીનાં ખેતરો પણ પાછળ રહી ગયાં. ટાપુના પશ્ચિમના ભાગમાં આવેલાં સુંદરવનનાં સુંદરી વૃક્ષોનાં ઝૂંડ વચ્ચે આવેલા રસ્તા પર સ્મશાનયાત્રા આગળ વધી. નાનકડા અખાતનાં મોજાં ગડી વાળેલાં કપડાંની જેમ કિનારા સાથે અથડાતાં હતાં. તેની પાસે જ પુરાણ કરીને ગાડીઓ પાર્ક (મૂકવાની) કરવાની જગ્યા બનાવવામાં આવી હતી. તેની પાસે જ અખાતમાં ફૂંકાતાં વાવાઝોડાંથી બચવા માટે કોંક્રિટની નીચી દીવાલ બનાવવામાં આવી હતી. રજાઓના દિવસોમાં ને શાળા છૂટ્યા પછી મોટા છોકરાઓ આ દીવાલ ઉપરથી નીચેનાં પ્રમાણમાં છીછરાં પાણીમાં ભૂસકા મારતા ને તરીને કિનારે નીકળતા. હું હજી તેવા ભૂસકા મારવા માટે ઘણો

નાનો હતો ને તેથી પાર્કિંગ પ્લોટ પાસેના એક નાનકડા તળાવમાં હું મારા સમોવડિયા દોસ્તો સાથે પાણીમાં રમતો. અત્યારે આ જાણીતા ને મનગમતા સ્થળ સાથે સંકળાયેલાં સંસ્મરણો પણ કેવાં અવાસ્તવિક લાગતાં હતાં! સૂર્ય તપતો હતો, છતાં મોટરમાંથી નીચે ઊતરતી વખતે મને ધ્રુજારી છૂટી.

સાદી છતાં વિશાળ શબપેટી (નનામી) શબવાહક ગાડીમાંથી નીચે ઉતારવામાં આવી ને અમારા તરવાના તળાવના કિનારા પાસે લઈ જવાઈ. ફોઈના પંડિત સૌથી આગળ ચાલીને દુષ્ટ આત્માઓને હાંકી કાઢવા માટેના મંત્રો બોલતા હતા. હું ને મારી માતા પાછળ ચાલતાં હતાં. મેં માતાનો હાથ મજબૂતાઈથી પકડી રાખ્યો હતો. નાનકડા તળાવ પાસેની કાંકરીવાળી રેતી ઉપર બળતણ માટેનાં લાકડાંનો મોટો જથ્થો ખડકેલો હતો. રડનારાંઓના વિલાપથી અત્યારે પણ જાણે કે હવા ભરાઈ જતી હતી. રૂદનનો સૂર ઘડીમાં ઊંચો તો ઘડીમાં નીચો થતો હતો. મેં ભય ને ત્રાસ સાથે નિહાળ્યું તો પિતાજીનું અક્કડ થઈ ગયેલું શરીર શબપેટી (નનામી)માંથી કાઢવામાં આવ્યું ને તેમણે લાકડાના ઢગલા ઉપર મૂકયું. તેમના મૃતદેહ ઉપર વધુ ને વધુ લાકડાં ખડકવામાં આવ્યાં. છેવટે તો પિતાજીનું માત્ર મોં જ દેખાતું બાકી રહ્યું. એમની દૃષ્ટિવિહીન આંખો જાણે કે આકાશ સામે તાકતી હતી. પુરોહિતે બહાર દેખાતા કપાળ ઉપર ચંદનનો લેપ લગાડયો—જ્ઞાતિસૂચક ચિહ્ન કર્યું—શું ભારતમાં તેવું હશે? વારાણસીના ગંગા નદીના ઘાટ ઉપર ને બીજા પવિત્ર ઘાટ ઉપર વિધિવત્ મૃતદેહને અગ્નિદાહ દેવામાં આવે છે, પણ ત્રિનિદાદમાંના હિંદુઓમાં મેં એવી પ્રથા જોઈ નહોતી. પિતાજીનું શરીર અગ્નિદેવતાને આહુતિ તરીકે ચડાવવામાં આવશે એ વિચારથી કશુંક મૂલ્યવાન ગુમાવવાની મારી ઊંડી લાગણીમાં ને આશ્ચર્યોની પરંપરા સર્જતા આઘાતોમાં એક નવું પરિમાણ ઉમેરાયું.

મૃત્યુ પામેલા માટે પાસે જ ચોખાનો ભાત રંધાતો હતો. શાસ્ત્રવિધિ જાણનાર પંડિત હજુયે દુષ્ટ આત્માઓને આઘા ખસેડવામાં પરોવાયેલા હતા. અગ્નિદેવતા શરીરમાંથી આત્માને ઉપાડી લે ને કોઈ અગોચર પ્રદેશોમાં લઈ જાય તે પહેલાં લેવાવી જોઈતી કાળજી માટે શ્લોકોનું ઉચ્ચારણ જરૂરી હતું. મારી આંખો સામે જે ક્રિયાકાંડનો વિધિ ચાલી રહ્યો હતો તે હું જાણે કે જોવા છતાં જોતો ન હતો.

"ચાલ, રવિ!" પંડિતનો અવાજ સંભળાતાં મને યાદ આવ્યું કે મારે પણ મરણોત્તર ક્રિયામાં મારો ભાગ ભજવવાનો છે.

શોક અને આઘાતમાં હું ડૂબી ગયો હોવાથી મેં છેલ્લે બોલાયેલા શ્લોકો પણ ધ્યાનપૂર્વક સાંભળ્યા ન હતા, ને મારી પાસે આવતા પંડિતને જોયા ન હતા. પંડિતના હાથમાં પિત્તળની મોટી થાળી હતી ને તેમાં એક ભાગમાં પવિત્ર અગ્નિ પેટાવેલો હતો. પંડિતે પોતાનો બીજો હાથ લંબાવીને મારો હાથ પકડયો. મેં ભયભીત બનીને માતા સામે જોયું. માતાએ માથું હલાવીને મારો ખભો થાબડયો. તેણે નીચાં નમીને મારા કાનમાં ધીમેથી કહ્યું, "એ તારી ફરજ છે. તેને હિંમતપૂર્વક અદા કર."

પંડિત મને પિતાજીના મૃતદેહના દહન માટે ગોઠવેલી ચિતા પાસે દોરી ગયા. મારી આંખોમાં હજુ પણ પિતાજીના મોં સામે જોવાની હિંમત નહોતી. પંડિતે મારી પાસે ત્રણવાર મૃતદેહની પ્રદક્ષિણા કરાવી. હું ઘણો નાનો હોવાથી પંડિત મારે માટે પ્રાર્થનામંત્રો ઉચ્ચારતા હતા. "આ પુરુષ કદાચ ઇચ્છાએ કે અનિચ્છાએ ધર્મચ્યુત કે કર્મચ્યુત થયા હોય (યોગ્ય આચરણ કર્યું ન હોય) અને અત્યારે તે મૃત્યુના પાશમાં છે, ત્યારે તે તેજોમય સીમાઓ સુધી પહોંચે તે માટે હું તેમનાં બધાં અંગોને અગ્નિ ચાંપું છું." હવે જ લાકડાનાં ઢીમચાં વચ્ચે વ્યવસ્થિત રીતે મુકાયેલા કપૂરના ઘનાકાર ટુકડાઓ તરફ મારું ધ્યાન ખેંચાયું. કપૂરની તીવ્ર સુગંધથી મારાં નસકોરાં ભરાઈ ગયાં. પાસે એક ઊંચો માણસ ઊભો હતો. તેણે ધોતિયું પહેર્યું હતું ને માથે પાઘડી બાંધી હતી. તેણે લાકડાં ઉપર ને મૃતદેહ ઉપર લોટામાંથી ઘી છાંટવાનું શરૂ કર્યું. મેં યંત્રવત્ પંડિતની સૂચનાઓ પ્રમાણે તેમના હાથમાં રહેલા પવિત્ર અગ્નિ મારફતે એક પૂળિયું સળગાવી તેનાથી પિતાજીના અંગૂઠાએ આગ ચાંપી. ઘી અને લાકડાં તેમજ પૂળિયાંને કારણે જ્વાળાનો ભડકો થયો ને કપૂર ને લાકડાં બધું જ સળગવા લાગ્યું. લાલ ને પીળા રંગના ઓળાઓ લાકડાં ઉપર ને આખા મૃતદેહ ઉપર દેખાવા લાગ્યા. ભડકા એકદમ વધ્યા ને ઊંચે ચઢયા. હું તો સ્તબ્ધ બનીને ત્યાં જ ઊભો હતો, પરંતુ પંડિતે મને ત્યાંથી દૂર ધકેલી દીધો.

જ્વાળાઓની આસપાસ ઊભેલાં માનવશરીરોના સમુદ્રમાં મેં લગભગ પાગલ કહેવાય તેવી શોધ કરવા માંડી ને વેગપૂર્વક બહાર ધસી આવતાં ડૂસકાંને ખાળવાનો પ્રયત્ન કર્યો. માતા કયાંય દેખાતી ન હતી. મને અનુભવાતી માનસિક વેદના પર કાબૂ મેળવવાનું અશકય હતું. મારી આસપાસ ચાલુ રહેલી રોકકળમાં મારું બાળ-સહજ રૂદન પણ ભળી જતું હતું. હું લગભગ અર્ધ-ચિત્તભ્રમની સ્થિતિમાં પહોંચી ગયો હતો ત્યાં જ મેં મારી માતાને સળગતા મૃતશરીર પાસે ઊભેલી જોઈ. તે એટલી બધી નજીક હતી, કે અગ્નિનો જ એક ભાગ હોય તેવી દેખાતી હતી. નારંગી રંગની જ્વાળાઓ સામે તેની રેશમી સફેદ સાડી એક અવિસ્મરણીય છાયાચિત્ર રચતી હતી. મેં મૃત પતિઓની ચિતા ઉપર કૂદી પડતી સતીઓની વાતો સાંભળી હતી. શું મારે પિતાજીની જેમ માતાને પણ ગુમાવવાની છે? 'બા!' મેં બૂમ પાડી.

તણખા ને ભડકા ને વિલાપની ચીસોમાં માતાએ મારો અવાજ સાંભળ્યો હશે કે કેમ તેની મને ખબર નથી. તેણે કશી નિશાની દર્શાવી નહિ, કશું સૂચન કર્યું નહિ. ગતિહીન સ્થિતિમાં તે તો ભડભડાટ સળગતા અગ્નિની સમક્ષ ઊભી હતી, તેના હાથ લંબાવેલા હતા ને તે પિતાજીના સળગતા દેહની ને બધું જ સ્વાહા કરી જનાર અગ્નિદેવની પૂજા કરતી હતી. નીચી નમીને તેણે તાજા જ રાંધેલા ચોખાની અગ્નિને આહુતિ આપી. પછી અસહ્ય બની ગયેલી ગરમીમાંથી તે પાછી હઠી ગઈ ને મારી પાસે આવીને ઊભી રહી. તેનું માથું ટટ્ટાર હતું, ને તે રડનારાઓના વિલાપમાં પણ જોડાતી નહોતી. માતા એક સાચી હિંદુ સન્નારી હતી, તેથી જે

ગુમાવ્યું તેનો શોક ન કરવાના ભગવાન કૃષ્ણના ઉપદેશને અનુસરવાનું બળ તેને મળી રહેતું. તે શ્રીમદ્ ભગવદ્‌ગીતા અનુસાર જીવતાંનો કે મૂએલાંનો શોક કરવા માગતી નહોતી. અમે જવાળાઓ મંદ પડતી ગઈ ત્યાં સુધી એટલે કલાકો સુધી ત્યાં ઊભાં રહ્યાં ત્યાં સુધી માતાએ એકેવાર રૂદન કર્યું નહિ. હું તેને બરોબર વળગીને ઊભો હતો. મને લાગતું હતું કે તે ધીમેથી પણ દઢતાથી મંત્રો—શ્લોકો બોલતી હતી—ગીતાનું શ્લોકગાન રટતી હતી.

સૂર્યાસ્ત થયો ત્યાંસુધી અમે બધાં ઊભાં રહ્યાં. પછી લાકડાના સાત ઝીણા ઝીણા કટકા બુઝાતા જતા અંગારામાં નાખવામાં આવ્યા. બધું બળી રહ્યા પછી બધા ડાઘુઓએ અંગારા પર પાણી રેડતાં રેડતાં ચિતાની પ્રદક્ષિણા કરી. છેવટે ગરમ રાખ ઠંડી પડી ને પંડિતે ગંગા મૈયાના પવિત્ર જલ ઉપર વેરવા માટે પિતાજીનાં અસ્થિ-ફૂલ એકઠાં કર્યાં. ભારતમાં અસ્થિફૂલ લઈ જવાનું કામ મારી માતાએ કરવાનું હતું. તે ક્યારે ને કેવી રીતે થશે તે હું જાણતો ન હતો. દુઃખ, શોક ને સંતાપથી હું એટલો બધો ભાંગી પડયો હતો કે તે રાત્રે હું તે વિશે કશો વિચાર કરી શક્યો નહિ.

હું એક અવતારને ઓળખતો હતો. તે તો માનવી સ્વરૂપમાં દેવ હતા. તે હવે ચાલ્યા ગયા હતા. તે લોકોને યોગ્ય જીવનમાર્ગ બતાવવા આવ્યા હતા. તે બ્રહ્મ સાથે એકલીન કરનાર—જોડનાર—સાચા યોગનો રસ્તો બતાવવા આવ્યા હતા. હું ક્યારેય પણ તેમનું દષ્ટાન્ત વીસરીશ નહિ—વીસરી શકીશ નહિ. હું તેમનો વારસ હતો, અનુગામી હતો ને મારે તેમનાં પગલાંમાં પગ માંડીને આગળ વધવાનું હતું.

# ૩. પવિત્ર ગંગામાં અસ્થિવિસર્જન

મેં એક કલાક સુધી સૂર્યને અર્ધ્ય આપ્યા કર્યાં હતાં. અગ્નિના ધનુષ્યમાંથી છૂટેલા સળગતા આયુધ જેવો સૂર્ય મારી પાછળના આકાશમાં ગોળાકારે ઊંચે ચઢતો હતો. તે નાળિયેરીનાં ઝૂંડ નીચેના ઘાસ ઉપર ને ધરતી ઉપર તેજછાયાની વિવિધ ભાત રચતો હતો. હું ઓસરીમાંથી નીકળીને પગથિયાં ઊતર્યો ને પશુઓને રાખવાની છાપરીમાં ગયો. ત્યાં અમે અમને બધાને દૂધ પૂરું પાડતી અમારી ગાય બાંધતા હતા. મેં ગાયને છોડી, લાકડાનો દરવાજો ઉઘાડયો, ને ગેલમાં આવી ગયેલી ગાય ઘાસના બીડ તરફ દોડી. મેં તેને બાંધેલું દોરડું મારા હાથમાં પકડી રાખ્યું હતું ને હું પણ તેની પાછળ દોડતો હતો. સવારે સવારે ચરવાની જગ્યાએ પહોંચી જવા ગાય ઉતાવળી થઈ હતી. હું તેની પાછળ ઘસડાતો હતો. છેવટે અમે બંને સીમમાં આવેલા લીલાછમ ઘાસના ચરા પાસે પહોંચી ગયાં. અખાત ઉપરથી ફૂંકાતી સવારની મંદ મંદ લહેરોમાં નારિયેળીનાં પર્ણો એકબીજા સાથે આસ્તેથી ઘસાતાં હતાં ને જાણે કે નાળિયેરીઓમાંથી જાણીતાં ગીતો ફૂટતાં હતાં. હું આનંદથી આમતેમ નિહાળતો હતો ને માથું નીચું નમાવીને ગાય ચરવા લાગી હતી.

હિંદુઓ માટે કોઈ બીજું પ્રાણી ગાય જેટલું પવિત્ર નથી. ગાય પવિત્ર છે, પુનિત છે. બધું જ ભૂલી જઈને, લાંબા ને સુંવાળા ઘાસમાં પોતાનું નાક ખૂંપાવીને, કાન ઝુલાવતી ને પૂંછડીને ધીમા ઝાટકા સાથે હલાવતી અમારી કાબરચીતરી ગાય મોજથી ઘાસ—કુદરતે બિછાવેલ જાજમ—ચરતી ને સંતોષપૂર્વક વાગોળતી. ગાયને ચરતી ને વાગોળતી જોવામાં મને ખૂબ મજા પડતી. એ મારી આનંદપ્રમોદની એક રીત હતી. ગાયને અમે દેવતુલ્ય માનતા હોવાથી હું દરરોજ ગાયની સેવામાં થોડો સમય ગાળતો. પાસે જ હિબિસ્કસ નામના ઘાસને લાલપીળા રંગનાં ફૂલો લાગ્યાં હતાં. મેં તેમાંથી એક ફૂલ ચૂંટયું ને ગાયનાં વાંકાં શિંગડાંની વચ્ચોવચ તેના માથા ઉપર મૂકયું. ગાયે તેની ભૂખરી આંખોમાંથી મારી તરફ ક્ષણભર જોયું ને પછી ફરીથી બચકારા બોલાવતાં બોલાવતાં ચાવવા માંડયું. ત્યાં એક માખી તેનાં નસકોરાં ઉપર બેઠી. ગાયનું ધ્યાન વિચલિત થયું, તેણે માથું હલાવ્યું ને છીંક ખાધી. મેં તેના માથા ઉપર કાળજીપૂર્વક ગોઠવેલું ફૂલ હળવેકથી તેના લાંબા નાક પર થઈ નીચે સરી પડયું. હું તે પાછું ઉઠાવી લઉં તે પહેલાં બીજા ઘાસની સાથે તે પણ ગાયનો કોળિયો બની ગયું. હું પણ ધીમે રહીને ઘાસ ઉપર માથું ટેકવીને સૂઈ ગયો ને ગાયનું જીવન કેવું હોય તે વિશે વિચારવા લાગ્યો. કદાચ, મેં પણ મારા કોઈ પૂર્વજન્મમાં ગાયનો અવતાર ભોગવ્યો હોય! મને જો કે કશું યાદ આવતું નહોતું. હકીકતમાં તો મારા ગયા જન્મોની એકે વાત મને કેમ યાદ આવતી નથી તે વિશે મને ઘણીવાર વિચાર આવતા.

ગોપાળદાદાએ મને એકવાર કહ્યું હતું કે દૂર દૂર આવેલા ભારતમાં એક પ્રાચીન સંતપુરુષે રાત્રે આકાશમાં તારાઓના એક સમૂહમાં ગોનક્ષત્રનાં સૌ પ્રથમ દર્શન કર્યાં હતાં. દાદાના કહેવા મુજબ અમે હિંદુઓએ ત્યારથી જાણ્યું હતું કે ગાય દેવતા છે. ઈજિપ્ત ને આર્યોને સાંકળતા બીજા ખુલાસાઓ મેં સાંભળ્યા હતા, પણ ગોપાળદાદાની વાત મને સૌથી અસરકારક લાગી હતી. આકાશોમાં જે કંઈ છે તે પવિત્ર છે, અને આકાશમાં રહેલી પેલી ગાયમાંથી પૃથ્વી પરની બધી ગાયો આવી છે, માટે તે પૂજનીય છે. તે પ્રાચીન સમયથી ગૌપૂજા આજ સુધી ચાલતી આવી છે. ગોપાળદાદા તો ગાયને 'ગાયમાતા' કહેતા અને મેં પણ ધર્મપંડિતો પાસેથી સાંભળ્યું હતું કે ભગવાન શિવનાં પત્ની પાર્વતી માતાની જેમ ગાય પણ આપણી સૌની માતા છે. ગમે તેમ પણ હું જાણતો હતો કે ભિન્નભિન્ન આકારો હોવા છતાં બધી દેવીઓ એક જ છે. દેવી પાર્વતી તો બધાં હિંદુ દેવદેવીઓમાં એક સૌથી વધુ મહિમા પામેલ દેવી છે. પોતાના પતિ ભગવાન શિવના લોથપોથ થઈને નીચે પડેલા શરીર પર ઊભાં રહી, તાજાં કપાયેલાં મસ્તકો અને હાથનો હાર પહેરી, એક મોટા પ્યાલામાંથી તાજું લોહી પીતાં કાલિકા–સ્વરૂપ બનેલાં પાર્વતી ખૂબ ભયાનક લાગે છે, છતાં અમે નિષ્ઠાપૂર્વક તેમની ભક્તિ કરીએ છીએ. છતાં 'એકમાત્ર મૂળ આત્મા'ની ગાયસ્વરૂપમાં ભક્તિ કરવાનું મને વધુ પસંદ પડે. મારી ગાયની સાથે વધુ સમય ગાળીને હું મારા બીજા જીવન માટે સત્કર્મોનું ભાથું એકઠું કરતો હતો. શું ગાયને ખબર છે કે તે દેવી છે? હું ઘણીવાર તેને ધ્યાનપૂર્વક જોતો, પરંતુ તેને પોતાની સ્વ–જાણકારી કે આત્મભાન હોય તેવી એકે સૂચક ચાવી મને મળી નહોતી. જો કે આને કારણે આ સૌથી પવિત્ર પશુ પ્રત્યેના મારા અહોભાવ ને સન્માનમાં કશો ઘટાડો થયો નહોતો.

હું ગાયની પ્રશંસામાં રમમાણ હતો, તેમાં હવામાંથી આવતા ગણગણાટે ભંગ પાડ્યો. એ ગણગણાટ મોટો ને મોટો થતો ગયો. ઉત્તેજિત થઈ જઈ હું ઘાસમાંથી ઊભો થઈ ગયો અને વધુ સ્પષ્ટ ચિત્ર મેળવવા નાળિયેરીનાં ઝૂંડમાંથી બહાર દોડી ગયો. તે દિવસોમાં અમને ઘણાં થોડાં વિમાનો જોવા મળતાં. હું જ્યારે જ્યારે આકાશમાં વિમાનને ઊડતું જોતો ત્યારે મને અચૂક અમુક વિચારો આવતા. હું કેવી રીતે પેદા થયો તે રહસ્ય વિશે મેં મારી માતાને પૂછ્યું હતું. તેણે ગંભીર મોં કરી મને કહ્યું હતું, "રવિ, તું આકાશમાં ઊડતા વિમાનમાંથી પડી ગયો ને મેં તને ઝીલી લીધો!"

"શું હું તારો જ હતો?" મેં એકદમ ગભરાઈ જઈને પૂછ્યું હતું. મને વિચાર આવ્યો હતો કે હું બીજા કોઈના ચોકમાં પડી શક્યો હોત. માતાએ મને ખાતરી કરાવી કે હું તેનો જ ને પિતાજીનો હતો. પછી તો મહિનાઓ સુધી મને વિચારો આવતા કે એમ જ પસાર થતા વિમાનમાંથી મારા હાથમાં એક નાનકડો ભાઈ આવી જાય તો કેટલી મજા પડે! વર્ષો સુધી બાળજન્મની વાત મારે માટે રહસ્ય જેવી

રહી, છતાં મને ખાતરી થઈ ચૂકી હતી કે બાળકો એમ કાંઈ હવામાંથી કે વિમાન-માંથી પડતાં નથી. કોઈના કીધા વગર હું પામી ગયો હતો કે પિતાજીના મૃત્યુ પછી બીજો ભાઈ કે બહેન મેળવવાનું કોઈ રીતે શકય નથી.

પિતાજીના અવસાન પછી હું દરરોજ તેમના મૃતાત્માની ગંભીરતાપૂર્વક ને આસ્થા સાથે આંગણામાં પૂજા કરતો. પિતાજી મૃત્યુ પામ્યા ત્યારે આંગણામાં ખાસ પ્રકારનું ઘાસ અમે રોપ્યું હતું તેને રોજ સવારે હું પાણી પાતો. રોજેરોજની ગણતરી પણ રાખતો. આજે ચાળીસમો દિવસ હતો. મારા માથાના વાળ લાંબા, કાળા ને વાંકડિયા હતા. જન્મથી તે આજસુધી મેં તે કપાવ્યા નહોતા. દરેક જણ કહેતું કે લાંબા વાળને લીધે હું આબેહૂબ પિતાજી જેવો દેખાતો હતો. પિતાજીની પાછળ મારે મારા વાળ કપાવવા પડશે તે અંગે મને ઘણી ચિંતા રહેતી, પણ આજે તો તે કપાવવા જ પડશે. જેમ વાળ કાપતી વખતે પિતાજીના પ્રાણ ચાલ્યા ગયા તેવું મારું તો નહિ થાય ને?

મારી માતા મને ઓશરીમાંથી હાથનો ઈશારો કરીને બોલાવતી હતી. મેં ગાયને બાંધેલું દોરડું ધીમેથી ખેંચ્યું ને તેને છાપરીમાં પાછી લઈ જવાનો પ્રયત્ન કર્યો. તે ગરીબ પ્રાણીએ ગળામાંથી અવાજ કાઢી—ભાંભરી—પગ ખૂંપાવી, થોડોક વિરોધ તો વ્યક્ત કર્યો, પણ છેવટે તે માની ગઈ. મારા બીજા મિત્રોની જેમ હું કયારેય પણ લાકડીથી કે પરોણીથી ગાયને હાંકતો નહિ. "દેવીની સાથે આવો વર્તાવ ન કરાય", એમ કહીને મેં પોતાની ગાયને મારતા કેટલાકને ઠપકો પણ આપ્યો હતો. તેથી મારા સમોવડિયા મિત્રો હું જોતો હોઉં ત્યારે તો અચૂક ગાયો સાથે પ્રેમથી વર્તતા.

પિતાજીના મૃત્યુ પછી ચાળીસ દિવસે તે જ સ્થળે જવા પાછું શ્રાદ્ધક્રિયા માટેનું સરઘસ નીકળ્યું; જો કે તેમાં ઘણા ઓછા માણસો હતા. એ જ જૂનો આસ્ફાલ્ટનો રસ્તો, શેરડીનાં ખેતરો ને નાળિયેરીનાં ઝૂંડમાંથી પસાર થતો હતો. ફરીથી અમે 'મંકી પૉઈન્ટ' તરફ જતા હતા. દિવસમાં બે વાર અખાતમાં આવતી ભરતીનાં પાણી કૉંક્રિટની નીચી દીવાલ ઉપર થઈને અંદર ધસી આવતાં. અગ્નિસંસ્કારના બધા જ પુરાવા ભરતીનાં પાણીથી નાશ પામ્યા હતા. જો કે ભરતી પણ સ્મૃતિને ભૂંસી શકતી નથી. મૃતદેહની આસપાસ લપકતી લાલપીળી જ્વાળાઓ, માંસ ને હાડકાં બળવાની વાસ—આ બધું જ જાણે ફરીથી સ્મૃતિની આંખે સજીવન થઈ ઊઠયું. જ્યાં પિતાજીનું શરીર રાખમાં ભળી ગયું હતું, બરોબર તે જ સ્થળે હું ઊભો હતો. આજે પણ હું બધાંના ધ્યાનના કેન્દ્રસ્થાને હતો.

નાનકડું અર્ધવર્તુળ બનાવી અમારા મિત્રો અને સગાંઓ મને ઘેરી વળ્યાં. હાથમાં વાળંદની કાતર લઈને અમારા શાસ્ત્રજ્ઞ પંડિત મારી સામે ઊભા રહ્યા. મને બરોબર સમજણ પડે તે પહેલાં ટૂંકી પૂજા પૂરી થઈ ગઈ. અત્યારની વાસ્તવિકતામાં એક ગભરાવી મૂકે તેવો અનુભવ અચાનક મને યાદ આવી ગયો. લગભગ ત્રણ

વર્ષ પહેલાં હું ભરઊંઘમાં હતો ત્યારે એક જોરદાર ને સખત આંચકા સાથે કોઈએ મારા વાળ ખેંચ્યા હતા. હું એકદમ જાગી ગયો હતો. દુ:ખથી ચીસો પાડતો હું વાંકો વળીને તરફડિયાં મારવા લાગ્યો હતો. મરણિયાં ફાંફાં મારતો હું બાવડાં ને હાથ વડે મારા વાળ ખેંચનારને પકડવાનો વ્યર્થ પ્રયત્ન કરતો રહ્યો હતો, છતાં મારા વાળ એવી સખત રીતે કોઈ ખેંચતું હતું કે હું લગભગ પથારીમાંથી ઊછળી પડયો હતો. મારી ગભરાટભરી ચીસોથી મારી માતા ત્યાં દોડતી આવી હતી. થોડાક શબ્દો દ્વારા તે વિશેષ તો મારા બરડા ઉપર કોમળતાથી હાથ મૂકીને મારી માતાએ મને ખાતરી કરાવી હતી કે એ એક દુ:સ્વપ્નથી કંઈ વધારે ન હતું. પરંતુ હું વધારે જાણતો હતો. હું બરાબર જાગી ગયો હતો, મને કંઈ સ્વપ્ન આવ્યું નહોતું. ને મારા વાળને મૂળમાંથી ખેંચવામાં આવ્યા હતા તેથી સવાર સુધી મારું માથું દુખતું રહ્યું હતું.

એ સંસ્મરણમાં થોડા જ સમય પહેલાં થયેલું પિતાજીનું રહસ્યમય મૃત્યુ ભળ્યું. તેથી જ મુંડન કરાવવાના આ કર્મકાંડના વિચારથી મને ડર લાગતો હતો. પરંતુ આ પ્રસંગ શાંતિથી પસાર થઈ ગયો. મને બરાબર સમજાય તે પહેલાં જ્યાં પિતાજીની રાખ પડી હતી ત્યાં મારા લાંબા વાળ પણ પડયા. બીજી મોટી ભરતી વખતે મારા વાળનાં ઝુલફાંની સેરો પણ પિતાજીના અવશેષો સાથે દરિયામાં ભળી જશે.

પિતાજીનાં થોડાંક અસ્થિફૂલ બીજા એક ખાસ પ્રસંગ માટે સાચવવામાં આવ્યાં હતાં. પિતાજીના મૃત્યુ પછી મેં ને ગોપાળદાદાએ એ વિશે ઘણી ઉત્તેજનાપૂર્વક વાતો કરી હતી. "એમાં બેમત નથી જ કે તે એક અવતારી પુરુષ હતા," તે વૃદ્ધે મને ખાતરી કરાવતાં કહ્યું હતું કે, "તેમને માટે મોક્ષનો કોઈ પ્રશ્ન જ નથી. તેમનો મોક્ષ થઈ ચૂક્યો છે!"

"તમે શું કહેવા માગો છો? શું તેમને ખરેખર મોક્ષની પ્રાપ્તિ થઈ ગઈ હશે?" મેં પૂછ્યું.

"તેમને મોક્ષપ્રાપ્તિ તો આગલા જન્મમાં જ થઈ ગઈ હશે. આપણે ત્યાંના જન્મમાં તો તેઓ કેવળ લોકોને માર્ગ દર્શાવવા જ આવ્યા હતા, બુદ્ધની જેમ, ઈસુની જેમ."

"તમે એમ કહેવા માંગો છો કે તે પણ કોઈ અવતારી પ્રભુ છે?" હું એ વિચારથી મૂંઝાઈ ગયો હતો.

ગોપાલદાદાએ ભારપૂર્વક માથું હલાવતાં કહ્યું, "એ તને ચાલીસમે દિવસે જણાશે. તને રાખ ઉપરનાં નિશાન જોવા મળશે નહિ. તેમનો આત્મા તો પરબ્રહ્મમાં વિલીન થઈ ગયો હશે. તારા પિતા તો દેવ હતા; ભાઈ, તારા પિતાજી તો ઈશ્વરનો અંશ હતા!" મારી સામે જોઈને તેમણે ભક્તિભાવપૂર્વક છેલ્લું વાકય ધીમેથી ઉચ્ચાર્યું.

તે જીવતા હતા ત્યારે પિતાજીની સામે ઊભા રહીને તેમની ગહન આંખોમાં જોઈને મને પણ એવું લાગ્યું હતું, પણ ગોપાળદાદાની જેમ મને પૂરી સમજણ પડી ન હતી. દાદા તો અભણ હતા છતાં વેદોનું જ્ઞાન ધરાવતા હતા. મારી માન્યતા મુજબ તે ખૂબ જ્ઞાની માણસ હતા ને હિંદુ ધર્મના જાણકાર પંડિત હતા.

ઘેર પાછો આવ્યો ત્યારે મારા સફાચટ મુંડાવેલા માથાનું મને પૂરેપૂરું ભાન હતું, પરંતુ ગોપાલદાદાએ જે કહ્યું હતું તેની સચ્ચાઈની ખાતરી કરવા હું ઘણો ઉત્સુક હતો. પંડિત અમને એક બંધ ખંડમાં દોરી ગયા. એ ખંડને આખી રાત સુધી તાળું મારવામાં આવ્યું હતું. ખંડની મધ્યમાં ફરસબંદી ઉપર એક સપાટ થાળીમાં પિતાજીનાં રાખવાળાં અસ્થિ ફૂલને બરોબર થાળીમાં પાથરીને આગલી રાતે મૂકવામાં આવ્યાં હતાં. પિતાજીને નવા અવતાર–પુનર્જન્મની ઝાંખી કરાવતાં પગલાંનાં નિશાન તપાસવા કુટુંબનાં સભ્યો ઉત્સુકતાપૂર્વક આગળ વધ્યાં. આ વિધિને મેં અગાઉ ઘણીવાર નિહાળ્યો હતો, પરંતુ હવે તેમાં મને કશો હેતુ કે સાર દેખાતો નહોતો. પિતાજી તો જન્મજન્માંતરના આંટાફેરામાંથી ક્યારનાયે બહાર નીકળી ગયા હતા. તે તો બ્રહ્મમય બની ચૂકયા હતા. તેથી તેમને માટે આ વિધિ કરવાની શી જરૂર હતી? મને ગોપાળદાદાના શબ્દો યાદ આવ્યા: "તેમનાં અસ્થિ ફૂલવાળી રાખ ઉપર પગલાંનાં કશાં નિશાન જોવા મળશે નહિ."

મેં મારી માતાનો ઊંડો નિશ્વાસ સાંભળ્યો. ત્યાં જ પંડિતનો ઉદ્ગાર સંભળાયો: "જુઓ! ત્યાં જુઓ! ત્યાં પક્ષીનાં પગલાં છે!"

મને ભય ને આશ્ચર્યનો જે ધ્રાસકો પડયો તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. મારી માતા ને માશીની વચ્ચે ઘૂસી જઈને મેં જાતે જોવાનો પ્રયત્ન કર્યો. એ સાચું હતું! અસ્થિફૂલ સાથેની રાખ તો બરાબર પથરાયેલી ને વ્યવસ્થિત હતી, માત્ર બરોબર વચ્ચે એક નાના પક્ષીના પગનાં નિશાન સ્પષ્ટ રીતે દેખાતાં હતાં. એમ બધાંએ તે કાળજીપૂર્વક તપાસ્યાં. તારણ સ્પષ્ટ હતું. પિતાજીનો પક્ષીયોનિમાં પુનર્જન્મ થયો હતો!

મારી નાનકડી દુનિયાનો ભાંગીને ભૂક્કો થઈ ગયો. હવે ગોપાળદાદા શું કહેશે? પરંતુ ટાપુના સૌથી મોટા પંડિતે પોતે પિતાજીને અવતારી પુરુષ કહ્યા હતા! જો તેમણે બ્રહ્મ સાથે એકત્વ સિદ્ધ કર્યું ન હોય તો પછી મારે માટે કે બીજા કોઈ માટે શી આશા હોઈ શકે? આ મહત્ત્વના ક્રિયાકાંડના પછીના ભાગમાં સામેલ થવા અમે બધાં ચોકમાં પહોંચ્યાં ત્યારે થતી ઉત્તેજનાપૂર્ણ વાતચીતમાં હું જોડાઈ શક્યો નહિ.

મારું મન એટલું બધું બહેર મારી ગયું હતું કે વિચારવાની વાત જ શકય નહોતી. મેં એ લાંબી પૂજાવિધિનો એકે અક્ષર સાંભળ્યો નહિ. પૂજાવિધિ પછી થનાર જમણ માટે જાણે કે મારી ભૂખ જ મરી ગઈ હતી. દિવસોના દિવસો સુધી

માતા ને માશીએ ભારે મહેનત કરીને વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી હતી. તેમાં મીઠાઈઓ ને જાતજાતનાં પકવાન ને ફરસાણ હતાં. અત્યાર સુધી એ વાનગીઓની સુગંધથી અમારા મોંમાં પાણી આવી જતું હતું. બધાં જમવા બેસે તે પહેલાં દરેક વાનગીમાંથી થોડું થોડું પ્રેતાત્માને ચડાવવાનું હતું. કેળનાં પાન ઉપર બધી વાનગીઓ મૂકવામાં આવી ને અમારા કુળના પંડિતે પિતાજીના પ્રેતાત્માને ધરાવવા માટે પીરસેલો થાળ એક ઊંચા વૃક્ષના થડ પાસે મુકાવ્યો. પછી અમે બધાં ઘરમાં પાછાં ગયાં.

પંડિતે ગંભીરતાપૂર્વક બધાંને ચેતવણી આપતાં કહ્યું હતું, "ભાઈઓ, કોઈએ તે તરફ જોવાનું નથી. જો તમે પાછાં વળીને જોશો તો પ્રેતાત્મા તમારા પર હુમલો કરશે. તે નૈવેદ્ય માત્ર તેમને જ માટે છે."

હું પોતે આ નિયમનો કે રૂઢિનો ભંગ કરીશ તેવું તો મેં સ્વપ્ને પણ ધાર્યું નહોતું. પણ અત્યારે હું એ પ્રલોભનનો સામનો કરી શકયો નહિ. મેં મારી ઝડપ ઘટાડીને બીજાંઓને ઘરમાં જવા દીધાં. તે મારા પિતાજી હતા. મારે તેમને જોવા જ જોઈએ. એક વાર પણ જોવા જોઈએ. માત્ર એક જ ત્વરિત દૃષ્ટિપાત બસ થશે. ઘર તરફના અર્ધા રસ્તે, ભયથી ધ્રૂજતાં, છતાં પ્રલોભનને વશ થઈને મેં મારા ખભા પરથી પાછળ દૃષ્ટિપાત કર્યો. પીરસેલો થાળ હજી ત્યાં જ હતો ને હું તેમાં મુકાયેલો ખોરાક સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો. છતાં પિતાજીના પ્રેતાત્માની કયાંય કશી નિશાની ન જણાઈ. મેં તરત જ નજર ફેરવી લીધી. પંડિતના મનાઈ-હુકમનો મેં ભંગ કર્યો હતો. હવે મને લાગ્યું કે મારા દરેક પગલે મૃત્યુ મારો પીછો કરી રહ્યું છે. પણ કશું જ બન્યું નહિ. શું દેવો મારા પ્રત્યે દયા દર્શાવતા હતા ? મારી અંદર જે ખળભળાટ મચ્યો હતો તેમાં આ કોયડાનો પણ ઉમેરો થયો.

પાછળ આવેલી પરસાળમાં ઝડપથી જઈને મેં પગનાં આંગળાંનાં ટેરવાં પર ઊભા રહી ઝાંખા દેખાતા થાળ તરફ જોયું. દાદાજીના પ્રેતાત્માને ધરાવેલો ખોરાક એક કૂતરો ખાઈ ગયો હતો, તે મેં જોયું હતું. આવું ફરીથી ન બને તેની મારે ખાતરી કરવી હતી. કશુંયે અસાધારણ બન્યા વિના અર્ધોએક કલાક પસાર થઈ ગયો પછી હું મારી જાત ઉપર વધુ કાબૂ રાખી શકયો નહિ. પ્રેતાત્મા શું કરી શકે તેનો ડર તો મનમાં હતો જ, છતાં હિંમત રાખીને હું પેલા વૃક્ષ પાસે ગયો. આશ્ચર્ય પામી જઈ મેં જોયું કે ખોરાક ત્યાં ન હતો! થોડા ટુકડા પણ ત્યાં બચ્યા નહોતા, છતાં મેં કોઈ પ્રાણીને કે પંખીને થાળ પાસે જતું જોયું નહોતું ! તો એ સત્ય હતું કે પિતાજીના પ્રેતાત્માએ પોતાને ધરાવેલો ખોરાક ખાધો હતો ? શું તેમણે ખરેખર મોક્ષ પ્રાપ્ત કર્યો નહોતો તેનો એ પુરાવો હતો ? શું તે અત્યારે પક્ષી તરીકે કોઈ વૃક્ષ પર બેસી મને નિહાળતા હશે ?

નિરાશ થઈને ગૂંચવાડામાં પડી જઈ મેં મકાનના આંગણામાં આમતેમ આંટા મારવા માંડયા. હું છોડવાઓમાં ને વૃક્ષોમાં નાના કે મોટા એવા કોઈ પક્ષીને શોધવા લાગ્યો, જે અંશતઃ પણ પિતાજીને મળતું આવતું હોય. જો હું તેમને ઓળખી નહિ શકું તો તે મને જરૂર ઓળખી કાઢશે. હું વાટ જોતો જ રહ્યો કે એક સ્થળેથી બીજે સ્થળે ઊડતું, કૂજતું, ગાતું કે કલબલાટ કરતું કે ચાંચથી પીંછાં સાફ કરતું કોઈ પક્ષી આવે, થોભે ને મને ઓળખી કાઢે. પરંતુ એકે પક્ષીએ જરા જેટલું પણ ધ્યાન આપ્યું નહિ. છેવટે હું વૃક્ષ પાસે ગયો, પણ જાણે તેઓ તો ડરીને ઊડી ગયા હતા. જો કે આમ પણ, તે મૃત્યુ પામ્યા તે પહેલાં તેમણે મારા પ્રત્યે જરા પણ ધ્યાન આપ્યું નહોતું, તો હવે તે શા માટે ધ્યાન આપે?

પછીથી હું ગોપાલદાદાના ઘર તરફ લઈ જતા પરિચિત રસ્તા પર આગળ વધ્યો. તેમની પાસે ઘણાં બધાં માણસો હોય ત્યારે તેમની સાથે એકાંતમાં શી રીતે વાત કરી શકાય? તેમનો ચાલીસ વર્ષનો પુત્ર આંગણામાં બેસી પોતાની સાઈકલનું ટાયર સમું કરતો હતો. એ સાઈકલ પર બેસી તે શહેરમાં ફરીને ચણા-મમરા ને મરચાંની અમુક વાનગીઓ વેચતો. તેણે થોડા સમય પહેલાં જ બે બાળકોવાળી એક વિધવા સાથે લગ્ન કર્યાં હતાં ને તે બધાં પણ હવે ગોપાળદાદાના બે રૂમ વાળા ઘરમાં રહેવા આવી ગયાં હતાં. મને આવતો જોઈને ગોપાળદાદાનો પુત્ર પોતાનું સાઈકલ દુરસ્ત કરવાનું કામ પડતું મૂકી ઊભો થયો ને તેણે બે હાથ જોડી મને નમન કર્યું.

"સીતારામ!" તેણે આનંદથી કહ્યું. "તમે મારા પિતાને મળવા આવ્યા છો, નહિ? તે તો ઘડપણને કારણે ઘરમાં છે."

"મને કોણ ઘરડો કહે છે?" અંદરથી ગોપાળદાદાનો અવાજ આવ્યો. "મને ઘડપણ આવ્યું નથી. આ તો જરા શરદી લાગી ગઈ છે!" આમ કહીને તે ઘરડા પણ જુસ્સાવાળા માણસ ઘર પાસેની પોતાની ચિરપરિચિત છાંયાવાળી જગ્યાએ બેસવા માટે બહાર આવ્યા. તે સામાન્ય ભારતીય કરતાં થોડા વધુ ઊંચા હતા, પણ વૃદ્ધાવસ્થાને કારણે તેમના પગ સહેજ ધનુષ્ય જેવા વાંકા થઈ ગયા હતા. હું પણ મૂંગો બની તેમની પાસે ગયો. હું સમજાવી ન શકું તે પ્રકારની શાંતિ અને સલામતીની લાગણી આ વૃદ્ધના સાન્નિધ્યમાં કાયમ અનુભવતો.

પોતાનું માથું ઘડિયાળના લોલકની જેમ આમથી તેમ ધીમેથી ઘુમાવતાં વૃદ્ધે કહ્યું, "તારા સુંદર વાળ ઝડપથી વધી જશે."

મારા આંતરિક ખળભળાટ ને શંકાકુશંકાઓમાં હું તેમને સહભાગી બનાવી શકયો નહિ, છતાં મેં કહ્યું, "મને મારા વાળની ચિંતા નથી પણ..."

"ભાઈલા, તું કંઈ જાણે છે? હું તો કદી તારા પિતાજીની રહેણીકરણીને બરોબર સમજી શકયો નથી. મારી જિંદગીમાં તેમના જેવો પવિત્ર પુરુષ મેં બીજો

કોઈ જોયો નથી. તેમણે પાછો સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. ગોપાળદાદાનું માથું હજુ પણ આશ્ચર્યચિહ્નની જેમ આમથી તેમ ઝૂલતું હતું.

આવાં વખાણથી હમેશાં હું ગર્વથી ફુલાતો–તે મારા પિતાજી હતા, પણ હવે આવી વાતથી મને ભાગ્યે જ સાંત્વન મળતું હતું. જો કે મને લાગતું હતું કે ગોપાળદાદાએ પિતાજી પ્રત્યેનો આદરભાવ મારા પ્રત્યે દર્શાવવાનું શરૂ કર્યું હતું. રાખમાં પડેલાં પેલા નાનકડા પંખીનાં પગલાંનું નિશાન હવે નકારાઈ શકાય તેવું રહ્યું નહોતું. પંડિત સુદ્ધાં દરેક જણે તે વાતનો સ્વીકાર કર્યો હતો, એકમાત્ર મેં જ આઘાત ને નિરાશાની લાગણી અનુભવી હતી, તેથી સ્તો મારા મનમાં વધતો ગૂંચવાડો વધુ પીડાકારક બનતો હતો.

"તે હવે આટલા બધા નાના પક્ષીરૂપે કેવી રીતે અવતરી શકે?" મેં પૂછયું. તેમણે કોઈ મોટા પક્ષીની યોનિમાં જન્મ લીધો હોત તો હજુય થોડું ઘણું સમજાત પણ આવા નાનકડા પક્ષીની વાત તો કેમેય કરી મારે ગળે ઊતરતી નહતી.

"ભાઈ, તે કંઈ એટલા બધા નાના થઈ ગયા નથી," ગોપાળદાદાએ ભારપૂર્વક જણાવ્યું. છતાં તે પોતે પણ શાંત થઈ ગયા. ગંભીર વિચારણામાં હડપચી ઉપર હાથ ફેરવવા લાગ્યા, ને પછી ઊંડો નિસાસો નાખી બોલ્યા, "એટલા નાના પગવાળું કોઈપણ પક્ષી એટલો બધો ખોરાક ખાઈ શકે નહિ."

"બરોબર!" હું તરત જ ઊભો થઈ ગયો ને જ્યાં અસ્થિફૂલ ને રાખ તાળું મારીને રાખવામાં આવ્યાં હતાં તે ખંડ તરફ દોડી ગયો. શું અમે કાળજીપૂર્વક બારી બંધ કરી હતી? મને યાદ આવતું નહોતું. મેં બહારથી છાપરાના બહાર પડતા છેડા–નેવાં–તરફ જોયું. તો ત્યાં મને એક નાનકડા પક્ષીનો માળો દેખાયો.

જ્યાં છાપરાનાં વાટા પાડેલાં લોખંડનાં પતરાં દીવાલ ઉપર મુકાયેલાં હતાં ત્યાં પાસે પાસે અર્ધવર્તુળાકાર કાણાં કે બાકોરાં હતાં. એ એટલાં મોટાં હતાં કે તેમાંથી પેલાં નાનકડાં પંખીઓ જરૂર ઓરડામાં આવી શકે. મારી આ શોધથી મેં ભારે ઉત્તેજના અનુભવી, પણ પિતાજીના મૃત્યુ પહેલાં એ માળો ત્યાં હતો ખરો? મને સો ટકા ખાતરી નહોતી, પણ મને લાગ્યું કે માળો ત્યાં હોવો જોઈએ.

તો તો અસ્થિફૂલ સાથેની રાખ ઉપર જે પંખીનાં નિશાન હતાં તે પિતાજીનાં નહોતાં! પણ તો પછી ખોરાકનું શું? કોણ ને ક્યારે તે ખાઈ ગયું? મારા બાળમનને લાગ્યું કે વેદોમાં જેમની વાર્તાઓ આવે છે તેવા કોઈ આસુરોએ કે રાક્ષસોએ આવીને વિધિમાં ખલેલ કરી હશે ને અમને ગૂંચવી નાખવાનો પ્રયત્ન કર્યો હશે. પરંતુ એવાં દુષ્ટ બળોથી પિતાજી મને બચાવી લેશે. જરૂર પડે તે બીજા મોટા સદ્ગુરુઓની મદદ લેશે. હું તો મારા પિતાજીમાં ને તેમનાં જીવનકાર્યોમાં શ્રદ્ધા રાખવાનો. હું જરૂર તેમનાં પગલાંમાં પગ મૂકી ચાલવાનો–તેમને અનુસરવાનો.

* * *

"રવિ ! ક્યાં છે તું ? જો, બાબા આવ્યા છે." દાદીમા મને બોલાવતાં હતાં.

"આવ્યો, દાદી !" હું ઝડપથી પગથિયાં ચડીને ઘરમાં ગયો. ત્યાં બધાં અમારા ભલા મિત્રને ઉત્સાહપૂર્વક આવકારતાં હતાં.

"રવિ!" એમ કહીને મને વહાલપૂર્વક પોતાની ગોદમાં ઊંચકી લીધો. જાનકીપ્રસાદ શર્મા અમારા ટાપુના મુખ્ય પંડિત હતા. તે ભારતના વતની હતા. એ કોઈના ઘેર મુલાકાતે જાય તો તે કુટુંબને ઘણું મોટું માન મળ્યું ગણાતું. તે પિતાજીના ગાઢ મિત્ર ને પ્રશંસક હતા. તે બધો વખત ત્રિનિદાદમાં એકથી બીજા છેડા સુધી ફર્યા કરતા ને અમારા વિસ્તારમાંથી પસાર થાય તો અચૂક અમારા ઘરની મુલાકાતે આવતા. તે મોટે ભાગે હિન્દી બોલતા. તેમને અંગ્રેજી થોડું આવડતું પણ તે સંસ્કૃતના ઘણા સારા જાણકાર હતા. તે ઊંચા, ગૌરવર્ણના, ભરાવદાર શરીરવાળા હતા. તેમની ફરફરતી લાંબી દાઢી હવે સફેદ થવા આવી હતી. તે જો જરા વધારે જાડા હોત તો અદ્દલ સાન્તાક્લોઝ જેવા દેખાત. તે કેટલાકને ભય પમાડે તેવા દેખાતા. પણ તે સાન્તાક્લોઝની જેમ મારી સાથે પ્રેમથી મિત્રતાપૂર્ણ વ્યવહાર કરતા. અમને બંનેને એક બીજા ઉપર પ્રેમ હતો.

મને હવામાં ઉછાળી તેમણે કહ્યું, "રવિ ! મને તો તારામાં રોજેરોજ તારા પિતાજીનાં દર્શન થાય છે. ભગવાનની તારા પર ચાર આંખો છે. એક દિવસ તું મોટો યોગી બનવાનો. તારી આંખો અદ્દલ તારા પિતાજીની આંખો જેવી છે ને તારા વાળ પણ થોડા સમય પછી તેમના વાળ જેવા થઈ જશે." તેમણે હસીને કહ્યું ને, પછી મારા બોડા માથામાં થોડાક ઊગેલા વાળ પર તેમની આંગળીઓ પ્રેમથી ફરી રહી.

મારી માતા પાસે જ ઊભી હતી. તેના મોં પર ગર્વયુક્ત સ્મિત હતું. તેના તરફ ફરી પંડિતે કહ્યું, "રવિ ખાસ માણસ છે, વિશિષ્ટ માણસ છે." પોતાની વાત પર ભાર મૂકવા તેમણે માથું હલાવ્યું. "એક દિવસ તે તેના પિતા જેવો મોટો યોગી થશે." મારી છાતી ગર્વથી ફૂલી, મારી આંખે ઝળઝળિયાં આવ્યાં. હા, હું જરૂર થવાનો. હું બરોબર ટટ્ટાર થઈને ઊભો રહ્યો.

પંડિતની મુલાકાત ટૂંક સમય માટેની હતી. પંડિત પોર્ટ ઓવ્ સ્પેન જતા હતા. ત્યાં એક ઘણા શ્રીમંત હિંદુને કેન્સરનો રોગ લાગુ પડયો હતો. તેના ઘરમાં તેમને એક ખાસ પ્રકારની પૂજા કરવાની હતી, જેથી તે બીમાર માણસ માટે નવા જીવનનો માર્ગ ઊઘડે. અલબત્ત, આ માટે પંડિતને સારી એવી રકમ મળવાની હતી. કેટલાક ધર્મધુરંધર પંડિતો તો ફી લઈને આત્માને મોક્ષ પમાડવાનું પણ વચન આપતા હતા. જાનકીદાસ શર્મા આવી કોઈ ખાતરી આપતા નહોતા, પણ હજારો હિંદુઓને દેવતાઓ સાથેની તેમની મધ્યસ્થીની અસરકારકતામાં વિશ્વાસ હતો ને તે મેળવવા ઊંચી ફી ચૂકવવા પણ તેઓ તૈયાર રહેતા.

પંડિતે અમને આશીર્વાદ આપ્યા. પછી ધોતી જરા ઊંચે લઈ તે ઝડપથી બારણા તરફ ચાલ્યા. ત્યાં નમસ્કાર કરવા થોભ્યા. અમારા દરેકમાં રહેલા દેવત્વનો સ્વીકાર કરી તે નમ્યા. અમે પણ બંને હાથ મોં આગળ લઈ જઈ, માથું નમાવી પ્રણામ કર્યા. એક જ મિનિટમાં તે પગથિયાં ઊતરી ગયા. નીચે તેમની રાહ જોતી મોટર ઊભી હતી. પંડિત મોટરમાં બેસે તે પહેલાં હું વરંડામાં દોડી ગયો ને હાથ હલાવી મેં તેમને વિદાય આપી. પહેલા વળાંકે તેમની કાર અદૃશ્ય થઈ ત્યારે પણ તેમના શબ્દો મારા કાનમાં ગુંજતા હતા. હું એક 'ખાસ કે અસાધારણ' માણસ છું તે વાત ભૂલી જવી મારે માટે અશક્ય હતું. દરેક જણ મને તે વાતની યાદ દેવડાવતું : હું મહાન પંડિત થવાનો; એથી વિશેષ, મોટો યોગી થવાનો; પિતાજી જેવો પવિત્ર પુરુષ થવાનો.

મારી માતા પણ પાસે ઊભી રહીને પંડિતને વિદાય આપતી હતી. તેણે હળવેકથી મને ગોદમાં લઈ મારી પીઠ પસારી. મને લાગ્યું કે તે શું વિચારે છે તેની મને ખબર છે. હું પિતાજીનું કામ ચાલુ રાખીશ, ને એમનો ખરો વારસદાર બનીશ. અમે બંને તેમનાં પગલાંમાં પગ મૂકી ચાલીશું.

પણ મારી ભૂલ થતી હતી. આઘાત ઓછો લાગે તે માટે માતા શબ્દો શોધતી હતી ને હું ધારતો હતો તેથી કંઈ જુદું જ વિચારતી હતી.

છેવટે માતાએ કહ્યું, "રવિ તારા પિતાજીનાં અસ્થિફૂલને ગંગાજીમાં પધરાવવા માટે લઈ જવાં જોઈએ. ને ત્યાં સૌથી પવિત્ર એવી ગંગા નદીમાં વહીને તે દરિયામાં પહોંચી જશે. હું મરી જાઉં ત્યારે તારે પણ એમ જ કરવાનું છે, એવી મારી ઇચ્છા છે."

ગંગાજી! એ નામની આસપાસ કેટલાં બધાં રહસ્યોની સુવાસ વીંટળાયેલી છે? બધી નદીઓની પવિત્ર જનેતા, ગાયમાતાની જેમ આપણા બધાંની માતા તે હિમાલયના સૌથી ઉત્તુંગ શિખરેથી વહી આવી મેદાનો ને ખીણોમાં થઈ બંગાળાના ઉપસાગરને મળે છે. વારાણસી તો બધામાં પવિત્ર શહેર. ત્યાં જ ગંગા નદીના પાણીમાં અસ્થિફૂલનું વિસર્જન કરવું જોઈએ. એનાથી તો ભગવાન પુરુષોત્તમના હાથમાં પિતાજીનો આત્મા પહોંચી જશે.

"બા, તું મને લઈ જઈશને? બા, મારે તો તારી સાથે જ આવવું છે. મને લઈ જઈશને?" મેં આતુરતાપૂર્વક આજીજી કરતાં કહ્યું.

"રવિ હું તને જરૂર લઈ જાઉં, પણ એ તો ઘણે બધે દૂર છે. તું ખૂબ થાકી જાય ને તારે શાળા પણ ગુમાવવી પડે."

"બા, વચન આપું છું કે હું જરાય થાકીશ નહિ. ને હું ભારતમાંની કોઈ શાળામાં દાખલ થઈ જઈશ."

માતાએ ધીમેથી ને દુ:ખથી નકારસૂચક માથું ધુણાવ્યું, "હું દિલગીર છું... પણ ચિંતા કરીશ નહિ. હું વચન આપું છું કે જલદીથી પાછી આવીશ."

મેં ફરી વિનંતી કરતાં કહ્યું, "મને મૂકીને જઈશ નહિ. હું તારા વગર અહીં એકલો નહિ રહું."

"તું ક્યાં એકલો રહેવાનો છે? દાદીમા, રેવતીમાસી, કુમારમાસા... આ બધાં છે જ ને?" ફરી માતાએ મને ગોદમાં લઈ લીધો. "રવિ, હું ઝડપથી પાછી આવી જઈશ. હું તારે માટે ભારતમાંથી શું લાવું?"

"એક હાથી લાવજે?" મેં ઉત્સાહથી કહ્યું, "ચિત્રોમાં હોય છે તેવો હાથી હોવો જોઈએ?"

* * *

મારી માતાએ મને શીખવ્યું હતું કે જે કંઈ નસીબમાં હોય તેનો કશી ફરિયાદ કર્યા વિના સ્વીકાર કરવો જોઈએ એ હિંદુ તરીકેની મારી ફરજ છે. ભગવાન કૃષ્ણે પણ કહ્યું છે કે મારે મારાં કર્મોનો આત્મસંયમી—સુખદુ:ખ પ્રત્યે સર્વથા ઉદાસીનરીતે સ્વીકાર કરવો જોઈએ. પણ જ્યારે મારી માતાનો ભારત જવાનો દિવસ આવ્યો ત્યારે મારા જેવા નાના છોકરા માટે એ ફરજ ભારે મોટા બોજા જેવી થઈ પડી. માતા મોટરમાં બેઠી, હું પણ દુખિત હૃદયે તેની પાસે બેઠો. મોટરમાં બેસીને તે પોર્ટ ઓવ્ સ્પેનની ગોદી પાસે જશે. ત્યાંથી વહાણમાં બેસી ઇંગ્લૅન્ડ જશે ને ત્યાંથી ભારત જવા ઊપડશે. દાદીમા અમારી સાથે આવી શકે તેમ નહોતાં, તેથી તેમણે બારીમાંથી હાથ હલાવી વિદાયની સલામ આપી. માતાએ સામેથી હાથ ફરકાવ્યો. અમે નીકળ્યાં તે અમારા જીવનનો દુ:ખીમાં દુ:ખી દિવસ હતો. મેં પણ વિદાયની સલામ કરી. મેં મનોમન નક્કી કરી નાંખ્યું હતું કે હું પણ માતાની સાથે ભારત જરૂર જઈશ. દારૂની ને સૂકા મસાલાની દુકાન પાસે આવેલા થાંભલા ઉપર હનુમાન દેવની ધજા ઉષ્માવિહોણા પવનમાં ફરકતી હતી. સફેદ કાપડમાંથી હનુમાનનું ચિત્ર દાદીમાએ બનાવ્યું હતું ને તેમાં લાલ સૂતરના દોરા વણી લીધા હતા. હનુમાન મારા પ્રિય ને આરાધ્યદેવ હતા, ને આ કપિરાજા પણ મને વિદાય આપે છે તેવું મને લાગ્યું. સારાં શુકન થયા!

ડઝનબંધ મોટરોમાં બેસીને સગાંઓ ને મિત્રો મારી માતાને વિદાયની શુભેચ્છા પાઠવવા આવ્યાં હતાં. આઠ–દસ મહિનાઓ પહેલાં જ અમે મારા મામા દેવનારાયણને આ ધક્કા ઉપર વિદાય આપી હતી. તે ઇંગ્લૅન્ડ જતા હતા. મામા માતાના સૌથી મોટા ભાઈ હતા ને અત્યારે તે લંડન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા. મામા દેવનારાયણ મારે માટે પિતા સમાન હતા. અમે બધાં વહાણમાં માલ ચઢાવવા—ઉતારવાની જગ્યા (ડકકા) પર ઊભાં હતાં ને ધીમેધીમે બંદરમાંથી નીકળતા વહાણને

આંસુભીની આંખે અમે વિદાય આપી હતી. હવે મારી માતા જઈ રહી હતી. મેં પહેરણની બાંય વડે મારી આંખો લૂછી. હું બહાદુર દેખાવાનો પ્રયત્ન કરતો હતો, પરંતુ આ પવિત્ર યાત્રા કરવા માટે મારી માતા કેટલી ભાગ્યશાળી હતી તે વાતનું થતું સ્મરણ મારે માટે અસહ્ય બનતું હતું. "રવિ, જો, તારી માતા કેવી ભાગ્યશાળી છે! તે ભારતમાં ને તેમાંય ગંગામૈયા પાસે જાય છે!" મારાં સગાં વળી ઉમેરતાં કે, "સોગિયા જેવું દુ:ખી મોં રાખીશ નહિ. એ જલદી પાછાં આવશે." હું તેમને કે માતાને કેમ કહી શકું કે મારું હૃદય ભાંગી જતું હતું.

અમે બધાં વહાણ ઉપર ગયાં. લાગણીજડ બની જઈને મેં ઉત્સાહી અભિપ્રાયો સાંભળ્યા: "આ ડચ વહાણ ખૂબ વિશાળ ને સુખસગવડવાળું છે. તેમાં પૂરતી સગવડો છે. ખોરાક તો અહીં ઉત્તમ મળે. વિદેશી રસોઈની કળાકારીગરીની તો વાત જ અનોખી." પણ આ બધું હાસ્યાસ્પદ હતું. મારી માતા ક્યાં એશઆરામ ભોગવવા જતી હતી? ખોરાકની વાત કરીએ તો માતાએ મારા એક મામાને ફળફળાદિ ને શાકભાજી લેવા મોકલ્યા હતા. માત્ર ચાર વર્ષની ઉંમરે, મરજિયાત રીતે મેં અહિંસા આચરવાની પ્રતિજ્ઞા લીધી હતી. મેં જીવનભર હિંસા ન કરવાનો નિર્ણય કર્યો હતો ને માતાની જેમ હું પણ કઠોર શાકાહારી બની ગયો હતો. હિંદુ ધર્મમાં વિશ્વાસ ન રાખનારા વિધર્મીઓ પવિત્ર ગોમાંસ ખાતા હોય તે જ ભોજનખંડમાં બેસવાની માતા કેવી રીતે હિંમત કરી શકે?

મારો ધાર્મિક ઉત્સાહ માત્ર દેવોને પ્રસન્ન કરવા પૂરતો કે પિતાજીના અનુયાયી થવા પૂરતો મર્યાદિત ન હતો. મને હિંદુ ધર્મ વિશે શીખવનાર મારી માતાને પણ હું રાજી રાખવા માંગતો હતો. અમે બંને એકબીજાની ખૂબ નિકટ હતાં ને મને માતા પ્રત્યે અખૂટ પ્રેમ હતો. હું તો આ પ્રવાસ વિશે અતિશયોક્તિભરી ચર્ચા કરતાં શુભેચ્છકો કરતાં હિંદુ ધર્મના અનુસરણની વાતમાં ઘણો આગળ વધેલો હતો, તેથી માતાથી મને વિખૂટો પાડવાનું યોગ્ય ન હતું.

વહાણ ઉપડવાની લાંબી ને કર્કશ સીટી વાગી. "આવજો... આવજો... પ્રવાસ મુબારક... તરત પત્ર લખજો... તમે અમને ઘણાં યાદ આવશો... બધી જ શુભેચ્છાઓ!" દરેક જણ કશુંક ને કશુંક કહેવા આતુર બની ગયું હતું.

રેવતીમાસીએ મને આગળ ધકેલ્યો ને કહ્યું, "રવિ તારી માતાને વિદાયની ચૂમી કર."

"હું પણ ભારત જવાનો છું!" મેં રડતાં રડતાં કહ્યું. મેં માતાની કેબીનનો દરવાજો બળપૂર્વક પકડી લીધો હતો.

નરસિંહકાકા દાદાજીને પોતાની મોટી કાળી ડૉજ મોટરમાં ફેરવતા હતા. તેમણે મારી આગળ તાજી મગફળીનું પેકેટ ધર્યું. મને મગફળી ખૂબ ભાવતી. તેમણે મને શાંત પાડવા કહ્યું, "રવિ, આ લે. ચાલ દોસ્ત." પણ હું એમ છેતરાઈ જાઉં એવો નહોતો. તેઓ મારી પાસેથી બારણું છોડાવી નહિ શકે, એવું મેં નક્કી કર્યું હતું.

માતા પણ મને સમજાવવા લાગી : "રવિ, જો, તું તો ડાહ્યો દીકરો છે. આવું તને ન શોભે. તું રેવતીમાસી સાથે જા. તું ડક્કા ઉપરથી મને 'આવજો' કહેજે, રૂમાલ ફરકાવજે."

મેં મારી પક્કડ મજબૂત કરી. "બા, હું તારી સાથે જ આવવાનો. મને લઈ જા, બા!"

"ચાલ, ચાલ ભાઈ, આપણે જવું જ રહ્યું," રેવતીમાસીએ કહ્યું. પ્યારી બ્હેનનો વિયોગ વેઠવો પડશે તે વિચારથી તેમની આંખમાં આંસુ છલકાતાં હતાં. "થોડી વારમાં વહાણ ઊપડશે. આપણે જવું જોઈએ. બારણાના હાથા પરથી મારો હાથ છોડાવવાનો તેમણે પ્રયત્ન કર્યો. પરંતુ મેં તો ઓડની જેમ બારણું પકડયું હતું. મેં માતાના ચહેરા પર મૂંઝવણના ભાવ જોયા. મારા પર બળજબરી કરવી કે મને શારીરિક સજા કરવી એની તો કલ્પના પણ થઈ શકે નહિ. હું તો બાળસંત હતો, બ્રાહ્મણ ને વળી યોગીપુત્ર હતો. વહાણની બીજી સિસોટી વાગી.

"આપણે જવું જોઈએ, હમણાં જ જવું જોઈએ," કુમારમાસા મારી પાસે આવી ગયા હતા. તેમનો અવાજ મૃદુ છતાં મક્કમ હતો. તે અમારા દેશના કાયદાકીય સલાહકાર હતા. તેમનો અવાજ સત્તાવાહી હતો. સામે હું પણ મક્કમ જ હતો ને? મેં ચીસો પાડવા માંડી ને બળપૂર્વક હાથો પકડી રાખ્યો. કુમારમાસાની સાથે નરસિંહકાકા પણ જોડાયા. બંનેએ સાથે મળી મારો હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો. તેમણે એક હાથ મુકત કર્યો, તો મેં બીજા હાથથી બારણું પકડી લીધું. મારી ચીસોથી તો બધું ગૂંચવાઈ જતું હતું. "હું તો માતા સાથે જ જવાનો! હું તો માતા સાથે જવાનો!" મારી ચીસોમાં મારાં આંસુ પણ ભળી જતાં હતાં.

હું આ પહેલાં કદી આવી રીતે વર્ત્યો નહોતો. મૂંઝાઈ ગયેલાં સગાંસંબંધીઓ આગળ આ બાળસંતે ધાંધલધમાલ મચાવી દીધી હતી. પણ હવે વખત બગાડવાનું પાલવે તેમ નહોતું. નરસિંહકાકા, માસા ને બીજાઓએ થઈ મારો હાથ છોડાવી નાખ્યો ને મને માતાની કેબીનમાંથી બહાર લઈ ગયા. હું ચીસો પાડતો રહ્યો, લાતો મારતો રહ્યો છતાં તેઓ મને ઊંચકીને વહાણ પરથી ડક્કા ઉપર લઈ ગયાં.

કેવી વિદાય! મારું બધું બળ ખૂટી ગયું હતું. હું ત્યાં ધ્રુસકાં ભરતો ઊભો હતો. વહાણ હવે ડક્કા પરથી ધીમેધીમે આગળ વધતું હતું. ઊમટતાં આંસુનાં પૂર વચ્ચે હું હાથ હલાવતો માતાની દૂર થતી જતી આકૃતિને બરોબર જોઈ શકતો પણ ન હતો. અત્યંત શોકાતુર બનીને હું આખે રસ્તે ડૂસકાં ભરતો રહ્યો. રડતો રડતો જ છેવટે ઊંઘી ગયો. બીજા દિવસે પણ મેં જમવાની ના પાડી ને મને આશ્વાસન આપવાના હજાર પ્રયત્ન છતાં પાગલની જેમ રડતો રહ્યો. હું જાણતો હતો કે કર્મનું જે કંઈ ફળ આવે તે મારે ભોગવવું જ રહ્યું, છતાં હું ઘણો નાનો છોકરો હતો, પૂરેપૂરો માનવીય ગુણોથી ભરપૂર હતો, તેથી આંસુ પર કાબૂ રાખવાનું મારે માટે મુશ્કેલ હતું. આવે વખતે તો માતાના જ પરમ વાત્સલ્યની જરૂર પડે ને?

હું કદી મારી માતાને પાછી જોઈ શકીશ નહિ. ઉન્માદભર્યા દરેક ડૂસકા સાથે આ પ્રતીતિ મારા મનમાં દઢ થતી જતી હતી.

# ૪. કર્મ અને પ્રારબ્ધ

"રવિ, તારે ધીરજ રાખતાં શીખવું જોઈએ. થોડીક વસ્તુઓ વધુ અગત્યની હોય છે ... વધુ મુશ્કેલ હોય છે."

"પણ દાદીમા, માતા તો કહેતી હતી ને કે તે જલદી પાછી આવશે? બે વર્ષ તો થઈ ગયાં, છતાં તે કાગળમાં લખે છે કે તે આવતે વર્ષે આવશે. દરેક વખતે આવતા વરસની વાત લખે છે!" હું હજુએ દોસ્તોને કહેતો હતો કે માતા 'આવતે વર્ષે' આવશે, પણ હવે તો મને પણ તે વાતમાં વિશ્વાસ પડતો નહોતો.

દાદીમા બારી પાસેની તેમની હંમેશની જગ્યાએ બેઠાં હતાં. હું દર સવારે તેમને મળવા જતો. હથેળીઓ ભેગી રાખી, સન્માનપૂર્વક નીચા નમી હું તેમને નમસ્કાર કરતો. પછી તેમની આગળ એક પગ પર બીજો પગ ગોઠવી ફરસ પર બેસતો. દાદીમા આખો દિવસ સીવણકામ કર્યા કરતાં. હું તેમની આંગળીઓને ઝડપથી ફરતી જોઈ રહેતો. તે મોટા ભાગનું સીવણકામ કે ગૂંથણકામ બીજાં માટે કરતાં. બાળકને જન્મ આપ્યા પછી કમરની નીચેના ભાગમાં તેમને લકવા થયો હતો— દાદાની ક્રૂરતાને કારણે તેમને ઘણી રાતો વરસાદમાં પલળતાં પલળતાં એક આંબા નીચે વિતાવવી પડી હતી. આમ હોવા છતાં તે પોતાના દુઃખ ને કમભાગ્ય સામે કશી ફરિયાદ કરતાં નહિ. આખા કુટુંબમાં તે સૌથી ખુશમિજાજ વ્યક્તિ હતાં, ને જ્યારે જ્યારે અમારે કશી સલાહ કે આશ્વાસનની જરૂર હોય ત્યારે ત્યારે અમે તેમની પાસે જ પહોંચી જતાં.

"રવિ બેટા! ધીરજ રાખ," દાદીમાએ ફરીથી કહ્યું, "ધીરજ ધર. અમને બધાંને તારી માતા ઘણી યાદ આવે છે. પણ બનારસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે તેને છાત્રવૃત્તિ મળી છે. તને કશી ખબર નથી, પરંતુ લગ્ન પહેલાં પણ તે યુનિવર્સિટીમાં જઈ ઉચ્ચ અભ્યાસ કરવા માંગતી હતી. હવે તેના કર્મનું સુફળ મળ્યું લાગે છે. કોણ તેને અટકાવી શકે?"

"તમે ધારો છો દાદીમા, કે માતા સાચેસાચ આવતે વર્ષે આવશે?" મેં પૂછ્યું.

"બેટા, મહેરબાની કરી તારી માતામાંથી, અરે કોઈનામાંથી પણ વિશ્વાસ ગુમાવીશ નહિ." દાદીમાએ ધીમેથી કહ્યું, "તે જરૂર આવતે વર્ષે આવવા માગે છે. પણ જો તે ન આવી શકે તો તેને માટે જરૂર કશું મહત્ત્વનું કારણ હશે. તું ધીરજથી આ પરિસ્થિતિનો સામનો કર." આ તો મારે માટે મુશ્કેલ સલાહ હતી.

દાદીમાની વાત કરવાની રીત અત્યંત નમ્ર હતી. તે કદી કડવો શબ્દ ઉચ્ચારતાં નહિ ને ઘરમાંનાં ઘણાંબધાંની જેમ ગુસ્સે પણ થતાં નહિ. અમારાં કુટુંબીજનોમાં

ઘણીવાર ઉગ્ર બોલાચાલી થતી ત્યારે અમને લાગતું કે દાદાજીનો ક્રોધી સ્વભાવ પોતાના વંશજોને અંદરોઅંદર લડાવી રહ્યો છે, પણ દરેક ઝઘડા વખતે દાદીમા સુલેહ કરાવનારની ફરજ ઉઠાવતાં. તેમનો માયાળુ સ્વભાવ ને મૃદુ વાણી ઘા ઉપર લગાડાતા મલમની ગરજ સારતાં.

દાદાજી માત્ર ઝઘડાળુ માણસ નહોતા. ઘણીવાર તો ભલાઈ ને ઉદારતાના મૂર્તિમંત સ્વરૂપ તરીકે અમને દેખાતા. તે ગરીબોને ઉદારતાથી નાણાકીય મદદ કરતાં, લોન પણ આપતા. મોટા ભાગના હિંદુઓ જેમને ધિક્કારતા તેવા કેટલાક હબસીઓને પણ તે મદદ આપતા. દાદાજી તેમને માટે સન્માનનીય મિત્ર ને આશ્રયદાતા કે પરોપકારી માણસ હતા. તે કેટલીક વાર અગાસીમાં કે પરસાળમાં ઊભા રહીને નીચે આવેલી દુકાન આગળ ચાંદીના સિક્કાઓ પણ ઉછાળતા. પાસેનાં ખેતરોમાં કામ કરતા મજૂરોને તથા આસપાસ રહેતાં ગરીબ બાળકોને તેમાં ખૂબ મજા પડતી. નાણાં જાણે સ્વર્ગમાંથી પડતાં હોય તેમ તેઓ તે મેળવવા ઝૂંટાઝૂંટ ને દોડાદોડ કરતાં. આખા ટાપુ ઉપર સૌથી પહેલો રેડિયો દાદાજીએ ખરીદ્યો હતો—તે અમેરિકામાંથી વેચાતું આણેલું એક મોટું ને કીમતી મોડેલ હતું. આ ચમત્કારિક પેટીમાં છુપાયેલાં રહસ્યોની તે બધા આગળ લહાણી કરતા. અમારા વિશાળ બેઠક-ખંડમાં ખુરસીઓ હારબંધ મુકાઈ જતી. પડોશીઓ, ગ્રાહકો, મિત્રો ને સગાંઓને આમંત્રણ આપવામાં આવતું. પછી દાદાજી મોટે અવાજે રેડિયો વગાડતા—જાણે પરદા વગરનું ચલચિત્ર! આ મોટા આનંદમાં ભાગ લેવા માટે કશા ભેદભાવ વગર તે અમીરગરીબ બધાંને નોતરાતાં. બધાં આ અદ્ભુત યંત્રની સિદ્ધિઓ જોઈ આશ્ચર્ય-મુગ્ધ બની જતાં.

પરંતુ દાદાજીની દુષ્ટ બાજુ સપાટીની પાસે જ રહેલી દેખાતી, અને કશી ચેતવણી આપ્યા વગર એકાએક બહાર ફૂટી નીકળતી. એ નીચેની રમ-દારૂની દુકાનમાં કંઈક સોદો પતાવતા હોય ત્યાં એકદમ પગથિયાં ચડી ઉપરના રહેણાકના ખંડોમાં આવે, ચામડાનો ભારે પટો ઉઠાવે અને ગુસ્સાના પ્રક્ષોભમાં—એક માત્ર મને બાકી રાખી — કશાય કારણ વગર બાકીનાં બધાંને ઝૂડવા માંડે. અમે તો એવું માનતા કે પૂર્વજન્મના કોઈક કર્મના કારણે તેમને આવું કરવું પડતું હશે. દુષ્ટ કર્મોથી ખ્યાતનામ અસુરોની વાર્તાઓથી તો હિંદુ પૌરાણિક કથાભંડાર ભરેલો છે. ક્યારેક તો એમ લાગતું કે આમાંથી કેટલાક સૌથી ભ્રષ્ટ આત્માઓ દાદાજીનો કબજો લઈ લેતા અને તેમને ક્ષણમાત્રમાં ડૉ. જેકિલમાંથી મિસ્ટર હાઈડમાં ફેરવી નાખતા. એવાં પણ કાનફૂસિયાં થતાં કે તેમની મિલકતનું રક્ષણ કરતા પ્રેતાત્માઓએ તેમના આત્માનો કબ્જો લઈ લીધો હતો; કારણ, તેમનામાં ક્રોધના જે ઊભરા આવતા અને આવે વખતે તે જે તાકાત અને શઠતા ધારણ કરતા તેમાં અલૌકિક કે પ્રકૃતિથી પર એવું કશું દેખાતું. તેમ છતાં દાદાજી એક ધાર્મિક વ્યક્તિ પણ હતા અને રોજ

સવાર-સાંજ તે હિંદુ વિધિ પ્રમાણે પૂજા કરતા, પ્રાર્થના કરતા ને પોતાનાં બાળકોને ભેગાં કરી તેમની પાસે હિંદુ ભજનો ગવડાવતા ને દેવોને પ્રસન્ન કરવાના મંત્રો પણ બોલાવતા.

દાદીમા લકવાગ્રસ્ત બની ગયાં પછી દાદાજીએ બીજી પત્ની કરી હતી. ઘણી વાર તે દાદીમા સાથે અત્યંત માયાળુપણે વર્તતા. દાદીમા સારાં થાય તે માટે તેમણે ઘણો ભારે ખર્ચ કર્યો હતો, ને રોગ મટાડનાર ચિકિત્સકોને પુષ્કળ નાણાં આપ્યાં હતાં. તે દાદીમાને ભૂતપ્રેતવિદ્યાના સાધકો પાસે, જુદા જુદા પ્રકારના ભુવાઓ પાસે, પોર્ટ ઑવ્ સ્પેનમાં આવેલી વિશાળ હૉસ્પિટલમાં ને એક પ્રખ્યાત કૅથોલિક મંદિરમાં પણ લઈ ગયા હતા. પરંતુ તેમનાં નાણાં કે તે જેમના પર વિશ્વાસ ધરાવતા હતા તેવા પ્રેતાત્માઓ દાદીમાની પરિસ્થિતિમાં થોડોઅમથો પણ સુધારો લાવવામાં નિષ્ફળ ગયા હતા. દાદીમા કમરથી નીચેના ભાગમાં લકવાગ્રસ્ત જ રહ્યાં અને ખૂબ જહેમત ઉઠાવીને જ દાદીમા આમતેમ ખસી શકતાં.

દાદીમાનાં બાળકો તેમને જ્યાં જવું હોય ત્યાં સંભાળપૂર્વક ઊંચકીને લઈ જતાં, બારી પાસેની ખુરશીમાં બેસાડતાં, મિત્રો ને સગાંસંબંધીઓ આવે ત્યારે બેઠકખંડમાં લઈ જઈને બેસાડતાં, ખાસ પૂજા માટે પંડિત આવે ત્યારે પણ પૂજાસ્થાને લઈ જતાં ને જમવા માટે રસોડામાં પણ લઈ આવતાં. દરરોજ સવારે સ્નાન કર્યા પછી દાદીમાને તેમના રોજિંદા સ્થાને ઊંચકીને લઈ જવાતાં, ત્યાં તે પોતાની ખાસ જગ્યાએ કલાકો સુધી બેસી રહી અખાતની પાસે આવેલાં સુંદરીવૃક્ષનાં વનો, શેરડીનાં ખેતરો ને નાળિયેરીનાં વૃક્ષોને જોયા કરતાં. તે પોતાનું બારીક સીવણકામ કે ભરતકામ કરતાં ન હોય ત્યારે આંખોને આરામ આપવા તે રંગબેરંગી પતંગિયાં ને આકાશમાં એક સાથે વિવિધ આકૃતિઓ બનાવીને ઊડતાં પંખીટોળાં કે વૃક્ષો ઉપર આમતેમ ઉડાઉડ કરતાં પંખીઓને જોયા કરતાં.

દાદીમા જ્યારે પોર્ટ ઑવ્ સ્પેનની હૉસ્પિટલમાં હતાં ત્યારે કોઈ એક માણસે તેમને બાઈબલ આપ્યું હતું. એ બાઈબલને તે ઘેર લઈ આવ્યાં હતાં. એમને માટે કોઈકે નિષિદ્ધ કરેલા એ પુસ્તક પ્રત્યે તેમને પ્રેમ થઈ ગયો હતો ને ખાસ કરીને ગીતશાસ્ત્ર (Psalms) વાંચવામાં તેમને મજા પડતી. એકવાર દાદાજી તેમને છૂપી રીતે બાળકો આગળ બાઈબલ વાંચતાં જોઈ ગયા ત્યારે તેમના ગુસ્સાએ માઝા મૂકી હતી.

"મારા ઘરમાં ખ્રિસ્તી જૂઠાણાં તું ફરી કદી ન લાવે માટે મારે તને પાઠ શીખવવો પડશે!" હિન્દીમાં તેમણે ગર્જના કરતાં કહ્યું હતું. પછી પોતાનો ચામડાનો ભારે પટો ખેંચી કાઢી તેમણે દાદીમાને ઢોરમાર માર્યો હતો. દાદીમાના આખા શરીરે, ખાસ કરીને ખભા ઉપર ને પીઠ ઉપર, મોટા સોળ પડી ગયા હતા. પછી પોતાનાં મજબૂત બાવડાંમાં દાદીમાને ઊંચકી લઈને દાદાજી તેમને પરસાળમાં લઈ ગયા હતા ને પગથિયાં પરથી નીચે ફેંકી દીધાં હતાં. દાદીમા ભારે વેદનાથી કણસતાં ને રડતાં હતાં ત્યારે દાદાજીએ પોતાની નજરે ધિક્કારપાત્ર પેલા પુસ્તકનાં પાનેપાનાં ઉડાવી દઈ

ફાટેલાં કાગળિયાં કચરાપેટીમાં ફેંકી દીધાં હતાં. ગમે તેમ કરી દાદીમાએ બીજું બાઇબલ મેળવ્યું હતું ને ફરીથી દાદાજીના હાથનો ઘાતકી માર ખાધો હતો, ફરીથી તેમને ઘર-બહાર અને પગથિયાં પરથી હડસેલી દેવામાં આવ્યાં હતાં. દાદાજીને બીજાં પત્ની પણ ગમ્યાં નહોતાં, ને બીજાં કારણોસર તેમણે તેમને ઘરમાંથી હાંકી કાઢયાં હતાં. પરંતુ દાદીમા તો એટલાં અશક્ત ને અપંગ હતાં કે ક્યાંય જઈ શકે તેમ હતાં નહિ, તેથી તે અવહેલના, અપમાન, ત્રાસ, ગાળો, માર બધું ધીરજપૂર્વક વેઠતાં ને આ બધું કર્મફળ છે તેવું સ્વીકારીને ચાલતાં.

દાદીમા શા માટે આવું ધિક્કારપાત્ર ખ્રિસ્તી પુસ્તક વાંચતાં હશે તે મારે મન એક મૂંઝવતો કોયડો હતો. જ્યારે એક ઓળખીતા હિંદુ પંડિતે બાઇબલમાંથી અમુક વચનો ટાંકયાં હતાં ત્યારે મારા ક્રોધને કોઈ સીમા રહી નહોતી. તે વેદાન્ત-સભાના આદ્યસ્થાપક, વિવેકાનંદના ગુરુ, કાલિમાતાના પ્રખ્યાત ઉપાસક એવા રામ-કૃષ્ણના ભક્ત હતા. દાદીમાની જેમ તે પણ માનતા હતા કે બધા ધર્મોમાં સત્યના અમુક અંશો પડેલા છે અને બધા છેવટે તો તેમના અનુયાયીઓને ઈશ્વરજ્ઞાન ને ઈશ્વરીવિદ્યા તરફ લઈ જાય છે. હું ધર્મચુસ્ત હિંદુ હતો તેથી એવું માનવું મારે માટે મુશ્કેલ હતું. મેં જ્યારે શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન કૃષ્ણના શબ્દો વાંચ્યા કે, 'બધા માર્ગો મારા તરફ દોરી જાય છે', ત્યારે હું ઘણો નારાજ થયો હતો. ગીતાજીમાં તેમ લખ્યું છે તેથી મારે તે સ્વીકારવું તો પડયું, પરંતુ મારો હિંદુ ધર્મ શ્રેષ્ઠ છે એવું મને યાદ કરાવીને હું પોતાની જાતને આશ્વાસન આપતો. દાદીમા પોતાના ધર્મ સાથે ખ્રિસ્તી ધર્મનું મિશ્રણ કરવા માગતાં હતાં તેમાં અમે કોઈ સંમત નહોતાં, પણ અમે કદી તેની ચર્ચા કરતાં નહિ.

મારાં રેવતીમાસી તો ઘણાં આસ્થાળુ હિંદુ હતાં. તેમને બાઇબલ-વાંચન કદી ગમતું નહિ. તે ઘણીવાર મને શિખામણ આપતાં, "રવિ, ભગવદ્ગીતાનો વારંવાર પાઠ કર." તેમના ધાર્મિક જીવનને કારણે હું તેમને માન આપતો. તેમણે તો મારી માતાનું સ્થાન લેવાનો પ્રયત્ન કર્યો અને મને વેદોનું ને તેમાંય વિશેષ કરીને વેદાન્તનું ઘણું જ્ઞાન આપ્યું.

પવિત્ર ધર્મગ્રંથોમાં જે કંઈ લખ્યું હોય તે હું સ્વીકારી લેતો, પરંતુ તેમાંનું ઘણું બધું સમજવા માટે મુશ્કેલ હતું ને કેટલુંક તો પરસ્પર-વિરોધી હતું. મને પહેલેથી એવી સ્પષ્ટ સમજ હતી કે ઈશ્વર હંમેશાં અસ્તિત્વ ધરાવે છે અને તેણે જ દરેક વસ્તુનું સર્જન કર્યું છે. છતાં વેદોમાં કહેવામાં આવ્યું છે કે એક સમયે કશી પણ વસ્તુનું અસ્તિત્વ નહોતું અને શૂન્યમાંથી બ્રહ્મા ઉદ્ભવ્યા છે. ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે, "જે છે તે કદી હોઈ શકે નહિ," તેની સાથે ગોપાળદાદા પણ સમાધાન કે મેળ કરી શકતા નહોતા. તે પણ એક વિકટ સમસ્યા કે રહસ્ય જેવું હતું.

મને હિંદુ ધર્મમાં ઈશ્વરની સંકલ્પના સમજાવવામાં આવી હતી કે પાંદડાં, ખટમલ ને તારા પણ દેવ છે, બ્રહ્મ (પરમાત્મા) જ સર્વ કાંઈ છે, અને સર્વ કાંઈ બ્રહ્મ છે—આ વિચારને ઈશ્વર એ વિશ્વનો એક ભાગ નથી પણ તેનો સર્જનહાર છે એવી મારી સમજ સાથે મેળ બેસતો નહોતો. ઈશ્વર મારામાં છે (અહં બ્રહ્માસ્મિ) એવું મને શીખવવામાં આવતું હતું તેને બદલે ઈશ્વર મારાથી ઘણા મહાન છે, મારાથી પર એવું કોઈ પરમ તત્ત્વ છે એવું મને લાગ્યા કરતું હતું. રેવતીમાસી ને ગોપાળદાદા બંને મને એવું ઠસાવવાનો પ્રયત્ન કરતાં હતાં કે હું, બીજા બધા મનુષ્યોની જેમ ભ્રમજાળનો ભોગ બન્યો છું. બધાંને સાચું જ્ઞાન પ્રાપ્ત થયું હોતું નથી. તેમને જેને કારણે આ મિથ્યા જગત દેખાય છે તે માયારૂપી છલનાનો ભોગ થવું પડે છે. હું આ અજ્ઞાનમાંથી મુક્ત થવા માગતો હતો, મેં તેવો નિશ્ચય કર્યો હતો. બ્રહ્મ કરતાં જુદા હોવાના ભ્રમનો પિતાજીએ વિરોધ કર્યો હતો, તે ઉપર જીત મેળવી હતી ને હું પણ તેવું જ કરીશ.

પિતાજીના રહસ્યમય મૃત્યુ પછી મારે ઘેર ઘણા હસ્તરેખા શાસ્ત્રીઓ, ખગોળશાસ્ત્રીઓ ને ભવિષ્ય જોનારા આવતા હતા. તે બધા માટે હું એક મહત્ત્વનું પાત્ર બની ગયો હતો. કોઈ જ્યોતિષીને પૂછ્યા વિના મારાં કુટુંબીજનો કોઈ અગત્યનો નિર્ણય કરતાં નહિ. મારું ભાવિ પણ એ જ રીતે ઘડાય તેમાં શી નવાઈ? ગ્રહોએ જે કાંઈ નિર્માણ કર્યું ન હોય તેવું કશું ન મારાથી કરી શકાય ન મારાથી થઈ શકાય. મારા હાથમાંની રેખાઓ, નક્ષત્રો, ગ્રહો વગેરેનું અર્થઘટન કરનારાઓ એ બધા આ બાબતમાં સંમત થતા હતા કે હું એક મહાન હિંદુ આગેવાન થવાનો, ને એ જાણવાથી મને ઉત્તેજન મળતું હતું. યોગી, ગુરુ, સંન્યાસી, મંદિરના મુખ્ય મહંત—આ બધી ભવિષ્યવાણીઓથી મારું તરુણ મન અંજાઈ જતું હતું, આશ્ચર્યચકિત થતું હતું.

દસ કિલોમિટર દૂર આવેલા માયો ગામમાં એક પ્રતિભાસંપન્ન હસ્તરેખાશાસ્ત્રી રહેતા હતા. તે એક બ્રાહ્મણ પંડિતનાં દીકરી હતાં. આખા ટાપુમાંથી લોકો તેમની સલાહ પૂછવા માટે આવતા. સામાન્ય માણસો તો શું પરંતુ વિદ્વાનો પણ તેમની સાથે વિચારવિમર્શ કરવા આવતા. એક દિવસ તે મારે ઘેર આવ્યા. મારો હાથ જોયો ને કહ્યું, "વીસ વર્ષની ઉંમરે તને મોટી માંદગી આવશે, પછી તો તું ઘણું લાંબું જીવીશ. તું એક પ્રખ્યાત હિંદુ યોગી થઈશ. પચીસ વર્ષની ઉંમર પહેલાં એક સુંદર કન્યા સાથે તારાં લગ્ન થશે. તને ચાર બાળકો થશે. તું ઘણો શ્રીમંત પણ થઈશ." આથી વધુ માણસ માગે પણ શું? દેવો મારા પર પ્રસન્ન હતા.

ટાપુ ઉપર એક ધ્યાનયોગી હતા. તેઓ બ્રાહ્મણ હતા. તે જ્યારે ઊંડી સાધનામાં બેસે ત્યારે તેમને 'નાગરાજો'ને પોતાની પાસે બેઠેલા દેખાતા. તે પણ ઘણીવાર અમારે ત્યાં પધારતા. તે રેવતીમાસીના પ્રેમમાં હતા ને તેમની સાથે પરણવાની તેમની ઈચ્છા હતી. તેમણે પણ ભવિષ્ય ભાખ્યું હતું કે હું એક પ્રખ્યાત ને શ્રીમંત પંડિત

થઈશ. બીજા એક ભાઈ પાસે ચમત્કારિક શક્તિઓ હતી. ઘણાંને ગંભીર જીર્ણ રોગોમાંથી સાજાં કર્યાં હતાં. તે જો કે દાદીમાને સાજાં કરી શકયા નહોતા. તે પણ દોષરહિત જોશ જોતા. તેમણે પણ બીજાના જેવું જ મારું ભવિષ્ય જોયું હતું. આમ ભાવિની આગાહી કરનાર ઘણા જ્યોતિષીઓની લગભગ સર્વસંમતિ પછી મારા ભવિષ્ય વિશે કોણ શંકા ઉઠાવી શકે? બાબા જાનકીદાસ ઘણીવાર કહેતા કે, "રવિ એક વિશિષ્ટ વ્યક્તિ છે." તેની સામે કોણ વિરોધ કરી શકે?

જ્યારે જ્યારે મારું ભવિષ્ય જોવામાં આવતું ત્યારે ત્યારે મારી પ્રતીતિ દૃઢ થતી જતી કે હું કોઈ ખાસ ને વિશિષ્ટ હિંદુ તેડાને માટે જન્મ્યો છું. ઘણાં માણસો એક અવતારી પુરુષ તરીકે બાપુજીને માન આપતા. એક અવતારીના પુત્ર તરીકે હું જન્મ્યો હતો તે કંઈ અકસ્માત નહોતો. આ તો ભાગ્યદેવતાએ મારે માટે નિર્માણ કરેલી વસ્તુ હતી. કર્મની ફિલસૂફી વિશેની મારી સમજ વધતી જતી હતી અને તેણે પણ મેં છેવટે કરેલા નિર્ણય ઉપર એક મહત્ત્વની અસર પહોંચાડી. મારા ગત જન્મોની સંયુક્ત અસરોએ આ વાત અનિવાર્ય બનાવી હતી, કે મારે મારા આ જન્મમાં હિંદુ પંડિત થવા માટે સઘન અભ્યાસ શરૂ કરી દેવો જોઈએ.

"આવતા ઉનાળાની રજાઓમાં હું એક મંદિરમાં અભ્યાસ કરવા જવાનો છું," એવું જ્યારે મેં જણાવ્યું ત્યારે પિતાજીનાં ઓરમાન બહેન-મોહિની ફોઈને- સૌથી વધુ આનંદ થયો. તે ઘણાં ધાર્મિક હતાં, ઘણા ઉત્સવપ્રસંગોએ તે હિંદીમાં વ્યાખ્યાનો આપતાં. મને તેમના જ્ઞાન પ્રત્યે માન હતું ને હું ધ્યાનપૂર્વક તેમની શિખામણો સાંભળતો. પિતાજીના મૃત્યુ પછી તેમણે પિતાજી પ્રત્યે રાખતાં હતાં, તેવો જ ભક્તિભાવ મારા તરફ પણ દર્શાવ્યો હતો. તે વારંવાર અમારા ઘરની મુલાકાત લેતાં, ને જ્યારે આવે ત્યારે મારે માટે મીઠાઈઓ, કપડાં ને પૈસાની ભેટો અચૂક લઈ આવતાં. બ્રાહ્મણને આવી બક્ષિસો આપવાથી દેવો રાજી થાય છે ને આપનારનાં સુકૃત્યોમાં વધારો થાય છે. મારા નિર્ણયની જાણ થતાં જ ફોઈએ તરત જ આવીને મને અભિનંદન આપ્યા.

"રવિ," તેમણે મને ભેટી પડીને કહ્યું. "તારા પિતાજીએ તારાથી ગર્વ અનુભવ્યો હોત ! તું કયા મંદિરમાં જવાનો છે?"

"જ્યાં ભારતથી કોઈ સ્વામી પધાર્યા હોય તેવા મંદિરમાં," મેં જવાબ આપ્યો.

"તો દુર્ગામાં આવેલો આશ્રમ તારે માટે યોગ્ય સ્થળ છે," મારા પિતાજીનાં માતાએ આનંદપૂર્વક જણાવ્યું. કોઈ વૈદની ઘરગથ્થુ દવાથી બાપુજીનાં માતા અંધ થઈ ગયાં હતાં, ને મારા દાદા-પિતાજીના પિતા-બીજી પત્ની લાવ્યા હતા. ભારતમાંથી આવેલી સંખ્યાબંધ શ્રીમંત સ્ત્રીઓની જેમ દાદી ઝવેરીની હરતીફરતી દુકાન જેવાં હતાં. કાંડાથી તે કોણી સુધી બંને હાથે તે સોના-ચાંદીની બંગડીઓ પહેરતાં ને નાકમાં

સોનાની વાળી પહેરતાં. તેમના બંને પગે પણ સોના-ચાંદીનાં ઘરેણાં હોય. મારાં માતાની માતા—વહાલાં દાદીમા—કરતાં પિતાજીની માતા તદ્દન જુદાં જ હતાં. દાદીમા તો બંગડી પણ જવલ્લે જ પહેરતાં.

"તમારી વાત સાચી છે," મોહિની ફોઈએ સંમતિ દર્શાવી. "એ મંદિર બાંધનારા પ્રથમ સ્વામી ખરેખર સારા હતા. તે ભારતથી પહેલીવાર પધાર્યા ત્યારે તારી માતા ને રેવતીમાસી બધી જગ્યાએ તેમની પાછળ પાછળ ફરતાં હતાં. બંને જણાં બધી પૂજામાં પણ ભાગ લેતાં. તેમણે મંદિરમાં ખૂબ સુંદર કામ કર્યું હતું. અત્યારે જે મહારાજ ત્યાં છે તે પણ ખૂબ સારા છે. કોઈની મજાક-મશ્કરી પણ કરતા નથી. વિદ્વાન પણ છે."

ફોઈએ મારા મસ્તક પર હાથ મૂક્યો ને મારી આંખોમાં તાકીને જોયું. ફોઈની આંખોમાં ગહન ગર્વ હતો, પરંતુ તેમના અવાજમાં ગર્વથી વિશેષ કશુંક હતું—જાણે કે પયગંબરી આદેશ હતો—જેનાથી મારા આખા શરીરમાં ધ્રુજારી છૂટી ગઈ. "તું મહાન યોગી થવાનો, કોઈ ધારે તે કરતાં મોટો થવાનો!" તેમણે ગંભીરતાથી કહ્યું. મેં સંપૂર્ણ હૃદયથી તે વાત પર વિશ્વાસ કર્યો. એ નિ:શંક મારાં કર્મની ગતિ હતી.

દુર્ગા ખાતે આવેલું મંદિર એક પ્રખ્યાત બ્રહ્મચારીના અધિકાર નીચે હતું. તેમાં અભ્યાસ માટે કોઈ વ્યક્તિ પસંદગી પામે તે બહુ માનયોગ્ય ગણાતું. ને હું તો માત્ર દસ વર્ષનો હતો. તેમ છતાં, ટાપુના અમારા ભાગમાં મારી ખ્યાતિ પ્રસરી ગઈ હતી. આસપાસના દૂર દૂરના વિસ્તારોમાં રહેતા વિદ્વાનો મારા પિતાજીને ઓળખતા હતા, માન આપતા હતા. તે બધાએ મારા તેજસ્વી ભાવિ વિશે અગાહીઓ કરી હતી. મારા પિતાજી એક મહાન હિંદુ હતા તેને જ લીધે માત્ર નહિ, પરંતુ મેં પણ મારા શિસ્તબદ્ધ ધાર્મિક જીવનથી મારી જાતને પુરવાર કરી આપી હતી તેથી હું જાણીતો બન્યો હતો.

વેદો અને મનુસંહિતા પ્રમાણે દ્વિજ (ઉપનયન સંસ્કારરૂપે બીજો જન્મ પામેલા)ને માટે ઠરાવેલાં પંચકર્મ હું નિષ્ઠાપૂર્વક બજાવતો. દેવોને, દ્રષ્ટાઓને, પૂર્વજોને, નીચલી યોનિમાં જન્મેલાં પ્રાણીઓને અને માનવજાતિને હું અર્ઘ્ય ધરાવતો, મારી ધાર્મિક વિધિઓ સૂર્યોદયથી શરૂ થતી અને સૂર્યાસ્ત પછી પૂરી થતી. જો કે કેટલાક ધાર્મિક હિંદુઓ તો ચામડાના પટા કે બૂટ પહેરતા હતા, છતાં હું કોઈપણ પ્રાણીના ને તેમાંય ગાયના ચામડામાંથી બનાવેલી વસ્તુઓનો ઉપયોગ કરતાં ખચકાટ અનુભવતો. એ ચામડું કદાચ કોઈ પૂર્વજનું કે મારા કોઈ નિકટના સ્વજનનું પણ હોઈ શકે! હું મારા ધર્મ સાથે કશું પણ સમાધાન કે બાંધછોડ સ્વીકારતો નહિ, ને એક ઊછરતા પંડિત કે વિદ્વાન તરીકે મારી ખ્યાતિ મારા શહેરની બહાર પણ પ્રસરી હતી.

હું પ્રતિદિન વહેલી સવારે ઊઠતો ને ઊઠીને તરત જ ભગવાન વિષ્ણુ માટે યોગ્ય મંત્રો ઉચ્ચારતો ને અમારા કુળપંડિતને મનોમન વંદના કરતો. હું યાદગીરી માટેની સવારની પ્રાર્થનાનો ખૂબ ઉત્સાહપૂર્વક પાઠ કરતો, ને હું બ્રહ્મ સાથે એકત્વ ધરાવું છું તેવું ભારપૂર્વક ઉચ્ચારીને મારું રોજનું કામકાજ વિષ્ણુની રાહબરી નીચે ચલાવવાનો દૃઢ નિર્ધાર કરતો.

"હું બ્રહ્મ છું. બ્રહ્મથી અળગો મારો આત્મા નથી. વ્યથા કે ક્લેશ, ઉત્તાપ કે વેદના જેવી અપાત્ર ઠરાવનારી બાબતોથી હું પીડાતો નથી. હું આત્મતત્ત્વ-જ્ઞાન-આનંદ છું. હું સદા સ્વતંત્ર છું. હે વિશ્વના સ્વામી, બધા જ જ્ઞાનનું આદિ સ્રોત, સર્વોપરી દેવતા, લક્ષ્મીપતિ, હે વિષ્ણુ, વહેલી સવારે જાગીને મારા ઐહિક આત્મતત્ત્વની જવાબદારી અદા કરવાનો હું નિર્ણય કરું છું. હે ઋષિકેશ સ્વામી, તમે જ મારા ઇન્દ્રિયજન્ય આત્મત્ત્વ પર અધિકાર ધરાવો છો. મારા હૃદયની ગુહામાં બિરાજેલા સ્વામી, મને સોંપાયેલી કામગીરી પ્રમાણે હું આચરણ કરીશ."

પછી મારા પરોઢ પૂર્વેના ઔપચારિક સ્નાનવિધિનો વારો આવતો. સ્નાન-વિધિ એ શુદ્ધીકરણનું કાર્ય હતું. એ વિધિ મને પછી આવનાર પૂજા માટે તૈયાર કરતો. પછી હું ગાયત્રીમંત્ર ઉચ્ચારતો–ત્રણ દુનિયાનાં નામોથી તેનો આરંભ થતો: "ૐ ભૂર્ભુવ: સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્। (ૐ પ્રણાધાર દુ:ખનાશક સુખસ્વરૂપ તે પ્રકાશસ્વરૂપ પ્રાપ્ત કરવાયોગ્ય તેજનું—પરમાત્માનું—અમે ધ્યાન ધરીએ છીએ જે અમારી બુદ્ધિને પ્રકાશમાન કરે.) આ મંત્રને બધા મંત્રોમાં મહત્ત્વનો માનવામાં આવે છે, તે એક બ્રાહ્મણને મળતા આધ્યાત્મિક સામર્થ્યનું મૂળતત્ત્વ છે. સૂર્યને સંબોધાયેલો ઋગ્વેદનો આ મંત્ર હું દિવસમાં વારંવાર બોલતો, ને દેવભાષા સંસ્કૃતમાં જ. આ મંત્રનો હું અર્થ સમજી શકું તે પહેલાં મેં હજારો વાર તેનો પાઠ કર્યો હશે. તેનો અર્થ સમજવા કરતાં શુદ્ધ સંસ્કૃત ઉચ્ચારણથી આ મંત્ર બોલવાનું વધુ મહત્ત્વનું છે. આનાથી જ મંત્રની અસરકારકતામાં વધારો થાય છે. બીજા રૂઢિચુસ્ત હિંદુઓની જેમ હું પણ દૃઢપણે માનતો કે આ મંત્રમાં દેવનો પોતાનો વાસ છે અને જેને તે અભિવ્યક્ત કરે છે તેનું તે સર્જન કરે છે. ગાયત્રી મંત્રનો નિયમિત પાઠ કરવાથી અને દૈનિક સેવાપૂજાથી સૂર્ય પણ તેને ઠરાવેલ સ્થાને રહે છે.

પછીથી મારી સવારની પૂજાનો વારો આવતો. હું પૂજાખંડમાં પૂજા કરતો. ગંભીરતાપૂર્વક, ધ્યાન ધરતાં ધરતાં, અહોભાવનાની લાગણી સાથે હું દીવાસળી વડે ઘીમાં બોળેલી વાટ સાળગાવતો ને દીવાની આછી હલતી જ્યોતિ પર મારું ધ્યાન કેન્દ્રિત કરતો. માનપૂર્વક ને સાથે મારી પવિત્રતાને કારણે હું પણ તે કરવા માટે હકદાર છું તેવું માનીને, હું ચંદન લેતો ને દરેક દેવના કપાળ ઉપર ને શિવલિંગ ઉપર તેનો ભક્તિભાવપૂર્વક લેપ કરતો. પૂજાખંડમાં કેલાતી ચંદનની સુવાસથી હું

મારામાં ઉત્તેજનાનાં મોજાં અનુભવતો—મારા દેવો સાથેની મારી આત્મીયતાથી જન્મતો ઈન્દ્રિજન્ય આનંદ અનુભવતો.

પૂર્વ તરફ મોં કરી, પદ્માસન વાળી હું પાણીના ઘૂંટ ભરતો કર્મકાંડવિષયક શુદ્ધિ માટે મારા ઉપર ને આસપાસ પાણી છાંટતો. પછી ન્યાસની પૂજાવિધિ કરતો-શરીરનાં જુદાં જુદાં અંગોને દેવતાઓને સોંપતો. મારા કપાળ ઉપર, બાહુઓ, છાતી ને પગની પિંડીઓને સ્પર્શ કરતો ને એમ પ્રતીકાત્મક રીતે મારા શરીરમાં આવવાનું દેવોને આવાહન કરતો. જેની હું પૂજા કરતો તે દરેક દેવ સાથે હું રહસ્યમય સાયુજ્યભાવ અનુભવતો. સિંઘાસન આગળ બેસીને હું ધ્યાન કરવામાં એક કલાક ગાળતો. હું મારી નાસિકાના અગ્રભાગ ઉપર મારું બધું ધ્યાન કેન્દ્રિત કરતો છેવટે મારી આસ-પાસની સમગ્ર દુનિયા સાથે હું સંબંધ છોડી દેતો, ને આખા વિશ્વની પાછળ રહેલા એકમાત્ર ઋત તત્ત્વ (One Realitly) સાથેની મારી મૂળભૂત એકતાને અનુભવવા લાગતો. જળાંજલિ અર્પી અને પ્રણામ કરી હું દેવતાનું ઉત્થાપન કરતો. પછી હું બહાર ખુલ્લામાં જતો ને બીજા એક કલાક સુધી સૂર્યની પૂજા કરતો. હું કેટલીકવાર તો બંને આંખો ખુલ્લી રાખી સૂર્યની સામે જોતો ને પછી કલાકો સુધી બેસી સેંકડો વાર ગાયત્રીમંત્રનું રટણ કરતો એ મંત્રના સાધકના આત્માને તે સંપૂર્ણપણે બચાવી શકે છે તેવું હું મને મળેલા ઉપદેશને આધારે માનતો. મને મારા ધર્મ પ્રત્યે પ્રેમ હતો, અનુરાગ હતો. હું પિતાજીની યાદની પણ ભક્તિપૂર્વક પૂજા કરતો. મને લાગતું કે મારી સાધનાથી તે પ્રસન્નતા અનુભવતા હશે.

* * *

દુર્ગાના મંદિરે જવાના દિવસની હું ઉત્કટતા ને ઉત્સુકતા સાથે વાટ જોતો હતો છતાં મારા હૃદયમાં થોડો ખેદ પણ હતો. મને ત્યાં લઈ જવા માટે કુમારમાસા તેમની ભવ્ય મોટર લઈ ને આવ્યા. તેમણે પોતાની 'કન્વર્ટિબલ' ગાડીમાં મારી સૂટકેસ મૂકી. મારા વૃદ્ધ છતાં પ્રિય સખા ગોપાળદાદાની ખોટ હવે મારે અનુભવવી પડશે. તે હવે વૃદ્ધ થતા જતા હતા. જવાના દિવસે સવારે પેલી ચિરપરિચિત સાંકડી ગલીમાં પસાર થઈને હું તેમને મળવા ગયો હતો. તે સૂર્યપ્રકાશમાં બેસી પોતાના સવારના ધ્યાનમંત્રો બોલતા હતા. મારાં પગલાં સાંભળીને, પોતાની પૂજા અટકાવીને, તેમણે મારો સત્કાર કર્યો.

અમે એકબીજાને ગંભીરતાથી પ્રણામ કર્યા. તેમણે કહ્યું, "તો તમે આજે જાઓ છો, નહિ? ખૂબ વહેલા જાગીને મેં તમારો વિચાર કર્યો હતો. પછી મારા મનમાં તમારા દાદાજીની યાદ આવી. એ એક ખૂબ સારી નિશાની છે. દાદાજી છેલ્લા દિવસોમાં ખૂબ દારૂ પીતા, એ વાત સાચી, પણ તે ઘણા જ્ઞાની પુરુષ પણ હતા. ઘણા દિવસ પછી આજે અચાનક તે મને યાદ આવ્યા. ખૂબ સારા શુકન કહેવાય, હોં."

મેં પણ વીતેલા દિવસોની સ્મૃતિ લાવી કહ્યું, "તે આજે જીવતા હોત તો ઘણું સારું થાત. બધા કહે છે કે તેઓ ઊંચી કક્ષાના ભારતીય હતા." મને તે

યાદ આવ્યા. ઊંચા, ગૌરવવર્ણના, ભૂખરી આંખોવાળા લગભગ યુરોપિયન જ જોઈ લો ને; પરંતુ તે સંપૂર્ણપણે ભારતીય હતા.

"એ જરૂર પ્રતિષ્ઠા મેળવવા સુપાત્ર હતા," ગોપાળદાદાએ કહ્યું, તે જાણે કે બરોબર સંભાળીને, ત્રાજવામાં તોળીને બોલતા હતા. "તે એટલા સુખી હતા કે તેમને દેશ છોડી અહીં આવવાની કશી જરૂર નહોતી. તે દિવસોમાં અહીં કોઈ વિદ્વાન બ્રાહ્મણ નહોતા. એ દિવસોનું મને સ્પષ્ટ સ્મરણ છે. તેમણે આવીને સુંદર કામગીરી બજાવી. મારી પેઢીના ભારતીય લોકોએ ધર્મગુરુ તરીકે તેમનો પૂરતો લાભ ઉઠાવ્યો. તેમણે પણ બરાબર દક્ષિણા પડાવી," આંખમાં મસ્તીભરી ચમક સાથે ગોપાળદાદાએ કહ્યું.

"તમે તેમને બરોબર ઓળખતા, નહિ?" હું સવાલ તો પૂછી બેઠો, મને તેનો જવાબ પણ આવડતો હતો, પરંતુ ના! પૂછવામાં અવિવેક કહેવાય.

"હું તેમને ઓળખું નહિ? ભલા ભાઈ, ઘરડો ગોપાળ તેમને ન ઓળખે? એવું કેવી રીતે બને? લોકો તો તેમને ટનબંધ ભેટો આપતા. ઘી ને માખણ, ચોખા ને લોટ ને બીજું બધું. બધું ઢગલાબંધ મળતું. છતાં મને ખાતરી છે કે દેશમાં તેમને કશાની ખોટ નહોતી."

તેમણે અવાજ ધીમો કર્યો. જાણે કે ખાનગી વાત કહેતા હોય તેમ એ મારી તરફ નમ્યા.

"અમે ખરા મિત્રો હતા. તે જોકે ખૂબ શ્રીમંત હતા. છેવટના દિવસોમાં દારૂએ તેમને શારીરિક ને માનસિક રીતે પાયમાલ કરી નાખ્યા. પણ ભાઈ, એ તો જેવાં જેનાં કર્મ ને તેવાં તેનાં ફળ. હું તો ભાઈ, જિંદગીભર ગરીબીમાં સબડતો રહ્યો. છતાં એ આ ગોપાળના મિત્ર હતા. ભલા હિંદુ, મોટા પંડિત, સાચી પૂજા કરનારા તે કેમ આટલા બધા દુ:ખી થઈ ગયા તે એક રહસ્ય છે. તે કેમ આટલું બધું પીવા તરફ વળ્યા તે પણ ન સમજાય તેવું છે. છતાં આજે તારા જવાના દિવસે મને તેમની યાદ આવે છે એ એક ખૂબ સારી નિશાની છે." ગોપાળદાદાએ મારો ખભો થાબડ્યો ને કહ્યું, "દુર્ગાના મંદિરે જવા માટે આ શુભ વેળા છે. તમે પણ મોટા પંડિત થવાના. મોટા યોગી. તમે ખરા બાપના ખરા પુત્ર છો."

અમારી કાર ત્યાંથી નીકળી ખુલ્લા રસ્તા પર આવી ત્યારે મારી આંખોમાં આંસુ ચમકી રહ્યાં. દાદીમાને આગળની બારીમાં બેસાડવામાં આવ્યાં હતાં ને તે હાથ હલાવી મને વિદાય આપતાં હતાં. મારાં મસિયાઈ ને પિતરાઈ ભાઈ-બહેનો, નીચેની દુકાન પાસે ઊભાં રહી 'આવજો' કહેવા હાથ હલાવતાં હતાં. તેમને છોડવાનું સરળ ન હોતું, પરંતુ હું જાણતો હતો કે મેં યોગ્ય નિર્ણય કર્યો છે. જો પિતાજી જીવતા હોત તો! મને થયું. તો તેમને કેટલો બધો આનંદ થાત! રેવતીમાસી મારી માતાને પત્ર લખીને આ સમાચાર જણાવશે. પિતાજીનાં પગલાંમાં હું ચાલતો હોવાથી, તેમને અનુસરતો હોવાથી, હું સ્વાભાવિક રીતે ગર્વ અનુભવતો હતો. ગોપાળદાદાના શબ્દો મારા કાનમાં ગુંજતા હતા. મારાં કર્મો સારાં હતાં ને પ્રારબ્ધ મને સાદ દઈને બોલાવતું હતું.

# ૫. પંડિતજી

વિષ્ણુને સમર્પિત કરવામાં આવેલું દુર્ગા સ્થળમાંનું મંદિર પ્રથમ દૃષ્ટિએ તો ત્રિનિદાદમાંનાં બીજાં નાનાં ગામોનાં મંદિર જેવું જ દેખાતું હતું. તેની ધોળેલી દીવાલો ખરાબ ડાઘાડૂઘીવાળી હતી. તેની ફરસ પર ધૂળના ઢગ હતા અને છાપરાં ધાતુનો ઢોળ ચઢાવેલાં પતરાંનાં હતાં. તેના નાના ચોકમાં ધજાઓ ને પવિત્ર વસ્તુઓ રાખવાની પેટીઓ પડેલી હતી. તેના દેખાવમાં મોટાં શહેરોમાંનાં મંદિરો કરતાં ઓછો અસબાબ હતો. ભારતનાં જૂનાં મંદિરોમાં જોવા મળે છે તેવી ઊંચી દીવાલો ને બારીક કોતરણીકામવાળું પ્રવેશદ્વાર પણ નહોતું. હિંદુ માનસને આવાં બાહ્ય સુશોભનો ને શણગારો ગમે છે, પરંતુ અંદરનું ગર્ભગૃહ એ જ મંદિરનું હૃદય છે. તે માણસના હૃદય જેવું છે. ત્યાં દેવ કે દેવીની મૂર્તિ રહે છે. મંદિરના નાના ચોકમાં મહેશ્વરની વિશાળ કદની મૂર્તિ છે. તે મુખ્ય દ્વારની જાણે કે ચોકી કરતી ઊભી છે. એ દ્વારમાંથી જાહેર ઉપાસનાગૃહની અંદરના ભાગમાં નીચા કઠેરાથી રક્ષિત પવિત્ર ગર્ભગૃહ છે.

હું ચોકમાં પ્રવેશ્યો ત્યારે ત્યાં એક વેપારી વિશાળ શિવલિંગની આગળ સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. તેમના બૂટ બહારના દરવાજાની બહાર હતા ને તેમની બ્રીફકેસ તેમની પાસે જમીન ઉપર પડેલી હતી. ચોકની આસપાસ આવેલી નાની દીવાલની અંદર જુદા જુદા દેવોની મૂર્તિઓ હતી. કેટલાક શ્રદ્ધાળુઓ ઝડપથી તેમની પ્રદક્ષિણા કરતા હતા. આવાં ભક્તિકાર્યોથી દેવતાઓ પ્રસન્ન થાય છે.

દેખાવમાં સાદું હોવા છતાં ગામમાંના દુર્ગાના મંદિરની ટાપુ ઉપરના એક ઉત્તમ મંદિર તરીકેની પ્રતિષ્ઠા હતી. તેના મુખ્ય વિધિકાર પંડિત વિદ્વાન અને હિંદુ ધર્મના પ્રખર જ્ઞાની હતા તેથી તેમનું ઘણું માન હતું. તેમની વય ત્રીસ-બત્રીસની હશે. તે દેખાવડા, વ્યાયામવીર જેવું શરીર, અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા હતા. આ જુવાન પંડિત તો દરેક બ્રાહ્મણનો આદર્શ હતા. તે બ્રહ્મચારી હતા. આવા આદરપાત્ર હિંદુનાં ચરણ પાસે બેસી શીખવું તેને હું ઊંચું સદ્ભાગ્ય સમજતો હતો. મને ત્યાં આવેલો જોઈને તેમને પણ આનંદ થયો.

સત્તર-અઢાર વર્ષના એક જુવાન માણસ સાથે મારે રહેવાનું થયું. ખંડ ખૂબ સીધોસાદો હતો, દીવાલો ને ફરસ અત્યંત સામાન્ય હતાં. બારણું કાયમ ઉઘાડું જ રહેતું. કશુંય ત્યાં ખાનગી નહોતું. સૂવા માટે અમારા દરેકની પાસે જૂના જમાનાની અત્યંત સાંકડી, લાકડાની પાટો હતી. જુવાન હોવા છતાં મારો જોડીદાર અત્યંત ધાર્મિક હતો, પરંતુ બ્રાહ્મણ ન હોવાને કારણે મને મળનારી તાલીમમાં તે જોડાઈ શકે તેમ નહોતો.

અમારો દિવસ ખૂબ વહેલો શરૂ થતો. રાત્રિના ત્રીજા પહોરે એટલે આશરે ચારેક વાગ્યે મહેશ્વરને જગાડવા માટેનો માંગલિક દીપક-વિધિ થતો. મૂર્તિને સ્નાન કરાવી, તેની પૂજા કરવામાં આવતી. સાડાપાંચ વાગ્યે અમે બધા ભેગા થતા, ને અમારી આગળ વેદોનો સંસ્કૃતમાં પાઠ કરવામાં આવતો. પછી અમે ધ્યાન-મનનમાં બે-ત્રણ કલાક ગાળતા. મને આપવામાં આવેલો પ્રથમ મંત્ર 'હરિ ઓમ્ તત્ સત્' હતો. ઓમ શબ્દના રટણ સાથે બ્રહ્મચારીએ પોતાના ધ્યાનની શરૂઆત કરવી પડતી. ઉચ્ચારવામાં મુશ્કેલ ને સૌથી ઊંચાં કંપન-ડોલન ધરાવનાર આ મંત્ર કોઈ ગુરુ પાસેથી જ શીખી શકાય. વેદમાં લખ્યું છે તે મુજબ તો—

કમળ ઉપર બિરાજમાન વિષ્ણુ વિચારવા લાગ્યા કે, "કયા એક જ વારમાં ઉચ્ચારી શકાય તેવા શબ્દ કે શબ્દાંશ દ્વારા હું બધી ઇચ્છાઓ, બધી દુનિયાઓ, દેવો, વેદો, પુરસ્કારોનો ઉપભોગ કરી શકું ?" ત્યારે તેમને 'ઓમ'નું દર્શન થયું... વિશ્વરૂપ... સર્વવ્યાપક... બ્રહ્મનો ખુદનો પ્રતીકાત્મક શબ્દ. આ શબ્દ દ્વારા તેમણે બધી ઇચ્છાઓ, બધી દુનિયાઓ, બધા દેવો, બધા વેદો, બધી ભેટો, બધી સિદ્ધિઓનો ઉપભોગ કર્યો. તેથી ગમે તે પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો જે બ્રાહ્મણ ત્રણ રાત ઉપવાસ કરે, ઘાસ પર બેસી પૂર્વાભિમુખ બની, આ અવિનાશી ઓમ્‌નું રટણ કરે, તેના બધા હેતુઓ સિદ્ધ થાય અને બધાં કાર્યો સફળતાને પામે.

અમારા દૈનિક અનુભવાતીત ધ્યાન કરતાં બીજું કશું વિશેષ અગત્યનું ન હતું. ધ્યાન તો યોગનું હાર્દ છે. અનંત બ્રહ્માનંદ પ્રાપ્ત કરવાના સૌથી વધુ વિશ્વસનીય માર્ગ તરીકે ભગવાન કૃષ્ણે ધ્યાનનું સમર્થન કર્યું છે. કેફી દ્રવ્યોથી થતા અનુભવની જેમ બેકાળજીપૂર્વક ધ્યાન કરનારને પણ ગભરાવી મૂકે તેવા વિપરીત માનસિક અનુભવો થાય છે. વેદોમાં ઉલ્લેખાયેલા કેટલાક દુષ્ટાત્માઓ અમુક યોગીઓનો કબ્જો લઈ લે છે. કરોડના મૂળમાં સુષુમ્ણા નાડીની નીચે રહેતી એક સર્પાકાર શક્તિ કુંડલિની નામે ઓળખાય છે. આ કુંડલિની શક્તિ ઊંડા ધ્યાનને કારણે જાગૃત થાય છે ત્યારે ધ્યાન ધરનારને લાગણીના ઉછાળા જેવા અનુભવો થાય છે—ને જો તેના પર યોગ્ય અંકુશ ન મુકાય તો તે મોટું માનસિક કે શારીરિક નુકસાન પહોંચાડી શકે છે. દિવ્ય પરમાનંદ ને ક્લેશ કે ધૃણા વચ્ચે બહુ જ સાંકડી રેખા હોય છે. તેથી જ અમારા જેવા નવદીક્ષિતો ઉપર બ્રહ્મચારી ને તેમનાં મદદગાર ખાસ ધ્યાન આપતા.

દરરોજના ધ્યાન દરમ્યાન મને મૃગજળ જેવા રંગો દેખાવા લાગ્યા, આ પૃથ્વીનું ન હોય તેવું સંગીત સંભળાવા માડયું અને હું વિચિત્ર ગ્રહો પર જવા લાગ્યો, જ્યાં દેવો મારી સાથે વાત કરતા ને ચૈતન્યની વધુ ઉચ્ચ ભૂમિકાઓ સર કરવા માટે મને ઉત્તેજન આપતા. કેટલીકવાર મારી સમાધિ દરમ્યાન હિંદુ, બુદ્ધ, શિન્ટો ને બીજા ધર્મોનાં મંદિરોમાં જે દૈત્યો કે પિશાચોની પ્રતિમાઓ મળે છે, તેમની

સાથે મારો ભેટો થવા લાગ્યો. આ તો કલેશ ઉત્પન્ન કરનારો અનુભવ હતો, પરંતુ બ્રહ્મચારીએ મને સમજાવ્યું કે એ તો સામાન્ય વાત હતી અને તેમણે મને આત્મ-સાક્ષાત્કારની શોધ ચાલુ રાખવા ઉત્તેજન આપ્યું. કેટલીક વાર તો હું આ વિશ્વ સાથે રહસ્યમય એકતાની લાગણી અનુભવતો. હું જાણે વિશ્વ છું, સચરાચરનો સ્વામી છું, સર્વ સમર્થ ને સર્વવ્યાપક છું તેવું થતું. મારા નિરીક્ષકો આ વાતથી ઉત્તેજના અનુભવવા લાગ્યા. તેમને થયું કે હું એક પસંદ કરેલું પાત્ર છું, અને બ્રહ્મ સાથેના સાયુજ્યની શોધમાં જલદીથી સફળતા મેળવવા નિર્માણ થયેલો છું. મારા પિતાજીને માર્ગદર્શન આપનાર પરિબળો હવે મને માર્ગદર્શન આપતાં હતાં.

મારો ખોરાક આમ પણ ઓછો છે. છતાં મંદિરમાંની ત્રણ મહિનાની મારી તાલીમ દરમ્યાન હું અંગત સુખોપભોગના ત્યાગ વિશે વધુ શીખ્યો. પાસે જ ડેરી ચલાવતા એક શ્રીમંત હિંદુ કુટુંબને ત્યાં હું દિવસમાં એકવાર જમતો બપોરના ભોજનમાં પોતાની સાથે કોઈ બ્રાહ્મણ હોય તે તેમને ગમતું. બ્રહ્મભોજન કરાવવાના સુકર્મથી પુણ્યલાભ થાય છે. તેમને ત્યાં ગોપૂજન માટે ગાયોનું મોટું ધણ પણ હતું. આ ગાયોની પૂજા કરવામાં મને પણ ઘણો આનંદ આવતો.

મારા આશ્ચર્ય વચ્ચે મને સમજાયું કે જેઓ જીવનનાં અમુક ક્ષેત્રોમાં અંગત સુખોનો ત્યાગ કરે છે તેઓ જ જીવનનાં બીજાં ક્ષેત્રોમાં અંગત સુખો ભોગવવામાં રચ્યાપચ્યા રહે છે. ત્રીસેકનો એક જુવાન માણસ પણ અમારી સાથે જ્ઞાની થવાની તાલીમ લેતો હતો. તે પોતાના દેખાવ પ્રત્યે જરૂર કરતાં વધારે ધ્યાન આપતો. તેના કાળા ભમ્મર વાળને ઓળાવવામાં ને વ્યવસ્થિત કપડાં પહેરવામાં ખૂબ ધ્યાન આપતો. પરંતુ તે પોતાની ફાંદ પ્રત્યે ઓછું લક્ષ આપતો. વધારે પડતું ને સતત ખાવાથી તેની ફાંદ ઘણી વધી હતી. તેને આશ્રમમાં આવતી અમુક કન્યાઓ સાથે આડા સંબંધ હતા તે જાણીને મને આઘાત થયો.

"એય, તું પેલી શ્યામા વિશે શું ધારે છે?" તેણે એક દિવસ મને પૂછ્યું. શ્યામા બારેક વર્ષની રૂપાળી કન્યા હતી. તેને નાગ-શા કાળા, વાંકડિયા લાંબા વાળ હતા. તે દરરોજ મંદિરમાં આવતી પણ ગંભીર પ્રાર્થના પૂજામાં બહુ ઓછો સમય ગાળતી. "એ તારા પ્રેમમાં છે. જો, એણે તારે માટે આ કેક બનાવ્યું છે."

મારો ચહેરો લાલચોળ થઈ ગયો. "હું તેના કે બીજા કોઈના પ્રેમમાં નથી!" મેં ગુસ્સાથી સાત્ત્વિક છતાં સણસણતો પ્રત્યુત્તર વાળ્યો.

જરાયે મૂંઝાયા વિના પેલાએ મને આંખ મારી ને મોં પર લુચ્ચા સ્મિત સાથે કહ્યું, "અહીં તેની સાથે મજા કરવાની સારી જગ્યા છે. કોઈને કશી ખબર નહિ પડે!"

મારો આખો ચહેરો જાણે ક્રોધથી તપી ઊઠયો હતો. "બંધ કરો. હું આવી વાતો પણ કરવા માંગતો નથી."

"તું મને બેવકૂફ નહિ બનાવી શકે. શું તું એવું ધારે છે કે મેં તને છોકરીઓ પ્રત્યે છાની નજર કરતાં જોયો નથી?"

"એ સાચું નથી. હું તો કદી લગ્ન પણ કરવાનો નથી. આપણા બ્રહ્મચારી પંડિત જેવો રહેવાનો છું!"

પેલાએ માથાના વાળ ઝટકા સાથે પાછા ફેંક્યા ને હસીને કહ્યું, "તું એમ ધારે છે કે પંડિત બ્રહ્મચારી છે? હવે, હું કહું તે સાંભળ–" હૉલમાં કોઈનાં પગલાંનો અવાજ સંભળાયો. પેલાએ મોં બંધ કરી દીધું. ગુસ્સો દબાવી રાખવાનો પ્રયત્ન કરતો હું બહાર નીકળ્યો, ને સામેથી આવતા બ્રહ્મચારી પંડિત સાથે લગભગ અથડાઈ પડયો. પોતાના વિશેની ગપસપ તે સાંભળી ગયા હશે તો શું થશે એ વિચારથી હું મૂંઝાતો હતો પણ લાગ્યું કે તેમણે તો કશું સાંભળ્યું નહોતું.

"તું કંઈ ઉતાવળમાં લાગે છે," એમ કહી, હસીને તે પોતાના ખંડ તરફ વળ્યા.

થોડા દિવસ પછી રાત્રિની સંધ્યાપૂજા પછી હું સૂવાના ઓરડાઓમાં થઈને પસાર થતો હતો. (દેવોને રાત્રિ માટે શયન કરાવી દેવામાં આવ્યું હતું.) મેં એક નવદીક્ષિતને તેના ખંડમાં ડૂસકાં ખાતો સાંભળ્યો. હું તેના બારણા આગળ થોડીવાર થોભ્યો, ત્યાં તો મને બ્રહ્મચારી પંડિતના દબાવી રાખેલા ગુસ્સાનો ફૂંફાડો સંભળાયો ને હું ત્યાં જ થીજી ગયો. "તું બહાર મારા વિશે વાતો કરતો હતો નહિ? હવે એનો ઇન્કાર કરવાનો પ્રયત્ન કરીશ નહિ!" પછી તેમણે થોડાક મૃદુ અવાજે કહ્યું, "અલબત્ત, દરેક મંદિરમાં છોકરીઓ તો હોય છે જ. બીજાઓની જેટલો જ તેમને પણ ત્યાં આવવાનો અધિકાર છે. તેમનામાંની કોઈની પણ સાથે મને ફાવે તેટલો સમય ગાળવાનો હક છે. હવે જો હું તારી કોઈ વાતો સાંભળીશ, તો તારે આ સ્થળ છોડી દેવું પડશે!"

કેવી કેવી વાતો ચર્ચાતી હતી તેની મને કલ્પના નહોતી. જો કે મારી સહાનુભૂતિ ને વફાદારી તો પંડિતજી પ્રત્યે જ હતી. હું તેમની પવિત્રતા વિશે કદી શંકા ઉઠાવીશ નહિ. જો કે છોકરીઓ ને સ્ત્રીઓ માટે મંદિરમાં આવવાનું, આમતેમ ફરવાનું સ્વાભાવિક હતું. બધે જ એમ થાય છે. પણ આ બનાવ બન્યા પછી હું જરા વધુ સભાન બન્યો. મને લાગ્યું કે વીથીમાં પ્રવેશેલી એક નાજુક યુવતી – આપણે તેને પાર્વતી કહીશું – બ્રહ્મચારીના પ્રેમમાં પડી હોય તેવું સ્પષ્ટ રીતે લાગતું હતું. અનિચ્છાએ પણ મારે સ્વીકારવું તો પડયું કે બ્રહ્મચારી પંડિતજી પણ તેની સાથે એક પ્રેમીની નજાકતથી વર્તતા હતા. જો કે કોઈ સાંભળતું હોય તો સ્વાભાવિક દેખાય તેવી વાતો કરતા રહેતા. આ વસ્તુ આ પહેલાં મારા ધ્યાનમાં કેમ ન આવી? પાર્વતી અસાધારણ રૂપવતી હતી. તે દરરોજ પંડિતજી માટે ખાવાનું લઈ આવતી. પણ તે જમવાનું પીરસવામાં જરૂર કરતાં વધારે સમય ગાળતી. જો કે હું હજી નાનો હતો,

છતાં બ્રહ્મચર્યની ને કદી લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા લેનારા પંડિતજી માટે આવા પ્રકારની વર્તણૂક મને યોગ્ય લાગતી ન હતી. આ તેજસ્વી યુવાન માટે એકવાર મારા હૃદયમાં ભારોભાર પ્રશંસાનો ભાવ હતો, પણ હવે મારો બ્રહ્મ ભાંગી ગયો હતો ને મને સંતાપ થતો હતો.

એક દિવસ મંદિરમાં કાયમ આવતા કેટલાક ભાવિકો ચોકમાં ટોળે વળીને બેઠા હતા. તેઓ હિંદીમાં ગૂસપૂસ વાતો કરતા હતા. મેં તે સાંભળી. "આ તો ખાનગી વાત છે. આપણે તેમાં માથું મારવાની જરૂર નથી." ચાલીસીએ પહોંચેલા એક દેખાવડા માણસે કહ્યું.

એક મોટી ઉંમરના, લાંબી દાઢીવાળા માણસ પાસે બેઠા હતા. તેમણે ગંભીરતાથી માથું હલાવી કહ્યું, "આ તો ભાઈ, જેવાં જેનાં કરમ. બંનેના પૂરવ જનમમાં આવું કંઈક હશે—સાથે રહેવાનું લખ્યું હશે." હકારસૂચક અવાજો સંભળાયા, કેટલાકે સંમતિસૂચક માથાં હલાવ્યાં. મને આનાથી થોડી રાહત થઈ.

બ્રહ્મચારી પંડિતની ક્ષતિઓ વિશે ઘણું વિચારવા માટે મારી પાસે સમય ન હતો. બધાંને તેમનાં કર્મોનો ઘટતો બદલો મળશે જ મળશે. ઘેર અમારી પડોશમાં રહેતો એક કૂતરો પણ કર્મ અને પુનર્જન્મનો જીવતો-જાગતો દાખલો હતો. 'યોગી' તેનું વહાલસૂચક નામ હતું. આ પાતળા, કાળા કૂતરાને લાંબી સફેદ દાઢી હતી. યોગી ખરેખર શાકાહારી હતો. તે હાડકાંને સ્પર્શ પણ કરતો નહિ. અરે, ઈંડાં પણ ખાતો નહિ! તેના માલિક જો કે મુસ્લિમ હતા, છતાં કૂતરાનું સ્પષ્ટ વલણ હિંદુઓ તરફ હતું ને હિંદુઓના ધાર્મિક ઉત્સવોમાં પણ તે શ્રદ્ધાપૂર્વક ભાગ લેતો. સાચે જ, આગલા જન્મમાં બરોબર પાઠ શીખ્યો હોવાથી તે આ જન્મમાં સારાં કર્મોનો સંગ્રહ કરતો હતો. તે ઘણીવાર પડોશના બીજા કૂતરાઓ સાથે મોટેથી ભસીને લડતો તેથી મને તો ખાતરી થઈ હતી કે તે પૂર્વજન્મનો ભ્રષ્ટ યોગી હોવો જોઈએ. હકીકતમાં તો, હું એક એવાં પંડિતને ઓળખતો હતો જે બરોબર પેલા 'યોગી' કૂતરાની જેમ વર્તતા હતા. ઘણા હિંદુઓ કૂતરાઓ પ્રત્યે ખરાબ વર્તાવ કરતા તેથી મને ગુસ્સો ચડતો. તેઓ કેવી રીતે પુનર્જન્મમાં માની શકે ને છતાં માનવેતર પ્રાણીઓ પ્રત્યે અમાનવીય વર્તાવ કરી શકે? યોગી ધાર્મિક પ્રસંગોમાં આવતો, કારણ, તેને તે વખતે પીરસાતું શાકાહારી ભોજન ખૂબ ગમતું, એવી અમે બાળકોએ જ્યારે પછીથી શોધ કરી ત્યારે તો પુર્નજન્મમાંની મારી શ્રદ્ધા વધુ બળવાન બની. ધાર્મિક પ્રસંગોએ બનતી આવી વાનગીઓમાં અમુક પંડિતોને પણ કંઈ ઓછો રસ નહોતો ને ઘણા અમારા હિંદુઓને પણ ધાર્મિક ક્રિયાકાંડો કરતાં પીરસાતાં ભોજનોમાં, માનવસહજ રીતે, વધુ રસ પડતો.

એ ઉનાળાના અંતભાગમાં હું ઘેર પાછો ફર્યો ત્યારે મને જણાયું કે મંદિરમાંની મારી તાલીમે ધાર્મિક હિંદુઓનાં હૃદયોમાં મારું સ્થાન ઊંચે ચઢાવી દીધું હતું. શહેરમાં થઈને શાળામાં જતી વખતે હું ઘણાના ધ્યાનનું કેન્દ્ર બની જતો.

"સીતારામ, પંડિતજી!" લોકો મારી આગળ આવી, નીચા નમી, ધીમા સાદે બોલતા. પંડિતો કે વિદ્વદ્જનો પણ મારી જે કદર કરતા તે ખાસ સંતોષ આપનારું હતું.

પંડિત જાનકીનંદન એક ખૂબ જાડા માણસ હતા. તેમના લાંબા કાળા વાળની તે માથા પાછળ ચોટલી બાંધતા. તેમના ઘર આગળ થઈને હું રોજ નિશાળે જતો. તે વખતે તે મોટે ભાગે પોતાની દૈનિક પૂજા માટે ફૂલો ચૂંટતા હોય. મને આવતો જોઈને તે પોતાના હાથ જોડે, નીચા નમે ને બોલે, "પંડિત મહારાજ, નમસ્તેજી."

"નમસ્તેજી, પંડિતજી!" હું ગંભીરતાથી પણ મનોમન ખુશ થઈને કહેતો.

જો કે મેં હજી સંપૂર્ણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેવું મને લાગતું ન હતુ, છતાં ભગવદ્ગીતામાં મનુષ્ય માટે રજૂ કરાયેલ સૌથી ઊંચા આદર્શ–જીવન-મુક્ત–ની હું ઘણો નજીક પહોંચ્યો છું તેવું મને લાગતું હતું. શરીરમાં હોઉં ત્યારે જ આદિ અજ્ઞાનમાંથી મુક્તિ મેળવવાથી મારો ફરી કદી પુનર્જન્મ નહિ થાય, પણ હું બ્રહ્મ સાથે, મારા સાચા આત્મતત્ત્વ ( Self ) સાથે, પુનઃએકતા સાધી શકીશ. મને હવે ખાતરી થઈ ગઈ હતી કે પિતાજી આ કક્ષાએ પહોંચ્યા હતા, ને હું પણ વ્યક્તિગત આત્મતત્ત્વની સંકીર્ણતામાંથી એવી જ મુક્તિ મેળવવા માગતો હતો. હું જ એક ને એકમાત્ર બ્રહ્મ હતો, શુદ્ધ આત્મતત્ત્વ–ચૈતન્ય–આનંદસ્વરૂપ હતો, તેથી એ જે સૌથી ઊંચા આદર્શની કક્ષા એ હું પહોંચ્યો હતો તે સમજીને–સ્વીકારીને લોકો મને પ્રણામ કરે ને મારા પ્રત્યે આદર દર્શાવે એ સ્વાભાવિક હતું.

ખરેખર, અરીસાની સામે બેસીને હું મારું ધ્યાન ધરતો. શા માટે ન ધરું ? હું દેવ હતો. ભગવાન કૃષ્ણ પોતાના મૂલ્યવાન ને અમર પુસ્તક–ભગવદ્ગીતા–માં કહે છે કે "જ્ઞાનના જેવું આ જગતમાં બીજું કંઈ પવિત્ર નથી. યોગમાં–સમત્વમાં પૂર્ણ થયેલો મનુષ્ય કાળે કરીને પોતે પોતાનામાં તે જ્ઞાન પામે છે." આ તો ધ્યાન કરનાર માટે પીવાનું અમૃત છે. આ તો દેવ થવાનો પ્રશ્ન નથી, પરંતુ હું ખરેખર કોણ છું ને આ બધો સમય કોણ હતો તે સમજવાની બાબત છે. શેરીઓમાં થઈને પસાર થતી વખતે મને લાગતું કે હું વિશ્વ છું અને મારાં સર્જનો મને નમન કરે છે.

જો કે આવો આદરયુક્ત ભક્તિભાવ કૃપાની રાહે સ્વીકારવો સરળ નથી, છતાં દેવત્વ સાથે સમાધાન કર્યા વિના નમ્ર દેખાવાનું હું ધીમે ધીમે શીખી ગયો. બધા માણસો એક જ મૂળ આત્મતત્ત્વ(Essence)ના બનેલા છે. યોગ્યતા પ્રાપ્ત કરનાર હિંદુઓને તેમને જરૂરી દેવત્વ વિશે સત્ય પ્રગટ કરવું ને તેમને અજ્ઞાનની જંજિરોમાંથી મુક્ત કરવા તે મારી મહત્ત્વાકાંક્ષા બની ગઈ. હું પંડિત યાને ગુરુ થઈશ,

કારણ કે ગુરુ એ શિક્ષક કે ચેતવનાર છે અને ગુરુની સહાય વિના કોઈ હિંદુ માટે જન્મજન્માંતરની ઘટમાળમાંથી મુક્તિ મેળવવી શકચ નથી.

ત્રિનિદાદમાં તે સમયે બધા ગુરુઓમાં પૂજ્ય સ્વામી શિવાનંદ ઘણા લોકપ્રિય હતા. અમને ભારતમાંથી તેમનાં ઉપદેશપત્રો નિયમિત મળતાં. તેમાં તેમના મંદિરમાં થતી પૂજાઓ ને બીજા બનાવોનાં વર્ણનો રહેતાં, તેમાં તેમનાં પુસ્તકોની પણ જાહેરાત આવતી. એકનું નામ હતું–'મારા દેવ શિવાનંદ'–તેમાં તેમનો બોધ આવતો ને તેમના ઘણા અનુયાયીઓના પત્રો પણ છપાતા. એ ઉપદેશપત્રોમાં સ્વામી શિવાનંદના ફોટા પણ તેમના ભક્તજનો માટે છપાતા. અમારા પૂજાઘરમાં એક મહત્ત્વના સ્થળે તેમનો ફોટો મૂકેલો હતો. તેમના કપાળ ઉપર ચંદનનું તિલક કરવામાં આવતું. શિવાનંદજીના આશ્રમની મારી માતાએ લીધેલી મુલાકાતનો પત્ર અમને મળ્યો ત્યારે આખા કુટુંબને રોમાંચક આનંદ થયો હતો. તેમની દિવ્ય હાજરીથી મારી માતા ઘણી પ્રભાવિત થઈ હતી; માતાએ જણાવ્યું હતું કે તે ઘણા પવિત્ર પુરુષ છે, આત્મ-સાક્ષાત્કાર સાધ્યો હોય તેવા સ્વામી છે. હું પણ તેમના જેવો જ થવા માગતો હતો. શિવાનંદજી કેન્સરના રોગથી એકાએક મૃત્યુ પામ્યા. પુરાણા ઋષિઓથી માંડીને ઊર્ધ્વ સ્થાને પહોંચેલા મહાત્માઓમાં તેમની ગણના કરીને અમે તેમની પૂજા કરતા.

લોકોમાં પવિત્ર માણસ તરીકેની મારી ખ્યાતિ વધતી જતી હતી, છતાં હજુ મારામાં પેલો કિશોર જીવતો હતો. અન્ય ભેટો અને નાતાલ વખતે સાન્તાક્લોઝ (ફાધર ક્રિસ્મસ) દ્વારા મોજાંમાં મુકાતી બક્ષિસોથી મને હજી પણ પુષ્કળ રોમાંચ થતો હતો. ત્રિનિદાદ બ્રિટિશ કૉલોની હતું ને ખ્રિસ્તી નાતાલનાં ગીતો ત્યાં અઠવાડિયાંઓ સુધી ગવાતાં. હિન્દુ અને બૌદ્ધ વેપારીઓ પણ કશી સુગાળવી લાગણી વગર નાતાલના કાર્યક્રમોમાં ને ઉત્સવોમાં જોડાતા. એમાંથી ઘણા આર્થિક લાભ પણ થતા, ને અર્થની વાત આવે પછી ધર્મનું શું ચાલે? આ ઉજવણીમાં મુસ્લિમો પણ જોડાતા. સાન્તા-ક્લોઝ તે વખતે બધાના મુખ્ય સંત કે પંડિત બની જતા ને એમની જ બોલબાલા રહેતી.

નાતાલની આગલી સાંજે ને રાતે બાળકોને વહેલાં સુવાડી દેવામાં આવતાં, જ્યારે મોટેરાં ઉત્સવની–રજાની ઉજવણીની તૈયારીમાં પરોવાતાં અથવા દારૂ પીને મસ્ત બનતાં. મોટાં છોકરાં સીટીઓ મારતાં, ઢોલક ને બીજા વાજિંત્રો લઈને ગીતો ગાતાં, ફટાકડા ફોડતાં ને બીજું દારૂખાનું સળગાવતાં. એટલો બધો ઘોંઘાટ થતો કે બાળકો સૂઈ શકે નહિ, પણ અમે જાણતાં હતાં કે કોઈપણ વ્યક્તિ જાગતા હોય ત્યાં સુધી સાન્તાક્લોઝ તેમનાં રેન્ડિયર સાથે આવતા નથી. આ ક્રિસમસની રાતે ગમે તે સંજોગોમાં આખી રાત જાગવું પડે તો પણ મારે સાન્તાક્લોઝનાં દર્શન કરવાં હતાં. હું જોઈ રહ્યો છું તેની તેમને જાણ ન થઈ જાય માટે મેં ઘણી તૈયારી કરી હતી.

"ભલા ભાઈ, તું શા માટે આવું કરે છે?" મારા એક મારાથી નાના મસિયાઈ ભાઈ આનંદે મને પૂછ્યું. માતાના ભારત ગયા પછી અમે બંને ભાઈઓ

સાથે સૂતા હતા. દાદીમાની કાતર વડે મેં ચાદરમાં બે કાણાં પાડયાં. ઉષ્ણકટિબંધની અમારી આબોહવામાં અમે ભાગ્યે જ કામળાનો ઉપયોગ કરતા. પણ મચ્છરોથી બચવા માટે ચાદર જરૂરી હતી.

"શ...શ...શ !," મેં માત્ર આટલો જ જવાબ આપ્યો.

"તું ભાઈ, ઊંઘતો કેમ નથી ?" આનંદે મને પૂછયું. હું ખાટલા ઉપર ચાદર બરોબર ઓઢીને સૂઈ ગયો હતો, ને ચાદરનાં બે કાણાંમાં બે આંખો રાખીને જોવાનો પ્રયત્ન કરતો હતો.

"ભાઈલા, તારે તો સૂઈ જવું જોઈએ."

"તારે પણ."

પણ તું એટલો બધો અવાજ કરે છે કે ઊંઘ આવે જ નહિ ને ?"

"અવાજ તો તું કરે છે. બંધ કર ઘોંઘાટ !"

"શ...શ...શ !"

છેવટે આનંદનાં નસકોરાં બોલવા લાગ્યાં. હું જાગવા માટે ફાંફાં મારતો હતો, જે બારીમાંથી સાન્તાકલોઝ મોટે ભાગે દાખલ થતા તે ઉપર મેં મારું બધું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આખું વર્ષ મને જે સફરજન મળતાં તેવું એક સફરજન ને મને ગમતી મગફળીનાં પડીકાં ખાટલાના પાયે બાંધેલાં મારાં મોજાંમાં મળી આવતાં. સમય ખૂબ મંદ ગતિએ પસાર થતો હતો. હવે તો લાગતું હતું કે હું વધુ સમય જાગી શકીશ નહિ, ત્યાં જ ખંડમાં ખડખડાટ સંભળાયો. અવાજ બારીની દિશામાંથી આવતો નહોતો, પણ મારી પાછળથી થતો હતો. હું ધીમેથી ફર્યો ને માથું પાછળ રાખી પેલાં કાણાંમાંથી જોવા લાગ્યો. મેં કુમારમાસાને બંને હાથમાં ભેટો લઈને ચોરપગલે અમારા પલંગ તરફ આવતા જોયા. ભેટો નીચે મૂકીને તેમણે અમારાં મોજાંમાં સફરજનો ને મગફળીનાં પડીકાં મૂકયાં. પલંગમાં નિશ્ચેતન જણાતી બંને આકૃતિઓ તરફ છેલ્લી નજર નાંખી, તે ચોરપગલે, કામ સિદ્ધ કર્યાના સંતોષ સાથે પાછા ફર્યા.

મારી શોધથી મારામાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. સવારના નાસ્તા પછી મેં મહાપરાણે દાબી રાખેલા સમાચાર મારાં બે મોટાં પિતરાઈઓ કૃષ્ણરાજ ને શાંતિ–ને આપ્યા.

"એ કંઈ સાન્તાક્લોઝ–ફાન્ટાકલોઝ નથી !" મેં નાટયાત્મક રીતે જાહેર કર્યું.

"શું કહ્યું ?" શાંતિએ પૂછયું, તેની આંખો અવિશ્વાસથી પહોળી થઈ ગઈ હતી.

"એ કંઈ ફાધર ક્રિસમસ નથી. જો તમારે કુમારમાસાને સાન્તાક્લોઝ કહેવા હોય તો મને વાંધો નથી," મેં કહ્યું.

"તું મશ્કરી કરે છે, નહિ ?" કૃષ્ણરાજે વધુ જાણકાર ને મોટા હોવાના અભિમાનથી કહ્યું, "તો પછી આ ભેટો કોણ લાવે છે ? સાન્તાક્લોઝ તો છેક ઉત્તર ધ્રુવથી લાવે છે, ખબર છે ?"

"ના, સાન્તા લાવતા નથી," મેં કહ્યું. "એ તો કુમારમાસા આવીને મૂકી જાય છે."

"તું ખોટી વાત કરે છે," શાંતિએ કહ્યું.

"મેં સાન્તાને કાલે પકડી પાડયા. મારી સગી આંખે સાન્તાક્લોઝ બનીને કોણ આવે છે તે નિહાળ્યું ?"

"તેં કોને જોયા ?"

"કુમારમાસાને. તે જ મોજાંમાં ભેટો મૂકતા હતા."

આ ચોંકાવી દેનારા સમાચાર પછી તો અમારા ઘરનાં બાળકોમાં ને પછી આસ-પાસનાં બાળકોમાં ફેલાઈ ગયા. ફિલસૂફ જેવા બનીને મેં નક્કી કર્યું કે એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ખ્રિસ્તી દેવો પણ કાલ્પનિક હોય છે, સાચા હોતા નથી; એ તો અમે પૂજા કરીએ છીએ તેવા હિંદુ દેવો જેવા જ હોય છે, જે ધ્યાન દરમ્યાન આત્મિક સ્વરૂપમાં દેખાય છે. પરામનોવિજ્ઞાનીઓ ને બીજાં વૈજ્ઞાનિક સંશોધનોએ આવાં આભાસી દર્શનોની તપાસ કરીને શા અભિપ્રાયો આપ્યા છે તે આપણે જાણતા નથી. અમે જે અનુભવ્યું હતું તે જાણતા હતા ને જાણીએ છીએ ને અમારો અનુભવ સાચો હતો.

* * *

"રવિ, જો, જો ! ત્યાં જો તો !"

હું પથારીમાં બેઠો થઈ ગયો. ગભરાઈ જઈને, આંખો ચોળતો, અંધારામાં જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો. મારા શયનખંડની બહાર ઝડપથી ચાલતાં પગલાંનો અવાજ સંભળાયો. બહાર મંદ છતાં ઉશ્કેરાટભર્યા અવાજ સંભળાતા હતા, ને દાદીમા રેવતીમાસીને ચીસ પાડીને કંઈક હિંદીમાં કહી રહ્યાં હતાં.

ઘરમાં બત્તીઓ થઈ ગઈ પછી હું ધીમે રહીને, મોં પરથી ચાદર હટાવી, બહાર દોડી ગયો ને દાદીમાના ખંડમાં ગયો.

"મેં હમણાં જ ... હમણાં જ દાદાજીને જોયા !" દાદીમા ગભરાટભર્યા અવાજે એકઠાં થયેલાં સૌને કહેતાં હતાં. એ દાદાજી જ હતા, પણ ..ઓહ !...તેમના ધડ પર માથું ન હતું !" દાદીમા ધ્રૂજતાં હતાં, ફિક્કાં પડી ગયાં હતાં. બારી તરફ આંગળી ચીંધીને તેમણે કહ્યું, "મને કશુંક અસાધારણ બનતું હોવાની લાગણી થતી હતી. ત્યાં... મેં તેમને જોયા. બારીમાં પડતા ચંદ્રપ્રકાશમાં મેં તેમને બરોબર જોયા."

"દાદી, તમને સ્વપ્ન તો આવ્યું નહોતું ને ?" રેવતીમાસીએ પૂછયું.

"નહિ ! હું બરોબર જાગતી હતી. તે મારી તરફ આવવા લાગ્યા કે લાગલી જ મારાથી બૂમ પડાઈ ગઈ. મેં આટલે મોટેથી કેવી રીતે ચીસ પાડી તે મને સમજાતું નથી."

* * *

"તમે ખાતરીપૂર્વક ન કહી શકો કે તે દાદાજીનો આત્મા જ હતો." ગોપાળદાદાએ બીજે દિવસે સવારે વિચાર કરતાં કહ્યું. અમે બંને તેમના ઘરના પ્રવેશદ્વાર પાસે બેઠા હતા. "આ સ્થળમાં ઘણા બધા આત્માઓ વિચરતા હોય છે."

"પરંતુ દાદીમા કહે છે કે તેમણે દાદાજીને જ જોયા હતા!" મેં કહ્યું.

"એ બહુ સરળ નથી." ગોપાળદાદાએ કહ્યું. હડપચી પર હાથ પસવારતાં પસવારતાં તેમણે આંખના ખૂણામાંથી મારી તરફ જોયું. "કેટલાક પંડિતો કે ભૂતપ્રેત સાધનારાઓ આવી રીતે આત્માઓ પાસે કામ લે છે. રસ્તાની પેલી બાજુ જ આવા એક પંડિત-સાધક રહે છે. તમે પણ તેમને ઓળખો છો. તે પ્રેતાત્માઓ પાસે તે ધારે તેવાં કામો કરાવે છે–સારાં કામો ને ખરાબ કામો."

"તમે શું એમ સૂચવવા માંગો છો કે મારે પણ પંડિતની જેમ પ્રેતાત્માઓને બોલાવતાં શીખવું જોઈએ?"

ગોપાળદાદાએ ખભા હલાવ્યા ને કહ્યું, "બધા કંઈ તેવું કરતા નથી. કેટલાક તો ખોપરી વગરનાને પણ બોલાવી શકે છે."

"તે કેવી રીતે પ્રેતોને બોલાવી તેમની પાસે કામ કરાવતા હશે?" મેં પૂછ્યું!

"ભાઈ, બધા જાણે છે કે તે કબ્રસ્તાનમાં જઈ મૃતદેહોને બહાર કાઢે છે. પછી ખોપરી લઈ લે છે. એના ઉપર મંત્રતંત્રની સાધના કરી તે પ્રેતાત્મા પાસે ધાર્યાં કામો પાર પાડે છે."

"તમે શું એમ કહેવા માંગો છો કે કોઈએ દાદાજીની ખોપરી મેળવી હશે? એટલે જ પેલા ધડ પર કોઈ માથું નહોતું, નહિ? એ જ વસ્તુ દાદીમાએ જોઈ હશે. પણ દાદાજીની કબર ઉપર તો ચોકીદાર છે."

ગોપાળદાદા થોડા અસ્વસ્થ બન્યા. તેમણે ફરી ખભા હલાવ્યા ને આકાશ તરફ જોયું. તેમણે ઊભા થવાનો પ્રયત્ન કર્યો. અખાત ઉપર કાળાં વાદળાં દેખાતાં હતાં. "મને લાગે છે કે આજે વરસાદ આવવાનો," માથું આમતેમ હલાવીને મોં ઉપર ગૂંચવણના ભાવો સાથે કહ્યું. "મને પ્રેતાત્મા સાથે કોઈ આવી રમત કરે તે પસંદ નથી. હું પણ આવી રમત કરતો નથી. એ તો નરક જેવી ભયાનક વાત છે." આમ કહી તે પોતાના ઘરમાં નીચા નમી દાખલ થયા.

આકાશમાં વીજળીઓ ચમકવા લાગી. થોડીવારમાં ધોધમાર વરસાદ તૂટી પડયો. હું દોડીને ઘેર ગયો છતાં રસ્તામાં જ પલળી ગયો. મેઘગર્જનાઓ ગભરાવી મૂકે તેવી હતી. કદાચ, દેવો ગુસ્સે થયા હશે!

# ૬. યુવાન ગુરુ

ઉઘાડી બારીઓમાંથી ઢોલક ને નગારાંનો અવાજ વર્ગખંડમાં વહી આવતો હતો ને વિદ્યાર્થીઓમાં બેચેની ને ઉત્તેજના ઉત્પન્ન કરતો હતો. એવાં મોટાં ઢોલ કે જેમનો અવાજ કિલોમીટરો સુધી સંભળાય, તેમને મહાવીર ગામમાં તે સાંજે ઉજવાનાર રામલીલા મહોત્સવ માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં. મહાવીર ગામમાં અમારી શાળા હતી. ગામ મારા ઘરથી બે કિલોમીટર દૂર હતું. આખું સપ્તાહ મહોત્સવ ઊજવાતો. તેમાં રામાયણનું આખું મહાકાવ્ય શબ્દો ને સંગીત દ્વારા ભજવવામાં આવતું. હું ભારત વિશે દિવાસ્વપ્નો જોતો હતો. મને એક પંડિતે કહ્યું હતું કે પૂર્વજન્મમાં હું ભારતના એક ગામમાં રહેતો હતો. હું પોતાને ઘડીમાં રામ તરીકે તો ઘડીકમાં દુષ્ટ રાવણ સામે યુદ્ધે ચડનાર હનુમાન તરીકે જોતો હતો. આની સરખામણીમાં શાળાનું જીવન અતિ ફિક્કું ને રસહીન લાગતું હતું. હું તો વિશ્વનો સ્વામી હતો, બ્રહ્મ સાથે ને તેના આત્મતત્ત્વ સાથે એકત્વ સાધનાર હતો. મારે શા માટે કઠોર અંગ્રેજી વ્યાકરણના પાઠ શીખવા જોઈએ? શિક્ષક જે બોલતા હતા તેમાંનો એકે શબ્દ હું સાંભળતો નહોતો.

મારી વય અગિયાર વર્ષની હતી. આટલી નાની ઉંમરમાં પણ લોકો મને પ્રણામ કરતા હતા ને નાણાં, કપડાં ને બીજી વસ્તુઓની મારે ચરણે ભેટ ચઢાવતા હતા. ધાર્મિક ઉત્સવોએ મને ખાસ હાર પહેરાવવામાં આવતા. શું મારે શાળા છોડી દઈને વધુ ઘનિષ્ઠ ધાર્મિક તાલીમ માટે મંદિરે પાછા જવું જોઈએ? દાદીમા ને રેવતીમાસી આની વિરુદ્ધ હતાં, છતાં પ્રલોભન મજબૂત હતું. વર્ગખંડમાં, ખાસ તો આવી ગૂંગળાવનારી બપોરની ગરમીમાં, પ્રલોભન વધુ લલચાવનારું બનતું. ધ્યાનમાં ને ધાર્મિક ક્રિયાકાંડોમાં મેં ગાળેલા લાંબા કલાકોને કારણે હવે જાણે કે શાળા માટે પૂરતો સમય કે પૂરતી શક્તિ રહ્યાં નહોતાં.

છેલ્લો ઘંટ વાગે કે હું આનંદપૂર્વક વર્ગમાંથી નાસી છૂટતો. મારા સાથીદારો સાથે હું ચોકબજારમાં દોડી જતો ને ઉત્સવના સ્થળે પહોંચી જતો. ઢોલકના અવાજ હવે મોટા થતા જતા હતા.

"રવિ, તું મારો ગુરુ થા એવી મારી ઇચ્છા છે," મને આવું કહેનાર રણજીત હતો. તેનાં માબાપ દાદાજીની જેમ ક્ષત્રિય જાતિનાં હતાં. તેના પિતા શેરડીના ખેતરોમાં કારીગરોના ઉપરી હતા ને ઓવરસિયરની ખાખી હેટ અભિમાનપૂર્વક પહેરતા હતા.

"અને મારો પણ", મોહને કહ્યું. મોહન ખૂબ ધાર્મિક છોકરો હતો. તે 'સંધ્યા'-જૂથનો નિયમિત સભ્ય હતો. આ જૂથ સાથે હું સક્રિય રીતે સંકળાયેલો હતો ને

ભાવિક હિંદુઓને તેમની ધાર્મિક ફરજો વિશે શીખવતો હતો. મોહનના પિતા વણિક હતા, ને મારા બાપુજીએ લગ્ન પહેલાં ખાંડની જે ફેક્ટરીમાં યંત્રનિષ્ણાત તરીકે કામ કર્યું હતું તેનો તે જથ્થાબંધ વેપાર કરતા હતા.

તેમની ઉત્સુકતા જોઈને મને સ્વાભાવિક આનંદ થયો. "હું દોડવાનું ને વાત કરવાનું એકસાથે કરી શકતો નથી," લાંબા શ્વાસ લેતાં મેં કહ્યું. ભારે પ્રમાણમાં ધૂમ્રપાન કરવાને લીધે મારી છાતીમાં થોડા સમયથી દુખાવો થતો હતો. મારા ગામમાં ઘણા લોકો આધ્યાત્મિક મદદ માટે મારી તરફ જોતા હતા. એક દિવસ હું હજારોનો ગુરુ થઈશ.

મહાવીર ગામની શેરીઓ સાંકડી ને ખાડાટેકરાવાળી હતી. રસ્તાની બંને બાજુએ શેરડીમાં કામ કરતા ખેડૂતોનાં માટીનાં કાચાં ઘરો હતાં ને લાકડાનાં ખોખાં હતાં, જેમાં દુકાનો ચાલતી. શેરીઓ આજે ઘણી ગિર્દીવાળી હતી. દુકાનો આજે સુંદર રીતે શણગારાયેલી હતી. અમે ટોળાં વચ્ચે થઈને ગામના મધ્યભાગમાં આવેલા વિશાળ ખેતર તરફ ગયા. અહીં દર સાંજે રામાયણના કોઈ એક ભાગનું રામલીલા રૂપે નાટક ભજવાતું હતું. વેચનારાઓએ કામચલાઉ સ્ટોલો ઊભા કરી દીધા હતા ને ધક્કામુક્કી કરતાં ટોળાંઓમાં તેઓ ઠંડાં પીણાં, મીઠાઈઓ ને ભાતભાતની વાનગીઓ વેચતા હતા. કેટલાક સાઈકલ પર ભેરવેલી ટ્રેઓ કે તાસકોમાંથી ને લારીઓમાંથી જલેબી-પેંડા ને ચટણીઓ—એવું બધું વેચતા હતા. ટોળાંની પાસે જ કેટલાક જોશીઓએ ને હસ્તરેખાશાસ્ત્રીઓએ પણ પોતાની દુકાનો માંડી હતી. તેઓ હાથમાં કાર્ડ રાખી કે જમીન પર આકૃતિઓ દોરી ગ્રાહકોને પોતાની તરફ આકર્ષતા હતા.

મારી પાસે વાપરવા માટે પુષ્કળ નાણાં હતાં. ભક્તજનોએ મારે ચરણે ધરેલી ભેટો ને નાણાંમાંથી હું એક તાળાવાળા કબાટમાં નાણાં એકઠાં કરતો. હિંદુઓમાં કેટલાક પંડિતો તો ઘણા ધનવાન બની ગયા હતા ને હું પણ કેવી ઝડપથી ને પ્રયત્ન વગર પૈસા પેદા કરી શકાય તે શીખતો હતો. નીચલી જ્ઞાતિઓના લોકો પાસેથી જ પંડિતોને વધુમાં વધુ નાણાં મળતાં હતાં. મારા એક ઓળખીતા પંડિત તો લૉટરીઓ જીતવા માટે 'ભાગ્યયોગ પૂજા' કરાવતા ને એમાંથી ઢગલાબંધ નાણાં મેળવતા હતા! જે ગરીબો તેમને નાણાં આપતા તે તો ગરીબ જ રહેતા પણ પેલા પંડિત શ્રીમંત થતા ગયા ને પોતાની યાંત્રિક શક્તિઓ સફળતા અપાવે છે તેના પુરાવા તરીકે પોતાની જાતને આગળ ધરતા.

હું તે સાંજે દર્શકોની સૌથી આગળની હરોળમાં બેઠો હતો. પંડિતજીએ લાંબો શંખ ફૂંક્યો ને ખુલ્લા મેદાનમાં ભજવાતા જાહેર સમારંભના આરંભનું સૂચન કર્યું ને આશીર્વાદ આપ્યા. બંને લશ્કરોના સૈનિકો મંચની બંને બાજુએ ઊભા હતા. અભિનેતાઓ ઉચ્ચ વર્ણના હિંદુઓ હતા. તેમણે રંગરંગી વસ્ત્રો પહેર્યાં હતાં.

ઢોલત્રાંસાંના ધૂમધડાકા વચ્ચે નૃત્ય કરતા કરતા તેઓ એકબીજા તરફ આગળ વધ્યા. દુષ્ટ રાવણે સીતાનું હરણ કર્યું હતું. સીતાનું પાત્ર એક દેખાવડા જુવાને લીધું હતું, કારણ, ત્યારે સ્ત્રીઓને નાટકોમાં ભાગ લેવાની છૂટ નહોતી. સીતાનું પાત્ર લેનાર જુવાને સુંદર રીતે સાડી પહેરી હતી. નાટકના 'હીરો' કપિરાજ હનુમાન હતા, તેમણે જ સીતાને કયાં કેદ રાખવામાં આવ્યાં છે તે શોધી કાઢ્યું હતું. રામ, તેમના ભાઈઓ ને હનુમાનની વાનરસેના રાવણ ને તેનાં દુષ્ટ લશ્કરો સામે યુદ્ધે ચડયા હતા. નગારાંના લડાયક રણનાદ સાથે ને પ્રેક્ષકોના બૂમબરાડા વચ્ચે રામનું સૈન્ય આગળ વધ્યું. દૃશ્ય કેવું ભવ્ય ને રોમાંચક હતું! મને તો એકેએક પળે મજા પડતી હતી; સ્કૂલમાં તો નજીવી વાતોમાં એકબીજાને ગાળો દેતા ને મુષ્ટિયુદ્ધમાં ઊતરી પડતા હિંદુ-મુસ્લિમો વચ્ચે શાંતિ સ્થાપનાર મહાત્મા ગાંધી થવાના વિચાર મને સ્કૂલમાં આવતા હતા તે વાત પણ હું વીસરી ગયો. "અહિંસા તો બધી કોમોનો ધર્મ છે," તેવી હું મારા હિંદુ વિદ્યાર્થીઓને શિખામણ આપતો ને તેમના ધાર્મિક નેતા તરીકે મને તેઓ ગણતા હોવાથી મારો ઉપદેશ સ્વીકારાતો. પણ આ રામલીલાની ઉજવણી વખતે હું ને મારા જેવા સેંકડો અહિંસાના ભક્તો રણક્ષેત્ર ઉપર રામ ને હનુમાનનાં પરાક્રમોને પ્રચંડ ઉત્સાહ સાથે બિરદાવતા હતા, ને સૈનિકો જેટલા વધુ હિંસક બનતા દેખાય તેટલી અમને વધુ મજા પડતી હતી.

મારી માતાએ મને આ મહાકાવ્યનો આધ્યાત્મિક સંદેશો સમજાવ્યો હતો. રામ શુભતાનું ને રાવણ દુષ્ટતાનું પ્રતીક છે. દરેક મનુષ્યના હૃદયમાં ભલાઈ ને ભૂંડાઈ વચ્ચે જે સનાતન લડાઈ ખેલાય છે તેને જ રામ-રાવણ વચ્ચેનું યુદ્ધ નિરૂપે છે. ઉત્સવના મિજાજમાં ને નગારાંના રણદુંદુભિમાં થોડાક સમય માટે હું એ વાત વીસરી ગયો હતો, પરંતુ શાંતિ, ચંદ્ર, આનંદ ને અમર સાથે મોડી રાતે ઘેર પાછા ફરતાં જ મારા પોતાના હૃદયમાં ભલાઈ ને ભૂંડાઈ વચ્ચે જે લડાઈ ચાલી રહી હતી તેનું મને ભાન થયું. જો બધાં જ એક હોય તો પછી ભલાઈ ને ભૂંડાઈ વચ્ચેની લડાઈને મારે શી રીતે જોવી? આનાથી હું મૂંઝાઈ ગયો. બ્રહ્મ જ એકમાત્ર વાસ્તવિકતા કે સનાતન સત્ય હતા. બીજી બધી વસ્તુઓ માત્ર ભ્રમણા હતી. તો તો પછી દુષ્ટ રાવણ પણ બ્રહ્મ હોવો જોઈએ, જેમ અવતારી પુરુષ રામ પણ બ્રહ્મનું જ રૂપ હતા. હું પણ હતો જ. મારી યોગની સમાધિઓમાં હું જ વિશ્વનો સ્વામી હતો, મારે કશી સમસ્યા નહોતી, કશી અશાંતિ નહોતી, કશી જ અચોક્કસતા પણ નહોતી. આ અનુભવ બહારના ચૈતન્યને ધ્યાનમાં ન હોઈએ ત્યારે પણ ટકાવી રાખવાની યુક્તિ શોધવાની હતી. પિતાજીએ જેવું કર્યું તેવું કરવામાં જ એટલે ભ્રમણાની દુનિયામાંથી સંપૂર્ણ રીતે પાછા હઠી જવામાં જ આશા રહેલી દેખાતી હતી. તો પછી હું કેવી રીતે ગુરુ બની શકું? કેવી રીતે બીજાંઓને શીખવી શકું?

રેવતીમાસીના સૌથી નાના છોકરાનું નામ અમર હતું. તે મારો ઉત્તમ વિદ્યાર્થી હતો. હું તેની વયે કેવો હતો, તેની તે મને યાદ અપાવતો, તેથી સ્વાભાવિક રીતે

જ તેના તરફ મને વધુ આકર્ષણ રહેતું. અત્યારથી જ તે પોતાની પૂજા કરતો હતો, સૂર્યને દર સવારે પાણીનો અર્ઘ્ય આપતો ને અસાધારણ ધાર્મિક ઉત્સાહનાં દર્શન કરાવતો હતો. હું તેને ધ્યાન-સમાધિની તાલીમ આપતો હતો, તેને કેટલાક ખાસ મંત્રો શીખવતો હતો ને બદલામાં તે મારી પ્રત્યે ઘણો આદરભાવ દેખાડતો.

* * *

"રવિ, હમણાં હમણાંથી તારી તબિયત બરોબર લાગતી નથી. મને તારી ચિંતા થાય છે!" હું સ્કૂલે જતાં પહેલાં દાદીમાની પાસે બેસવા ગયો ત્યારે તેમણે ગંભીર મુખમુદ્રા કરી જણાવ્યું.

"મને કશું થયું નથી. હું સ્વસ્થ છું." એટલું બોલતાં બોલતાંમાં તો મને એવી સખત ખાંસી ચઢી કે હું બેવડ વળી ગયો.

"રવિ, તારા કુમારમાસા ઇંગ્લૅન્ડ જાય તે પહેલાં તને ડૉક્ટર પાસે લઈ જશે."

"દાદીમા, મને કશું થયું નથી." શ્વાસ લેવાનાં ફાંફાં મારતાં મેં કહ્યું. હૃદય પાસેના છાતીના ભાગમાં મને સખત દુઃખાવો થતો હતો. "હું સાજો થઈ જઈશ."

"તને તો અઠવાડિયાથી ખાંસી થાય છે. દર રાતે હું તને ખાંસી ખાતો સાંભળું છું."

"કશું વાંધા જેવું નથી. દાદીમા, ખાંસી તો બધાંને થાય. તમને કેમ છે?" મને મારી જાતની શરમ લાગતી હતી, તેથી વાતનો વિષય બદલી નાંખતાં મેં કહ્યું. મને ડર હતો કે દાદીમાને ખરેખર સત્ય શું છે તેની શંકા પડશે. હું તો મહિનાઓથી છૂપી રીતે ધૂમ્રપાન કરતો હતો. જો દાદીમા, માસીઓ ને બધાં જાણી જાય તો સખત વિરોધ કરે તેની મને ખબર હતી, પણ હવે તે વ્યસન પરથી હું કાબૂ ગુમાવી બેઠો હતો. હું આમ તો ચુસ્ત શાકાહારી હતો, જો દુકાનમાં ચીઝ (પનીર) ખરીદવા જાઉં ને છરી સોસેજ (માંસની ભૂંગળા આકારની વાનગી) કે માંસ કાપવામાં વપરાઈ હોય તો ત્યાંથી ખરીદું જ નહિ. છતાં મારાં ફેફસાં ખરાબ થઈ રહ્યાં છે તેવી જાણ હોવા છતાં હું ધૂમ્રપાન અટકાવી શકતો નહોતો. ખેતરોમાં એકલો જઈને હું 'ચેઈન સ્મોકિંગ' કરતો—એક પછી એક સિગારેટ પીધે રાખતો. મારી આ ખાનગી ટેવની કોઈને ખબર ન પડે માટે મારે ઘણા પૈસા પાસે હોવા છતાં સિગારેટની ચોરી કરવી પડતી. આનાથી મારા અંતરાત્માને ઊંડો આઘાત થતો. ખરેખર, રામ ને રાવણ વચ્ચેનું યુદ્ધ તો મારા અંતરાત્માના રણક્ષેત્ર પર લડાઈ રહ્યું હતું ને પરિણામ પર કશી અસર પહોંચાડવા માટે હું લાચાર હતો. હનુમાનને મારી આજીજીભરી વિનંતીઓ છતાં અત્યારે તો રાવણની જીત થઈ રહી હતી.

પહેલી જ વાર, હું નિશાળે પહોંચ્યો ને "પંડિતજી, નમસ્કાર!" એવી હંમેશની રીતે મને આવકાર અપાયો ત્યારે મારી અંદર રહેલ ખાલીપો કે શૂન્યતાની મને

પ્રતીતિ થઈ. દાદીમા સાથે તો હું જૂઠું બોલ્યો હતો, તે તો ખરું જ, પરંતુ બીજું કશુંક મારા અંતરાત્માને પીડી રહ્યું હતું. તે સવારે જ હું એક દુઃખદાયક અનુભવમાંથી પસાર થયો હતો તેની એ લાગણી હતી.

હાથમાં પિત્તળનો લોટો લઈને હું ગાયમાતા પાસે ગયો હતો. લોટામાં શુદ્ધિ માટેનું પવિત્ર જળ હતું. મેં અમારી ગાયના માથા ઉપર 'હિબિસ્કસ'નો તાજો મોર ચડાવ્યો. હું દરરોજ તેમ કરતો હતો, ને પછી પ્રણામ કરવા નીચો નમ્યો ત્યારે એકાએક, ચેતવણીસૂચક ફૂંફાડા સાથે તે શ્યામ ને વિશાળ પશુએ પોતાનું માથું નીચે નમાવી, હુમલો કર્યો. હું પાછળ કૂદ્યો ને માંડમાંડ શિંગડાના પ્રહારથી બચી શક્યો. પૂજાનો લોટો ને પ્રાર્થનાની માળા મારા હાથમાંથી પડી ગયાં. હું પાછો ફરીને જીવ લઈને દોડ્યો ! મારી દેવી મારી પાછળ પડી હતી ! મારે સારે નસીબે મેં હજી ગાયને છોડી નહોતી. તેણે શિંગડાં તો વીંઝ્યાં ને દોડવાનો પ્રયત્ન કર્યો પણ ખીલા સાથે બંધાયેલી હોવાથી આગળ વધી ના શકી. ભરાયેલા શ્વાસે ને ગભરાઈ જઈને મેં ગાય તરફ જોયું. લોટો ને રુદ્રાક્ષમાળા કચડાઈ ગયાં હતાં ને પેલી મોટી ને ભૂખરી આંખો સખત તિરસ્કારથી મારી સામે જોતી હતી, તેનાં નસકોરાંમાંથી ઊના ઊના શ્વાસ નીકળતા હતા ને તે પગ વડે જમીન ખોતરતી હતી. મારા પર મારી દેવીનો હુમલો ! હું તો વર્ષોથી ખૂબ ભાવપૂર્વક દરરોજ તેની પૂજા કરતો રહ્યો હતો !

આ બનાવ બન્યાને બે કલાક પછી હું શાળામાં ગયો ત્યારે હજુ પણ અંદરથી ધ્રૂજતો હતો, ભયને કારણે નહિ પણ મૂંઝવણભર્યા દુઃખને કારણે. મને ભગવાન શિવ ને કાલિકા દેવીનો ડર લાગતો હતો, પરંતુ ગૌમાતા પ્રત્યે તો મને નિઃસીમ ભક્તિભાવ હતો. ગાયને ચરાવવામાં ને તેની ચાકરી કરવામાં મને અપાર આનંદ થતો હતો. હું ગાય ને બીજાં બધાં પ્રાણીઓ પ્રત્યે અત્યંત કરુણા ને માયાથી વર્તતો હતો. હવે તે પણ દેવત્વ ભૂલી મારા પર હુમલો કરે ? આ પ્રશ્ન દિવસોના દિવસો સુધી મારા મનમાં ઘોળાતો રહ્યો. ગોપાળદાદા પાસે પણ આનો કશો ઉત્તર નહોતો.

# ૭. શિવજી અને હું

ત્રીસીનાં શરૂઆતનાં વર્ષોમાં દાદાજીએ ટાપુ ઉપરના શ્રેષ્ઠ ફોટોગ્રાફરને પોતાનો ફોટો પાડવા બોલાવ્યો હતો. દાદાજીને ખુશ કરવામાં તેને ઘણી મુશ્કેલી પડી, એટલે તેણે પણ ઠીકઠીક નાણાં પડાવ્યાં. દાદાજી દૂરદૂર સુધી તીક્ષ્ણ દષ્ટિથી જોતા હોય તેવો ફોટો તેણે પાડયો હતો. એ ફોટાને એક મોટી ને મોંઘી ફ્રેઈમમાં જડાવીને, બેઠકખંડમાં મોખરાની જગ્યાએ ટાંગવામાં આવ્યો હતો. એ ખંડમાં થઈને જ બીજા બધા ઓરડાઓમાં જઈ શકાતું, ને તેમાં દાખલ થતાં જ દાદાજીની એ ભવ્ય આકૃતિ દર્શાવતા ફોટા પર અચૂક નજર પડતી. જ્યાં જઈએ ત્યાં એમની તીક્ષ્ણ દષ્ટિ આપણો પીછો કરતી હોય તેવું લાગતું. કોઈક અજાણ્યા મૂળસ્થાનમાંથી મેળવેલાં નાણાં વડે તેમણે આ ઘર બાંધ્યું હતું. તેમાં શું શું ચાલે છે એ જાણે તેમની ચકોર આંખો જોયા કરતી. એ આંખો સામે જોતાં મને ડર લાગતો ને જાણે મારી પાછળ પાછળ ભમ્યા કરતી.

ભગવાન વિશે પણ એવું જ હતું. તેમનો પણ મને ભારે ડર લાગતો હતો, ને તેમને પ્રસન્ન કરવા હું તેમની વધુમાં વધુ પૂજા કરતો. પણ દાદાજીના આત્માને કેમે કર્યા ખુશ કરી શકાતો નહોતો. વિચિત્ર દોડાદોડથી કે ભારેખમ પગલાંના અવાજથી જેની સાથે કાયમ કોઈક વિચિત્ર દુર્ગંધ પણ આવતી, ને કબાટમાંથી કે ટેબલ પર ફેંકાતી વસ્તુઓથી (કિટલીકવાર અમારી મૂંઝાઈ જતી આંખો સામે તેવું બનતું) અમે ગભરાટ અનુભવ્યા કરતા.

ભગવાન શિવજીને સંતોષ આપવાના મારા પ્રયત્નો છતાં હું તેમને રાજી કરી શકતો નથી તેવું મને લાગ્યા કરતું. સંહારક તરીકે ઓળખાતા આ ભયાવહ દેવને હું મંત્રો, ક્રિયાકાંડો ને પૂજા દ્વારા પ્રસન્ન કરવાના પ્રયત્નો કરતો, પરંતુ તેમની સાથેના મારા સંબંધમાં હું કશી શાંતિ અનુભવી શકતો નહિ. ઊંડા ધ્યાનમાં ઘણીવાર હું શિવજી સાથે બીજી દુનિયામાં જઈ ચડતો ત્યારે પણ તેમની રીત કે પદ્ધતિ મને ડરાવનારી લાગતી. એક દિવસ હું મારાં માસી સુમિત્રાના વાડામાં થઈને દોડતો હતો ત્યારે મારા ઉઘાડા પગમાં ખીલી પેસી ગઈ. ઈજાને કારણે મને તાવ જેવું લાગતું હતું ને હું પથારીમાં સૂતો હતો ત્યારે ભગવાન શિવે જ એ ખીલી ત્યાં મૂકી હશે કે મારો પગ તેના ઉપર પડે એવી લાગણીમાંથી હું મુક્ત થઈ શકતો નહોતો. આવી લાગણીને તો માત્ર વહેમ જ કહી શકાય તેમ માની હું તેમાંથી છૂટવા માગતો હતો. પરંતુ મેં જ્યારે મારા મસિયાઈભાઈ કૃષ્ણરાજ સાથે આ અંગે વાત કરી ત્યારે તેણે પણ પોતાને આવી લાગણી થતી હોવાનું જણાવ્યું. એક મોડી રાતે તે અભ્યાસ કરતો હતો ત્યારે કોઈ અદૃશ્ય હાથે તેને એવી સખત લપડાક મારી હતી કે તે જમીન પર ગબડી પડયો હતો. બીજે દિવસે સવારે અમે બધાંએ તેના

મોં ઉપર તમાચાની છાપ જોઈ હતી. એક બાજી રાતે અદશ્ય હાથોએ પથારીમાં તેનું ગળું દબાવવા કોશિશ કરી હતી. મારા પર પણ આવા હુમલા થયા હતા. અમારી સાથે કેમ આવું બને છે તે અમે સમજી શકતા નહોતા. ગોપાળદાદા પણ કશી મદદ કરી શકતા નહિ. તે આવી વાતો વિશે ચર્ચા કરવા તૈયાર નહોતા ને હું તેનું કારણ જાણતો હતો.

આ રહસ્યમય શારીરિક હુમલાઓને કારણે ને દાદાજીનો આત્મા અમારો પીછો કરતો હતો તેથી અમે બધા હતાશ થઈ ગયા હતા. સપાટી ઉપર તો શાંતિ હતી, પણ અંદરખાને તંગદિલી પ્રવર્તતી હતી અને તેની અમારા પારસ્પરિક સંબંધો પર પણ અસર પડતી હતી. મારા ને રેવતીમાસીના સંબંધમાં ખાસ આવું લાગતું હતું. અમે બંને એકમેકની ખૂબ નિકટ હતાં છતાં હવે અમારી વચ્ચે સુમેળ નહોતો ને કેટલીક વાર તો અમે કૌટુંબિક પૂજા દરમ્યાન પણ ઝગડી પડતાં. મારી માતા તો છેલ્લાં છ વર્ષથી ભારતમાં હતી, ને માસીનાં બીજાં બાળકોની જેમ મારી સાથે થતો વર્તાવ મારાથી સહન થઈ શકતો ન હતો. માસીબાનો ચહેરો ગોળમટોળ ને તેમનું હાસ્ય ખુલ્લા દિલનું હતું પણ તે અસ્થાયી સ્વભાવનાં હતાં. તેમનો 'મૂડ' તેમની પાસે 'અંતિમ છેડાનું' વર્તન કરાવતો. થોડીવાર પહેલાં તો તે પોતાનાં બાળકોને મીઠાઈ ખવડાવતાં હોય ને થોડીવાર પછી ઝૂડતાં હોય. આમ તો તેમનું વ્યક્તિત્વ ખુશ-મિજાજ હતું, જેને પરિણામે તેમને ઘણા મિત્રો હતા, પણ અંદરખાને તે ઘણી દુ:ખી વ્યક્તિ હતાં. તેનું કારણ પણ હતું જ. તેમનાથી વિમુખ થયેલા પતિને હાથે તેમને ઘણું વેઠવું પડયું હતું. હું અનુમાન કરતો કે પૂર્વજન્મમાં તે પુરુષ ને પત્નીને મારનાર હોવા જોઈએ, ને એવાં કર્મોના ફળરૂપે આ જીવનમાં તેમને એવા જ અનુભવોમાંથી પસાર થવું પડતું હતું.

હું નાનો હતો ત્યારે રેવતીમાસી ઘરનાં ધાર્મિક આગેવાન હતાં, પણ હવે તો અમે બંને આધ્યાત્મિક અધિકારનો દાવો કરતાં હતાં. આથી તો અમારી બંનેની વચ્ચે તંગદિલી વધતી જતી હતી, ને હું મોટો થતો ગયો તેમ અમારી બંનેની વચ્ચે ઈર્ષ્યાનો ભાવ પણ વધ્યો હતો તેવી મને શંકા પડતી હતી. તે પ્રાર્થનાખંડમાં પૂજા કરવામાં, ધ્યાનમાં, સૂર્ય નમસ્કારમાં ને ગાયપૂજનમાં કલાકોના કલાકો ગાળતાં ને તેથી તેમને કૌટુંબિક જવાબદારીઓ અદા કરવામાં મુશ્કેલી પડતી. આથી તે હેરાન થતાં ને તે પોતાની ચીડ બાકીનાં બધાં ઉપર ને ખાસ કરીને મારા ઉપર ઉતારતાં ને હું તો પોતાને ઊંચું તેડું મળ્યું છે તેમ માનતો હોવાથી ઘરનાં કામ-કાજમાં મને ભાગીદાર બનાવવાના તેમના પ્રયત્નોનો હું વિરોધ કરતો. મારી ધાર્મિક ફરજોને બદલે બીજાઓ કરી શકે તેવાં ઘરકામ કરવાનું, મારે મતે મારે માટે યોગ્ય નહોતું. એક જ કામ બસ મને ગમતું, તે તો ગાયને ચરાવવાનું હતું. આ પવિત્ર પ્રાણીને ચસવવાનું કામ તો સુકર્મોમાં વૃદ્ધિ કરાવનારું હતું તેથી મને તે ગમતું.

પણ ગાયે મારા પર હુમલો કર્યો હોવાથી હવે તો તે માટેનો મારો ઉત્સાહ મોળો પડી ગયો હતો. ગાયની મારી પૂજા પણ અટકી ગઈ હતી.

ધ્યાનથી મને ઉચ્ચ આનંદની જે અનુભૂતિ થતી હતી તે પણ મારાં માસી મારા ઉપર આળસુ હોવાનો આક્ષેપ મૂકતાં કે ઘરનાં કામકાજ પ્રત્યે બેદરકાર હોવાની ટીકા કરતાં કે તરત જ પેલી દિવ્ય સ્થિતિ સહેલાઈથી નાશ પામતી. તેથી મને ઊંડું દુઃખ થતું. હું આમ તો શાંત સ્વભાવનો છું, પણ આવા પ્રસંગોએ મારો ગુસ્સો ભભૂકી ઊઠતો ને હું મારા બચાવમાં કટુ ભાષાનો ઉપયોગ કરતો. કેટલીક વાર તો મને દાદાજીનો ક્રોધી આત્મા મારો કબ્જો લઈ લેતો હોય તેવી શંકા પડતી. એવા પ્રસંગો પણ બનતા કે જયારે હું તેમના જેવું જ વર્તન કરી બેસતો. કાંટાળા કોઈ છોડની ચાબુક બનાવી હું વરંડાના કૉંક્રિટના થાંભલાઓને થાકી જાઉં ત્યાં સુધી ફટકારતો ને પછી વેળાયેલા સિમેન્ટના થાંભલા પર લાલ-પીળા લીટાઓને તાકી રહેતો ને પછી મારામાં શું થઈ જાય છે તેના વિચાર કરતો. એકવાર તો દાદાજીનો જૂના ચામડાનો પટો લઈને, દાદાજી જેમ ઘરનાં બધાંને ઝૂડી નાખતા, તેમ મેં મારી નાની મસિયાઈ બહેનોને ફટકારી. પછી ભારે મૂંઝવણ ને શરમનો મને અનુભવ થયો. દાદાજીના બેફામ ક્રોધની યાદ અપાવે તેવો એ કિસ્સો હતો. આવા કોઈ પ્રસંગો પછી જો હું દાદાજીના ફોટા સામે જોવાનો પ્રયત્ન કરતો તો ફોટામાંની આંખો મારી સામે હસતી હોય તેવું મને લાગતું જાણે કે તે આંખો કશું રહસ્ય ના જાણતી હોય! હું ધ્રુજી જતો ને ઝડપથી ત્યાંથી ખસી જતો, પરંતુ એ પ્રસંગની યાદ મારી સાથે રહેતી. પોતાનાં માત્ર પગલાંથી જ નહિ, પરંતુ મારા દ્વારા પણ દાદાજી અમારો પીછો કરતા હતા. તેમના મૃત્યુ પછી શા માટે કુટુંબના સૌથી ધાર્મિક સભ્ય એવા મારે તેમના આત્માનું માધ્યમ બની કુટુંબના સભ્યોની પજવણી કરવી જોઈએ? હું જેમાં વિશ્વાસ કરતો હતો તેવી બધી જ બાબતો તેમાં સંડોવાયેલી હોવાથી હું આ પ્રશ્નનો સામનો કરી શકતો ન હતો.

આવા બનાવોને ભૂલી જવા માટે હું જાણે કે ધાર્મિક ઉત્સવો માટે જીવતો. જ્યાં મિત્રો ને સગાંઓ એકઠાં થયાં હોય તેવા મંદિરના, અમારા ઘરના કે ખાનગી ધાર્મિક સમારંભોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતો. ત્યાં હું બધાંના ધ્યાનનું કેન્દ્ર બની જતો. બધાં મને માન આપતાં. મને શ્રોતાગણ વચ્ચે ફરવાનું, ભક્તજનો ઉપર પવિત્ર જળનો છંટકાવ કરવાનું ને બધાંના કપાળ ઉપર ચંદનનાં તિલક કરવાનું ઘણું ગમતું. પિત્તળની તાસક લાલ, વાદળી ને લીલા રંગની જુદી જુદી નોટોથી ભરાઈ જાય-તે મને નાણાંનાં ફૂલની ગૂંથેલી કલગી જેવી લાગતી-ત્યારે તે ઊંચકવામાં પણ મને મજા પડતી. સૌથી વધુ તો, પ્રાર્થના કે પૂજાનો અધિકૃત વિધિ કરાવનાર પંડિતને પૂજાઘર પાસે બેસી પ્રશંસાભરપૂર આંખોનું કેન્દ્ર બની જવાનું મને અત્યંત પ્રિય હતું. આવા પ્રસંગોએ મારા ગળામાં નંખાયેલા ફૂલહારોની સુગંધથી મારું મન તરબતર

થઈ જતું ! પૂજા પૂરી થયા પછી ભાવિકજનો મારા ચરણ પાસે નીચા નમી પોતાની ભેટસોગાદો મૂકી જતા.

જો કે ધ્યાન દ્વારા પ્રાપ્ત થયેલી શાંતિ બહુ સરળતાથી મને છોડી જતી, પરંતુ યોગની મારી સાધનાથી મેં વિકસાવેલાં ને જાગૃત કરેલાં ગૂઢ છતાં ચમત્કારિક પરિબળો ટકી રહેતાં ને જાહેરમાં પ્રગટ પણ થતાં. આવાં દિવ્ય બળોની જાહેરાત વગર મારા અનુયાયીઓની સંખ્યા કદી વધશે નહિ તેવું હું જાણતો હોવાથી આવાં દૈવી બળોની વૃદ્ધિ મને ગમતી. ઘણીવાર જેઓ મને નમસ્કાર કરતાં તેમનાં માથે હું આશીર્વાદપૂર્વક હાથ લગાડતો ત્યારે તેઓ કશા ઉજાસ ને આંતરિક અજવાળાનો અનુભવ કરતાં. મારી વય હજી તો માંડ તેર વર્ષની હતી છતાં હું ગુરુઓમાં જાણીતા એવા શક્તિપાતની વ્યવસ્થા કરતો, જે મારા તેડાનો એક ખાતરીદાયક પુરાવો હતો. શકિત એ કાલિમાતાનું એક સ્વરૂપ છે. શિવપત્ની કાલિકા એ દેવીમાતા છે, જે રુધિરપાન કરે છે ને વિશ્વના હાર્દમાં રહેલો આદિમ બળોની વહેંચણી કરે છે. તેની આ શકિતનું ઝરણું ને માધ્યમ બનવામાં ભારે ઉત્તેજના અનુભવતો.

એક વાર હું ઊંડા ધ્યાનમાં મગ્ન હતો ત્યારે દેવો મને દેખાયા ને તેમણે મારી સાથે વાત કરી. કેટલીક વાર તો અપાર્થિવ ખેંચાણ વડે હું દૂરદૂરના ગ્રહો ને બીજી દુનિયાઓમાં જઈ પહોંચ્યો હોઉં તેવું મને થતું. વર્ષો પછી હું શીખવાનો હતો કે એલ. એસ. ડી. (કેફી દ્રવ્ય) અને વશીકરણવિદ્યાની અસર નીચે પ્રયોગશાળાઓમાં પરામનોવિજ્ઞાનીઓ આવા અનુભવો કરાવી શકે છે. મારી આવી યોગવિષયક સમાધિઓમાં હું સંહારના દેવ શિવજીના ચરણકમળ પાસે એકલો ને ગભરાટભર્યો બેસતો. તેમના ગળાની આસપાસ રહેતો વિશાળ નાગ મારી સામે ફૂંફાડા મારતો ને પોતાની જિહ્વા ભયજનક રીતે લંબાવતો. મોટા ભાગના દેવો સાચા લાગતા, તે સાન્તાકલોઝ જેવા ખ્રિસ્તી દેવ જેવા માત્ર કપોળકલ્પિત ન હતા.

* * *

દાદાજીના સૌથી મોટા દીકરા ને મારા મામા દેવનારાયણ ઇંગ્લૅન્ડથી પાછા ફર્યા તે દિવસ અમારે માટે ઘણો આનંદજનક હતો. તે લંડન યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયા હતા. કુમારમાસા થોડા સમય પહેલાં જ ઇંગ્લેન્ડ ગયા હતા, ને કુટુંબ પરની રેવતીમાસીની સ્ત્રીપ્રધાન ને સત્તાવાહી પકડ મજબૂત બની હતી હવે દેવનારાયણમામા પાછા ફર્યા હોવાથી ફરી પાછા કુટુંબના મુખ્ય સ્થાને એક પુરુષ બિરાજવાનો હતો. દેવનારાયણમામા મારે માટે પિતાતુલ્ય હતા. કદાચ, તેમના પાછા આવવાથી માતાને પણ પાછા ફરવાનું મન થાય. દર બે-ત્રણ મહિને માતાના પત્રો આવતા પણ હવે તે પત્રોમાં 'આવતે વર્ષે' પાછા આવવાની વાત દેખાતી નહોતી !

ઘેર પાછા ફર્યાના થોડા દિવસ પછી મામાએ મને ઉત્સાહપૂર્વક કહ્યું, "રવિ, મેં હમણાં જ નવી કાર ખરીદી છે, તું તેને આશીર્વાદ આપે તેવી મારી ઇચ્છા છે.

તારા આશીર્વાદ વગર હું તેને ચલાવવા માંગતો નથી." મેં સ્મિત કર્યું. તે કદાચ હિંદુધર્મનો ત્યાગ કરીને ઇંગ્લૅન્ડથી આવશે તેવો મને ડર હતો. દેવનારાયણને વર્ષોથી ધર્મમાં ઘણો ઓછો રસ હતો, પણ હવે તે ચુસ્ત હિંદુ બની ગયા હોય તેવું લાગતું હતું. મેં કહ્યું, "એક મિનિટ થોભો. મારે થોડી વસ્તુઓની જરૂર છે. હું અબઘડી આવ્યો."

મેં કારને સંપૂર્ણ આશીર્વાદ આપ્યા. મેં દુષ્ટાત્માને હાંકી કાઢયા ને સૌથી બળવાન દેવોના આશીર્વાદ માટે આગ્રહપૂર્વક માગણી કરી. મામાએ મને દક્ષિણામાં સારી એવી રકમ આપી, જો કે મેં તેનો વિરોધ કર્યો હતો. છેવટે તો બ્રાહ્મણને ભેટ ધરવાથી તો માણસને પુણ્યલાભ થાય છે એમ સમજી મેં આનાકાની છતાં તેનો સ્વીકાર કર્યો.

હું ને દેવનારાયણમામા એકવાર દાદીમા પાસે બેઠા હતા. તેમણે કહ્યું, "રવિ, તારે હાઈસ્કૂલમાં જવું જ જોઈએ." મહાવીર ગામની શાળામાંનું મારું શિક્ષણ પૂરું થવા આવ્યું હતું ને મેં દુર્ગાગામમાંના મંદિરે કે પોર્ટ ઓવ્ સ્પેનના મોટા મંદિરે જવાની ઈચ્છા પ્રદર્શિત કરી હતી.

"રવિ, તારે ઉચ્ચ શિક્ષણ મેળવવું જ જોઈએ," મામાએ કહ્યું. દાદીમાએ હકારમાં માથું હલાવ્યું.

"તારે યુનિવર્સિટીનું શિક્ષણ પણ લેવું જોઈએ. વિચારોની આપ-લે માટે તે જરૂરી છે. તું ગમે તેટલો જ્ઞાની હોય છતાં તું બીજાને તારા વિચારો સ્પષ્ટ રીતે સમજાવ્યા વગર સારો પંડિત કે ગુરુ કેવી રીતે બની શકે? વેદોના નખશિખ જ્ઞાન ઉપરાંત સામાન્ય જ્ઞાન પણ એટલું જ અગત્યનું છે."

"હા, તમારી વાત સાચી હશે," મેં મનમાં થોડા વિરોધ સાથે સ્વીકાર્યું. મારું માથું નિરાશામાં ઝૂકી ગયું. નિશાળમાંના સંતાપમાંથી તો હું છૂટવા માંગતો હતો, પણ મામાની વાતમાં જે તથ્ય હતું તે સ્વીકાર્યા વિના છૂટકો નહોતો. મારા મસિયાઈ-ભાઈ કૃષ્ણરાજ દક્ષિણની એક હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા, તે સ્કૂલની પ્રવેશ-પરીક્ષામાં બેસવાનો મેં નિર્ણય કર્યો. હું ત્યાં રામચંદ્રકાકા સાથે રહી શકું. મને તેમના પ્રત્યે માન હતું. તેમનું ઘર હાઈસ્કૂલની પાસે જ હતું.

* * *

"રવિભાઈ આવ્યા! રવિભાઈ આવ્યા!" મારાં કાકીએ મને દૂરથી જ જોઈને આવકારસૂચક ઉદ્ગાર કાઢયા.

મારા હાથમાં નાની સૂટકેસ હતી. ગરમી ને બાફથી હું પરસેવે રેબઝેબ થઇ ગયો હતો. હું બસ ડેપોથી મારા કાકા રામચંદ્રજીના ઘેર ચાલીને આવ્યો હતો. તેમનું ઘર ટાપુના દક્ષિણ ભાગમાં હતું. કેટલીક વાર અહીં હું આવી ગયો હતો, ને મને

મજા પડી હતી. મારાં દયાકાકી ખૂબ મજામાં છતાં ઝટ ઉશ્કેરાઈ જાય તેવી વ્યક્તિ હતાં. મને દૂરથી જોતાં જ તીણે અવાજે તેમણે મને આવકાર આપ્યો હતો. પણ દર વખત કરતાં આ વખતના તેમના આવકારમાં મને થોડોક ગભરાટ કે ધ્રાસકો દેખાયો. થોડી જ ક્ષણોમાં મને કારણની પણ ખબર પડી ગઈ. હું ઘરમાં પ્રવેશ્યો કે તરત જ બકરાના માંસની અકળાવી મૂકનારી ગંધે મારાં નસકોરાં પર હુમલો કર્યો. તેઓ માંસાહાર કરતાં હશે તેનો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. કેવું આઘાતજનક ભ્રમનિવારણ!

"અરે! અમને તો ખબર જ નહોતી કે તું આજે આવવાનો છે!" પોતાની મૂંઝવણ છુપાવતા રામચંદ્રકાકાને શબ્દો શોધવામાં મુશ્કેલી પડતી હતી.

"હું તમને બધાંને આશ્ચર્યમાં નાખી દેવા માગતો હતો," મેં શાંતિથી ઉત્તર આપ્યો. તેમના ઉદ્વેગની ખબર પડી જવાથી મારે કયાં ધ્યાન આપવું તેની મને સૂઝ પડતી નહોતી. લ્યાનત હો! બ્રાહ્મણ માંસાહાર કરે! સારા ને ધાર્મિક બ્રાહ્મણ માંસાહારી બને!

મારા કાકાએ મને સામાન્ય વાતચીતમાં રોકી રાખવા દાદીમાની તબિયત ને બીજા કુટુંબીજનો વિશે સમાચાર પૂછવા માંડયા. મારા જવાબો ઠંડા હતા. હું મારી નાખુશી છુપાવવાનો કશો પ્રયત્ન કરતો ન હતો. છેવટે વાતચીત બંધ થઈ ગઈ. હું શું વિચારું છું તે જાણીને કાકાએ પોતાને ન્યાયી ઠરાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું, "રવિ, તને ખબર છે કે ખ્રિસ્તીઓ શા માટે માંસાહાર કરે છે?"

આ સવાલ મને વિચિત્ર લાગ્યો. ગૌમાતા સામેના પોતાના અપરાધ માટે ખ્રિસ્તીઓ ગમે તે બહાનાં બતાવતા હોય તેનો શો અર્થ? આમ અચાનક આવવાનું મેં નક્કી ન કર્યું હોત તો કેટલું સારું થાત?

"ઈશ્વરે મોટી ચાદર જેવી વસ્તુને આકાશમાંથી ઉતારી. તેમાં પૃથ્વી પરનાં બધાં પ્રાણીઓ હતાં....."

"તમને આવું કયાંથી મળ્યું?" મેં પૂછ્યું. "એ તો બાઈબલમાં છે. ખ્રિસ્તીઓના ગ્રંથમાં છે." "શું તમે એવું કહેવા માગો છો કે તમે તે વાંચો પણ છો?"

"હું જાતે તે વાંચતો નથી, પણ બીજાંઓ પાસેથી તે વિશે સાંભળું છું."

"હા, તો તે મોટી ચાદરનું થયું શું?" હું ગુસ્સે થતો હતો. મારી મતિ બહેર મારી જતી હતી. આ પુસ્તક માટે જ દાદાજીએ દાદીમાને પગથિયાં પરથી ધક્કો મારી નીચે ગબડાવી પાડયાં હતાં. ખ્રિસ્તીઓ ગૌમાંસ ખાનારાં છે. તેમનું પુસ્તક! ને આ કોણ પિતાજીના ભાઈ બોલે છે?

"એ ચાદરમાં બધી જાતનાં પ્રાણીઓ હતાં. ને તને ખબર છે કે ઈશ્વરે પીતરને શું કહ્યું? કહ્યું કે, 'ઊઠ પીતર, મારીને ખા.'" કાકાના ચહેરા પર વિજયનું સ્મિત

હતું. જાણે કે પોતાના ઘરમાં આચરવામાં આવેલ હિંસા ને મૃત્યુનો તે પૂરેપૂરો બચાવ કરવા માંગતા હતા.

"કદાચ, એમ હશે. પણ તેણે તમને કહ્યું ન હતું !" મેં કટુતાથી કહ્યું.

"પણ અમે તો કાલિકામાતાને નામે કરીએ છીએ," રામચંદ્રે કહ્યું. "કલકત્તાના પ્રખ્યાત કાલી--મંદિરમાં પૂજારીઓ રોજ સોળ બકરાનો બલિ ચડાવે છે !" મારાં કાકી તો જાણે મારા ક્રોધથી બચવા રસોડામાં જતાં રહ્યાં હતાં. ત્યાંથી તેમણે સંમતિ દર્શાવવા માથું હલાવ્યું.

"પણ બ્રાહ્મણો માંસ ખાતા નથી !" મેં કડકાઈથી તેમને યાદ અપાવી.

મેં તે આખો દિવસ તેમના ઘરમાં કશી ખાવાની વસ્તુને હાથ પણ અડાડયો નહિ. માંસની દુર્ગંધે આખા ઘરને ભ્રષ્ટ કર્યું હતું. મારા વિધિપાલનને કારણે તો લોકો મને આદર આપતા હતા, ને હું મારા સિદ્ધાંતોને માન આપતો હતો. મારે ઘેર તો મારી પ્લેટ ને વાસણો પણ જુદાં રાખવામાં આવતાં, અરે, મારો તકિયો ને ચાદરો પણ જુદાં હતાં !—ને તેમને અડકવાની પણ કોઈ હિંમત કરતું નહિ. જેમાં ઈંડાં હોય એવી બ્રેડ કે કેક પણ હું ખાતો નહિ. કાકાજીને આ વાતની ખબર જ હતી. ભૂતકાળમાં અમે ઘણીવાર તે વિશે ચર્ચા કરી હતી. હવે થોડાં અણ-ઘડ વાકયો સિવાય અમારા વચ્ચે બેચેનીભરી શાંતિ પ્રવર્તી રહી. મારાં કાકી પણ દૂરનાં દૂર જ રહ્યાં ને મારાં પિતરાઈઓ પણ. છેવટે મારા કાકાએ સૂચન કર્યું કે, "ચાલો, આપણે બંદર ઉપર ગઈકાલે જ આવેલા ડચ તેલવાહક જહાજને જોવા જઈએ." મેં હા પાડી. હું ગમે તેમ કરી પેલી દુર્ગંધથી દૂર જવા માંગતો હતો.

ડચ વહાણ ખરેખર સુંદર હતું. તે ચમકદાર ને લાંબું હતું. મેં જોયેલાં બધાં ટેન્કરો કરતાં મોટું હતું. તે કિનારાથી થોડેક દૂર હતું. નૌકાઓ તેની પાસે જતી ને કિનારે આવતી. વિશાળ પાઈપો વડે કાળું સોનું (ખનિજ તેલ) રીતસર જાણે વહેવડાવવામાં આવતું હતું. અમારી પાસેના ડક્કા પાસે એક માલવાહક જહાજમાંથી માલ ઉતારવામાં આવતો હતો. ભારે વજન ઊંચકનારાં ઊંટિયાં મોટી ચીસો પાડતાં હતાં. વહાણમાં માલ ચડાવવા-ઉતારવાનું કામ કરનારાનાં લગભગ ઉઘાડાં શરીરો પરથી પરસેવાના રેલા ચાલતા હતા. મને હમેશાં બંદર ઉપર મજા પડતી. ત્યાંના કામની ધાંધલ-ધમાલથી મારા શરીરમાં પણ ઉત્તેજનાની લહેરો ફૂટતી ને વહાણો પરનાં અજાણ્યાં નામો દૂરદૂરના, ચિત્રવિચિત્ર દેશો જોવા માટે મને લગભગ ટળવળાવી મૂકે તેવી રીતે ત્યાં જવાનાં આમંત્રણો આપતાં. કાકા રામચંદ્રને પણ બંદર પ્રત્યે પ્રેમ હતો. અમારી વચ્ચેની તંગદિલી ઘટતી ગઈ ને પાનખર ઋતુમાં પાસેની સ્કૂલમાં જવાની મારી યોજના વિશે અમે હળવાશપૂર્વક ચર્ચા કરવા લાગ્યા. કાકાજીને આનંદ થયો. તેમણે કહ્યું કે "તેં યોગ્ય નિર્ણય કર્યો છે. તારા પિતાજીને પણ આ વાત ગમી હોત. અમને પણ તારી સાથે વખતોવખત મળવાનું ગમશે."

"પણ આ વહાણ ઉપર કેમ કોઈ કામ કરતું દેખાતું નથી?" મેં પૂછ્યું. અમે એક માલવાહક સ્ટીમરના તોતિંગ ખોખા પાસેથી પસાર થતા હતા. સ્ટીમર પર કોઈ માણસ નહોતું.

"આ તો વિચિત્ર વાત કહેવાય!" મારા કાકાએ વિચાર કરતાં કહ્યું. તે કાળજી-પૂર્વક સ્ટીમર સામે જોતા હતા.

"આ તો જુઓ!" મેં આશ્ચર્ય પામી કહ્યું. કિનારાની ધારે આવેલા એક થાંભલા સાથે લટકતા એક વજનદાર દોરડાને ઊંચકતાં મેં કહ્યું. મેં તેને જોરથી પકડયું. એ તો કેટલાય ટન વજન ઊંચકે તેવું મજબૂત હતું, "જુઓ, હું ટારઝનની જેમ શું કરી શકું છું?" હું ઝડપથી દોડયોને દોરડાને પકડીને મેં હવામાં કૂદકો માર્યો. હું ડક્કાની ઉપર આમતેમ મોટા હિંચકા ખાવા લાગ્યો. મારા કાકાને પણ આ દૃશ્ય જોવામાં મજા પડતી હતી. હું ઊંચે ઝૂલતો હતો ત્યાં જ કોઈએ જાણે છરીથી કાપી નાખ્યું હોય તેમ દોરડું થાંભલાથી છૂટી ગયું.

"રવિ, સાચવ દીકરા!" શું બની રહ્યું છે તે સમજાય તે પહેલાં મને કાકાજીની બૂમ સંભળાઈ. હું નીચે પડતો જતો હતો. ગભરાઈ જઈને મેં જોયું કે વહાણ અને ડક્કા વચ્ચેની સાંકડી જગ્યામાં હું પડતો હતો. મારા ધ્રૂજતા હાથ વડે મેં ધક્કાનો કિનારો પકડી લીધો ને અર્ધબેશુદ્ધ બની જઈને હું જોખમી રીતે પાળીને પકડીને લટકી રહ્યો. એક હાથ વડે મને પકડી લઈને કાકાજીએ એક ઝાટકે ઉપર સલામત સ્થળે ખેંચી લીધો, બરોબર તે જ વખતે પાણીની ધીમી ગતિએ ખસતું વહાણ ડક્કા સાથે ધડ દઈ પછડાયું.

"દીકરા, તારાથી આવી રમત થાય નહિ. તું નસીબદાર કે બચી ગયો!" હું વહાણ ને ડક્કાની પાળ વચ્ચે કદાચ કચડાઈ ગયો હોત. કાકાના હોઠ ધ્રૂજતા હતા ને તેમના મોં પરથી રંગ ઊડી ગયો હતો.

હું એટલો બધો અશક્ત બની ગયો હતો કે ઊભો રહી શકતો નહોતો. અમે બન્નેએ દિઙ્મૂઢ બની જઈને ડક્કા પર સર્પાકારે પડેલા દોરડા તરફ ને અમારા માથા પરના થાંભલા તરફ જોયા કર્યું. કોઈ ખુલાસો દેખાતો ન હતો. દોરડું આમ તો બરોબર ને મજબૂત રીતે બાંધેલું હતું, છતાં જાણે કોઈ અદૃશ્ય હાથે તેને એકદમ છોડી નાખ્યું હતું. મારી છાતીમાં-પાંસળીઓમાં—ઠંડીનું એક લખલખું આવી ગયું. બીજી જ પળે મારામાં સંસ્મરણોનાં કંઈ જાણે પૂર ઊમટી રહ્યાં. મને કોઈ અદૃશ્ય હાથોએ વેગથી મારા ઉપર ધસી આવતી હેવી ટ્રક (ખટારો) આગળથી ધક્કો મારી ફંગોળી દીધો હતો. એવી જ એક બપોરે કોઈ અદૃશ્ય બળે એક ભારે રોલર આગળ મારો પગ એવી રીતે જકડી દીધો હતો કે હું પગને પાછો ખેંચી શકયો ન હતો. મારા પગની આંગળીઓ કચડાઈ ગઈ હતી. આવા 'અકસ્માતો' મને યાદ આવતા

રહ્યા. હવે બેજવાબદારીપૂર્વક છોડી દેવાયેલા પેલા વિચિત્ર વહાણની છાયામાં મને ભગવાન શિવની ભયજનક હાજરી વર્તાવા લાગી. મને લાગ્યું કે મારે આ દેવનિંદા કરનાર વિચારનો ઝડપથી ત્યાગ કરવો જોઈએ, નહિ તો શિવનો ક્રોધ તો જગજાહેર છે. મને થયું કે હું કંઈ માંસાહારી તો નથી જ નથી. પછી આવું કેમ બન્યું ?

સંયમી, ધીરગંભીર ને પ્રશાંત બનીને અમે ઘેર પાછા ફર્યા. અમે બંને અમારા વિચારોમાં ખોવાઈ ગયા હતા. "જો આ મારા પૂર્વજન્મના કર્મનું પરિણામ હોય તો તે ભયંકર રીતે અન્યાયી છે. જે પાપો મને યાદ પણ નથી તેને ખાતર શા માટે મને સજા થવી જોઈએ ?" હું વિચારવિમર્શમાં પડયો.

# ૮. પવિત્ર ગાય !

"રવિ, આ તો ઉત્તેજક સમાચાર છે ! પોર્ટ ઑવ્ સ્પેનમાં આવેલ 'ક્વીન્સ રોયલ કૉલેજ'માં હું શીખવવાનો છું. દક્ષિણમાં જવા કરતાં તું ત્યાં કેમ ન આવે ?" દેવનારાયણમામાએ પોતાનો નિમણૂક પત્ર મને બતાવતાં કહ્યું.

"શું તમને લાગે છે કે મારે ત્યાં આવવું જોઈએ ?" આવી વિશાળ ને લબ્ધ-પ્રતિષ્ઠિત સંસ્થામાં દાખલ થવાની કલ્પના પણ મને ડરાવી મૂકે તેવી લાગી.

"જરૂર. તું મારી સાથે દરરોજ કારમાં આવી શકે. મને પણ જોડીદાર મળશે. તને કેમ લાગે છે ?"

મને દેવનારાયણમામા ખૂબ ગમતા. તેમનાં સાથે દરરોજ કારમાં બેસીને જવાની પણ મજા પડે, તેમની સાથે કેટલા બધા વિષયો પર ચર્ચા થઈ શકે...તેથી હું સંમત થયો. પોર્ટ ઑવ્ સ્પેનના વિશાળ રાજમાર્ગોની બંને બાજુએ ગ્રાહકોથી ભરેલી દુકાનો ને લાલ નળિયાંવાળાં મોટાં મકાનો હતાં. વિશાળ બગીચાઓ અને લીલી ટર્ફ(ઘાસ)વાળાં ફૂટબૉલનાં મેદાનો હતાં. આવા માર્ગો પર થઈને ક્વીન્સ રોયલ કૉલેજનાં દમામદાર મકાનો પાસે કારમાં જવાનું કેટલું બધું રોમાંચક હતું ! દેવનારાયણમામાને પણ મારા જેટલો જ આનંદ થતો હતો અને તેમણે જતાંની સાથે જ પોતાના સાથી અધ્યાપકો આગળ 'મારા નવયુવાન બ્રાહ્મણ ભાણેજ' તરીકે મારી ઓળખાણ કરાવી.

બધા વિદ્યાર્થીઓ સૌથી પહેલાં પ્રેક્ષકગૃહમાં એકઠા થતા, અને ત્યાં અમારા આચાર્ય લાંબું ને (મને) ન સમજાય તેવું ભાષણ કરતા. મેં ખૂબ ઓછા અંગ્રેજોને બોલતાં સાંભળ્યા હતા ને તેમનામાંથી કોઈની પણ ભાષા હું સ્પષ્ટતાથી સમજી શક્યો નહોતો. અમારા આચાર્યની તો વાત જ ન્યારી હતી ! તેમના ભાષણનો સમ ખાવા પૂરતાયે એકે શબ્દ હું સમજી શકતો નહિ !

"અરે ભાઈ, એમણે શું કહ્યું ?" મેં ભાષણ પૂરું થયા પછી બાજુમાં બેઠેલા વિદ્યાર્થીના કાનમાં કહ્યું, "મારે તો અહીં અભ્યાસ કરવા માટે કોઈ ભાષાંતરકારની જરૂર પડશે !"

પેલા વિદ્યાર્થીએ વિચિત્ર રીતે મારી સામે જોયું ને પછી મોટેથી પૂછ્યું, "શું તું બહેરો છે ?"

"ના, ના, બહેરો તો નથી, પણ એ શી વાત કરતા હતા ?"

"એ કંઈ નિયમોની વાત હતી. મને લાગે છે કે તું દક્ષિણમાંથી આવ્યો છે. કોઈ ગ્રામવિસ્તારમાંથી."

મેં માથું હલાવ્યું. મને થયું કે આના કરતાં તો કૃષ્ણરાજ સાથે બીજી હાઈસ્કૂલમાં ગયો હોત તો સારું થાત. દિવસ પૂરો થયો તે પહેલાં તો મેં કવીન્સ કૉલેજનું નામ પણ સાંભળ્યું ન હોત તો સારું થાત એવી મને તીવ્ર લાગણી થતી હતી. ટાપુના જે ભાગમાં હું રહેતો હતો ત્યાં મોટા ભાગના પૂર્વ ભારતમાંથી આવ્યા હતા ને પોર્ટ ઑવ્ સ્પેનમાં તો મોટા ભાગની વસ્તી હબસીઓની હતી. એને કારણે તો મારા હૃદયમાં સંઘર્ષની શરૂઆત થઈ ચૂકી હતી. જિંદગીભર મેં હબસીઓ કે કાળા લોકો પ્રત્યે સૂગ સેવી હતી, કારણ, તેઓ ગૌમાંસ ખાતા હતા. હું તેમને ભારતના સૌથી નીચા વર્ણના લોકો કરતાં પણ ઊતરતા ગણતો હતો. હું કેવી રીતે વર્ગખંડમાં તેમની સાથે બેસી શકું, હાઈસ્કૂલના ભરચક હૉલોમાં તેમની સાથે હળી-ભળી શકું, ને તેમની સાથે ફૂટબૉલ ખેલી શકું ? પહેલે દિવસે મારા પૂર્વગ્રહો ને અભિમાન પર ઘણા કુઠારાઘાત થયા. હું ગ્રામવિસ્તારના જે હબસીઓને ઓળખતો હતો તે ઘણા ગરીબ હતા. ત્યારે આ શાળામાં તો ગોરા, ઘઉંવર્ણા, અરે કાળા વિદ્યાર્થીઓ પણ અમીર કુટુંબોમાંથી આવ્યા હતા ને મારા કરતાં ચઢિયાતું અંગ્રેજી બોલતા હતા. મારી ગામઠી ભાષામાં તો ખોટા ઉચ્ચારોની ને વ્યાકરણની ઘણી ભૂલો થતી હતી. મારો બોલવાનો વારો આવતો ત્યારે બીજા વિદ્યાર્થીઓ પુસ્તકો પાછળ મોં રાખી અસ્પષ્ટ હાસ્ય કરતા. ખૂબ શ્રમ ઉઠાવીને મેં મશ્કરીમાંથી બચી શકાય તેવી ઉચ્ચારશુદ્ધિ પ્રાપ્ત કરી.

પછીનાં અઠવાડિયાંઓમાં ઘણા કાળા, પૂર્વના દેશોમાંથી આવેલા, અંગ્રેજ વિદ્યાર્થીઓ ને બીજા દેશોમાંથી આવેલા વિદ્યાર્થીઓ સાથે મારો પરિચય વધ્યો. આ પરિચયોથી તો મારી ધાર્મિક માન્યતાઓ માટે મોટો ને ગંભીર પડકાર ઊભો થયો. હિંદુ ધર્મમાં તો જ્ઞાતિપ્રથા એ મૂળભૂત બાબત છે. બ્રહ્માએ પોતે પોતાના શરીરમાંથી ચાર જ્ઞાતિઓ ઉત્પન્ન કરી હતી. કોઈ સરકારી ફરમાન પણ વેદોમાંથી તે વિધાનને બદલી શકે નહિ. તેથી તો દુનિયામાં આ ચાર સિવાય બીજા કોઈને અસ્તિત્વ ધરા-વવાનો પણ આધાર નહોતો. છતાં દુનિયા આ ચાર જ્ઞાતિઓમાં–હિંદુ જ્ઞાતિપ્રથામાં– ક્યાંય ન આવતી હોય તેવાં માનવોથી ભરપૂર હતી. તેઓ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યાં ? યોગ ને પુનર્જન્મની પદ્ધતિ દ્વારા તેમને માટે મોક્ષ મેળવવાનો કોઈ ઉલ્લેખ શા માટે હિંદુ ધર્મગ્રંથોમાં મળતો નથી ? મારા ધર્મ પ્રમાણે તો આ લોકો માટે કશી આશા નહોતી. છતાં, તેઓ કોઈ પણ રીતે મારાથી ઊતરતા નહોતા. હકીકતમાં તો, તેમનામાંના ઘણા સાથે વર્ગમાં ભણવામાં હરીફાઈ કરવાનું પણ મારે માટે ઘણું મુશ્કેલ હતું. ટાપુના મારા ભાગમાં તો તેજસ્વી વિદ્યાર્થી તરીકે મારું માન હતું. ખરેખર, તો મને ખાતરી હતી, કે હું દેવસ્વરૂપ હતો, પણ આ કવીન્સ રોયલ-કૉલેજના અજ્ઞાની વિદ્યાર્થીઓ તો મારી સાથે બરોબરિયા તરીકે વ્યવહાર કરતા ને ક્યારેક તો સમકક્ષ પણ ગણતા નહિ. તેઓ કેટલીકવાર મજાકમાં ને કેટલીકવાર ગંભીરતાથી જે પ્રશ્નો પૂછતા તેથી મારી ધાર્મિક શ્રદ્ધાના પાયા જ હચમચી જતા.

"શું તમારા ધર્મમાં દરેક વસ્તુને ઈશ્વર માનવામાં આવે છે?"

હું "હા" કહેતો ને પ્રશ્ન પૂછનાર તરફથી મને હેરાન કરવા માટે ટોળે વળેલા જુદા જુદા વર્ણના ને ધર્મના વિદ્યાર્થીઓ તરફ નજર કરતો. આ તો જાણે કે એક નિયમિત ઘટના થઈ ગઈ હતી ને બીજા હિંદુ વિદ્યાર્થીઓ તો જાણે શરમાતા હોય કે ગભરાતા હોય તેમ કાળજીપૂર્વક મને જરાપણ ટેકો આપવાથી દૂર જ રહેતા.

"શું તું એમ કહેવા માગે છે કે માખી કે કીડી કે ગંધાતા માંકડ પણ દેવ છે?" ને મારી આસપાસ ઊભેલા ટોળામાં હાસ્યનો જલતરંગ જેવો અવાજ સંભળાયો.

"તમે હસો છો; કારણ, કે તમે સમજતા નથી," મેં મજબૂત વિરોધ કરતાં કહ્યું. "તમે માત્ર આભાસ કે ભ્રમ જુઓ છો પણ એકમાત્ર અસ્તિત્વમય એવા બ્રહ્મને જોતા નથી."

"શું તું ઈશ્વર છે?" એક પોર્ટુગીઝ છોકરાએ મારી વાત પર ઇતબાર ન કરતાં પૂછયું.

મેં આનાકાની કરવાની કે તટસ્થ રહેવાની હિંમત કરી નહિ. આથી તો હું સંપૂર્ણ મશ્કરીનું પાત્ર બની જાત. મેં દૃઢતાપૂર્વક કહ્યું, "હા, ને બધા હિંદુઓ પણ દેવો જ છે. એમને માત્ર એનો સાક્ષાત્કાર જ કરવાની જરૂર છે."

"જે સત્ય નથી તેનો સાક્ષાત્કાર તું કેવી રીતે કરવાનો?" પેલા પોર્ટુગીઝે ઉપહાસ કરતાં પૂછયું. "તેં કંઈ દુનિયાને તો ઉત્પન્ન કરી નથી?"

એક અંગ્રેજ છોકરાને હિંદુ ધર્મ વિશે ઠીક ઠીક માહિતી હતી. તેણે પૂછયું, "મેં સાંભળ્યું છે કે તું શાકાહારી છે. તું કોઈના જીવનની હિંસા કરવામાં માનતો નથી. ખરું?"

"હું અહિંસામાં માનું છું, ગાંધીની જેમ. બધા તેમને માન આપે છે. તે એક મહાન હિંદુ હતા. જીવની હિંસા કરવી તે ખોટું છે."

"કોઈ પણ જીવની?" મેં તેના અવાજમાં રહેલો ભાવ પારખ્યો નહિ, નહિ તો મને સમજાઈ ગયું હોત કે તે મારે માટે છટકું ગોઠવે છે.

મેં ભારપૂર્વક હા કહી. "બધા જ જીવો–બધું જ જીવન પવિત્ર છે. વેદોમાં પણ તેમ કહેલું છે." કેટલાક ચીના છોકરાઓ પણ ત્યાં ઊભા હતા. હું જાણતો હતો કે તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે. મેં તેમના તરફ જોયું. તેઓ પણ એ જ વાત માને છે. તેઓ કેમ કબૂલ કરતા નથી? હું મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો ને આ મુદ્દા પર તેમણે મારી મદદ કરવી જોઈએ. જો કે અન્ય ઘણા ધાર્મિક મુદ્દાઓમાં અમે સામસામે છેડે હતા. હું જીવવિજ્ઞાનના વર્ગમાં શીખ્યો હતો કે જીવનનાં સાત લક્ષણો છે : શ્વાસોચ્છ્વાસ લેવા, ખોરાક ખાવો, મળોત્સર્ગ કરવો, ખિજાવું, વિકસવું, પ્રજોત્પત્તિ

કરવી ને ગતિ કરવી. હું એ પણ બરોબર રીતે જાણતો હતો કે વનસ્પતિમાં પણ આ જ સાત લક્ષણો હોય છે. હું કેળું કે કેરી વૃક્ષ પરથી તોડું ને ખાઉં તે જ પળે હું જીવહિંસા આચરું છું. શાકાહારીઓ પણ જીવહિંસા કરે છે તે વાતને હું નકારી શકતો નહોતો, પરંતુ વનસ્પતિ પ્રત્યે હિંસા આચરવી ને પ્રાણીઓ પ્રત્યે હિંસા આચરવી તે બંને વચ્ચે રહેલા તફાવતનો હું બચાવ કરવા કટિબદ્ધ હતો.

મારા વિરોધીએ તેના મિત્રો તરફ જોઈ આંખથી ઈશારો કર્યો. "શું તને ખબર નથી કે વનસ્પતિ પણ જીવનનાં પેલાં સાત ગુણ-લક્ષણો ધરાવે છે? તો શાકાહારીઓ પણ હિંસા તો કરે જ છે ને?"

મેં વનસ્પતિજીવન ને પ્રાણીજીવન વચ્ચેનો તફાવત સમજાવવા મોં ઉઘાડયું. પણ બીજો કોઈ વચ્ચે બોલી ઊઠયો, "ચા બનાવવા કોઈ પાણી ઉકાળે તો શું થાય? તે લાખો સૂક્ષ્મ જીવાણુઓની હિંસા કરતો નથી? ગરીબ બિચારા જીવાણુઓ? તું માત્ર શાકાહારી છે, નહિ? ભાઈલા, તું ચા બનાવે ત્યારે પણ માંસાહાર કરે જ છે!" "તમે સમજી શકતા નથી," મેં બહાદુરીપૂર્વક બચાવ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મારા ગાલ બળતા હતા ને અંદરખાને હું ગૂંચવાઈ ગયો હતો; ઈજા પામ્યો હતો.

અમે મોટરમાં બેસીને સાંજે ઘેર જતા હતા ત્યારે દેવનારાયણમામાએ મને સલાહ આપતાં કહ્યું, "તારે હિંદુ ધર્મને તર્કશુદ્ધ ને વૈજ્ઞાનિક બનાવવાની કશી જરૂર નથી. એ તો ધર્મ છે. તારે એનું શ્રદ્ધાપૂર્વક પાલન કરવાનું છે, એને પુરવાર કરવાનો નથી."

"પણ સત્ય એ સત્ય છે," મે દૃઢતાપૂર્વક જણાવ્યું. "હિંદુ ધર્મગ્રંથો સત્ય છે."

"એમાંનું ઘણુંખરું પૌરાણિક કથાતત્ત્વોવાળું છે, "દેવનારાયણમામાએ મને ઉત્તેજન પમાડવા કહ્યું. "ભગવદ્ગીતા ને રામાયણમાં મજાનું કથાતત્ત્વ છે એ વાત સાચી, પરંતુ એ કાલ્પનિક પણ હોઈ શકે."

મને લાગ્યું કે મામા સાથે દલીલો કરવી તે અર્થહીન છે. એમણે તો એમના ધર્મમાં પણ કદી રસ લીધો નહોતો કે યોગસાધના કરી નહતી. તેથી હું શું જાણું છું તેની તેમને ખબર ન હતી. મારી જેમ તેમને કંઈ દેવોએ દર્શન આપ્યાં નહોતાં. આ જીવનમાં ધર્મ વિશે ન સમજવાનું, કદાચ તેમના કર્મનું પરિણામ હશે. ધર્મ વિશેનું સત્ય સમજવા માટે તેમને કોઈ બીજો અવતાર લેવો પડશે.

તે જ સાંજે નાળિયેરીનાં ઝૂંડો નીચે, ગોપાળદાદાના ઘરની પાછળ, હું ગાય ચરાવતો હતો. તેણે મારા પર હુમલો કર્યો હતો તે દિવસથી હું તેના પ્રત્યે બરોબર ધ્યાન આપતો હતો. ગૌમાતા જેવી મહાન દેવી પર વિશ્વાસ ન રાખવો તે યોગ્ય તો નહોતું, પરંતુ દરેકે વ્યવહારુ બનવું પડે છે. હાઈસ્કૂલમાં પણ હું એ જ વસ્તુ

શીખતો હતો–વ્યવહારુ બનવાની. ખરેખર, પોતાના ધર્મનું અક્ષરશઃ પાલન કરવાનું જરૂરી નથી. વ્યવહારુ કે અનુભવજન્ય કારણોને લીધે મેં ગૌમાતાની ભક્તિ લગભગ મૂકી દીધી હતી. હુમલા સામે જાતનું રક્ષણ કરવું ને પૂજા કરવી એ બંને કામ એક સાથે થઈ શકે નહિ. તેમ છતાં, ગાય માતામાં રહેલા દૈવી તત્ત્વની મારાથી અવગણના પણ શી રીતે થઈ શકે? જો મોત મેળવવામાં હું નિષ્ફળ જાઉં ને બીજા જન્મમાં જો મને ગાયમાતાનો અવતાર મળે તો બ્રહ્મ સાથેના સાયુજ્યમાં એક ડગલું આગળ વધ્યા તેમ કહેવાય.

“ તમે દેવી છો, નહિ ? ” મેં ગૌમાતાને પ્રશ્ન પૂછ્યો.

પરંતુ તેણે તો લીલા લીલા ઘાસને સંતોષપૂર્વક ખાવાનું ચાલુ રાખ્યું. આ જ સંતોષી ને ભલી દેખાતી ગાયે મારા પર હુમલો કર્યો હતો એ હકીકત પણ આજે સાચી લાગતી ન હતી, છતાં મનમાંનું સ્મરણ અત્યંત સ્પષ્ટ હતું.

મેં ગાયને ફરીથી તેના દેવત્વ વિશે પૂછ્યું, પરંતુ ફરીથી કશો જ ઉત્તર ન આપતાં કુમળું ઘાસ ચરવાની તેની પ્રવૃત્તિમાં જ તે લીન રહી.

# ૯. ધનવાન માણસ, ગરીબ માણસ

"દાદાજી કેવી રીતે ખૂબ ધનવાન થયા હતા?" મેં એક સાંજે દેવનારાયણ મામાને પૂછયું. આ વિષય પર અનુમાનો કે તર્કવિતર્કો દોડાવવામાં મને ને બીજાઓને મજા પડતી, પણ મેં દેવનારાયણમામાને કદી આ વિશે ચર્ચા કરતાં સાંભળ્યા નહોતા. સાંજ ઢળતી હતી ને અમે વરંડામાં ઊભા રહીને શહેરમાં દીવાના પ્રકાશથી સુશોભિત લાગતાં મકાનો જોતા હતા. અમારા દિવાળીના ઉત્સવ પ્રસંગોએ કોણ વધુ દીવા મૂકે છે તેની જાણે હિંદુ કુટુંબોમાં સ્પર્ધા થતી.

"પંડિતો કહે છે કે પ્રેતાત્માઓએ તેમને સોનું આપ્યું હતું," મામાએ ખભા હલાવી થોડી બેચેનીપૂર્વક જવાબ આપ્યો. "એ સિવાય બીજો કશો તાર્કિક ખુલાસો આપી શકાય તેમ નથી." પછી તેમણે વધુમાં જણાવ્યું કે, "અલબત્ત, દાદાજીએ સખત પરિશ્રમ કર્યો હતો. ઊંચા કુળના ક્ષત્રિય હોવા છતાં તેમણે દિવસના દસ સેન્ટ મજૂરી મેળવવા ખેતરોમાં પણ કામ કર્યું હતું. ગમે તે રીતે તેમણે એક ચીના પાસેથી પચાસ ડોલર આપી લાકડાનું એક ખોખું (દુકાન) ખરીદ્યું. ત્યાં તેમણે ઘરેણાં બનાવવાનું શરૂ કર્યું. એક રાતે તે દુકાન રહસ્યમય રીતે સળગી ગઈ... પછી તે કરોડપતિ બની ગયા, જો કે કુટુંબીજનો સિવાયના બહારના ઘણા ઓછાને તેની ખબરેય છે."

સંધ્યા જેમ જેમ રાત્રિમાં બદલાવા લાગી તેમ તેમ દિવાળીના દીવા વધુ તેજથી ઝળહળવા લાગ્યા. કેવું સુંદર દશ્ય હતું! દિવાળી એ મારા સૌથી પ્રિય તહેવારોમાંનો એક છે. નાતાલ વખતે દેખાતાં ખ્રિસ્તી ઘરો કરતાં દિવાળી સમયે હિંદુ ઘરો વધુ પ્રકાશિત લાગે છે. એ પણ પાછાં વીજળીપ્રકાશથી નહિ, પરંતુ તેલના દીવાઓથી. આ વસ્તુ મને ખૂબ પ્રેરણાદાયી લાગતી. પ્રકાશિત મીણબત્તીઓની જેમ બારીઓ, પાળીઓ, પ્રવેશદ્વારો ને કોટ ઉપર તથા દરેક પગથિયા ઉપર મૂકેલા દીવાઓનો ટમટમતો પ્રકાશ અતીવ રમણીય લાગે છે. આ બધા દીવા સમૃદ્ધિ તથા આબાદીની દેવી લક્ષ્મીના માનમાં મૂકવામાં આવે છે.

દેવનારાયણમામાએ દીવાની રોશનીથી ઝળહળતા એક મકાન તરફ મારું ધ્યાન દોર્યું. પછી કહ્યું, "દાદાજી દિવાળીના તહેવારો દરમ્યાન, લોખંડની પેલી મોટી તિજોરી આગળ, દિવસમાં બે વાર લક્ષ્મીની પૂજા કરતા. એ ખંડમાં બીજા રહસ્યમય ધાર્મિક વિધિઓ પણ કરવામાં આવતા, પણ કુટુંબના કોઈને ત્યાં જવાની રજા મળતી નહોતી."

'તમે શું ધારો છો?' લક્ષ્મી કે પ્રેતાત્માઓમાંથી કોણે તેમને ધનવાન બનાવ્યા હશે?" મેં પ્રશ્ન પૂછયો. અમારા કૌટુંબિક પંડિત વખતોવખત દીવો સળગાવીને

અમારા ઘરના દરેક ઓરડામાં જતા ને પ્રેતાત્માઓની પૂજા કરતા. ખાસ કરીને દાદાજીના આત્માની પૂજા કરતા, કારણ, તેમણે જ આ હવેલી જેવું વિશાળ મકાન બંધાવ્યું હતું. તે બેઠકખંડમાં લટકાવેલા દાદાજીના મોટા તૈલચિત્રની આસપાસ પણ ત્રણવાર દીવો ફેરવતા. અમે દેવોના જેટલું જ પ્રેતાત્માઓને પણ માન આપતા ને કેટલીકવાર તો અમારાં મનમાં બંને વિશે ગૂંચવાડો પણ પ્રવર્તતો.

"તમે તેને ગમે તે નામ આપો તેમાં શો વાંધો? આખા વિશ્વમાં એક જ પ્રેરકબળ છે."

મેં ગંભીરતાપૂર્વક સંમતિ દર્શાવી. "માત્ર એક અસ્તિત્વ (reality) છે, ને તે બ્રહ્મ છે. બાકીનું બધું ભ્રામક છે–માયા છે."

અમે મૌન બનીને દીવાઓ સામે જોઈ રહ્યા. કોઈને પણ લક્ષ્મીદેવીની હાજરીનો અનુભવ થાય ને તેમની પ્રસન્નતાની પણ અનુભૂતિ થાય. પરંતુ મારે એક બીજો પ્રશ્ન પણ પૂછવાનો હતો, ને છેવટે મેં મૌનનો ભંગ કર્યો.

"કેટલાક કહે છે કે જે પ્રેતાત્માઓ દાદાજીની મિલકતની ચોકી કરતા હતા તેમણે જ દાદાજી તે વાપરી શકે તે પહેલાં તેમની હત્યા કરી. મને આની સમજ પડતી નથી. તમે શું ધારો છો?"

દેવનારાયણમામા કેટલીક પળ મૂંગા રહ્યા. હું અધીરાઈપૂર્વક વાટ જોતો હતો. તેમણે વાત શરૂ કરી ત્યારે તેમના અવાજમાં બેચેનીનો સૂર હતો. "મને ખબર નથી. દિવાળી આવે છે ત્યારે મને દાદાજીની ધનસંપત્તિ વિશે વિચાર આવે છે—કેવી રહસ્યમય રીતે તે મેળવવામાં આવી ને આપણે કોઈ પહોંચી ન શકીએ તેવી કોઈ રહસ્યમય જગ્યાએ તે છુપાવવામાં આવી છે...ને તેમના કસમયના મોત વિશે પણ કંઈ સમજ પડતી નથી." મામાને માનસિક અસ્થિરતા સૂચવતી ખાંસી થઈ આવી ને તે ઘરમાં જવા માટે ફર્યા. જતાં જતાં તેમણે કહ્યું, "મને આ વસ્તુઓ વિશે વાતો કરવાનું ગમતું નથી."

હું ત્યાં–વરંડામાં–લાંબા સમય સુધી બેસી રહ્યો, ને જોવાલાયક દશ્યો જોતો રહ્યો. કેટલા બધા દીવા કેવા તેજે બળે છે તે વિશે ને અનેક દેવો ને આત્માઓની રહસ્યમયતા વિશે ને એકમાત્ર અસ્તિત્વ (Reality) વિશે વિચારતો રહ્યો.

"લક્ષ્મીદેવીના માનમાં દીવાઓ પ્રગટાવાય છે ને તેમની પૂજા કરવામાં આવે છે. લક્ષ્મી તો સમૃદ્ધિ ને આબાદીનાં દેવી છે." હું ને એક મુસ્લિમ છોકરો સાથે બેસી બપોરનો નાસ્તો કરતા હતા. તેને સમજણ આપતાં મેં એમ કહ્યું હતું. તેને રસ પડતો હતો, પણ હંમેશની જેમ મૂંઝવતા પ્રશ્નો પૂછનારાઓની નાનકડી ટોળી પણ ઊભી જ હતી.

"જો લક્ષ્મી સમૃદ્ધિ ને આબાદી આપનારાં દેવી હોય તો મોટાભાગના હિંદુઓ કેમ ગરીબીમાં જીવે છે?" એક કાળા ને ઊંચા છોકરાએ પ્રશ્ન કર્યો. "એમની ભક્તિ એ તો સમયની બરબાદી કરવા બરોબર છે."

"તમને કર્મ ને પુનર્જન્મમાં કશી ગતાગમ પડતી નથી," મેં ઉગ્ર પ્રતિભાવ આપતાં ઉમેર્યું, "એક માણસ એક જન્મમાં ગરીબ હોય ને બીજા જન્મમાં શ્રીમંત પણ હોય."

"કેટલા પુનર્જન્મ લેવા પડે? આસપાસ નજર કર. મોટા ભાગના પૂર્વ ભારતના લોકો શેરડી કાપનારા મજૂરો છે, ને ઝૂંપડપટ્ટીમાં વસે છે."

"મારું કુટુંબ કંઈ ગરીબ નથી!" મેં કહ્યું.

"એ તો સામાન્ય ભારતીયો વિશે વાત કરે છે," એક પાતળા અંગ્રેજ છોકરાએ કહ્યું. "ભારત સામે જો—એ તો આખી દુનિયામાં સૌથી કંગાળ દેશ છે!"

"એવું કોણ કહે છે?"

"મારા પિતાજી કહે છે, હું જન્મ્યો તે પહેલાં તે ત્યાં રહેતા હતા. ભારતમાં તો માણસો કરતાં ઉંદરોની સંખ્યા વધારે છે ને કેવી ભયંકર ગરીબી ને કેવા કેવા રોગો છે!"

'કદાચ અંગ્રેજો રાજ્ય કરતા હશે ત્યારે એવું હશે. આઝાદ થયા પછી એવું કંઈ નથી," અમારી આજુબાજુ ઊભેલા વિદ્યાર્થીઓમાંથી થોડાક સંમતિસૂચક ઉદ્‌ગારો સંભળાયા. ત્રિનિદાદ પણ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવા ઇચ્છતું હતું ને 'આઝાદી' એ એક એવો શબ્દ છે, જે કોઈપણ દેશપ્રેમીના હૃદયમાં અગ્નિ પ્રગટાવી દે છે.

"ભારતમાં લોકો ભૂખે મરે છે ને ઉંદરડા ફાલે છે! અરે! પવિત્ર કહેવાતી ગાયો પણ ભૂખમરાથી મરે છે!" એકબીજા છોકરાએ ચર્ચામાં કૂદી પડતાં કહ્યું. એ ભારતીય જેવો લાગતો હતો. "જો, તેનાં દેવદેવલાંએ ને જન્મજન્માંતરની ભ્રમણાએ ભારતની કેવી દુર્દશા કરી નાંખી છે! હું તો નાસ્તિક છું. મારે કોઈ દેવ કે દેવીની ખપ નથી!"

"એ વાત સાચી નથી. મારી માતા ત્યાં રહે છે, ને તે એવી કોઈ વાત વિશે કોઈવાર પણ લખતી નથી."

હું જાણતો હતો કે મારા વિરોધીઓની વાતોમાં તથ્ય છે, પરંતુ એનો સ્વીકાર કરવાથી તો મુશ્કેલીમાં વધારો થાય તેવું હતું. મારી માતા પત્રોમાં ભારતની ગરીબાઈ વિશે ઉલ્લેખ કરવાનું પણ કાળજીપૂર્વક ટાળતી હતી. એ તો ભારતના બાગબગીચા, તેનાં સુંદર પશુપક્ષીઓ ને ઉત્સવોનાં જ વર્ણનો લખી મોકલતી. તે પોતાના ગુરુ વિશે ઘણુંઘણું લખતી, પણ લોકોની સ્થિતિ વિશે કશું પણ જણાવતી નહિ. મેં વાંચેલાં અમુક ચોક્કસ પુસ્તકોએ મારા મનમાં જરા જેટલી પણ શંકા રહેવા દીધી

ન હતી કે મારા ધર્મનો દેશ–મારા વડવાઓની માતૃભૂમિ–અત્યંત ગરીબ હતો. યોગસાધનાનાં હજારો વર્ષો, કર્મોમાં સુધારા ને પુનર્જન્મની ઘટમાળમાં બ્રહ્મ તરફના સાયુજ્યની ગતિમાં થતો વધારો–આ બધું હોવા છતાં ભારતની આવી દુર્દશા કેમ થતી હશે? હું જે જોતો હતો તે ભારતીય ફિલ્મોમાં દેશનું પ્રામાણિક ચિત્ર કેમ આપવામાં આવતું નહોતું? હું અમુક મુદ્દા ઉપર ખોટો છું એમ જાણવા છતાં સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે કેમ વાદવિવાદ કર્યા કરતો હતો? શું હું સત્યથી ડરતો હતો? હું પણ એનો કદી સ્વીકાર કરી શકું નહિ; કારણ, એના સૂચિતાર્થો ઘણા ગંભીર બની જાય!

"તમે એમ કેમ માની લો છો કે આ દુનિયા એ એકમાત્ર જગ્યા છે?" મેં ઘણા બધા હિંદુઓ કેમ ગરીબ ને દુઃખી છે તેવી વાત શરૂ કરતાં ગોપાળદાદાએ ઉપર મુજબનો પ્રશ્ન પૂછયો. દીપાવલિપર્વ દરમ્યાન તે પોતાના માટીના ઘરમાં દિવસ-રાત દીવા સળગાવેલા રાખતા હતા. તેમનાં કર્મો પણ ગરીબ છે તેવું તેમણે મને જણાવ્યું હતું. "વેદોમાં લખેલું છે કે વિશ્વો તો ઘણાં છે. કદાચ, આ વિશ્વમાં માત્ર ગરીબ હિંદુઓ જ હશે. તેમનાં કર્મો સારાં થશે તો ફળસ્વરૂપે તે વધુ સારા વિશ્વમાં જશે."

"હા, પરંતુ દાદાજી ને બીજા પંડિતો જેવા શ્રીમંત હિંદુઓ પણ અહીં છે જ ને?"

ગોપાળદાદાએ સંમતિ દર્શાવી. "હા ભાઈ, પણ હું એમ કહું છું કે કર્મની ગતિ ન્યારી છે...પણ કદાચ બીજાં વિશ્વોમાં માત્ર ધનવાનો જ હશે."

"હા જી, પરંતુ ગીતાજીમાં કૃષ્ણ કહે છે કે જ્યારે પરલોકમાં તમારાં કર્મો પૂરાં થાય છે ત્યારે તમે અહીં ફરીફરી પાછા આવો છો."

"કેટલીક વસ્તુઓ સમજવા માટે સરળ હોતી નથી."...શું ગોપાળદાદાની આંખોમાં પણ શંકા સળવળતી હતી? પણ તેમણે તરત જ ફરીથી સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. "યોગી માટે ધનવાનપણું ને ગરીબપણું બંને સરખાં હોય છે. તમારા પિતાજી જેવા યોગીઓ આ દુનિયામાં કદી પાછા આવતા નથી–કદાપિ પણ નહિ. ઉપનિષદોમાં કહ્યું છે કે બ્રહ્મ ઉપર ધ્યાન ધરવાથી બધું અજ્ઞાન નાશ પામે છે. તેમને ઓમૂનાં દર્શન થાય છે. માત્ર યોગીઓને આવી જ્ઞાનજ્યોતિ પ્રાપ્ત થાય છે."

વેદાંતોનો ઉલ્લેખ કરીને ગોપાળદાદાએ મારા સર્વોત્કૃષ્ટ ધ્યેયને જ યોગ્ય અભિ-વ્યક્તિ આપી હતી. મારી માતાએ ભારતમાંથી યોગ ઉપર એક પુસ્તક મારા ઉપર મોકલ્યું હતું. મંદિરમાં મેં યોગસાધનાનો જે કંઈ પાયો નાખ્યો–પાયાના સિદ્ધાન્તો હું શીખ્યો હતો–તેના ઉપર પ્રયોજી શકાય તેવી પ્રગતિશીલ પ્રયુક્તિઓ તેમાં દર્શાવેલી હતી. કૃષ્ણે અર્જુનને સમજાવ્યું હતું કે યોગનો આશ્રય લેવાથી તે કર્મનાં બંધનો તોડી શકશે. આ દુનિયામાં યોગસાધનાથી બીજું કશું વધુ મહત્ત્વનું નથી. આ "દિવ્ય

તરાપા" વડે જ અજ્ઞાન ને ઘૃણાજનક કૃત્યોથી દૂર જઈને માણસ સનાતન પરમાનંદ પ્રાપ્ત કરી શકે. હું પણ યોગસાધના કરતો–આસનો, શ્વાસોચ્છ્વાસની કસરતો ને ધ્યાન કરતો. મારી સાધનાનું સ્થળ હતું અમારો વરંડો ને સમય હતો લગભગ મધ્યરાત્રિથી દોઢ વાગ્યા સુધીનો. તે સમયે બધાં જ ભરઊંઘમાં હોય. હું ભ્રૂમધ્ય દૃષ્ટિ કે મધ્યમા દૃષ્ટિ કરતો. આ એકાગ્રતા ને શ્વાસોચ્છ્વાસની કસરતો મને ચૈતન્યનાં ક્ષેત્રોમાં આગળ લઈ જતી, ને મને આસપાસની દુનિયાથી અલિપ્ત બનાવી દેતી.

યોગસાધના દ્વારા હું મને માર્ગદર્શન ને આધ્યાત્મિક શક્તિઓ અર્પતા આત્માઓની વધુ ને વધુ હાજરીનો અનુભવ કરતો. દેવો ખરેખર સત્ય હતા! સ્કૂલમાંના વિદ્યાર્થીઓની બધી દલીલો પણ એ હકીકતને બદલાવી શકે તેમ નહોતી. કેટલીકવાર તો આ બધા અનુભવોથી હું એટલો બધો ઉત્તેજિત થઈ જતો કે હું ઊંઘી પણ શકતો નહિ. જો હું દેવનારાયણમામા ને બીજા હિંદુઓ પાસે યોગસાધના કરાવી શકું તો તેમને પણ તેમના ધર્મની સત્યતાની ખાતરી થાય. મારે એકલાએ મોક્ષ મેળવવાનો નથી. ગુરુનો ધર્મ તો બધાંને સનાતન પરમાનંદ પ્રતિ દોરીને લઈ જવાનો છે.

* * *

"રવિ! બેટા રવિ!"

હું પ્રાર્થનાખંડમાં ભગવાન કૃષ્ણની મૂર્તિ સામે એકલો બેઠો હતો. કૃષ્ણના સ્મિતનું અનુકરણ કરવા માટે હું ઊંડા ને તાલબદ્ધ શ્વાસ લેતો હતો. તે સવારે મારી ને રેવતીમાસી વચ્ચે મોટો ઝઘડો થયો હતો ને હું તે કેવી રીતે શરૂ થયો તે પણ યાદ કરી શકતો ન હતો. ધ્યાન દ્વારા હું આંતરિક શાંતિ સ્થાપવાના પ્રયત્ન કરતો હતો. થોડાક સમયથી આંતરિક શાંતિ જાણે યુક્તિ કરી છટકી જતી હોય તેવું લાગતું હતું. દાદીમા ને હું બંને જણ ઘરમાં એકલાં હતાં. તેથી જ તેમણે મને બૂમ પાડી હતી.

"શું છે, દાદીમા?" મેં સામેથી કહ્યું. "કોઈ નીચે બૂમ પાડે છે. જરા, જોઈ આવને કે તે કોણ છે?"

કુટુંબનાં બાકીનાં સભ્યો કાર્તિકી સ્નાન માટે દરિયાકિનારે ગયાં હતાં. આત્મિક શુદ્ધિની આશામાં ઘણાં હિંદુઓ ત્રિનિદાદમાં પણ સ્નાનશુદ્ધિ માટે દરિયાકાંઠે ને નદીકાંઠે જતાં હતાં. પંડિતો માટે આવા દિવસો ખૂબ કમાણીના ને ભારે દોડધામના રહેતા. તેઓ સ્નાન કરનારાંઓ માટે યોજાતી પૂજાઓમાં ભાગાભાગી કરતા—એક સ્થળે પતાવી બીજે સ્થળે દોડી જતા—ને ઢગલો પૈસા ને બક્ષિસો પણ મેળવી લેતા. બધાંની સાથે તે થોડુંથોડું ખાઈ પણ લેતા. તે દિવસે–કાર્તિકી પૂનમે–બ્રાહ્મણોને જમાડવામાં ભારે પુણ્ય મળતું તેવું કહેવાતું. તેથી જમાડનારની પુણ્યપ્રાપ્તિમાં પણ વૃદ્ધિ થતી. આવા ઉત્સવોથી થતા લાભ વિશે મને હવે શંકા પડવા માંડી હતી.

કોઈ પોતાનાં કર્મોમાં પરિવર્તન લાવી શકે નહિ–સમુદ્રકિનારે અમુક પવિત્ર દિવસોએ સ્નાન કરવાથી પણ કશો લાભ ન થાય. શરીર સુકાઈ જાય પછી ઘણા હિંદુઓ ઘેર જઈને માંસાહાર કરતા ને પત્નીઓને મારતા પણ ખરા. જો કે આવા ઉત્સવોની પણ એક જરૂરિયાત હતી, પરંતુ ભગવાન કૃષ્ણે કહ્યું હતું તેમ યોગી માટે યોગ સિવાય બાકીનું બધું અર્થહીન છે. મેં તો મારો કીમતી વખત ગાળવાની યોગ્ય રીત શોધી કાઢી હતી.

"ઠીક છે, દાદીમા," મેં કહ્યું. મનમાં થોડા વિરોધ સાથે મેં કાળજીપૂર્વક ભગવાનની મૂર્તિને કપડાંમાં વીંટાળીને બાજુ પર મૂકી. હું વરંડામાં ગયો તો કોઈ પરસાળના બારણા પાસે કશું ઠોકતું હોય તેવું લાગ્યું. મેં રેલિંગ પરથી જોયું તો એક વૃદ્ધ ભારતીય ભિખારી બારણું ખખડાવતો હતો.

"તમારે શું જોઈએ છે?" મેં નીચે જોઈ પૂછયું.

"રોટી, બાબા, રોટી !" તેણે ઉત્તર આપ્યો. તેણે કાકલૂદીપૂર્વક ને દયાજનક રીતે મારી તરફ પોતાનો હાથ લંબાવ્યો. શું તે મને આદર આપતો હતો કે 'બાબા' શબ્દનો ઉપયોગ કરી એક ગરીબ હિંદુ તરીકે શ્રીમંતો પાસેથી મહેરબાની મેળવવા માંગતો હતો? મેં એ પ્રશ્નને બાજુએ હડસેલી દીધો.

જો કે કોઈ માણસ કોઈ ભિખારીને પોતાના ઘરમાં આવવાનું આમંત્રણ આપે નહિ; છતાં આ ભિખારી એટલો દયાજનક લાગતો હતો કે મેં તેમ કર્યું. મેં કહ્યું, "ઉપર આવો," ને હાથ વડે તેને અંદર આવવાનો ઈશારો કર્યો. "મારી પાસે શું છે તે હું જોઈ લઉં." ભિખારીઓ પણ ભીખ માગીને ને મેળવીને બીજા હિંદુઓનાં સત્કર્મોમાં ને એ દ્વારા પુણ્યસંચયમાં વધારો કરી આપતા હતા.

ભિખારીએ માથું ધુણાવ્યું ને પોતાના ઉઘાડા પગ તરફ જોઈ કહ્યું, "મારાથી આટલાં બધાં પગથિયાં ચઢી નહિ શકાય."

મેં ઘરમાં જતાં જતાં કહ્યું, "તો પછી પાછળના બારણામાંથી આવો."

તે અસ્પૃશ્ય જેવો દેખાતો હતો. તેનો વર્ણ એકદમ શ્યામ હતો. એના જેવા હલકી જાતિમાં જન્મેલાને તો હું મારી પાસે પણ આવવા દઉં નહિ, એનાથી તો કોઈપણ બ્રાહ્મણ અભડાઈ જાય. પણ પછી તો મેં એ વૃદ્ધ ભિખારીને પગે ઢસડાઈને ચાલતો જોયો, તે પોતાની લાકડી પર આખા શરીરનો ભાર નાખતો હતો ને લગભગ લથડિયાં ખાતો હતો. મને એ વૃદ્ધ ભિખારી પ્રત્યે અનુકંપા થઈ આવી. તે પણ માણસ જ હતો. તેને અંદર આવવાનું કહેવા માટે મને આનંદ થયો. ઝડપથી પાછળનાં પગથિયાં ઊતરી મેં પાછલું બારણું ઉઘાડયું. મેં તેના તરફ ઉષ્માભર્યું સ્મિત કર્યું ને હું તેને ઘરની પાછળ આવેલા રસોડા પાસે દોરી ગયો.

"અહીં બેસો." એમ કહી મેં એક ટેબલ પાસે પડેલી ખુરસી બતાવી. તે પોતાની મોટી, ગોળ ને મટકું પણ ન મારતી આંખોમાંથી મારા તરફ તાકી રહ્યો.

હાંફતાં હાંફતાં તે ધડ દઈને ખુરસી પર બેસી પડયો. મેં તેને હાથ ધોવા માટે પાણી આપ્યું, પણ તેણે ન તો હાથ ધોયા કે ન ધોવામાં રસ બતાવ્યો. "હું તમારે માટે થોડો ખોરાક લઈ આવું," મેં હસીને કહ્યું.

રસોડામાં જોતાં મને સવારના ખાધેલા ખોરાકમાંથી વધેલી વસ્તુઓ મળી આવી : થોડીક ગળી રોટલી, થોડાંક શાકભાજી ને અથાણાં. મેં તેની આગળ ખાવાનું પીરસ્યું, તે કદાચ તે ત્રિનિદાદના ટાપુમાં આમતેમ ભ્રમણ કરતા થોડાક પવિત્ર માણસોમાંના એક હશે. આવા માણસો પોતાની બધી સંપત્તિનો ત્યાગ કરતા, જો કે કેટલાકને ત્યાગ કરવા જેવું કશું પણ હોતું નહિ ! તેના લાંબા રાખોડી વાળ ઓળાયા વગરના ને ધૂળવાળા હતા, તેની મેલી દાઢીના ફરફરતા વાળમાં ખોરાકના દાણા ચોંટેલા હતા. તેની સફેદ ધોતી અત્યારે તો તદ્દન મેલી ને ચીંથરા જેવી હતી, તેના ઉપર પણ ઠેરઠેર શાકના પીળા ડાઘા હતા. મારે મારી ખુરસી દૂર ખસેડવી પડી; કારણ, ભિખારીના શરીરમાંથી આવતી દુર્ગંધ અસહ્ય હતી. છતાં આ ત્રાસદાયક માનવી માટે મને, કોણ જાણે કેમ, કરુણાની લાગણી થતી હતી. મને તેનાથી સદ્ગુણી હોવાનું અભિમાન પણ થતું હતું. આનાથી તો મારાં સુકૃત્યોમાં જરૂર વધારો થશે; મને ખરું પુણ્ય પ્રાપ્ત થશે.

"તમે દૂરથી આવો છો ?" "મેં વાત શરૂ કરવાના આશયથી પૂછ્યું. ભૂખ્યા ડાંસની જેમ ખાતાંખાતાં તેણે મારી તરફ માત્ર ઘૂરકિયું કર્યું. ગળી રોટલીના મોટા મોટા ટુકડા શાક સાથે ભેળવીને તે આડેધડે ખાતો હતો ને આંગળીઓ પણ ચાટતો હતો. મને તો ખોરાક વધુ પડતો લાગ્યો હતો, પણ તે તો આખી થાળી ઝાપટી ગયો. પછી તેણે પાણીનો ગ્લાસ ગટગટાવ્યો, પછી ખુરસીમાં આડેપડખે થયો, મારી સામે તાકતો રહ્યો ને મોટેમોટેથી ઓડકાર ખાતો રહ્યો. તેણે ધોતીના છેડાથી મોં લૂછ્યું, ને ડાઘાડૂઘીમાં ઉમેરો કર્યો.

"સંડાસ !" તેણે અચાનક ઘૂરકિયું કર્યું. તેને જાણે તાત્કાલિક શોધવું પડે તેમ હોઈ તેણે ચારે તરફ પોતાની મોટી આંખો આમતેમ ઘુમાવવા માંડી. હું એકદમ તેને મદદ કરવા માટે કૂદ્યો ને તેણે મારો ખભો પકડી લીધો ને માંડમાંડ ઊભો થયો. અડધું મારા ઉપર ને અડધું તેની મોટી લાકડી પર વજન નાંખી તે ઢસડાતાં ઢસડાતાં ચાલ્યો. હું તેને ઘરની પાછળ આવેલી ઓરડી તરફ લઈ ગયો. તે ગમેતેમ કરી અંદર ગયો ને મને બહાર ઊભા રહેવા જણાવ્યું, કહો કે, હુકમ કર્યો. થોડીવાર મેં તેને સ્થાનિક હિંદી બોલીમાં કંઈક કહેતો સાંભળ્યો.

"તમારે શું જોઈએ છે ?" મેં થોડા અણગમા સાથે બબડાટ કર્યો.

"અહીં આવ !"

ખચકાતાં ખચકાતાં મેં બારણું ઉઘાડયું. તે સંડાસની બેઠક પરથી ઊભો થઈ શકતો ન હતો. પેલી ઠંડી આંખો જાણે મારી મશ્કરી કરતી હતી. મેં તેને ખભા નીચેથી પકડયો ને પૂરું બળ આપી મહામહેનતે તેને ઊભો કર્યો. તે કણસતો હતો પણ જાતે કશું કરતો નહોતો. છેવટે તે ઊભો થયો. તેના પગ હજુ જાણે લથડિયાં

ખાતા હતા. તેને લાકડી જોઈતી હતી. તેણે મને ઈશારો કરીને સમજાવ્યું કે તે ધોતિયું વીંટાળવા માટે વાંકો વળી શકતો ન હતો. ભારે મૂંઝવણ અનુભવીને મેં તેની ધોતી ઉપાડી. મેં તો ઘણા સમયથી શ્વાસ રોકી રાખ્યો હતો, પણ હવે આ ભયાનક દુર્ગંધમાં પણ મારે શ્વાસ લેવાની ફરજ પડી. તેણે જાણે મહિનાઓથી સ્નાન કર્યું નહિ હોય. દુર્ગંધ અસહ્ય હતી. તેની ઠંડી દષ્ટિ ને મિત્રતાના અભાવ છતાં હું તેને મદદ કરવા ઈચ્છતો હતો. મને એક સારી માયાળુપણાની લાગણી થતી હતી.

હું તેને એક નળ પાસે લઈ ગયો, પણ તેને કશું ધોવામાં રસ ન હતો. તે ગુસ્સાથી ઘૂરકતો હતો અને પેલી શાંત આંખો પાછળ જ છુપાયેલો દ્વેષાગ્નિ હવે જાણે ભડકી ઊઠયો હતો. તેણે મને ધક્કો માર્યો ને ઘસડાતો તે દરવાજા તરફ ગયો. પોતાની લાકડી પર ટેકો દઈને તે કોઈ ઘવાયેલા હિંસક પ્રાણીની જેમ ઘૂરકતો હતો.

હું ઝડપથી બારણા પાસે ગયો ને તેને માટે તે ઉઘાડયું. ને ખોડંગાતો આગળ વધ્યો ને પાછા ફરી મારા પગ પાસે જ થૂંકયો. પછી તે હિંદીમાં ને અંગ્રેજીમાં ભયંકર ગાળો બોલવા લાગ્યો. જે વસ્તુઓનો તેણે ત્યાગ કર્યો હતો તેની જ છાયામાં–મોજમજામાં–હું જીવતો હોવાથી તે તેનો ભયંકર અણગમો વ્યક્ત કરતો હતો. શું તેને ખરેખર મારી પાસે હતાં તે વાનાંની જરૂર હતી? તે પોતે ગરીબ હતો ને હું શ્રીમંત હતો માટે તે મને ધિક્કારતો હતો? હું ગૂંચવાઈ ગયો હતો...મેં આટલું બધું કર્યું છતાં આભારનો પણ એકે શબ્દ નહિ?

મેં યંત્રવત્ બારણું બંધ કર્યું ને તાળું માર્યું. હું જાણે કે શું કરતો હતો તેનું મને ભાન ન હતું. મેં પછી શરીરને ઘસીઘસીને સ્નાન કર્યું. પછી જાણે વિચાર-શૂન્ય બની જઈને પગથિયાં ચડી વરંડામાં ઊભો રહ્યો. લાગણીવિહીન બની જઈ, અંદરથી ધ્રૂજી જવાથી પૂજાઘરમાં પણ ધ્યાન માટે જઈ શકયો નહિ. માથું નીચું રાખી હું મારી પથારીના છેડા ઉપર કયાંય સુધી પડયો રહ્યો. ભિખારી કહેતો હતો તે સાચું હતું—ધન કે સંપત્તિ એ તો અજ્ઞાનની માયાજાળ છે, તેથી જ ગરીબી એ વધુ આધ્યાત્મિક છે. જો સંપત્તિ કે નાણાં ખરાબ હોય, માત્ર માયાજાળ હોય તો પછી લક્ષ્મી એ સમૃદ્ધિ ને આબાદીની દેવી કેવી રીતે હોઈ શકે? આ દેવીએ કેમ દાદાજીને લાખો રૂપિયાની છૂટે હાથે નવાજેશ કરી હતી? પેલું બધું સોનું કયાં હતું? શું દેવો પણ તેમના માનમાં બંધાયેલાં મંદિરોની જેમ માત્ર ભ્રામક હતા? માયાનો જ એક ભાગ હતા?

આ દુ:ખદ ઓથાર—છાતી પર ભારે દબાણ કરનાર સ્વપ્ન—માંથી મુક્ત થવા હું માથું હાથમાં લઈ પથારીમાં બેસી રહ્યો. ઓથારમાંથી ઊભા થતા ગહન પ્રશ્નોનો સામનો કરવા માટે હું અસમર્થ હતો......ત્યાં તો પોતાના અંતરાત્માઓને શુદ્ધ કરનાર સમુદ્રસ્નાનથી આનંદમગ્ન બનીને કુટુંબનાં બાકીનાં સભ્યો હસતાં હસતાં પાછાં આવ્યાં.

---

# ૧૦. અજાણ્યો ઈશ્વર

કવીન્સ્ રોયલ કૉલેજમાં મારું બીજું વર્ષ પૂરું થયું ને રજા પડી એટલે હું હંમેશની જેમ મધ્યના પહાડી પ્રદેશમાં આવેલા સુમિત્રામાસીના વિશાળ નેસ (ઢોરઉછેરક્ષેત્ર)માં થોડાં અઠવાડિયાં રજા ગાળવા ઊપડી ગયો. આ કુટુંબમાં રહેવાની મને ઘણી મજા પડતી. તેઓ મને રાજકુંવરની જેમ રાખતાં. મારે માટે ગમે તે કરવામાં સુમિત્રામાસી કશી કસર રાખતાં નહિ. માસા દારૂ પીતા હતા છતાં તે ગંભીર પ્રકૃતિના અને ઘણા મહેનતુ હતા. તેઓ પોતાની જમીનમાં શેરડી, કપાસ વગેરેનું વાવેતર કરતા અને તેમની પાસે પથ્થરની ખાણ પણ હતી. આ બધા ઉપર માસા ધ્યાન આપતા. તેમનો પુત્ર શરદ મારા કરતાં એક વર્ષ મોટો હતો. મારે તેની સાથે ગાઢ મિત્રતા હતી.

માસીને આઠ બાળકો હતાં. તે બધાંની સાથે મને ફાવતું. મને પર્વતોની પ્રગાઢ શાંતિ ને સૌંદર્ય સૌથી વધુ ગમતાં. પોર્ટ ઑવ્ સ્પેનમાં મોટરસાઈકલો, મોટરોનાં હોર્નના અવાજો, રસ્તાઓ પરની ધાંધલ–ધમાલથી મારી શાંતિનો ભંગ થતો. મને પ્રકૃતિ પ્રત્યે અનહદ પ્રેમ હતો. વિશ્વ સાથેની મારી એકતાની ઊંડી સમજે મારામાં બધી જીવંત વસ્તુઓ પ્રત્યે એકતાની એક રહસ્યમય ને ઊંડી સમજ પ્રગટાવી હતી. અસંખ્ય વિવિધ રંગોથી વિભૂષિત ફૂલો, પંખીઓમાં સુમધુર અનંત ગીતો, મેઘગર્જના પછીના વરસાદમાં ચમકતાં જંગલનાં વૃક્ષોનાં પાંદડાઓ બધું મને મુગ્ધ કરી દેતું. હું આ બધામાં ને જંગલના માર્ગો પરથી દોડી જતાં બધાં પશુઓનો ભાગ હતો. અમારા નેસની આસપાસનો વિસ્તાર સ્વર્ગ જેવો રમણીય હતો, તેમાં હું રોજરોજ ફરવા જતો ને મનને આનંદિત કરી દેનારા ભાવ અનુભવતો. હું બ્રહ્મ હતો ને આ મેં મારા વિચારોથી ઉત્પન્ન કરેલી મારી સૃષ્ટિ હતી.

ત્યાં જવા માટે લાંબો સમય ગરમીમાં મોટરમાં બેસવું પડતું. હંમેશની રીત મુજબ ત્યાં જઈને તરત જ હું ફરવા માટે નીકળી પડયો. ચારે બાજુ અતિ સુંદર દૃશ્યો હતાં, ત્યાંની તળપદી વનસ્પતિ અને વન્ય પશુપંખીઓની અસાધારણ વિવિધતા જોવામાં મને ખૂબ આનંદ આવતો હતો. જંગલની વચ્ચે એક ખડક હતો. એના ઢોળાવ ઉપર ઊભા રહી જંગલનાં ઊંચાં ને ઘટાદાર વૃક્ષોએ નીચેની ખીણમાં બાંધેલો શાહી ચંદરવો જોવામાં મંત્રમુગ્ધ થઈ જવાયું. નેસની બીજી તરફ દૂરદૂર ઊંચા ને પાંખાળાં વાંસનાં વૃક્ષો માદક પવનમાં ડોલતાં હતાં. દૂર દૂર આવેલાં લીલાં લીલાં શેરડીનાં ખેતરોએ જાણે કે એક લીલી જાજમ બિછાવી હતી, જાણે કોઈ તેના ઉપર થઈ ક્ષિતિજમાં દેખાતા નીલ સમુદ્રને મળવા જવાનું ન હોય! મારી પાછળ ભાતભાતના પોપટો, બુલબુલો ને બીજાં અનેક પ્રકારનાં પંખીઓ આમ-તેમ ઊડતાં હતાં ને વૃક્ષો પર બેસી મીઠા કલરવ ને ગુંજનની મસ્તી માણતાં હતાં.

મને લાગ્યું કે સમગ્ર વિશ્વ એક જ ગીત ગાય છે, એક જ સામાન્ય જીવનના ધબકારથી ધબકે છે, ને એક જ સામાન્ય તત્ત્વને (essence) પ્રગટ કરે છે. દરેક વસ્તુમાં રહેલો દરેક અણુ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુથી માંડી સૌથી મોટા તારા એવા સૂર્યને બીજા દૂરના યુગજૂના તારાઓ સુધી બધું એક જ ઉદ્ગમસ્થાનમાંથી આવેલું છે. બધી જ વસ્તુઓ એક જ મહાન ને મૂળભૂત અસ્તિત્વનો ભાગ છે, અંશ છે. હું બધા સાથે એકરૂપ છું–અમે બધાં બ્રહ્મની વિવિધ અભિવ્યક્તિઓ છીએ. પ્રકૃતિ મારી મિત્ર ને દેવ છે. બધી વસ્તુઓ ને બધાં પ્રાણીઓ વચ્ચેના સર્વસામાન્ય ભ્રાતૃભાવના ખ્યાલથી મારા મનમાં રોમાંચ પેદા થયો.

'ઓમ નમ: શિવાય' મંત્ર જપતી વખતે મહાદેવ–સંહારક ઈશ્વર–પ્રત્યેની પોતાની ફરજનું પણ કદી વિસ્મરણ થવું ન જોઈએ. હું મારા હાથમાં એક સર્પાકાર દેખાવનો ફૂલછોડ લઈને તેના નાજુક દેખાવ ને અદ્ભુત રંગો પ્રત્યે અહોભાવથી જોતો હતો ત્યાં હું ઊભો હતો તે ઝાડી પાસેથી એક ભયંકર સુસવાટો સંભળાયો. મારા ગભરાટ વચ્ચે મેં એક લાંબા સાપને મારી તરફ ધસી આવતો જોયો. તેની મણકા જેવી આંખો મારી આંખો તરફ જોઈ રહી હતી. હું મંત્રમુગ્ધ જેવો બનીને, પક્ષાઘાત થયો હોય તેમ ઊભો રહ્યો. હું નાસી છૂટવા માંગતો હતો પણ ત્યાંથી ખસી શકતો નહોતો. નાસી છૂટવાનો કોઈ રસ્તો પણ ન હતો. મારી પાછળ ઊભી કરાડ હતી ને આગળ કાળ જેવો સર્પ હતો. જો કે તે કદરૂપા સાપને નાગ જેવી ફેણ નહોતી છતાં શિવ પોતાના ગળાની આસપાસ જે સાપ વીંટાળતા તેની સાથે આને ઘણું સામ્ય હતું. હું સમાધિમાં ભગવાનની હાજરીમાં ચાલ્યો જતો ત્યારે ત્યાં નાગદેવતા મારી તરફ ફૂંફાડા મારતા ને પોતાની જીભ લંબાવતા. પેલાં દર્શનો હવે સાચાં ઠરે તેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. આ વખતે હું બચી શકીશ નહિ તેવી મને અનુભૂતિ થઈ.

સાપ મારી સાવ નજીક આવી ગયો; જાણે હું તેને સ્પર્શી શકું. સાપે પોતાનું મોં ઘાસ ઉપરથી ઉઠાવ્યું ને ડંખ મારવા તેણે માથું પાછળ કર્યું. ઠરી જવાય તેવા મહાત્રાસમાં જાણે કે કોઈ અતીતમાંથી મને મારી માતાનો અવાજ સંભળાયો. એવું લાગ્યું કે તે જાણે નજીકમાં જ ઊભી છે. હું ભૂલી ગયો હતો તે શબ્દો તેણે ફરીથી કહ્યા, "રવિ, તું કોઈવાર ભારે જોખમમાં આવી પડે, અને ક્યાંય કશો છુટકારો દેખાતો ન હોય તો બીજા ભગવાનની પ્રાર્થના કરજે. તેમનું નામ ઈસુ છે."

"ઈસુ ! મને મદદ કરો !" મેં બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ આ મૃત્યુચીસ પણ ગળામાં જ દબાઈ રહીને માત્ર મંદ અવાજ જ સંભળાયો.

મારા ભારે આશ્ચર્ય વચ્ચે સાપે પોતાનું માથું નીચે જમીન સુધી નમાવી દીધું, તે કઢંગી ચાલે પાછો ફર્યો ને પછી ઝડપથી ઝાડીમાં ક્યાંક ચાલ્યો ગયો. મારા પગ હજી પણ ભયથી ધ્રૂજતા હતા. શરીરમાં હજી પણ કંપારી હતી.

જે સ્થળે સાપ અદશ્ય થઈ ગયો હતો ત્યાંથી લાંબો ચકરાવો લઈને હું ગાઢ જંગલ વટાવી ઘર તરફ જતા રસ્તા પર આવી પહોંચ્યો. મારી હાંફ ને ધ્રુજારી હજી પૂરી થઈ નહોતી. આ આશ્ચર્યકારક દેવ ઈસુ પ્રત્યેની કૃતજ્ઞતાથી મારું આખું અસ્તિત્વ જાણે ભરાઈ ગયું હતું. હું હજુપણ તેમનું નામ લેતાં ગભરાતો હતો. મારા માંડમાંડ થયેલા બચાવ વિશે મેં મારા ભાઈ શરદને વાત કરી.

આ ઈસુ ખરેખર કોણ છે તે મૂંઝવતા પ્રશ્ન અંગે ઘણીવાર મને વિચારો આવતા. નાતાલ વખતે રેડિયો ઉપર ગવાતાં ખ્રિસ્તી ગીતોમાં મેં તેમના વિશે જે સાંભળ્યું હતું તે હવે મને યાદ આવ્યું. મને થયું કે તે ખ્રિસ્તી દેવોમાંના એક હોવા જોઈએ. મેં મારું થોડું પ્રાથમિક શિક્ષણ એક ખ્રિસ્તી મિશન દ્વારા ચાલતી શાળામાં મેળવ્યું હતું, પરંતુ આ ઈસુ ભગવાન વિશે મેં કંઈ સાંભળ્યું હોય તેવું મને યાદ આવતું નહોતું. કદાચ, મેં પૂરતું ધ્યાન પણ ન આપ્યું હોય. ગમે તે કારણથી મને ખ્રિસ્તી ધર્મ વિશે આટલું તો યાદ રહી જ ગયું હતું, કે સૌથી પ્રથમ ખ્રિસ્તીઓનાં નામ આદમ ને ઈવ હતાં, ને કાઈન નામના કોઈક માણસે પોતાના સગાભાઈ હાબેલની હત્યા કરી હતી.

મેં દિવસોના દિવસો સુધી પેલા અનુભવ પર સતત વિચારો કર્યા. તેમણે કેવી ઝડપથી મને ઉગાર આપ્યો હતો! પણ તે શાના દેવ હતા? બચાવના? તો પછી શા માટે મારી માતાએ કે મંદિરના પેલા ગુરુએ તેમના વિશે મને વધુ શિક્ષણ આપ્યું નહોતું? મેં ગોપાળદાદાને ઈસુ વિશે પૂછ્યું, પણ તેમને કંઈ ખાસ જાણકારી નહોતી. ને મારા પ્રશ્નથી તે થોડા અસ્વસ્થ બન્યા હોય તેવું પણ મને લાગ્યું.

# ૧૧. तत्त्वमसि । (તે તું છે!)

હાઈસ્કૂલના ત્રીજા વર્ષના અભ્યાસ દરમ્યાન હું સતત વધુ ઘેરો થતો જતો આંતરિક સંઘર્ષ અનુભવતો રહ્યો. ઈશ્વર એ જ સર્જનહાર છે ને પોતે સર્જેલા વિશ્વથી તે સર્વથા ભિન્ન ને અલગ છે તેવું મારું ઈશ્વરવિષયક જ્ઞાન હિંદુ ધર્મે આપેલા તેવા જ પ્રકારના જ્ઞાનથી જુદું પડતું હતું. હિંદુ ધર્મ તો શીખવે છે કે સર્જનહાર અને સર્જન બંને અભિન્ન છે, એક જ છે, અને ઈશ્વર સર્વકાંઈમાં–બધામાં છે. આ બંને અસમાધાનકારક–કયારે પણ એક ન થઈ શકે તેવાં–દૃષ્ટિબિંદુઓ વચ્ચે હું ભીંસાતો હતો. મારી ધ્યાનસાધનાના મને જે અનુભવો થતા તે બ્રહ્મ વિશેના વૈદિક શિક્ષણ સાથે સંમત થતા, પણ બીજા પ્રસંગોએ મળતા જીવનના અનુભવોનો તેની સાથે મેળ ખાતે નહિ. યોગસાધનામાં હું સમગ્ર વિશ્વ સાથે એકતા અનુભવતો; હું માંકડ કે ગાય કે દૂરના તારાવિશ્વથી કંઈ જુદો ન હતો. અમે એક જ પરમ તત્ત્વનો ભાગ હતાં. તમામ બાબતો બ્રહ્મ હતી અને બ્રહ્મ જ સર્વ કાંઈ હતા. અને "તે તું છે!" (તત્ ત્વમ્ અસિ) એમ વેદમાં કહેવાયું છે, વેદ મને એમ પણ શીખવતા કે બ્રહ્મ એ જ મારું સાચું સ્વત્વ છે, અરીસા સામે બેસી હું જેની સાધના કરું છું તે–મારામાં રહેલો ઈશ્વર–જ તે છે.

સાધનામાં કલાકો ગાળ્યા પછી રોજબરોજના જીવનનો સામનો કરવામાં મુશ્કેલી અનુભવાતી. આ બંને વિશ્વો વચ્ચેની અસમાનતામાં ને તેમની વચ્ચેના સંઘર્ષમાં કયારે પણ સમાધાન થાય તે શકય નહોતું. જેને ખરેખર આત્મતત્ત્વ માનવામાં આવે છે તેવી ચૈતન્યની ઊંચી કક્ષાઓ સુધી હું સાધનામાં પહોંચતો હતો. છતાં આ દરરોજની દુનિયામાં સુખ અને દુ:ખ, આનંદ અને વેદના, જન્મ અને મૃત્યુ, ડર અને હતાશા, મારાં રેવતીમાસી સાથેના કડવા ને દુ:ખમય કલહો, કવીન્સ કૉલેજમાં મારા સહપાઠીઓ દ્વારા પુછાતા, જવાબ ન આપી શકાય તેવા ચિત્રવિચિત્ર પ્રશ્નો, ગંધાતા ને શાપ ઉચ્ચારતા કહેવાતા સંત–સાધુઓ, પ્રેમમાં લપસતા બ્રહ્મચારીઓ–આ દુનિયા સાથે મારે વ્યવહાર કરવાનો હતો ને પાગલપણાને સાચા જ્ઞાન પ્રકાશ તરીકે હું ન ખપાવું ત્યાંસુધી આ દુનિયાને હું માયાજાળ તરીકે ઉવેખી કે નકારી શકું નહિ. મારા ધર્મમાં સુંદર સિદ્ધાંતચર્ચા છે પણ તેમનો દરરોજના જીવનમાં વ્યવહાર કરતાં મારે ગહન મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

એ કંઈ મારી પાંચ જ્ઞાનેન્દ્રિયો વિરુદ્ધ મારાં આંતરિક દર્શનોનો પ્રશ્ન નહોતો. એ તો વિવેકબુદ્ધિનો પણ પ્રશ્ન હતો. ખરેખર સંઘર્ષ તો ઈશ્વર વિશેના બે વિરોધી દૃષ્ટિબિંદુઓ વચ્ચે હતો. શું ઈશ્વર જે હતો તે હતો અથવા શું તે પોતાના એક ભાગરૂપ હોવા સિવાય ખડક કે માણસ સર્જી શકે? જો માત્ર એક જ અસ્તિ-

ત્વતા હોય તો બ્રહ્મ ભૂંડા તેમજ ભલા હોઈ શકે, મૃત્યુ તેમજ જિંદગી હોઈ શકે, ધિક્કાર તેમજ પ્રેમ હોઈ શકે ? તો તો પછી બધું જ અર્થહીન બની જાય ને જિંદગી પોતે બેવકૂફી કે મૂર્ખતા હોઈ શકે. પોતાની માનસિક સ્વસ્થતા જાળવવી ને એમ માનવું કે ભલાઈ ને ભૂંડાઈ, પ્રેમ ને ધિક્કાર, જિંદગી અને મૃત્યુ–એ માત્ર એક અસ્તિત્વના ભાગરૂપ છે, તે જરાપણ સહેલું નથી. ઉપરાંત, જો ભલાઈ ને ભૂંડાઈ એક જ હોય તો બધાં કર્મો પણ સરખાં હોય ને કશાનો અર્થ રહે નહિ, તો પછી શા માટે ધાર્મિક–ધર્મનિષ્ઠ–થવું ? એ તો વિવેકહીન કે ગેરવાજબી જણાય, પરંતુ ગોપાળદાદાએ મને યાદ કરાવ્યું કે વિવેકબુદ્ધિ પર પણ ભરોસો રાખી શકાય નહિ–વિવેકબુદ્ધિ પણ માયાનો ભાગ છે.

જો વિવેકબુદ્ધિ (reason) માયા હોય–વેદો તેવું જણાવે છે–તો પછી હું આ વિચાર પર કેવી રીતે વિશ્વાસ મૂકી શકું કે બધું જ માયા છે અને માત્ર બ્રહ્મ એ જ સત્ય છે ? જો મારી સમજશક્તિ કે બુદ્ધિશક્તિ પર વિશ્વાસ રાખી શકાય તેમ ન હોય તો મને કેવી રીતે ખાતરી થઈ શકે કે જે પરમસુખની હું શોધ કરું છું તે પણ ભ્રમજાળ નથી ? મારો ધર્મ જે કંઈ શીખવે છે તેનો સ્વીકાર કરવામાં તો બુદ્ધિશક્તિ જે કહે છે તેનો નકાર કરવો પડે તેમ છે, પણ બાકીના ધર્મો વિશે શું ? જો બધું એક જ હોય તો તે બધા પણ સરખા જ છે. તેથી તો ગૂંચવાડાને અંતિમ સત્ય તરીકે સ્વીકારવો પડે.

મારી એકમાત્ર આશા અને આસ્થા યોગમાં હતી. હું ઈશ્વર કરતાં જુદો નથી તેવા સાક્ષાત્કાર દ્વારા અજ્ઞાનનો છેદ ઉડાડી શકાય તેવું શ્રીકૃષ્ણે ગીતામાં વચન આપ્યું છે. ઘણીવાર તો આ આંતરિક સંદર્શનોએ મને આશ્ચર્યમુગ્ધ ને ઉત્તેજિત બનાવી દીધો હતો–હું આત્મસાક્ષાત્કારની એટલો નજીક જઈ પહોંચ્યો હતો કે હું પોતાની જાતને સર્વના સ્વામી એવા બ્રહ્મ તરીકે જોઈ શકતો હતો. પરંતુ એ દર્શન સંપૂર્ણ ન હતું. હું મારી જાતને કહેતો કે એ સાચું છે ને હું દેવ છું તેવો ડોળ કરતો, પરંતુ હંમેશાં કોઈને કોઈ આંતરિક સંઘર્ષ રહેતો ને કોઈ અવાજ મને આ ફરેબ કે છેતરપિંડી છે તેવી ચેતવણી આપતો. હું આ ચેતવણીને આદિકાળથી ચાલ્યા આવતા અજ્ઞાનના અંશ તરીકે કલ્પી તેની સામે લડતો ને કેટલીકવાર તો હું આ છલનાભરી ભ્રમણાને મારા પિતાજીની જેમ જીતી લેવાની તૈયારીમાં છું તેવી લાગણી અનુભવતો, પરંતુ મને અને સર્જનહારનાં બધાં સર્જનોને અલગ પાડતી પેલી ખાઈને હું ક્યારે પણ પૂરી શકતો નહોતો.

હું હવે સર્જનહારને જ એકમાત્ર ઈશ્વર તરીકે વિચારવા લાગ્યો હતો, જો કે સાધનામાં જે કેટલાક દેવો વિશે મને ખાતરી થઈ હતી તેમની સાથે આ વિચારસરણીને મેળ બેસતો નહોતો. આમાંનાં કેટલાંક દેવદેવીઓ મારા હૃદયમાં મહાત્રાસની લાગણી જન્માવતાં, જ્યારે મને અન્તઃસ્ફુરણા (instinct) થતી હતી કે સાચા ઈશ્વર

તો પ્રેમાળ અને કરુણાવાન છે. મારા જૂના દેવોમાંના કોઈ એક ઉપર પણ હું પૂરે-પૂરો ભરોસો રાખી શકું તેમ ન હતો, કોઈએક પણ મારા પ્રત્યે પ્રેમ રાખતો નહોતો, સર્જનહાર (creator)ને ઓળખવાની મારી ઝંખના તીવ્ર બનતી જતી હતી અને મને એક અકળાવનારી લાગણી પણ થઈ રહી હતી કે આત્મ—આવિષ્કારની (self-realization) મારી શોધ મને સર્જનહારની પાસે નહિ પરંતુ તેમનાથી દૂર ને દૂર લઈ જઈ રહી હતી. મને એ વાતથી પણ મૂંઝવણ થતી હતી કે હું બ્રહ્મ છું તેવું અનુભવવા માટેના મારા પ્રયત્નો છતાં ધ્યાનસાધનામાં પ્રાપ્ત થતી શાંતિ દરરોજની દુનિયામાં બહુ ઓછો સમય ટકતી—ખાસ કરીને રેવતીમાસી સાથેની મારી લડાઈમાં તો કદી ટકતી જ નહિ.

"રવિ મહારાજ! તમે ક્યાં જઈ આવ્યા?" કોણ જાણે કેમ થોડા વખતથી રેવતીમાસી મને આવી જ રીતે સંબોધતાં હતાં, ને મને ઠપકો આપતાં—ચીઢિયા અવાજે પ્રશ્ન પૂછતાં : "મેં તને સીડી વાળી નાખવાનું કહ્યું હતું!" મેં પ્રાર્થના-ખંડમાં સાધનામાં બે કલાક ગાળ્યા હતા ને ત્યાંથી નીકળતી વખતે મેં તેમને રસોડાના બારણામાં ઊભાં રહેલાં જોયાં. એ થોડા સમયના એકાંતમાં મેં જે આંતરિક શાંતિનો અનુભવ કર્યો હતો તેનો તેમના તીણાકર્કશ અવાજથી ભાંગીને ભુક્કો થઈ ગયો.

જો કે આવું—ઘરના નોકર—ચાકર માટે યોગ્ય એવું—કામ કરવું એ બ્રાહ્મણને શોભે નહિ છતાં મેં જવાબ આપ્યો, "હું તે કરવાનો જ છું. મહેરબાની કરી ધાંટા-ધાંટ કરશો નહિ!"

"તો પછી તું બીજી કઈ રીતે સાંભળે? તું તો આખો સમય દિવાસ્વપ્નો જોયા કરે છે ને કોઈ બીજી દુનિયામાં તું વસતો હોય છે!"

"તમારી દુનિયામાં રહેવા કરતાં એ દુનિયામાં રહેવું સારું!" મેં તે સાંભળી શકે તેટલે મોટે અવાજે બબડાટ કર્યો.

"તારું મોં બંધ રાખ!"

"તમારા મોં વિશે શું? તમારી લૂલી બંધ રાખોને!" મેં પ્રતિકાર કરતાં કહ્યું.

બહારની સીડી ને પગથિયાં વાળતાં વાળતાં મેં મનોમન વિચાર્યું, "હે વિશ્વના નાથ, તમે બ્રહ્મ છો! હું યોગસાધના કરતો હોઉં છું ત્યારે એ કેટલું સાચું લાગે છે, પણ હાથમાં સાવરણી હોય છે ત્યારે..."

"રવિ, અમે બપોરે જમ્યા પછી દરિયાકિનારે જવાના છીએ. તારે આવવું છે? મારા મસિયાઈ ભાઈ કૃષ્ણરાજ સાથે પણ મારે બહુ બનતું નહિ,—કારણ, તેને તેની માતા પ્રત્યે અનુરાગ હતો—તે પાછળના આઉટ-હાઉસનું ટેબલ ને ખુરશીઓ લૂછતો હતો. મેં થોડાં અઠવાડિયાં પહેલાં જ પેલા ભિખારીને ત્યાં જમાડયો હતો.

મારા ખભા ઉપર સાવરણી મૂકીને હું ધીમે ધીમે તેની પાસે ગયો.

"કદાચ, આવું પણ ખરો ! જો પેલાં મહારાણીબા મારી પાસે ઉપરનું છાપરું ન વળાવે તો આવું ! " મેં ઉત્સાહથી કહ્યું.

"તારું મોં સંભાળ, હાં..." મારું કામ તપાસવા રેવતીમાસી મારી પાછળ ચોર-પગલે આવ્યાં હતાં. "વળી, તું ફરી જઈને પગથિયાં વાળી આવ. ત્યાં તો કાળી ધૂળના ઢગલા છે ઢગલા !"

"હું કંઈ પેલા ચિબાવલા પવનને રોકી શકતો નથી. પવન ધૂળ પાછી ફેંકે છે!" મેં ગુસ્સાથી પ્રત્યુત્તર વાળ્યો. પાસે આવેલી ખાંડની ફેકટરીમાંથી પવન ધૂળ ને રાખ લઈ આવતો ને હું પગથિયાં સાફ કરું તે પહેલાં ત્યાં બધું વેરી દેતો. વાંક કંઈ મારો ન હતો. તો પછી માસી કેમ મારો પીછો છોડતાં નથી ?

"આળસુના પીર !" માસીએ છણકો કરતાં કહ્યું, "તું તારા બાપ જેવો આળસુ છે!"

"બાપ જેવો..." મેં તીવ્ર વેદનાથી ચીસ પાડી, ને હું પોતે પણ તેથી ચોંકી ગયો. કોઈ પિતાજી વિશે આવી રીતે બોલી શકે નહિ ! વર્ષોથી ધૂંધવાતો ધિક્કાર જ્વાળામુખીની જેમ મારામાંથી ફાટી નીકળ્યો. પાસે જ લોખંડના સળિયા સાથેનાં વજનિયાં પડયાં હતાં, દાદાજી તેનાથી કસરત કરતા હતા. ગુસ્સાથી અંધ બની જઈ, હું શું કરું છું તેનું ભાન ગુમાવી દઈ, હું નીચે વળ્યો...ને હું ઊભો થયો ત્યારે મારા હાથમાં પેલો વજનિયાંવાળો લોખંડનો લાંબો વળો (સળિયો) હતો. મેં લાંબા વળાને વજનિયાં સાથે મારા માથા પર ઘુમાવ્યો ને માસીના માથાનું નિશાન લીધું. વળો ઊંચો થતાં વજનિયાં પાછળ ખસ્યાં, પણ હું પ્રહાર કરું તે પહેલાં કૃષ્ણરાજે મરણિયા થઈ કૂદકો માર્યો ને વળાનો બીજો છેડો પકડી લીધો. જાદુઈ અસર પૂરી થઈ ગઈ હોય તેમ મારું અપાર્થિવ બળ ઝડપથી ઓસરી ગયું ને વજનિયાં ને વળો થડ઼ એવા મોટા અવાજ સાથે ફરશ પર પડયાં ને ફરશનું કોંક્રિટ પણ તડાક દઈને તૂટી ગયું.

મારાં માસીના નિસ્તેજ ચહેરા સામે તાકી રહેતાં જાણે અનંતકાળ વીતી ગયો હોય તેવું લાગ્યું. એમનું મોં અર્ધું ખુલ્લું રહી ગયું હતું, શબ્દવિહીન ચીસ તેમના ગળામાં જ થીજી ગઈ હતી. હું પણ પવનમાં હાલતા પાંદડાની જેમ ધ્રુજતો હતો. કોંક્રિટ ફરશબંદીમાં ખૂંપી ગયેલાં વજનિયાં ને વળા તરફ ને કૃષ્ણરાજ તરફ મારી નજર ઝડપથી ફરી રહી. ભારે શ્વાસ લેતો કૃષ્ણરાજ મારી પાછળ ઊભો હતો, હજુ પણ ભય તેની આંખોમાં ડોકિયાં કરી જતો હતો. ફરી મારી નજર માસીના ડરથી ધોળા પૂણી જેવા થઈ ગયેલા ચહેરા તરફ દોડી ગઈ. બીજી જ પળે મોટાં ડૂસકાં ભરતો હું પગથિયાં તરફ દોડયો.

મારા ખંડમાં પહોંચતાં જ મેં અંદરથી ધડામ્ દઈને બારણું બંધ કરી દીધું. મારી પથારીમાં શૂન્યમનસ્ક થઈને હું કલાકો સુધી આળોટતો રહ્યો. મારી આંખોમાંથી

ધીમાં ધીમાં આંસુ સરતાં હતાં, જે કંઈ બની ગયું હતું તેના બનવા ઉપર હજુ મને વિશ્વાસ બેસતો નહોતો. મારી દુનિયાનો ઓચિંતો અંત આવ્યો હતો. હું શી રીતે ફરીથી માસીના મોં સામે જોઈ શકીશ ? હું બીજા કોઈ માનવી સામે પણ શી રીતે જઈ શકીશ ?

હું તો અહિંસામાં માનતો હતો, ને ગાંધીજીની જેમ મારા જુવાન હિંદુ મિત્રો આગળ મેં તેનો ઉપદેશ કર્યો હતો. હું અતિ ચુસ્ત શાકાહારી હતો, કારણ, હું કદી જીવહિંસા કરતો નહોતો ને ભૂલચૂકે પણ કીડીમંકોડા ઉપર પણ પગ મુકાઈ ન જાય તેની કાળજી રાખતો. તો પછી મારાથી પેલાં ભારેખમ વજનિયાં ને વળો લાકડીની જેમ જાણે કંઈ વજન ન હોય તેમ શી રીતે ઊંચકાઈ ગયાં? ને તે પણ મારાં માસી ઉપર પ્રહાર કરવા માટે !?

મધ્યરાત્રિ પછી ને ઘરમાં બધાં સૂઈ ગયાં હતાં ત્યારે હું મારા ખંડમાંથી ચોરપગલે બહાર નીકળ્યો. આ તો મારી યોગસાધનાનો સમય હતો, પણ વરંડામાં જવાને બદલે હું રસોડામાં થઈ, સીડી ઊતરી પાછળના આઉટ હાઉસમાં ગયો. દીવાલ ફંફોસતાં ફંફોસતાં મેં જ્યાં પેલાં વજનિયાં ફેંકયાં હતાં તે જગ્યા શોધી કાઢી. મારે એક વાતની ખાતરી કરવી હતી. નીચા વળી, મેં બંને હાથે વજનિયાંવાળો વળો (સળિયો) બરોબર વચ્ચેથી ઊંચકયો, ને કમરેથી ઝટકો નાખી તેને પૂરા બળથી ઉપાડવાનો પ્રયત્ન કર્યો. હું વજનદાર સળિયાને એક સેન્ટિમિટર પણ ખસેડી શકયો નહિ ! આંતરે આંતરે આવતાં ડૂસકાં ખાતો હું મંદ પગલે સીડી ચઢી ગયો.

ફરી મારા ઓરડામાં જઈ પથારી પર પડતું મૂકી મેં તકિયામાં મારું મોં સંતાડી દીધું ને હું રડતો રહ્યો. પેલાં ભારેખમ વજનિયાંવાળા વળાને પીંછાની જેમ ઉપાડી લેવાની પેલી આશ્ચર્યજનક શક્તિ કયાંથી ઉદ્ભવી હશે ? ભયંકર ક્રોધ પણ તેમ ન કરાવી શકે? સાધનામાં જે પ્રેતાત્માઓનો મારે સામનો કરવો પડતો હતો તેમનામાંના કોઈએ શું મારો કબજો લઈ લીધો હશે? મને લેશમાત્ર શંકા ન હતી કે કોઈ દુરિત કે દુષ્ટ બળે જ એ વળો મારી પાસે ઊંચકાવ્યો હશે? પણ હું તો બ્રહ્મ સાથે સાયુજ્ય શોધતો હતો? બ્રહ્મ જો સર્વેસર્વા હોય તો શું તે ખરેખર ભૂંડાઈ ને ભલાઈ, મૃત્યુ ને જીવન બંને હશે? શું મેં તે આખરે પુરવાર કરી આપ્યું હતું ? શું આ જ મારું સાચું સ્વત્વ હતું—"તત્ત્વમસિ કે તે તું છે"? મહાન બળ ધરાવતી આ દુષ્ટ હસ્તીએ જ ધર્મનો પોતાનો બાહ્યાડંબર કે અંચળો ક્ષણભર માટે ફગાવી દીધો હતો? ના ! હું તે માની શકતો ન હતો! જે કંઈ બન્યું હતું તેથી હું ગભરાઈ ગયો હતો. પણ આ દુરિતરૂપી બળ ફરીથી એકાએક મારા પર કબજો નહિ જમાવી લે તેની શી ખાતરી? ને બીજીવાર આથી વધુ કરુણ પરિણામો નહિ આવે તેની પણ શી ખાતરી?

આ પ્રશ્નથી હું ભારે પીડા અનુભવતો રહ્યો. ન્યાસ ને યોગ ને સાધના દ્વારા જે દેવો ને આત્માઓ ને બળો ને હું આમંત્રણ આપતો હતો તે ખરેખર કોણ હતાં? શું તે ભલાં ને ભૂંડાં બંને હતાં— કે શું બધું જ માયા હતું ને તેમાંથી કંઈ અર્થ બેસાડવા જેટલું પાત્ર ડહાપણ મારામાં રહ્યું ન હતું? કેટલાક દિવસો સુધી હું મારા ખંડમાં જ પુરાઈ રહ્યો. કશું ખાવા માટે કે પીવા માટે મને બહાર આવવાની આજીજીઓ પણ જાણે બહેરા કાને અથડાતી રહી અને છેવટે જ્યારે ફરી વાર મેં દુનિયા સામે જવાનો પ્રયત્ન કર્યો–માયામયી એ દુનિયા જેને ભ્રમ કે અવાસ્તવિક માનવામાં આવતી હતી પણ જે મને ઘણી મુશ્કેલીમાં મૂકી દેતી હતી–તેની સામે આંખ ઉઠાવવાની પણ મારામાં હિંમત ન હતી. હું ભાગ્યે જ કોઈની સાથે થોડી પણ વાતચીત કરતો. રેવતીમાસી ને હું એકબીજાથી દૂર જ રહેવાનો પ્રયત્ન કરતાં. ઘરનાં કોઈ કામકાજ કરવા માટે કોઈ મને કશું પણ કહેતું નહિ. દાદીમા સાથેની મારી સવારની મુલાકાતો પણ ટૂંકી ને અસ્વાભાવિક રહેતી.

છેવટે તો મેં આશા રાખી હતી કે સમય એ જ ઘા રુઝાવનારું બળ છે, ને ધીમેધીમે તે જ મારા જીવનમાં બનેલી આ ભયાનક ઘટનાને ક્યાંક દૂરદૂર હડસેલી દેશે. જો કે હજી પણ હું ને રેવતીમાસી એકબીજાને ટાળવાનો પ્રયત્ન કરતાં પણ સમય આવતો ત્યારે અમે પ્રમાણમાં ઠીકઠીક રીતે એકબીજાની સામે જોઈને પ્રસંગોચિત વાતચીત કરી શકયાં. તે પણ હવે પેલો અણગમાયુક્ત વિરોધ, બહારથી દેખાય તે રીતે, બતાવતાં નહોતાં. જે એકમાત્ર અસર મારા મનમાં ટકી રહી તે તો આ હતી: હું બ્રહ્મ હતો તેની મારી જાતને ખાતરી કરાવવામાં મારું મન જ મુશ્કેલી અનુભવતું હતું. જેમની હું પૂજા કરતો હતો તે બ્રહ્મ અને બીજા દેવો ખરેખર કોણ છે અને તે કોનું પ્રતિનિધિત્વ કરે છે તે અંગેની અશ્રદ્ધા પણ બળવત્તર બનતી જતી હતી. અને હું કોણ હતો?

આત્મસાક્ષાત્કાર મેળવવાના મારા ધ્યેયમાં ગંભીર અડચણો ઊભી થઈ હતી.

# ૧૨. ગુરુપૂજા

"ઘણા બધા ઢોંગી છે! આ આત્મસાક્ષાત્કારની વાત જ લો ને... અને, તે બધા વધુને વધુ સ્વાર્થી થતા જાય છે!"

દાદીમાના બારણા પાસે હું બહાર જ ઊભો રહી ગયો. દેવનારાયણમામાના ગુસ્સામાં બોલાયેલા શબ્દોથી હું ડઘાઈ ગયો હતો. તેમણે આવી રીતે કદીપણ મારી હાજરીમાં વાત કરી ન હતી. શું તે મારે વિશે વાત કરતા હશે?

"ઘણા સારા પંડિતો પણ છે. 'બાબા' વિશે શું?" દાદીમાએ ધીમેથી પૂછ્યું.

"તે પણ ઢોંગી નહિ હોય તેની મને શી ખબર? આ તો બધાને માટે ધંધો થઈ પડયો છે ધંધો! પૈસા પડાવ્યા વગર એ લોકો કશું કરતા નથી, કશું નહિ!" મામાની વાણીમાં રહેલો ક્રોધ મને કરવતની જેમ કાપતો હતો. મને કયારેય જણાયું ન હતું કે તેમના મનમાં આટલો બધો વિરોધ હશે. તો પછી શા માટે તેમણે મને તેમની કારને આશીર્વાદ આપવાનું કહ્યું હશે? શા માટે મને દક્ષિણા આપી હશે?

"તને સ્કૂલમાં ભણાવવાનો પગાર મળે છે. પંડિતોએ શા માટે મફતમાં કામ કરવું જોઈએ?"

"પણ કેટલાક પંડિતો પાસે તો કેટલો બધો પૈસો છે! તેમને ઘણા પૈસા મળે છે અને તે પણ ખાસ કરીને ગરીબો પાસેથી. લૉટરી ને અન્ય જાતના જુગાર માટે પણ સેંકડો પૂજાઓ કરાવવામાં આવે છે, પણ કેટલાકનો નંબર લાગે છે? જોશી મહારાજો જાણે છે કે બધા કંઈ જીતવાના નથી! છતાં દરેક પાસેથી નાણાં પડાવે છે. જો આ બધું ધતિંગ ધર્મના નામે ચાલતું ન હોય તો આ ઢોંગીઓને ઠગાઈ માટે જેલમાં જવું પડે!

"પણ તેમાં ગરીબ જ્યોતિષીઓનો શો દોષ? લોકો તેમને પૂજાપાઠ કરવાનું કહે છે ને તે બિચારા કરે છે!"

"અલબત્ત એ તેમનો ધંધો છે. જ્યારે ઘણા બધા સાચા પડતા નથી ને બધા સાચા પડે પણ કેવી રીતે? ત્યારે આ જોશીજીઓ કહે છે કે એ તેમનાં કર્મનું ફળ છે. ગયા જન્મમાં તેમણે કંઈ ખોટાં કર્મો કર્યાં હશે! જો તમે 'બાબા'ની પૂજા પર વિશ્વાસ રાખશો તો સ્વર્ગમાં જવાની તમારી તક જુગારખાનામાં જીતી જવાની તક જેટલી જ ગણાશે!"

"શ... તું બહુ મોટેથી બોલે છે. કોઈ સાંભળી જશે."

"કદાચ, ખરેખર તો આખી દુનિયાએ આ સાંભળવું જોઈએ," મામાજીએ જરા ધીમા અવાજે જવાબ આપ્યો.

મારા ધર્મના હાર્દ ઉપરના મામાજીના પ્રહારોથી આઘાત પામી હું ધીમેથી, અવાજ ન થાય તે રીતે પગલાં ભરીને ત્યાંથી ખસી ગયો. મેં તો વિચાર્યું હતું કે દેવનારાયણમામાની હિંદુ ધર્મમાંની શ્રદ્ધા સતેજ થઈ છે. એમની વિચારસરણી આવી છે, એની ગંધ સુદ્ધાં તેમણે મને આવવા દીધી ન હતી. તે તો તદ્દન તર્ક-શુદ્ધ બનવા માગતા હતા, જેની વિરુદ્ધ તેમણે મને ચેતવણી આપી હતી. કોઈ પોતાના ધર્મમાંથી વિજ્ઞાન સર્જી શકે નહિ, ધર્મને વૈજ્ઞાનિક પાયા પર મૂકી શકે નહિ. મને લાગ્યું કે મારે તેમને દૈનિક સાધનોનો ફરીથી અભ્યાસ કરવાનું કહેવું જોઈએ. એ જ એકમાત્ર માર્ગ હતો. સાચે જ, ભગવાન સાચા હતા. એ દરેક જણ યથાર્થ રીતે યોગસાધના કરે તો બાકીનું બધું તદ્દન ગૌણ બની જાય.

બીજે દિવસે સવારે અમે કૉલેજે જતા હતા ત્યારે ત્રિનિદાદમાંના શિક્ષણની વાત નીકળી. દેવનારાયણમામાએ જણાવ્યું કે જો ત્રિનિદાદમાં પ્રગતિશીલ શિક્ષણ-પદ્ધતિ દાખલ કરવામાં આવે તો સમાજમાં ચમત્કારિક પરિવર્તનો આવે. આ તો આદર્શ કે તરંગી ખ્યાલ હતા. મામા આ જ્ઞાનપ્રકાશમાં માનતા હતા. મારે માટે વાતચીતને યોગ તરફ વાળવાનું મુશ્કેલ હતું. મને વધુ સ્પષ્ટ રીતે જણાયું કે અમે બંને બે જુદા–અંતિમ છેડાના–ધ્રુવો જેવા હતા. તે આ દુનિયામાં પ્રશ્નોનો-સમસ્યાઓનો ઉકેલ લાવવા માંગતા હતા, જયારે હું આ દુનિયાને માયાજાળ તરીકે જોતો હતો. વેદોમાં જણાવ્યું છે કે સમસ્યાઓનું અસ્તિત્વ નકારીને ને તેમને માત્ર માયા તરીકે સ્વીકારીને જ તેમને ઉકેલી શકાય. એકવાર મુક્તિ મળી જાય તો પછી પશ્ચિમના વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાન(ટૅક્નોલોજી)માં લોકોને શિક્ષણ આપવાથી જ ત્રિનિદાદ આબાદ બની શકે તેવું મામાજી ભારપૂર્વક કહેતા હતા. આવા માણસ સાથે ગુરુએ પોતાનામાં જે જ્ઞાનપ્રકાશ મેળવવો જોઈએ ને પછી પોતાના અનુયાયીઓ સુધી પહોંચાડવો જોઈએ તેવી ચર્ચા કેવી રીતે કરી શકાય ? ઊંડી સાધનામાં જે દુનિયાને હું અનુભવતો હતો ને બીજા સમયે જે દુનિયાનો મારે સામનો કરવો પડતો હતો તે બંને વચ્ચેની તંગદિલી લગભગ ભાંગી પડાય તેવી સ્થિતિએ તે સવારે પહોંચી ગઈ હતી. આ આંતરિક સંઘર્ષમાં હું મામાજીને તે દિવસે તો સહભાગી બનાવી શકતો નહોતો તેથી મેં તે જે કહેતા હતા તે શાંતિપૂર્વક સાંભળ્યા કર્યું.

શાળાના કલાકો દરમ્યાન ઘણી જાતિઓના, વર્ણોના ને ધર્મોના વિદ્યાર્થીઓ સાથે હળવામળવાથી હું મારો આંતરિક સંઘર્ષ લગભગ વીસરી જતો. બાહ્ય રીતે હું તો સ્કૂલમાં ઘણો સુખી હતો, કારણ મારે ઘણા નવા મિત્રો થયા હતા. છોકરાઓ હવે મુશ્કેલ ધાર્મિક પ્રશ્નો લઈને મને ચીડવતા નહોતા. વેસ્ટ ઇંડિઝમાં આવેલા ત્રિનિદાદના રહેવાસીઓની જેમ મને પણ ક્રિકેટ ને ફૂટબૉલ રમવાનું ગમતું

ને હું પણ દરરોજ આ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતો; જો કે, આમ કરવાથી મારે અન્યધર્મીઓ સાથે ભળવું પડતું. વેદોના અભિપ્રાય મુજબ તો બિનહિંદુઓનું અસ્તિત્વ જ ન હોઈ શકે, ને જો હોય તો તેમને શૂદ્રો કરતાં પણ હલકા ગણવા પડે. આવી રમતો ને સામૂહિક સ્પર્ધાઓમાં મારા શરીર ઉપર ઘણા ઉઝરડા થતા ને ઘા પણ પડતા. જો કે આ બધું ખેલદિલીની ભાવનામાં જ થતું. એક બપોરે કશુંક અણધાર્યું બની ગયું. અમે અમારી હંમેશની ફૂટબૉલની રમત રમતા હતા. હું ખૂબ જુસ્સાપૂર્વક બૉલની પાછળ દોડતો હતો ત્યાં હું અચાનક લીલા ઘાસ (ટર્ફ) ઉપર ગબડી પડયો ને મારા પેઢુના નીચેના ભાગમાં મને કશુંક ભોંકાતું હોય તેવી નિષ્ઠુર વેદના થવા લાગી. હું વેદનાથી તરફડવા લાગ્યો. મારા સહાધ્યાયીઓ ને ફરજ પરના શિક્ષક મારી આસપાસ ઝડપથી ટોળે વળ્યા.

"તેને કોઈની લાત પણ વાગી નથી, તો પછી એ કેવી રીતે પડી ગયો? શું થયું છે તેને?" કોઈએ પૂછયું. મેં તો માત્ર કણસવાથી જ જવાબ આપ્યો.

"એને છાંયડામાં લઈ લો," શિક્ષકે કહ્યું. હું તો જાણે વેદનાના સાગરમાં ડૂબતો હતો. મને કોઈના હાથ ઊંચકતા હોય તેવું લાગ્યું. પછી બધું કાળુંધબ્બ થઈ ગયું.

દેવનારાયણમામાની મોટરમાં મને કયાંક લઈ જતા હતા. મોટરમાં પણ હું સ્વપ્નમાં હોઉં તેમ પીડા ભોગવતો હતો. ડૉકટરના ખંડમાં તો સમય ને અવાજો બધું ઝાંખું ઝાંખું લાગતું હતું. મને તો ડૉકટરના માત્ર આવા જ કોઈ શબ્દો યાદ રહ્યા કે, "જો થોડી મિનિટોનો વિલંબ થયો હોત તો ઍપેન્ડીકસ (આંતરડું) ફાટી ગયું હોત" હું કલાકો પછી જાગ્યો તો હૉસ્પિટલના પલંગમાં હતો. મારા પર સફેદ ચાદર હતી ને મારું આંત્રપુચ્છ (ઍપેન્ડિકસ કે આંતરડાંનો વધેલો ભાગ) કાપી નાખવામાં આવ્યું હતું. હજીયે વેદના તો હતી જ, પણ હવે તેમાં ધીમો ઘટાડો થતો જતો હતો.

"રવિ, તું નસીબદાર છે!" બીજે દિવસે સવારે મને જોવા આવેલા મામાએ કહ્યું. "ડૉકટરે કહ્યું કે તું મોટી ઘાતમાંથી બચી ગયો છે."

ત્રીજે દિવસે મારી તબિયતમાં ઘણો સુધારો થયો. મને ઊઠવાની ને બાથરૂમ (ટૉઈલેટ)માં જવાની રજા મળી. પથારી તરફ પાછા જવા માટે મેં બાથરૂમનું બારણું ઉઘાડયું તો મારા જમણા પડખામાં અત્યંત ઉગ્ર પીડાનો હુમલો થયો. આખો ખંડ જાણે ગોળગોળ ફરવા લાગ્યો ને ફરી પાછું બધું ઝાંખું ઝાંખું થવા લાગ્યું. મારી ચેતન અવસ્થા જાળવી રાખવા મેં ખૂબ બળ વાપર્યું ને મરણિયા થઈ બારણાનું હૅન્ડલ શોધવાનો પ્રયત્ન કર્યો પણ મને તે કેમે કરી મળ્યું નહિ. મારી અસ્પષ્ટ થતી જતી સ્મૃતિમાં મને પેલું જંગલ, કરાડ ને વર્ષો પહેલાં મારી માતાએ કહેલી વાત યાદ આવી.

"ઈસુ, મને મદદ કરો!" મેં બૂમ પાડી.

મને લાગ્યું કે કોઈ હાથે જાણે મારો હાથ પકડી લીધો ને મને પડવામાંથી બચાવી લીધો. જો કે હું જાણતો જ હતો કે બાથરૂમમાં કોઈ ન હતું. અંધારાં ઓછાં થયાં. ખંડ ફરીવાર સ્થિર થયો. મારી આંખો પણ સ્થિર થઈ. પડખામાં થતી તીવ્ર વેદના ઘટી ગઈને તેને બદલે મેં મારા શરીરમાં સ્વસ્થતા ને શકિતનું ઝરણું ફૂટી નીકળતું હોય તેવી લાગણી અનુભવી.

પથારીમાં સૂતા પછી હું ઘણા સમય સુધી નિશ્ચેષ્ટ કે સ્થિર પડી રહ્યો. જે કંઈ બન્યું હતું તે સમજવાનો મેં પ્રયત્ન કર્યો. ખંડમાં એક અજાણી શાંતિ પ્રવર્તી રહી હતી. મને ગાઢ નિદ્રા આવી ગઈ. હું જાગ્યો ત્યારે મેં જોયું કે કોઈએ મારી પથારી પાસેના ટેબલ ઉપર એક ખ્રિસ્તી ટ્રાકટ (નાની પુસ્તિકા) મૂકી હતી. હું આવી ખ્રિસ્તી પત્રિકા જિંદગીમાં પહેલીવાર જોતો હતો. એ પત્રિકા કોઈ ઓસ્વાલ્ડ જે. સ્મિથે લખી હતી. મેં એ લેખકનું નામ પણ કદી સાંભળ્યું નહોતું. એમાં એક જુવાન કેવી રીતે ઈસુ ખ્રિસ્તનો અનુયાયી બન્યો તેનું લખાણ હતું. પુસ્તિકાની મારા પર ઊંડી અસર પડી, પરંતુ મારું મન હિંદુ ધર્મની દુનિયાથી એટલું બધું વીંટળાયેલું ને ઘેરાયેલું હતું કે હું તેમાં લખેલી વાત પૂરેપૂરી સમજી શકયો નહિ. ફરીવાર ઈસુ સંપૂર્ણપણે ભુલાઈ ગયા. મારી પાસે તો પૂજા કરવા માટે અસંખ્ય દેવદેવીઓ હતાં ને તેની યાદીમાં એકનો ઉમેરો કરવા માત્રથી મારા બોજામાં જ વધારો થાય. ખરેખર તો, કયા દેવની મારે સૌથી વધુ પૂજા કરવી જોઈએ તે સમસ્યા મને મૂંઝવતી હતી. હું બધાથી બીતો હતો પણ મને સૌથી વધુ આદરયુક્ત ભકિતભાવ શિવ ને કૃષ્ણ પ્રત્યે હતો.

દરેક સાંજે શાળામાંથી છૂટીને ઘેર આવ્યા પછી હું મારા પૂજાખંડમાં ચાલ્યો જતો. એ મારું પવિત્ર સ્થાન હતું. સાંજે બરાબર છ વાગ્યે જાણે હું જીવનનું સર્જન કરતો હોઉં તેમ, સિંહાસન ઉપર મધ્યસ્થાને મૂકેલી દીવી પર દીવાની પવિત્ર જ્યોત પ્રગટાવતો. પછી હું ભક્તિભાવપૂર્વક આરતી ઉતારતો ને તે પછી પદ્માસન વાળી, હું દેવોને ધ્યાનસાધનાનાં અર્ઘ્ય ચડાવતો. મારા ડાબા હાથમાં રાખેલી નાની ઘંટડી વગાડતો ને જમણા હાથમાં પિત્તળની તાસક રાખતો. તાસકની વચમાં સળગાવેલો દીવો રહેતો ને તેની આસપાસ તાજાં ચૂંટેલાં ફૂલો રહેતાં. યોગ્ય મંત્રનો જાપ કરતાં કરતાં હું દરેક દેવની મૂર્તિની આસપાસ ત્રણવાર વર્તુળાકારે ડાબેથી જમણે આરતી ઉતારતો. એક સાંજે કશું ભયાનક બની ગયું. ભગવાન શિવની આરતી ઉતારતાં ઉતારતાં અકસ્માત મારી કોણી વાગવાથી કૃષ્ણની મૂર્તિ નીચે પડી ગઈ.

ગભરાઈ જઈને મેં ઝટપટ પિત્તળની નાની મૂર્તિ ઉઠાવી લીધી. તેના ઉપર નરમાશથી હાથ ફેરવતાં, મારી ભારે નિરાશા વચ્ચે મને જણાયું કે મૂર્તિનો એક હાથ ને વાંસળીને નુકસાન પહોંચ્યું છે. તે વળી ગયાં છે. મને ધ્રાસકો પડયો મેં કૃષ્ણને મારી છાતી સાથે દબાવી દીધા. મને ઘણો પ્રશ્ચાત્તાપ થતો હતો, દિલગીરીની લાગણી થતી હતી છતાં મને ખબર હતી કે મારી માફીની માગણી સ્વીકારવામાં આવશે નહિ.

ક્ષમા હોઈ શકે નહિ. કર્મનો અપરિવર્તનશીલ નિયમ તેની મના કરતો હતો. આવા ભયંકર અપરાધ માટે મને કદાચ બીજા જન્મમાં અથવા આ જન્મમાં સજા ભોગવવી પડશે ને તે કેવી હશે તેની હું કલ્પના પણ કરવાની હિંમત કરી શકતો નહોતો. છતાં, જો એ નાનકડી પિત્તળની મૂર્તિમાં મહાન શક્તિ હોય તો પછી તે કેમ સહેલાઈથી ગબડી પડે? આ નાનકડી મૂર્તિઓની દેખીતી નિઃસહાય સ્થિતિ જોઈ મારી તેમના પ્રત્યેની લાચારીભરી બીક મને પોતાને અસ્વાભાવિક ને બેવકૂફીભરી લાગવા માંડી.

પેલા ન જવાબ આપી શકાય તેવા પ્રશ્નો ને આંતરિક સંઘર્ષ છતાં મારા જીવનની પ્રત્યેક જાગૃત સ્થિતિની પળે જ્યારે હું શાળામાં ભણતો ન હોઉં ને ઘેર ઘરકામ કરતો ન હોઉં ત્યારે—હું મારી ધાર્મિક વિધિઓનું ચુસ્ત રીતે પાલન કરતો હતો. મને તો માત્ર એટલી જ આશા હતી કે મારી સતત ચાલુ રહેતી વફાદારીનો સ્વીકાર કરવામાં આવશે, તેને પુરસ્કારવામાં પણ આવશે, જો કે હવે આત્મસાક્ષાત્કારની ભાવના મારે માટે આશા કરતાં સ્વપ્ન જેવી બની ગઈ હતી. હું હજુપણ ધ્યાન-સાધનામાં કલાકો ગાળતો હતો ને સાધનામાં પેલું સ્વર્ગીય સંગીત, અવર્ણનીય રંગો ને આત્માઓની મુલાકાતો અનુભવતો હતો, પણ હવે પેલી બ્રહ્મ હોવાની સમગ્ર વિશ્વના માલિક હોવાની, અનેક સ્વરૂપોમાં મૂર્તિમંત થતા એક મનની સ્ફુરણાઓ-જેનાથી મેં વર્ષો સુધી ઉત્તેજના અનુભવી હતી–તે હવે મારાથી મોં છુપાવતી હતી. આ જીવનમાં મોક્ષ-પ્રાપ્તિનું ધ્યેય લગભગ અશકય જણાતું હતું. મને ડર હતો કે આ માટે મારે ઘણા જન્મ લેવા પડશે, કેટલા તેની મને ખબર નહોતી. શા માટે ભવિષ્ય આટલું બધું અચોક્કસ હોવું જોઈએ?

મારા પિતાજીની સિદ્ધિઓ પહેલાંનાં કરતાં ઘણી વધારે આદરયુક્ત ભય પમાડે તેવી લાગતી હતી. સાચે જ, તે અવતારી પુરુષ હોવો જોઈએ. દેખીતી રીતે જ હું તેવો નહોતો. મેં મહાન ગુરુ બનવા માટે દૃઢ નિશ્ચય કર્યો હતો ને ઘણાંની દૃષ્ટિમાં તો હું તેવો ગુરુ હતો જ. પરંતુ આ જન્મમાં મને મોક્ષ મળે તેવી શકયતા લાગતી નહોતી. મારો બીજો વિકલ્પ–બીજા જન્મમાં ગાય થવાનો, સૌથી પવિત્ર પ્રાણી બનવાનો-પણ ભાંગીને ભુક્કો થઈ ગયો હતો. કશુંય ચોક્કસ નહોતું. છતાં હું મારી શંકાઓ કોઈની પણ આગળ વ્યક્ત કરતો નહિ. બાહ્ય રીતે તો હું મારા ધર્મ વિશે સો એ સો ટકા નિશ્ચિત હતો, ને હિંદુઓ પાસેથી મને મળતા માનમાં વૃદ્ધિ થતી જતી હતી.

હાઈસ્કૂલમાં મારું ત્રીજું વર્ષ હતું. દાદીમા ને રેવતીમાસીએ અમારા ઘરમાં એક ખાસ પૂજાવિધિ રાખી હતી, ને કુટુંબીઓને ને પડોશીઓને નોતર્યા હતા. જેઓ આવતા હતા તેઓ પિતાજીની મહાનતાને યાદ કરી ભક્તિભાવપૂર્વક નમસ્કાર કરતા હતા. મહેમાનોથી ઘર ભરાઈ ગયું હતું. તેમની આદરભરી આંખોમાં હું ઘણું વાંચી શકતો હતો. હું આખા નગરને કીર્તિ અપાવનાર યોગી હતો, ને જેને

અસંખ્ય શિષ્યો મળે તેવો ગુરુ હતો. મારી જાણે કે પૂજા થતી હોવાથી તેના આનંદમાં હું મારો આંતરિક સંઘર્ષ ભૂલી ગયો હતો. હજુ મેં પંદર વર્ષ પૂરાં કર્યાં નહોતાં છતાં હિંદુઓમાં મારું એક માનભર્યું સ્થાન હતું; કેટલાક પંડિતોને પણ તેની ઈર્ષ્યા થતી હતી. દેવનારાયણમામાએ જેમની ઝાટકણી કાઢી હતી તેવા ઢોંગી ને લાલચુ પંડિતોમાંનો હું નહોતો તેનો મને પ્રામાણિક આનંદ હતો.

અમારા 'બાબા' નું નામ હતું પંડિત જાનકીપ્રસાદ શર્મા. તે મારા આધ્યાત્મિક સલાહકાર ને પ્રેરણાદાતા હતા. તે આખા ત્રિનિદાદમાં હિંદુઓના સૌથી માનપાત્ર ધાર્મિક આગેવાન ગણાતા. તેમણે લંબાણ પૂજાવિધિ કર્યો. ગર્વપૂર્વક મેં તેમને મદદ કરી. આ મારે માટે એક મહાન પ્રસંગ હતો.

મારા ગળામાં સુવાસિત પુષ્પોની લાંબી માળા હતી. તેના પર આંગળીઓ રમાડતો ને પ્રસન્નતા અનુભવતો હું પૂજાના આસન પાસે ઊભો હતો ને વિધિ પછી આમંત્રિતોને પ્રણામ કરતો હતો. મારાં એક પાડોશી બહેને મારા પગ પાસે એક પછી એક એમ ઘણા સિક્કા મૂકયા, ને મારા આશીર્વાદ લેવા તે નીચે ઝૂકયાં. દરેક ભાવિક ભક્ત શક્તિસંપ્રદાયની પારલૌકિક અસરોને કારણે તેના પ્રત્યે ભારે આકર્ષણ અનુભવતો. એ બહેન ગરીબ અને વિધવા હતાં. ભારે પરિશ્રમ કરી તે માંડમાંડ પેટિયું રળતાં. મને એક જ વિધિ કે કર્મકાંડમાંથી જે નાણાં મળતાં તે તેની એક મહિનાની પર-સેવાની કમાણી કરતાં ઘણાં વધારે હતાં. બ્રાહ્મણોને આવું દાન કરવાનું તો દેવોએ ઠરાવેલું છે અને વેદોમાં પણ લખેલું છે કે બ્રાહ્મણોને દાનદક્ષિણા આપનારને ઘણું પુણ્ય મળે છે, તો પછી મારે શા માટે ગુનો કર્યાની લાગણી અનુભવવી જોઈએ ? દેવનારાયણમામાના શબ્દો તેમની પૂરી કડવાશ સાથે મારા કાનોમાં સંભળાયા: "આ તો એ બધાને માટે ધંધો થઈ પડયો છે; પૈસા પડાવ્યા વગર એ લોકો કશું કરતા નથી...તેઓ ખાસ કરીને ગરીબોને લૂંટે છે!..." મેં પેલી વિધવાએ આપેલા સિક્કા તરફ બેચેનીભરી દૃષ્ટિ કરી.

અલબત્ત, મારે તેને બદલામાં ઘણું આપવાનું હતું. હું તેના મસ્તક ઉપર સ્પર્શ કરી આશીર્વાદ આપવા નીચો નમ્યો ત્યાં જ સર્વસત્તાધીશ એવા કોઈ અવાજથી-આજ્ઞાથી ચમકી ગયો. 'રવિ, તું કંઈ દેવ નથી!" મારો હાથ અદ્ધર જ ઠરી ગયો. "તું...કંઈ...દેવ...નથી." લાંબા, ઊંચા શેરડીના સાંઠાને કાપનાર દાતરડાની જેમ પેલા શબ્દોએ જાણે મારા પર પ્રહાર કર્યો. અંતઃસ્ફુરણાથી હું સમજી ગયો કે બધાના સર્જનહાર એવા સાચા ઈશ્વરે આ શબ્દો ઉચ્ચાર્યા છે, તેથી હું ધ્રૂજવા લાગ્યો. નીચે નમેલી આ સ્રીને આશીર્વાદ આપવાનો ઢોંગ કરવો એ તો એક જબરદસ્ત છેતર-પિંડી હતી. મેં મારો હાથ ઝાટકા સાથે પાછો ખેંચી લીધો. મને બરોબર ખબર હતી કે ઘણી આંખો આ દૃશ્ય જોતી હતી ને આશ્ચર્ય અનુભવતી હતી. મને લાગ્યું કે મારે પેલા સાચા ઈશ્વરના પવિત્ર ચરણો આગળ પડી જવું જોઈએ ને તેમની માફી માગવી જોઈએ—પણ હું આ લોકોને તે વાત કેવી રીતે સમજાવી શકું ?

હું એકદમ ઊલટો ફર્યો ને ટોળામાંથી બહાર નીકળવાના પ્રયત્ન કરવા લાગ્યો. પેલી ગરીબ વિધવા તો આશ્ચર્યમૂઢ બની મારી સામે તાકી રહી હતી. મેં મારા ખંડમાં જઈ બારણું બંધ કર્યું, ધ્રૂજતા હાથથી મારા ગળામાં લટકતી ફૂલમાળાને તોડી નાખી, તેને જમીન પર ફેંકી દીધી અને મારી પથારી પર ઊંધે મોંઢે પડી, હું ડૂસકાં ભરવા લાગ્યો.

દાદીમાએ મને જતો જોયો હતો. તેમણે મારા તરફ કરુણાપૂર્ણ દૃષ્ટિ કરી હતી. હું એ કરુણા માટે યોગ્ય ન હતો. મેં લગભગ એક મહિનાથી દાદીમા સાથે વાત પણ કરી ન હતી. મેં માસી સાથે ઝઘડો કર્યો હતો ત્યારે તેમણે ખૂબ સલૂકાઈથી, મીઠાશથી ઠપકો આપ્યો હતો. વાંક તો ખરેખર મારો જ હતો. મેં આખા કુટુંબ આગળ મારી ન્યાયોચિતતાનું અભદ્ર પ્રદર્શન કર્યું હતું. મેં માફી માગવાની દાદીમાની વિનંતીને ઠુકરાવી દીધી હતી. એને બદલે, "હું તમારી સાથે કદી પણ બોલવાનો નથી," એમ કહી હું તેમના ખંડમાંથી બહાર નીકળી ગયો હતો. દાદીમાએ તો ફળફળાદિ વગેરે લઈને મારાં ભાંડુઓને મોકલ્યાં હતાં, પણ હું કોઈપણ રીતે સમાધાન કરવા—ભૂલનો સ્વીકાર કરવા—તૈયાર ન હતો. પેલા સાચા ઈશ્વરના ઠપકાથી દાદીમા સાથે મેં કરેલો કટુ વર્તાવ મને જાણે કોરી ખાતો હતો. માત્ર ઈશ્વર જ જેને માટે અધિકારી છે તેવી પૂજા પોતે સ્વીકારવાનો દુરાગ્રહ કરી મેં ખોટું કર્યું હતું, તેથી મારો અંતરાત્મા મને ખૂબ ડંખતો હતો. ગર્વની—અહંકારની—મારી દુનિયા જાણે તૂટું તૂટું થઈ રહી હતી.

હું આ ઈશ્વર આગળ મારાં માસી, દાદીમા ને બીજાં ઘણાં લોકો સાથે મેં જે ખરાબ વર્તાવ કર્યો હતો તેને માટે દિલગીરી વ્યક્ત કરવા માંગતો હતો. હું એ માટે પણ સાચે જ ક્ષમા શોધતો હતો કે મેં ઈશ્વરને માટે જ યોગ્ય તેવી માણસોની પૂજા મેળવવાનો પ્રયત્ન કરી તેને લૂંટયો હતો. પરંતુ તેને કઈ રીતે સંબોધવો તેની મને સૂઝ પડતી નહોતી, અને આમ પણ કંઈ ક્ષમા મળે તેવું લાગતું પણ નહોતું. કર્મનો સિદ્ધાંત મને જે વાજબી કે યોગ્ય હશે તે જ ફળ આપવાનો હતો. મેં જે અપરાધ કર્યો હતો તેનાથી તો મારો આવતો જન્મ પણ જોખમમાં મુકાઈ ગયો હતો. હજારો વર્ષો સુધી પુનર્જન્મ વેઠયા પછી જ મને બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ મળશે. હવે ફરી પાછું નવે નામે ચઢાણ કરવાનું કે ઊંચે જવાનું કેટલું પીડાકારક બની જશે ?

મારું ભવિષ્ય તો ભયંકર લાગતું હતું અને તે સાથે વર્તમાનનો સામનો પણ દુઃખદ બનતો હતો. જો કે હજુ પણ મારી પાસે એવી આશા તો રાખવામાં આવતી હતી. પરંતુ હું હવેથી કદી પણ બીજા માનવીની પૂજા સ્વીકારીશ નહિ. હું તે કેવી રીતે ટાળી શકું ? જે લોકોએ મને ઊંચે આસને બેસાડયો હતો તેમનો હું ચોર છું અને ચોર તરીકે જે આપણા બધા ઉપર સર્વોપરી છે તેનો મહિમા મેં લૂંટી લીધો

હતો એવું કહેવાની હું કેવી રીતે હિંમત કરી શકું ? હું મારો ખંડ છોડીને ફરીથી હિંદુ સમાજની સામે જઈ શકું તે માટે હવે કોઈ રસ્તો રહ્યો નહોતો. કોઈપણ માણસ તે ઈશ્વર નથી ને તેથી ભકિતને પાત્ર નથી એવું કહેવાનો પણ જો હું પ્રયત્ન કરું તો તેઓ માનવાના નહોતા. મારા વિશે જે દયાજનક સત્ય હતું તે હું કયે મોઢે તેમને જણાવી શકું ? એ તો ભારે શરમની વાત હતી. પરંતુ હું બધો વખત જૂઠાણાંમાં પણ જીવી શકું તે પણ શકય નહોતું. છુટકારાનો એક જ માર્ગ હતો ને તે આપઘાતનો હતો. હું આ બાકી રહેલા એકમાત્ર ને ભયંકર વિકલ્પ તરફ ફરી ફરીને વળતો હતો. આની મારા આવતા જન્મ પર શી અસર થશે તેની તો હું માત્ર ધારણા જ કરી શકતો હતો, પરંતુ વર્તમાનની તો મને તેથીયે વધુ બીક લાગતી હતી.

દિવસો પછી દિવસો ભારે વેદનામાં પસાર થતા હતા. હું ખાધા કે પીધા વગર મારા ખંડમાં જાતે પુરાઈ રહ્યો. હું આમતેમ આંટા મારતો, મુઠ્ઠીઓ વાળતો, થાકી જઈ પથારીમાં ઢળી પડતો ને ફરીથી આમતેમ આંટા મારતો કે હાથમાં માથું લઈ પથારીને છેડે બેસી રહેતો. કેટલીકવાર તો હું રડી પડતો ને જાત પર દયા લાવી હું કદી જન્મ્યો જ ન હોત તો સારું થાત એમ વિચારતો. મેં કેટલું બધું વેઠયું હતું ! માબાપનો પ્રેમ ને સારસંભાળ ગુમાવ્યાં હતાં. પિતાજીએ મારી સાથે કદી પણ વાતચીત કરી ન હતી ને બાળપણમાં જ મૃત્યુ પામ્યા હતા. આઠ વર્ષથી મેં મારાં માતાને જોયાં ન હતાં. મેં દાદીમા સિવાય બધાં દાદા-દાદીઓને ગુમાવ્યાં હતાં. છતાં મારાં કર્મ સારાં છે તેવો હું એકવાર ગર્વ અનુભવતો હતો ! આવું શા માટે થવું જોઈએ ? મારા પાછલા જન્મો માટે મને આ જન્મમાં સજા કરવી તે વાજબી ન કહેવાય. મને તો એ જન્મોનો એક પણ પ્રસંગ યાદ આવતો નહોતો. જો કે કોઈ કોઈ વાર આવા પ્રસંગો મને યાદ આવે છે તેવા ઢોંગ મેં આચર્યા હતા.

આ લાંબા લાંબા કલાકો દરમ્યાન હું મારા ભૂતકાળને વાગોળતો રહ્યો ને મારી અંધતા ઉપર વિચારતો રહ્યો. ગાય કે સાપ કે હું પણ—કેવી રીતે દેવ હોઈ શકીએ ? બધું જ કેવી રીતે એક પરમ તત્ત્વનો ભાગ હોઈ શકે ? આનાથી તો ચેતનસ્વરૂપ માણસ ને જડવસ્તુ વચ્ચેના તફાવત જ રહેતા ન હતા. કૃષ્ણ ને વેદો તો જડચેતનને અભિન્ન માને છે પરંતુ મને હવે શંકા પડવા માંડી હતી. જો હું ને શેરડી, તત્ત્વ કે અનિવાર્ય ગુણધર્મમાં એક હોઈએ, તો મારામાં ને શેરડીમાં મૂળભૂત રીતે કશો તફાવત ન હતો, જે વાત હાસ્યાસ્પદ લાગતી હતી.

મેં ધ્યાનમાં જે બધી વસ્તુઓની એકતા નિહાળી હતી તેમાં હવે અસંગતતા જણાતી હતી. મારા અહંકારે જ મને અંધ બનાવ્યો હતો. મને વિશ્વના માલિક થવાની એટલી તીવ્ર ઝંખના હતી કે મેં દેખીતા જૂઠાણાને સ્વીકારવાની તૈયારી બતાવી હતી. આનાથી વધારે દુષ્ટતા શી હોઈ શકે ? આ તો સૌથી અધમ પ્રકારનો ઢોંગ હતો !

મેં તો એકવાર પોતાને આત્મસાક્ષાત્કારના ઉંબરા ઉપર જોયો હતો, હવે હું હલકટ જાતનિંદામાં આવી પડયો હતો. મેં ચોરી હતી તે બધી સિગારેટો, હું બોલ્યો હતો તે જૂઠાણાં, મેં ગાળેલી સ્વાર્થી ને ઘમંડી જિંદગી, રેવતીમાસી ને બીજાંઓ પ્રત્યે મારા હૃદયમાં પડેલો ધિક્કાર—આ સર્વ વિશે હું વિચારતો રહ્યો. હું જ્યારે અહિંસાનો ઉપદેશ આપતો હતો ત્યારે જ માસી મરી જાય તો સારું તેવું ઈચ્છતો હતો. જો પ્રામાણિક ત્રાજવાં પર તોળાય તો મારાં સારાં કર્મોનું પલ્લું ખરાબ કર્મોના પલ્લા કરતાં નીચું નમે તેવી કોઈ શકયતા નહોતી. આંટાફેરા કે જન્મજન્માંતરના પુનર્જન્મના વિચારમાત્રથી હું ધ્રુજી ઊઠતો; કારણ, મને ખાતરી હતી કે મારાં કર્મો મને સીડીને તળિયે જ ફેંકી દેશે. મને થતું કે જો એકવાર મને સાચો ઈશ્વર મળી જાય તો હું તેની આગળ મારું હૃદય ઉઘાડી પશ્ચાત્તાપ દેખાડું–છતાં, એનો પણ શો અર્થ હતો, કારણ, કર્મોને તો બદલી શકાતાં નથી? કદાચ, તે દયાવાન પણ હોય.

એકવાર જેમાં હું ગર્વ અનુભવતો હતો તે અપાર્થિવ યાત્રાઓ ને પ્રેતાત્માઓની મુલાકાતોથી મને ભય લાગવા લાગ્યો, છતાં ઈશ્વરને શોધવાના યોગ સિવાયના બીજા કોઈ માર્ગની મને ખબર નહોતી. મારો ધર્મ, મારી તાલીમ ને યોગસાધનાના મારા અનુભવે મને શીખવ્યું હતું કે સત્યની પ્રાપ્તિ માટે સ્વમાં ઊંડે જોવું, તેથી મેં ફરીવાર પ્રયત્ન કર્યો. છતાં, અંદરની શોધ વ્યર્થ નીવડી. ઈશ્વરને શોધવા કરતાં મેં દુષ્ટતાનો એક એવો માળો ખળભળાવ્યો કે મને મારા હૃદયની ભૂંડાઈ વિશે વધુ ખાતરી થઈ. મારું દુઃખ વધ્યું, મારી ગુનેગારી ને શરમની લાગણી અસહ્ય બની ગઈ.

જો આ ઈશ્વર મને જલદી નહિ મળે, તો પરિણામો ગમે તે આવે તો પણ મારે આત્મહત્યા કરવી પડશે. હવે તેના વગર હું વધુ સમય જીવી શકું તેમ નહોતું.

તેમ છતાં, હું આપઘાતથી ડરતો હતો. મને આવતી જિંદગી અત્યારની જિંદગી કરતાં પણ વધુ ખરાબ મળે. ભવિષ્ય અચોક્કસતા અને અંધકારથી ભરેલું હતું. મારે તો ગમે તેમ કરી મારી વર્તમાનની માનસિક સ્વસ્થતા મેળવવી હતી.

પાંચમા દિવસે મેં સ્નાન કર્યું. થોડો નાસ્તો કર્યો ને કોઈની સાથે વાત કર્યા વગર મારા ઓરડામાં જતો રહ્યો. છતાં, મેં પહેલી વખત બારણું ઉઘાડું રાખ્યું, જેથી કુટુંબીજનો તેનો અર્થ જાણે. કારણ, એ સમાધાન તરફનું પગથિયું હતું; જો કે એ નબળું હતું, છતાં એક ગર્વિષ્ઠ ને સ્વ-ન્યાયી વ્યક્તિ બીજાની મદદ વગર બીજું કરે પણ શું?

# ૧૩. કર્મ અને કૃપા

"રવિ, તને કોઈ મળવા આવ્યું છે," શાંતિ છેક મારા રૂમમાં આવીને કહી રહી હતી. મેં તેનાં પગલાંનો અવાજ પણ સાંભળ્યો નહોતો.

"કોણ છે?"

"મારી સાથે સ્કૂલમાં ભણતી એક છોકરી, તે તારી સાથે વાત કરવા માંગે છે."

આશરે અઢારેક વર્ષની એક દેખાવડી યુવતી બેઠકખંડમાં મારી રાહ જોતી હતી. હું દરવાજામાં જ ઊભો રહી ગયો ને તેના તરફ કંઈ પૂછતો હોઉં એવી દૃષ્ટિએ જોઈ રહ્યો. મને જોઈને તે એકદમ ઊભી થઈ ને જાણે કે અંદરથી આવતું હોય તેવા સ્મિતથી તેનો ચહેરો ઝળકી ઊઠયો. એને જિંદગીની પૂરી જાણકારી નથી, નહિ તો તે આટલી બધી ખુશખુશાલ દેખાય નહિ, મેં વિચાર્યું.

"હલ્લો, રવિ, મારું નામ મૉલી છે," તેણે ઉષ્માપૂર્વક કહ્યું. "મેં તમારા વિશે ઘણું સાંભળ્યું છે, તેથી હું તમારી સાથે વાત કરવા માંગતી હતી."

"ઓહ ! શા વિશે ?" મેં પૂછ્યું. પછી અધીરાઈથી ઉમેર્યું, "બેસો તો ખરાં." ને હું તેની સામેની બેઠક ઉપર બેઠો. મારી પાસે તેને માટે સમય ન હતો. તેને વળી મારું શું કામ પડયું હશે ? શાંતિ કેમ ન આવી ? કદાચ, તે રસોડામાં ગઈ લાગે છે.

મારા મૂંઝવણભર્યા ચહેરાને જોઈ મૉલી ફરીથી હસી. "મેં સાંભળ્યું છે કે તમે ઘણા ધાર્મિક છો, તેથી હું તમને મળવા માંગતી હતી."

તેણે મારા વિશે પૂછ્યું ને એવું પણ પૂછ્યું, "શું તમને તમારો ધર્મ સફળતા પમાડનાર લાગે છે?" મારા હિંદુ ધર્મના વિશાળ જ્ઞાનસૂચક શબ્દોની પાછળ મારી શૂન્યતાને છુપાવીને મેં જણાવ્યું કે, "હું ઘણો સુખી છું. મારો ધર્મ જ સાચો છે." તે છોકરીએ મારાં આડંબરી ને ક્યારેક ઘમંડી બની જતાં વક્તવ્યોને ધ્યાનપૂર્વક સાંભળ્યાં. મારો વિરોધ કર્યા વગર કે દલીલ કર્યા વગર તેણે વિનયી પ્રશ્નો વડે મારી પોકળતા ખુલ્લી કરી.

છેવટે તેણે પૂછ્યું, "શું ધર્મમાં તમારો કોઈ વિશિષ્ટ ઉદ્દેશ છે ?"

"હા," મેં કહ્યું. "હું ઈશ્વરની નજીક જવા માંગું છું."

"શું તમે તેમને ઓળખો છો ?"

"હા," મેં ફરીથી જૂઠાણું ચલાવ્યું. "હું મારી અચોક્કસ સ્થિતિને ઢાંકવા માંગતો હતો. હું જાણતો હતો કે ઈશ્વરનું અસ્તિત્વ છે પણ મને તેમની મૂર્તિ

વિશે કશી ખબર નહોતી, તેમની સમક્ષ ઉચ્ચારવા માટે મારી પાસે કોઈ મંત્રો ન હતા, ને યોગ દ્વારા હું તેમને પામી શક્યો નહોતો. મેં પૂછ્યું, "શું તમે પણ ધાર્મિક હિંદુ છો?" હું તેને બીજી કોઈ બાબત તરફ વાળવા માંગતો હતો. આવી શાંતિ તેને મળી હોવાથી તે ઘણી ભક્તિ કરતી હોવી જોઈએ તેમ મને થયું.

"હા, હું હતી, પણ હવે હું નથી."

"તમે શું છો?"

"ખ્રિસ્તી. મેં શોધી કાઢ્યું છે કે ઈસુ ખ્રિસ્ત દ્વારા માણસો ઈશ્વરને ઓળખી શકે છે, તેની નજીક જઈ શકે છે."

"હું તો માનું છું કે મારા ધર્મની મદદથી હું ઈશ્વરની નજીક જઈ શકીશ," મેં ભારપૂર્વક ઉચ્ચાર્યું. હું મારા હૃદયમાં તો જાણતો જ હતો કે આ એક જૂઠાણું હતું. હકીકતમાં તો મને જણાયું હતું કે મારા દેવો પાસે એકેક ડગલું વધુ નજીક જવાથી જેને શોધતો હતો તે સાચા ઈશ્વરથી હું દૂર જતો હતો. પરંતુ હું તેને કદી સ્વીકારું નહિ ને તેમાંયે એક ખ્રિસ્તીની પાસે તો નહિ જ! 'ઈસુ ખ્રિસ્ત' નામ મને માનસિક વ્યગ્રતામાં મૂકી દેતું નહોતું પણ 'ખ્રિસ્તી' શબ્દ પ્રત્યે મને રીસ હતી ને તેમાં વળી આ છોકરી ખ્રિસ્તી થઈ ગઈ હતી! એવા ઘણા ખ્રિસ્તીઓને હું ઓળખતો હતો, જેઓ એવી જિંદગી જીવતા હતા કે કોઈને પણ તે ધર્મ પ્રત્યે રુચિ થાય નહિ.

હું તેને જવાનું કહેવા માટે ખુરશી પરથી ઊભો થયો. હવે વાતચીતને વધુ લંબાવવામાં કશો અર્થ નહોતો. પણ એ છોકરીએ મૃદુતાથી એવું કશુંક કહ્યું કે હું મારી ખુરસીમાં પાછો બેસી ગયો. "બાઈબલ શીખવે છે કે ઈશ્વર એ પ્રેમનો ઈશ્વર છે. હું કેવી રીતે તેને મેળવી શકી એ મારે તમને કહેવું છે." આથી તો હું સ્તબ્ધ બની ગયો. મારાં આટલાં બધાં વર્ષોમાં મેં કદી પણ પ્રેમના ઈશ્વર વિશે સાંભળ્યું ન હતું! હું આશ્ચર્યચકિત બનીને તેની વાત સાંભળી રહ્યો.

"તે આપણા ઉપર પ્રેમ રાખે છે, તેથી તે આપણને પાસે ખેંચવા માગે છે." આથી તો હું ફરીથી નવાઈ પામ્યો. હિંદુ તરીકે હું દેવની નજીક જવા માંગતો હતો પણ આ છોકરી તો કહેતી હતી કે "ઈશ્વર પોતાના પ્રેમને કારણે માનવોની નજીક જાય છે! મારી નજીક આવવાનો પ્રયત્ન કરે છે."

"અને બાઈબલ એવું પણ શીખવે છે કે ઈશ્વરની વધુ નજીક જવામાં પાપ બાધા કે વિઘ્નરૂપ બને છે. પાપ ઈશ્વરને ઓળખવા પણ દેતું નથી. તેથી જ ઈશ્વરે આપણાં પાપને માટે મૃત્યુને ભેટવા ઈસુને મોકલ્યા. જો આપણે તેમની ક્ષમા મેળવી શકીએ તો તેમને ઓળખી પણ શકીએ..."

"એક મિનિટ થોભો!" મેં વચમાં બોલતાં કહ્યું. શું તે મારું ધર્મપરિવર્તન કરાવવા માંગતી હશે? મને થયું કે મારે કોઈ ખંડનાત્મક પ્રત્યુત્તર આપવો જોઈએ.

"હું કર્મમાં માનું છું. તમે જે કંઈ વાવો છો તે લણો છો. કોઈ તેને બદલી શકતું નથી. હું માફીમાં બિલકુલ માનતો નથી. એ અશક્ય છે! જે થઈ ગયું છે તે તેવું જ રહે છે!"

"પણ ઈશ્વર ગમે તે કરી શકે," મૉલીએ વિશ્વાસપૂર્વક કહ્યું. "તેની પાસે માફી આપવાનો રસ્તો છે. ઈસુએ કહ્યું છે, 'માર્ગ, સત્ય તથા જીવન હું છું. મારા સિવાય પિતાની પાસે કોઈ આવી શકતું નથી.' ઈસુ આપણાં પાપો માટે મૃત્યુ પામ્યા તેથી ઈશ્વર આપણને માફ કરી શકે."

આ તો અંધવિશ્વાસ હતો. મેં તેનો સ્વીકાર કરવાની ના પાડી. મેં હંમેશાં કહ્યા કર્યું હતું કે હિંદુ ધર્મ જ એકમાત્ર માર્ગ છે, પણ હવે હું દલીલ કરતો હતો કે ગીતા કહે છે કે બધા માર્ગો એક જ સ્થાને લઈ જાય છે, ને માણસ જે કંઈ કરે છે (તેનો ધર્મ ના હોય તો પણ) તેમાં કર્મ અને પુનર્જન્મ તેને અંતે તો યોગેશ્વર કૃષ્ણ પાસે લઈ જશે. ખ્રિસ્ત એ જ એકલો માર્ગ છે એમ કહેવા કરતાં કૃષ્ણ એ જ એકલો માર્ગ છે, એમ કહેવામાં ઓછી અંધશ્રદ્ધા છે એવું કહી શકાય ખરું? શું હું ખરેખર ખરા ભગવાનને શોધતો નહોતો? તે હજુ મને મળ્યા નહોતા એ તો હકીકત હતી. પરંતુ તે સ્વીકારવામાં મારું અભિમાન આડે આવતું હતું ને બચાવ કરવા માટે મેં જુદી જુદી પરસ્પરવિરોધી સંકલ્પનાઓ રજૂ કર્યા કરી. યુવતી ખૂબ ધીરજવાળી હતી, કદાચ તેને કારણે મેં મિજાજ ગુમાવ્યો અને મોટેથી બોલી, ગુસ્સાથી હાવભાવ કરી, મેં એનાથી હારી ન જવાનો નિર્ણય કર્યો, પણ તે એટલી બધી સ્વસ્થ ને શાંત હતી અને ઈશ્વર સાથેના તેના સંબંધમાં એટલી બધી ચોક્કસ હતી કે અંતે મારે આ રહસ્યનું કારણ શોધવાનો પ્રયત્ન કરવો પડયો.

"તમે આટલાં બધાં પ્રસન્ન કેમ દેખાઓ છો? તમે ધ્યાનસાધનામાં ઘણો સમય ગાળતાં હશો, નહિ?" મેં તેને એકાએક પૂછી નાખ્યું.

"હું તેવું પહેલાં કરતી હતી પણ હવે કરતી નથી," તેણે ઉત્તર આપ્યો. "મેં મારા જીવનમાં ઈસુનો સ્વીકાર કર્યો પછી તેણે મને સંપૂર્ણપણે બદલી નાંખી છે. મેં અગાઉ કદી અનુભવ્યાં નહોતાં તેવાં સુખ ને શાંતિ તેમણે મને આપ્યાં છે." પછી મારી આંખો સામે મીટ માંડી પૂછયું, "રવિ, તમે ખૂબ સુખી ને પ્રસન્ન દેખાતા નથી. સાચી વાત?"

મેં ઝડપથી આમતેમ નજર નાંખી. રસોડામાંથી વાસણોના ખડખડાટનો અવાજ આવતો હતો. મેં ધીમે અવાજે કહ્યું, "હા, હું ખૂબ સુખી નથી. તમારી પ્રસન્નતા મારી પાસે હોત તો સારું થાત." શું હું આ કહેતો હતો? હું તો દાદીમા સાથે પણ આ રહસ્યની ચર્ચા કરવા માંગતો નહોતો, ને હવે હું હૃદયની વાત એક અજાણી વ્યક્તિ આગળ કહી રહ્યો છું? તે પણ કેવી રીતે મને મદદ કરી શકશે?

મારે તો સુખ કે પ્રસન્નતા કરતાં કંઈક વિશેષની જરૂર હતી. મારે તો ઈશ્વરની ઓળખ પામવી હતી.

મૉલીએ કહ્યું, "પ્રસન્નતા કંઈ એવી ચીજ નથી જે તમે પેદા કરી શકો. જો તેને માટેનું પ્રામાણિક કારણ ન હોય તો એ સાચી પ્રસન્નતા પણ ન બની શકે ને લાંબો સમય ટકી શકે નહિ. મારાં પાપ માફ થયાં છે એ મારા આનંદનું કારણ છે. ઈસુને સાચી રીતે ઓળખવાથી શાંતિ ને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે."

"તમે ઈસુ વિશે બોલબોલ ન કરો!" મેં અધીરાઈપૂર્વક તેને અટકાવતાં કહ્યું. "એ તો માત્ર એક દેવ છે. એવા તો બીજા કરોડો દેવો છે, અને તે પણ ખ્રિસ્તી દેવોમાંના એક છે. હું તો ખરા ઈશ્વરને એટલે આ વિશ્વના સર્જનહારને ઓળખવા માંગું છું."

"પણ ઈસુ તો તે જ છે. તમે જેને ઓળખવા માંગો છો તે જ. તેથી તો તે તમારાં પાપ માટે મરી શકયા, માત્ર ઈશ્વર જ દેવું ભરપાઈ કરી શકે." મૉલી ધીરજથી ને પૂરા આત્મવિશ્વાસથી વાત કરતી હતી. મારું વલણ તેનાથી ઊલટું હતું. ઈસુ નામના દેવ પ્રત્યે તે જે આસ્થા ધરાવતી હતી તેવી દૃઢ આસ્થા હું મારા દેવો પ્રત્યે દર્શાવી શકયો ન હતો. જાણે તે અંગત મિત્ર હોય ને પાસે જ બેઠા હોય તેવી રીતે તે તેના વિશે કહેતી હતી.

અમે લગભગ અર્ધો દિવસ સુધી વાતો કરતાં રહ્યાં. સમય કેવી રીતે પસાર થઈ ગયો તેની જરાકે ખબર પડી નહિ. હું વારંવાર દલીલો કરતો, મિજાજ ગુમાવતો ને કયારેક તો ગુસ્સાથી બૂમો પણ પાડતો. છેલ્લા કેટલાક મહિનાઓથી હું મારી ધીરગંભીરતા ગુમાવી બેઠો હતો. આ બધું છતાં મૉલી તો શાંત ને સ્વસ્થ જ રહી. તેણે મિજાજ પણ ગુમાવ્યો નહિ પરંતુ પાકી ખાતરીપૂર્વક તે પોતાની વાત કહેતી રહી. હું તેની આગળ અમારાં લાખો દેવદેવીઓની વાતો ને પ્રાચીન તત્ત્વજ્ઞાનીઓની ફિલસૂફી ડહોળતો રહ્યો, પણ તેના જેવી રીતે હું મારી વાત પુરવાર કરી શકતો નહોતો. મારે તેની શાંતિ ને પ્રસન્નતા જોઈતાં હતાં, પરંતુ મારે મારા ધર્મનો નાનો એવો અંશ પણ ગુમાવવો નહોતો! તેણે તો એ વિશે કશો ઉલ્લેખ કર્યો નહોતો, પણ હું જોઈ શકયો હતો કે જો હું ખ્રિસ્ત એ ઈશ્વર છે અને તેણે મારે માટે પોતાનું બલિદાન આપ્યું છે અને તે મારાં પાપો માફ કરી શકે છે એવો વિશ્વાસ કરું તો અત્યાર સુધીનું મારું જીવન અર્થહીન બની જાય.

"મારે હવે જવું જોઈએ," મૉલીએ છેવટે કહ્યું ને તે ઊભી થઈ.

મેં મારા વિચાર જરાપણ બદલ્યા નથી તેવું તેને જણાવી દેવા મેં નિશ્ચય કર્યો હતો. તેની મુલાકાત એક અપમાનજનક અપરાધ હતો. હું તો બ્રાહ્મણ હતો ને આવું ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિ સાથે મારે વાત પણ કરવી જોઈતી ન હતી. ને આ તો મારા જેવા યોગીને ખ્રિસ્તી થવાનું કહેવા માટે આવી હતી!

"અરે ! હું તો ખ્રિસ્તીઓને ધિક્કારું છું !" એટલે મોટેથી કહ્યું કે રસોડામાંનાં બધાં તે સાંભળી શકે. "હું કદી પણ ખ્રિસ્તી થઈશ નહિ; અરે, મૃત્યુ-પથારી પર પણ નહિ થાઉં ! હું તો હિંદુ તરીકે જન્મ્યો છું ને મરીશ પણ હિંદુ તરીકે જ !"

મૉલીએ મારા તરફ સહાનુભૂતિપૂર્ણ નજર કરીને કહ્યું, "રવિ, આજે તમે સૂઈ જાઓ તે પહેલાં મહેરબાની કરી ઘૂંટણે પડજો ને ઈશ્વરને પ્રાર્થના કરજો કે તે તમને સત્યનાં દર્શન કરાવે. હું પણ તમારે માટે પ્રાર્થના કરીશ." આમ કહી રજા લઈ તે ગઈ.

ખુલ્લા દ્વારમાંથી હું અખાત ઉપર નમતા સૂર્યને જોઈ રહ્યો. થોડા જ સમયમાં વેનેઝુએલાના ઉત્તરના ખૂણા પર તે ડૂબી જશે, સૂર્યાસ્ત થશે, ને ઝડપથી અંધકાર છવાઈ જશે. મેં મારા હાથ તરફ જોયું તો તે જોરથી ભીડાયેલા હતા. મારી હથેળીઓમાં નખ ભોંકાતા હતા.

હું ફરીથી મારા ઓરડામાં એકલો પડયો. હું ઝનૂનપૂર્વક આમતેમ આંટા મારવા લાગ્યો. મને એવી પ્રતીતિ થતી હતી કે મારામાં બે લશ્કરો સામસામે લડી રહ્યાં છે. આવો ઊંડો ને કાતિલ સંઘર્ષ મેં પહેલાં કદી પણ અનુભવ્યો ન હતો. મારે જાણે કે જીવન ને મરણ વચ્ચે પસંદગી કરવાની હતી. એકબીજાથી તદ્દન ભિન્ન બળો મને જુદી જુદી દિશામાં બળપૂર્વક ખેંચી રહ્યાં હતાં. મૉલી સાથેની મારી ચર્ચા દરમ્યાન મને એક વાતની ખાતરી તો થઈ ચૂકી હતી કે આ દેવ પવિત્ર ને નિર્દોષ હોવા જોઈએ. તેમને મારી સાથે શો સંબંધ ? હું તો મારા હૃદયના અંધકારથી પૂરેપૂરો પરિચિત હતો. મેં મારી જાત આગળ કબૂલ કર્યું હતું કે મારાં પવિત્ર સાગર-સ્નાનો, પૂજાઓ ને યોગસાધના તેને-અંધકારને-બદલી શકે તેમ નહોતાં.

મને થયું કે મૉલીએ કહ્યું હતું તે પ્રમાણે જો ઈસુ મારાં પાપ માટે શહીદ થયાનું સત્ય હોય ને હું મારાં પાપથી શુદ્ધ થઈ આ પવિત્ર ઈશ્વર સાથે સંગતમાં આવી શકતો હોઉં તો એ કેટલું બધું અજાયબ જેવું કહેવાય ! પણ ઈસુ તો એક ખ્રિસ્તી દેવ હતા ને હું કદીપણ ખ્રિસ્તી થવાનો નહોતો. હું અત્યારે જેવો છું તેવો જ રહું તો હું જિંદગીનો સામનો કરવા અસમર્થ હતો. હું આત્મસાક્ષાત્કાર માટે ઝઝૂમ્યો હતો, મેં અંતર સુધી પ્રવેશી અંદરનું જોવાનો પ્રયત્ન કર્યો હતો ને હું દેવ છું એવું સ્થાપવાની પણ મારી ઇચ્છા હતી. પણ છેવટે મને સમજાયું હતું કે આનાં પરિણામો અત્યંત નિરાશાજનક આવ્યાં હતાં.

"એ લોકો તો આત્મસાક્ષાત્કારની વાતો કરે છે, પણ વધુ ને વધુ સ્વાર્થી થતા જાય છે!" દેવનારાયણમામાના શબ્દો જાણે સતત મારો પીછો કરતા હતા. મામાએ તો ભયંકર ને કટુ સત્ય કહ્યું હતું. પોતાના ધર્મ અંગેની નિરાશાજનક વાસ્તવિકતાનો પરિચય થતાં દાદાજીએ દારૂમાં બરબાદી વહોરી લીધી હતી. મેં તો

હમેશાં આ સત્યનો વિરોધ કર્યો હતો, પણ હવે મને તે સમજાવા લાગ્યું હતું. મૃત્યુ પછી શું હશે ને થશે તેના ડરથી જ મેં આત્મહત્યાનો વિચાર મુલતવી રાખ્યો હતો.

મૉલી ભારપૂર્વક કહેતી હતી કે ઈશ્વર મને ચાહે છે ને તેણે તો ઈશ્વરના ભરપૂર પ્રેમનો અનુભવ કર્યો છે. આને માટે મને તેની થોડીક અદેખાઈ થઈ હતી, પણ તે ખ્રિસ્તી હતી માટે હું તેને ધિક્કારતો હતો. મારો ગર્વ મને સૂચવતો હતો કે તેણે જણાવેલી એકેએક વાતનો મારે અસ્વીકાર કરવો, પણ હવે મારામાં સત્યની શોધ માટે મરણિયાવૃત્તિ જન્મી હતી. હું મારી પથારી પાસે ઘૂંટણે પડયો. હું મૉલીની વિનંતીને મંજૂર રાખતો હતો એ હકીકતની સભાનતા સાથે મેં પ્રાર્થના કરી. શું તે જ પળે મૉલી પણ મારે માટે પ્રાર્થના કરતી હશે ?

"હે ઈશ્વર, હે સાચા ઈશ્વર ને સર્જનહાર, તમે મને મહેરબાની કરી સત્યનાં દર્શન કરાવો. હે પ્રભુ, કૃપા કરો!" આવી પ્રાર્થના કરવી એ જરાપણ સહેલું નહોતું પણ આમાં જ મારી છેલ્લી આશા રહી હતી.

મારામાં કશુંક ખટાક દઈને ભાંગી પડયું. જાણે આંધીમાં વાંસનું ઊંચું વૃક્ષ ભાંગી પડે તેવું થયું. જિંદગીમાં પ્રથમ વાર મને લાગ્યું કે મેં સાચી પ્રાર્થના કરી છે અને કોઈ વ્યકિતગત સંબંધ વિનાના બળ સાથે નહિ પરંતુ પ્રેમ રાખનાર ને કાળજી લેનાર સાચા ઈશ્વર આગળ મેં મારી માગણી મૂકી છે.

હવે તો વધુ વિચારવામાં પણ થાક લાગતો હતો, હું ધીમેથી પલંગ તરફ સરકયો ને પડતાંની સાથે ઊંઘી ગયો. જાગૃત અવસ્થાનો મારો છેલ્લો વિચાર એ હતો કે ઈશ્વરે સાંભળ્યું છે ને તે જરૂર મારી પ્રાર્થનાનો ઉત્તર આપશે.

# ૧૪. જ્ઞાનપ્રકાશ

"એ રવિ ?" કૃષ્ણરાજે રસોડામાં આવી મને કહ્યું. હું તે વખતે રસોડામાં મારાં એક માસી સાથે વાતો કરતો હતો. કૃષ્ણરાજના ચહેરા પર જુદા જ ભાવ હતા. મને જોઈને તેને આનંદ થયો હોય તેવું લાગ્યું. તેણે પૂછયું, "શું તું જાણે છે કે સ્વર્ગમાં જવા માટે નવો જન્મ પામવો જોઈએ ?"

મેં જવાબ આપવાનો પ્રયત્ન કર્યો કે, "અલબત્ત, હું જાણું છું. આવતા જન્મમાં મને ગાયનો અવતાર મળવાનો છે." પણ કૃષ્ણરાજના મુખ પરની આતુરતા જોતાં હું મારો કટાક્ષ ગળી ગયો. "કયા કારણથી તું આવું કહે છે ?" મેં શંકા સૂચવતાં પૂછયું. મેં જોયું કે તેના હાથમાં એક નાની કાળી ચોપડી હતી ને જાણે કંઈ શોધી રહ્યો હોય તેમ તે પાનાં ફેરવતો હતો.

"બાઈબલમાં એવું લખેલું છે. મને તને બતાવવા દે," તેણે કોઈ અજાણ્યા પ્રદેશમાં કોઈ પ્રવાસી ધીરેધીરે ચાલે તેમ હળવેથી પૃષ્ઠો ફેરવતાં કહ્યું. "માર્ક... લૂક...યોહાન... હા, જો, અધ્યાય ત્રીજો. જો સાંભળ, ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, 'હું તને સાચે જ કહું છું કે જો કોઈ માણસ નવો જન્મ પામ્યો ન હોય તો તે ઈશ્વરનું રાજ્ય જોઈ શકતો નથી.' તું આ વિશે શું ધારે છે ?"

શું વિચારવું ને શું કહેવું તે હું જાણતો ન હતો. શું મારી માતાએ વર્ષો પહેલાં જેની મને વાત કરી હતી ને જે એકલા જ સાચા ઈશ્વર છે ને મારે ખાતર વધસ્તંભ પર મોતને ભેટયા છે, એમ મોલી કહેતી હતી—શું આ તે જ ઈસુ હશે ? જરૂર એ હોવા જોઈએ !

"મને જોવા દે જોઈએ !" મેં ઉત્તેજના અનુભવતાં કહ્યું.

કૃષ્ણરાજે મારી આગળ એ નાનકડું પુસ્તક ધર્યું, જેથી હું તે વાંચી શકું. મોલીએ ત્રણ અઠવાડિયાં પહેલાં મારી સાથે જે ચર્ચા કરી હતી ને જે હું અત્યાર સુધી સમજી શકયો નહોતો તે હવે સમજી શકયો. મારી દુનિયા આમ તો વેરણછેરણ થતી હતી. પરંતુ હવે ફરી જાણે તે ગોઠવાઈ જતી હોય તેવું લાગ્યું. 'નવો જન્મ પામવો'—હા, તેની જ મારે જરૂર હતી. ઈસુ શું કહેવા માંગે છે તે હું બરોબર જાણતો હતો. તે પુનર્જન્મની કે જન્મજન્માંતરની વાત કરતા નહોતા, પરંતુ આત્મિક જન્મ વિશે કહેતા હતા, જેના દ્વારા નિકોદિમસ (જેની સાથે ચર્ચા થતી હતી) નવું શરીર મેળવ્યા વિના આંતરિક રીતે નવી વ્યક્તિ બની શકે.

હવે, હું સાચી ઉત્તેજના અનુભવવા માંડયો. શા માટે અગાઉ હું આ સમજી શકયો ન હતો ? એક હજાર શારીરિક જન્મોથી પણ શો લાભ થાય ? પુનર્જન્મ મને

નવું શરીર તો આપી શકે, પરંતુ મારે કંઈ તેની જરૂર ન હતી. મારા અત્યારના જન્મ કરતાં બીજો કોઈ શારીરિક જન્મ મને કશી મદદ કરવાનો નહોતો. હું તો સૌથી ઊંચી એવી બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ્યો હતો, મારું કુટુંબ શ્રીમંત હતું, હું યોગીનો પુત્ર હતો, મને શિક્ષણ ને ધાર્મિક તાલીમ આપવામાં આવ્યાં હતાં, છતાં હું નિષ્ફળ નીવડયો હતો. આ દુનિયામાં નવાં નવાં શરીરોમાં વારંવાર આવવાથી મારી સ્થિતિમાં સુધારો થાય તેવું વિચારવું તે પણ અજ્ઞાનતા હતી–મૂઢતા હતી.

દર નવા વર્ષ અગાઉની સંધ્યાએ, અન્ય સૌની જેમ, હું નવા વર્ષના નિર્ણયો કરતો. દર વર્ષે સૌથી મહત્ત્વનો નિર્ણય ધૂમપાન છોડી દેવાનો રહેતો. મારી ખાંસી હવે મટે નહિ તેવી થતી જતી હતી, છતાં હું ધૂમ્રપાનનો ત્યાગ કરી શકતો નહોતો. દર વર્ષે જાન્યુઆરી મહિનામાં હું આગલા વર્ષના જીવનમાં સુધારા લાવવાના નિર્ણયો કરતો, પરંતુ જાન્યુઆરીની બીજી તારીખથી જ હું મારી જૂની ટેવો પર આવી જતો. બીજા થોડા જ દિવસોમાં મારા કાબૂ બહારનો ગુસ્સો ભભૂકી ઊઠતો. આમ જોતાં, મારી સાધના કે તપશ્ચર્યા પણ શાંતિ શોધવાના કાર્યમાં સહાયક નીવડતી નહોતી. મારામાં એવું કશુંક ખોટું કે ખરાબ હતું, જે માત્ર મારા શરીરને બદલવાથી બદલાવાનું નહોતું !

જો ઈશ્વર મને સાચે જ માફી આપી શકે તો એ અદ્ભુત કહી શકાય, પરંતુ હું તો માફી કરતાં કંઈક વિશેષ મેળવવાની ઝંખના રાખતો હતો. ઈશ્વર પાસે મને સત્યનાં દર્શન કરાવવાની માગણી કર્યા પછી, હું મને ધીમેધીમે એક નવા જ પ્રકાશમાં જોઈ શકતો હતો. દુનિયા તો હંમેશા મારી આસપાસ ગોળગોળ ફરતી રહી હતી. હું એવી અપેક્ષા રાખતો હતો કે દરેક વ્યક્તિ મારી ઈચ્છાઓ પ્રમાણે તેના જીવનનું અનુકૂલન સાધે અને હું દેવ કે અવતાર હોઉં તેવો મારી સાથે વર્તાવ રાખે. હું તો બગડી ગયેલો જુલમગાર હતો, પણ હું ચોક્કસપણે દેવ તો નહોતો જ ! હું કદી દેવ બની શકવાનો નહોતો. આ સત્યનો સ્વીકાર કરવાથી મને કેટલી બધી રાહત મળી હતી ! હવે હું દેવ બનવાની આકાંક્ષા રાખતો નહોતો; પણ હું પોતાને જે રીતે જોતો હતો તે સ્થિતિમાં ચાલુ રહેવાની પણ મારી ઈચ્છા ન હતી. હું તો એક નવી વ્યક્તિ બનવા માંગતો હનો. જો ખ્રિસ્ત મને સંપૂર્ણપણે બદલી ન શકે તો મને તેમની માફી મેળવવાની કશી દરકાર પણ ન હતી.

હિંદુ તત્ત્વજ્ઞાન આ દૈનિક જીવનને માયા કે ભ્રમણા કહે છે. આમાંથી છટકી જવા માટે મેં રહસ્યવાદનો આશ્રય લીધો હતો. હવે આ જિંદગીનો સામનો કરવા માટે, ઈશ્વરે મારે માટે જેની યોજના કરી હતી તે જીવન જીવવા માટે મારે સામર્થ્યની જરૂર હતી. હું જે હતો તેમાં મારે મૂળભૂત પરિવર્તન જોઈતું હતું; સાધના દરમ્યાન મને ઉપરછલ્લી શાંતિ પ્રાપ્ત થતી, પરંતુ જે ક્ષણે હું મિજાજ ગુમાવતો તે જ ક્ષણે શાંતિ પણ અલોપ થઈ જતી. આવી ઉપરછલ્લી શાંતિ પણ મારે જોઈતી ન હતી. મારે શારીરિક રીતે નહિ પણ આત્મિક રીતે નવો જન્મ મેળવવાની અગત્ય હતી.

લક્ષ્મીનારાયણમામા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા માટે કેનેડાની મેકેગીલ યુનિવર્સિટીમાં ગયા હતા. તેમને ત્યાં જવા માટેની શિષ્યવૃત્તિ મળી હતી. તેમના તરફથી પત્ર આવ્યો હતો. સાંજે જમવાના ટેબલ ઉપર એની ચર્ચા ચાલતી હતી. કેમ્બ્રિજ હાયર સ્કૂલ સર્ટિફિકેટની પરીક્ષામાં સમગ્ર ટાપુમાં તેમને સૌથી વધારે ગુણ મળ્યા હતા. અમે બધાં તેમને વિશે ગર્વ અનુભવતાં હતાં ને બધાંને તેમની પ્રગતિમાં રસ હતો. લક્ષ્મીનારાયણમામા તરફથી મારા ભાઈ કૃષ્ણરાજના ભવિષ્ય વિશે ચર્ચા ચાલી. દેવનારાયણમામા ઇચ્છતા હતા કે તે પણ લક્ષ્મીનારાયણમામાને પગલે ચાલે. કદાચ જો તે પ્રયત્ન કરે તો તેને લંડન યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે શિષ્યવૃત્તિ મળી શકે. હું મારા પોતાના વિચારોમાં જ એટલો ખોવાયેલો રહેતો કે બધાંની ચર્ચામાં ભાગ લઈ શકતો ન હતો. છતાં, મારે તેમને કશુંક કહેવું હતું ને હું તે માટે ઉચિત શબ્દો શોધતો હતો. અઠવાડિયામાં જ મારો પંદરમો જન્મદિન આવશે. નવો જન્મ લેવા માટે એ કેટલો બધો યોગ્ય દિવસ ગણાય!

"દાદીમા!"

"બોલો, બેટા!" દાદીમાના ચહેરા પર આશાનો ભાવ હતો. શું હું સમાધાન કરવાની તેમની વિનંતીઓ સ્વીકારવાનો હતો? શું હું નરમ પડયો હતો? હું કેટલો નમ્ર થવા માગતો હતો તેની તેમને ખબર ન હતી.

"મારી વર્ષગાંઠ પર કોઈ પ્રકારની ઊજવણી થાય તેવી મારી ઇચ્છા નથી."

"રવિ," શાંતિએ કહ્યું. "શું તું ખરેખર તેવું ઇચ્છે છે?"

દાદીમાએ મૃદુતાથી કહ્યું, "જો બેટા! અમે દર વર્ષે તારી વર્ષગાંઠ ક્યારે આવે ને ક્યારે અમે ઊજવીએ તેની વાટ જોઈએ છીએ." દાદીમાની આંખોમાં કેટલો ઊંડો પ્રેમ ને સહાનુભૂતિ હતાં! તે એવું ધારતાં હશે કે મારી ને તેમની વચ્ચે જે મુશ્કેલીઓ ઊભી થઈ છે તેને કારણે હું વર્ષગાંઠ ઊજવવા માંગતો નહોતો.

"દાદીમા, તમે ધારો છો એવું કશું નથી," મેં કહ્યું. "હું આ વર્ષે તે જરા જુદી રીતે ઊજવાય તેવું ઇચ્છું છું." વાતનો અંત આવી ગયો. દરેક ધાર્મિક વિધિમાં અને ઉત્સવને લગતી વાતમાં મારો અભિપ્રાય તે કાયદો બની જતો.

વચ્ચેના દિવસો કેટલા બધા લાંબા લાગ્યા. છેવટે વર્ષગાંઠનો દિવસ ઊગ્યો. હું મારા પૂજાખંડમાં પણ ગયો નહિ. બધાં હું આસન પાસે બેસીશ તેવું ધારતાં હતાં. મેં તેમ ન કર્યું તેથી બધાંને નવાઈ ઊપજી, પરંતુ હું તેનું કારણ કહી શક્યો નહિ. મને તે સમજાવતાં ડર લાગતો હતો. હું ઈસુને મારા જીવનમાં આમંત્રણ આપવા ને નવો જન્મ પામવા ઇચ્છતો હતો. મારી વર્ષગાંઠના દિવસે મારે તે બે કામ કરવાં હતાં!

મારો આવો નિર્ણય છતાં, એ નિર્ણયને અમલમાં મૂકવા માટે જરૂરી મનોબળ હું ભેગું કરી શકયો નહિ. જયારે મારી માતાને ખબર પડશે કે હું ખ્રિસ્તી બન્યો છું ત્યારે તેના લાગણીભીના પ્રતિભાવ કેવા હશે? જે પંડિતોએ મને તાલીમ આપી હતી, પ્રોત્સાહન પૂરું પાડયું હતું, તેઓ શું ધારશે? જે હિંદુઓએ આદરથી મારી સેવા-પૂજા કરી હતી, મને ભેટો ધરી હતી ને હું તેમને પુનર્જન્મની વધુ ઊંચી કક્ષાએ પહોંચાડી શકીશ તેવી અપેક્ષા રાખી હતી તેમના પ્રત્યાઘાત કેવા હશે? હું એ સૌનો કેવી રીતે વિશ્વાસઘાત કરી શકું? પેલા વૃદ્ધ ગોપાળદાદા શું કહેશે? પોતાનાં બાળકો મારા દષ્ટાન્તને અનુસરે એવું જે પડોશીઓ સાચા મનથી વિચારતાં હતાં ને મને આદર્શ ઉદાહરણ તરીકે જોતાં હતાં–તે લોકો શું વિચારશે?

જે પળે હું ખ્રિસ્તને–મારા પ્રભુને–મુક્તિદાતા તરીકે સ્વીકારું તે જ પળે મારે બધું ગુમાવવું પડે. મારી બ્રાહ્મણ જ્ઞાતિ, જુવાન યોગી તરીકેની મારી પ્રતિષ્ઠા, મારા દેવોના આશીર્વાદ ને મારાં કુટુંબની ભલી લાગણી. હું આપોઆપ હિંદુ ધર્મ ને સમાજમાંથી બહિષ્કૃત બનું ને બધા કરતાં નીચા વર્ણનો થઈ જાઉં. અને, જો ઈસુ મારાં બધાં પાપોની માફી ન આપે ને મારા જીવનમાં પરિવર્તન ન લાવે તો શું થાય? ને ધારો કે, હું દેવને તેમના દ્વારા ખરેખર રીતે ન ઓળખી શકું તો શું થાય? આટલું મોટું જોખમ હું કેવી રીતે ઉઠાવી શકું?

આમ, મારો જન્મદિવસ આવ્યો ને ગયો. એ દિવસે તો મેં નવો જન્મ મેળવવાની યોજના ઘડી હતી. છતાં ખ્રિસ્ત આગળ મારું હૃદય ખુલ્લું કરતાં હું ડરતો હતો. હું તે રાતે સૂવા ગયો ત્યારે અગાઉના કરતાં મારી હાલત વધુ ખરાબ હતી.

# ૧૫. ગુરુનું મૃત્યુ

"નમસ્તે, નમસ્તે, યોગી રવીન્દ્ર મહારાજ!"

હું પ્રસિદ્ધ ફિલસૂફ બર્ટ્રાન્ડ રસેલનું અંગ્રેજી પુસ્તક 'હું કેમ ખ્રિસ્તી નથી?' વાંચતો હતો. મેં વાંચતાં વાંચતાં ઊંચે જોયું તો રાધારમણજીની ઊંચી, પાતળી આકૃતિ દેખાઈ. તેમણે મને નમન કર્યું ને પછી પાછળ આવેલાં પગથિયાં ચઢવા લાગ્યા. હું વરંડાના જે ભાગ ઉપર બેઠો હતો ત્યાં આવવા માટે તો આખું ઘર ઓળંગવું પડે તેમ હતું, તેથી મેં મનોમન વરંડાનો આભાર માન્યો. હવે રાધારમણને આખું ઘર વટાવવું પડશે ને તેમ કરવા જતાં દાદીમા ને રેવતીમાસી સાથે વાતો કર્યા વિના તેમનો છૂટકો નહિ થાય. રાધારમણ અમારા પરિવારના મિત્ર હતા. તે 'કાલિ અખાત' પાસે રહેતા હતા ને ઘણીવાર મારી સાથે હિંદુધર્મની ચર્ચા કરતા હતા, પણ હવે તેવી કશી ચર્ચા કરવાની મારી મનઃસ્થિતિ ન હતી. લાંબા સફેદ વાળ ને લાંબી દાઢી, કેસરિયા રંગની ધોતી–આ વૃદ્ધ ગૃહસ્થ પરંપરાગત હિંદુ ધર્મીજન જેવા દેખાતા. તેમની વાતચીત કરવાની ઢબ પણ અસરકારક હતી. મેં બે હાથ જોડી તેમને નીચા ઝૂકી નમસ્કાર કર્યા ને પછી હું તેમને પગથિયાં ચઢતા જોઈ રહ્યો. તે દરેક પગથિયે પોતાની લાકડી પછાડતા હતા. હંમેશની જેમ તે કોઈ હિંદી ભજન ગાતા હતા. ધીમે ધીમે તે ઘરમાં અદૃશ્ય થઈ ગયા.

'હું કેમ ખ્રિસ્તી નથી?' પુસ્તક ખૂબ નિરાશાજનક નીવડયું. મેં શાળાના ગ્રંથાલયમાંથી તે મેળવ્યું હતું. મને આશા હતી કે તે વાંચવાથી હું મારો ધર્મ ટકાવી રાખી શકીશ, પણ પુસ્તકલેખક રસેલની દલીલો નબળી, પૂર્વઆયોજિત ને અધકચરી લાગતી હતી. તે શા માટે ખ્રિસ્તી બન્યા નથી તે હું જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ મારે ખ્રિસ્તી થવું જ જોઈએ તેવું મને લાગવા માંડયું. મને મળેલા પુરાવા મને તેમ કરવાનું સૂચવતા હતા. મેં પુસ્તક મૂકી દીધું ને હું આકાશ સામે જોઈ રહ્યો. આકાશમાં થોડાં સફેદ વાદળો હતો. હું ઊંડા વિચારમાં ડૂબી ગયો. ઈસુ એ જ સાચા ઈશ્વર છે, મારાં પાપો માટે પોતાનું બલિદાન આપનાર ઉદ્ધારક છે તેવું જાણ્યા પછી તેમનો સ્વીકાર કરવાનું હું કયાં સુધી મુલતવી રાખું? એ નિર્ણયનો કયાં સુધી વિરોધ કર્યા કરું? ભારતીય સમાજમાં મારી નામોશી થશે ને કુટુંબનાં સભ્યો મારાથી વિમુખ બની જશે, તેવા ડરથી હું પાછો પડતો હતો ને આથી તો મારી નિરાશામાં વૃદ્ધિ થતી હતી. પણ શું સત્ય ને ઈશ્વર સાથેનો મારો સંબંધ એ બધાંથી વધુ મહત્ત્વનાં નહોતાં? અવશ્ય, એ મહત્ત્વનાં હતાં, છતાં હજી મારો ડર ઓછો થતો ન હતો.

મારો ભાઈ કૃષ્ણરાજ વરંડામાં આવ્યો. "અરે રવિ, તું અહીં છે? હું તને ક્યારનો શોધું છું. 'રૂવા'માં આજે સભા છે, ત્યાં તારે જવું જોઈએ." તેના અવાજમાં ઉત્તેજના હતી.

"શેની સભા છે?"

"એ તો એક નાની ખ્રિસ્તી સભા છે. તેઓ તેમાં બાઈબલ સમજાવશે."

છેલ્લા કેટલાક વખતથી મારો મસિયાઈ ભાઈ કૃષ્ણરાજ ઘણો આનંદી ને મળતાવડો લાગતો હતો. હવે તે મને એક ખ્રિસ્તી સભામાં જવાનું આમંત્રણ આપતો હતો. મારા મનમાં શું ચાલી રહ્યું છે તેની શું તેને ખબર પડી ગઈ હશે? મારી ત્યાં જવાની ખરેખર ઇચ્છા હતી. પણ જો ખોટા માણસો મને ત્યાં જોઈ જાય અને અફવાઓ વહેતી કરે તો શું થાય?

"રવિ, તારો શો વિચાર છે? તું આવે તો મજા પડે. હું સાડા-છ વાગ્યે જવાનો છું."

"હું આવીશ, શા માટે ન આવું?" મને પોતાને પણ મારા જવાબથી આશ્ચર્ય થયું. "હું આવીશ."

રૂવા નામના સ્થળે જતાં કૃષ્ણરાજ અને હું રામરાય નામના માણસને મળ્યા. તેને અને કૃષ્ણરાજને થોડા સમય પહેલાં જ ઓળખાણ થઈ હતી. મેં તેમને ઘણી-વાર જોયા હતા ને તેમણે પણ દેખીતી રીતે મારે વિશે સાંભળ્યું હતું. "શું તમને આ સભા વિશે કશી ખબર છે?" મેં પૂછ્યું. હું તેમની પાસેથી થોડીક માહિતી ભેગી કરવા માંગતો હતો.

"થોડી ખબર છે; કારણ, હું થોડા સમય પહેલાં જ ખ્રિસ્તી થયો."

"ખ્રિસ્તી?" મેં પૂછ્યું. "મને કહો કે શું ઈસુએ સાચે જ તમારા જીવનમાં પરિવર્તન આણ્યું છે?" રામરાયે સ્મિત કર્યું. "ચોક્કસ હવે બધી જ વસ્તુઓ બદલાઈ ગઈ છે."

"શું તમે ઈશ્વરને ઓળખો છો?" મેં પૂછ્યું. "હા, ઈસુને મારા જીવનમાં આવવાનું આમંત્રણ આપ્યું ત્યારથી."

"રવિ, એ સત્ય છે. કૃષ્ણરાજે ઉત્સાહપૂર્વક ઉમેર્યું. "રવિ, હું પણ ખ્રિસ્તી બની ગયો છું." તેણે એક દોસ્તની જેમ મારી સાથે વાત કરતાં કહ્યું.

"મને એવું લાગ્યું હતું," મેં જવાબ આપ્યો. મારા આશ્ચર્ય વચ્ચે મને ભાન થયું કે મને તેને માટે આનંદ થતો હતો. ત્યાં તો મારો આનંદ ગમગીનીમાં ફેરવાઈ ગયો. આ બધા હિંદુઓનું શું થવા બેઠું છે? મૉલી, રામરાય અને હવે કૃષ્ણરાજ! મારી આખી જિંદગીમાં મેં આવું સાંભળ્યું નહોતું. શું હવે મારો વારો હતો?

એક કલાક ચાલ્યા પછી અમે 'કાવા'ના છેવાડાના ભાગમાં પહોંચ્યા. અને ગરીબ વિસ્તારમાં લઈ જતી એક સાંકડી શેરીમાં દાખલ થયા. ત્રિનિદાદના પ્રખ્યાત "પીચ સરોવર'માંથી ડામર મળે છે. જેનાથી દુનિયાના મોટા ભાગના દેશોના રસ્તાઓ પર ડામર પાથરવામાં આવ્યો છે, પણ હજુ અહીંની ઘણી સડકો ડામરવાળી બની નથી. જે કંઈ આછો-પાતળો ડામર પથરાયો હશે તે ખાડા-ટેકરા ને ધાબાં પડવાથી નીકળી ગયો હતો. શેરીમાં માત્ર ત્રણ જ ઘર હતાં, ને એમાં જે સૌથી ગરીબ ઘર હતું તેણે એકદમ મારું ધ્યાન ખેંચ્યું. એ તો એક ખંડિયેર સભાગૃહ હતું, જેને સમારકામની ઘણી જરૂર હતી ને એની આસપાસ નકામા છોડવા ઊગી નીકળ્યા હતા. દીવાલો પણ જર્જરિત હતી ને છાપરા પર સડેલા લોખંડનાં પતરાં હતાં. મકાનને ક્યારે પણ રંગવામાં આવ્યું ન હોય તેવું લાગતું હતું. એનાં નામનાં પાટિયાં પણ ઘસાઈ ગયાં હતાં. જો કે સભાગૃહનું નામ હતું: હાર્ટ એન્ડ હેન્ડ હૉલ. ત્યાં કોઈ સભા ચાલતી હશે એવી કશી બાહ્ય નિશાની દેખાતી ન હતી, પણ એની જરૂર પણ નહોતી. ગીતો ગવાવાનો અવાજ સંભળાતો હતો. જાણે ઘણાં લોકો ખૂબ ઉત્સાહ-પૂર્વક ગાતાં હોય તેવું લાગ્યું. ગીતોના અવાજથી અમારા મનમાં એ જ સભાનું સ્થળ હોવું જોઈએ તેમ સમજાઈ ગયું.

સિમેન્ટ-કોંક્રિટનાં તૂટેલાં પગથિયાં પર ચઢતી વખતે મારી ઉત્તેજનાએ માઝા મૂકી હતી. હું સભાગૃહમાં દાખલ થયો ત્યારે મારી આંખો પર વિશ્વાસ મૂકી શક્યો નહિ. એક ડઝનથી વધારે માણસો ત્યાં હાજર ન હતાં ને જેને હું 'ઑર્કેસ્ટ્રા' સમજતો હતો તે તો લગભગ છ એક વર્ષની નાની બાલિકા હતી, જે આગળ ઊભી રહી હલકી કિંમતનું ડફ (એક વાજિંત્ર) વગાડતી હતી. મને પછીથી ખબર પડી કે તે ત્યાંના પાસ્ટરની દીકરી હતી. આટલાં ઓછાં માણસો ને કેટલો પ્રચંડ ઉત્સાહ ! મેં આવું ગાયન-વાદન કદી સાંભળ્યું ન હતું. ફરસબંદી પર ધૂળ હતી. ભીંતો પર કરોળિયાનાં જાળાં હતાં, દીવાલો પર ક્યાંય રંગ દેખાતો ન હતો. પણ આ બધું ઓછા મહત્ત્વનું લાગતું હતું. ખ્રિસ્તીઓની એ નાનકડી ટોળી બહુ અસરકારક લાગતી ન હતી; તેમાં પૂર્વ ભારતના થોડા લોકો ને થોડા હબસીઓ હતા. ટોળીમાં થોડા તરુણો ને બાળકો પણ હતાં.

જો કે હું કોઈને ઓળખતો ન હતો, પણ મને ખાતરી હતી કે દરેક જણ મને તરતજ ઓળખી ગયું હશે. જ્યારે આ લોકો પોતાનાં હિંદુ પડોશીઓને કહેશે કે મેં એક ખ્રિસ્તી સભામાં હાજરી આપી હતી ત્યારે શું થશે તેથી હું ગભરાતો હતો. આટલા નાના શ્રોતાસમૂહમાં ઓળખાઈ ન જવું તે અતિ મુશ્કેલ હતું. બહાદુર હોવાનો દેખાવ કરી હું ધૂળવાળી ને ખાલી લાકડાની ખુરસીઓ વચ્ચેના માર્ગ પર થઈ આગળ વધ્યો. કૃષ્ણરાજ ને રામરાય મારી પાછળ જ આવતા હતા. હું મારી આંખોના ખૂણામાંથી ધીમેધીમે એક તરફ ખસતાં મસ્તકો, મોં પર આશ્ચર્યના ભાવ ને એકબીજાને ધીમેથી કોણી વડે ઈશારા કરતા લોકોને જોતો હતો. છતાં હું સૌથી આગળની પાટલી પર પહોંચી ગયો. ખૂબ ભાવપૂર્વક ગીત ગવાતું હતું.

વા'લો વધસ્તંભ વ્યોમે, મનહર મધુરો લાગે,
વે'છે રુધિરની ધારા, રડતાં બળું હું આગે.

કાંટાનો મુગટ માથે! ભાલે વીંધાયો ત્રાતા,
જીગર જખમ થઈ ઝૂરે, ધન્ય ઓ જીવનદાતા...

જગનું અજવાળું ઝાંખું પડતું, આ થંભે આજે,
અંધકાર છવાય સર્વત્ર, પૃથ્વીનાં પાપો કાજે...

પાપો અઘોર મુજ કેવાં, ખંડણી ભરી તેં ભારી
અર્પું છું આજ આ થંભે, જિંદગી, પિતાજી મારી.

કાલવરી કૃત મુજ કાળાં, થંભે જડું હું આજે,
થંભેથી હું પોકારું, "સંભારજે તુજ રાજે"...

મેં જિંદગીમાં આ પ્રથમ ખ્રિસ્તી ગીત પ્રત્યે ધ્યાન આપ્યું હતું. 'કાલવરી' એ એ જ જગ્યા હોવી જોઈએ જ્યાં ખ્રિસ્તે દુનિયાનાં પાપો માટે પોતાનું બલિદાન આપ્યું હતું. મારાં પાપો માટે પણ બલિદાન આપ્યું હતું. તે એ સાચું સ્થળ હતું! મેં વિચાર્યું. તે સૌ કેવા ભાવપૂર્વક ગાતાં હતાં! જરૂર, પોતાને માટે મોતને ભેટેલા ખ્રિસ્ત પ્રત્યે તેમને ઊંડો પ્રેમ હોવો જોઈએ.

પોતાનું વાજિંત્ર વગાડતી નાની બાળાએ થોડું શરમાઈને અમારા તરફ જોયું. નાનકડો શ્રોતાગણ ધ્રુવપંક્તિઓ ફરીથી ને ફરીથી ગાતો હતો. મને તો એ વાતની નવાઈ લાગી કે આ ઉત્સાહથી રંગાઈ જઈને અમે ત્રણ પણ ગાવામાં જોડાઈ ગયા હતા. હિંદુ ઉત્સવોમાં ગાવા–બજાવવાનું કંઈ અસામાન્ય નથી, પરંતુ મને જાણે આ ખ્રિસ્તીઓના જેવો આનંદ ને સમૃદ્ધિ એમાં મળ્યાં જ નહોતાં.

નાનકડા ગાયકગણની નાયિકાએ પોતાનું વાજિંત્ર થોડીવાર બંધ કર્યું. પછી તે અને બીજાં હાથ હલાવી એક નવું ગીત ગાવા લાગ્યાં. ફરી ફરી ધ્રુવપંક્તિઓ ગવાવા લાગી ને ટૂંક સમયમાં હું પણ ગાતો થઈ ગયો. આ ગીતમાં જે કહેલું હતું તે જો સાચું હોય તો કોને ગાવાનો ઉત્સાહ ના થાય!

દેવે કર્યો પ્રેમ શો વિશ્વ પરે, કે વિશ્વને પુત્રનું દાન કરે!
પુત્રે કૃપાથી બલિદાન કર્યું, હાલેલૂયા! દાન સંપૂર્ણ થયું.

દેવે કહ્યું વેણ જે આદમને, ત્રાતા ઈસુ તારશે માનવને;
સમયે પ્રભુએ પૂરું વેણ કર્યું; હાલેલૂયા! વેણ સંપૂર્ણ થયું.

આવ્યો ઈસુ વિશ્વમાં દેહ ધરી, ગાળી શુચિ જિંદગી પ્રેમભરી;
ને થંભ વેઠી પરિત્રાણ કર્યું; હાલેલૂયા! ત્રાણ સંપૂર્ણ થયું.

સભામાં હજુ સુધી કોઈએ પ્રવચન આપ્યું નહોતું, છતાં હું ઘણું બધું શીખ્યો હતો. ઈસુ સાથે આ ખ્રિસ્તીઓને જે સંબંધ છે તે ક્રિયાકાંડોથી દેવોને શાંતિ પમાડવાના કાર્યથી કેટલો બધો જુદો છે ! કોઈ દેવને 'અદ્દભુત' ને 'પિતા' ને 'મંત્રી' કહેવો તે મેં સાંભળ્યું નહોતું. ને આ ખ્રિસ્તીઓ તો ઈસુને 'શાંતિનો રાજકુંવર' કહી બિરદાવતા હતા. મૉલી ખરું જ કહેતી હતી કે શાંતિ મેળવવા માટે તેને યોગ-સાધના કરવાની જરૂર નહોતી. પેલા ગીતના સાદા શબ્દો ને 'હાલેલૂયા'—ઈશ્વરની સ્તુતિ હો—જાણે મારા હૃદયમાં ખળભળતા હતા. ઈસુ માત્ર ઉદ્ધારનારા નથી, પરંતુ તે મને બધાં પાપોથી ને શરમિંદગીથી દૂર રાખનાર પણ છે. કેવો આનંદદાયી શુભસંદેશ ! આ ગાનારાંઓ સમજણપૂર્વક ગાય છે તેથી જ તેમનાં ગીત–સંગીતમાંથી આનંદ નિખરે છે.

અમે થોડાંક ગીતો ગાયાં. શ્રોતાઓની સંખ્યા પંદરની થઈ. પછી નાની બાળા બેઠી ને એક જુવાન માણસ બધાંની આગળ આવ્યો. મેં અત્યાર સુધી તેને જોયો નહતો.

"અમે આપ સૌનું આ શુભસંદેશ–સભામાં સ્વાગત કરીએ છીએ. હિન્દી વિભાગમાં પંદરમું ગીત કાઢો. આપણે તે સાથે ગાઈએ."

જો ક્રૂસ પે કુરબાન હૈ, વો મેરા મસિહા હૈ,
હર જખ્મ જો ઉસ કા હૈ, વો મેરે ગુનાહોં કા હૈ...

ઈસ દુનિયા મેં લે આયે, મેરે હી ગુનાહ ઉસ કો,
યે જુલ્મો–સિતમ ઉસ પર, મૈંને હી કરાયે હૈં...

ઈન્સાન હૈ વો કામિલ, ઔર સચ્ચા ખૂદા વો હૈ,
વો પ્યાર કા દરિયા હૈ, સચ્ચાઈ કા રાસ્તા હૈ...

દેને કો મુઝે જીવન, ખુદ મોત સહી ઉસ ને,
કયા ખૂબ હૈ કુરબાની, કયા પ્યાર અનોખા હૈ...

આ સાદા શબ્દોએ મારા આત્મા પર કેવો અસરકારક પ્રભાવ નાખ્યો ! હુ તો રોજેરોજ એક કલાક સૂર્યને અર્ધ્ય આપી સંધ્યા કરતો હતો છતાં અંદર તો શ્યામ, હિમશીતલ ને અંધકારમય રહેતો હતો. જ્યારે આ લોકો પાસે તો પ્રેમનો પ્રકાશ હતો ! તેમનાં હૃદયો ઈસુરૂપી પ્રેમપ્રકાશથી ઝળહળતાં હતાં. મારી પાસે તો ગાવા માટે સમ ખાવા જેટલોયે પ્રેમ ન હતો ! ધર્મના ચુસ્ત પાલન છતાં હું ઘણા લોકોને ધિક્કારતો હતો. મને ખબર છે કે ઘણાં પવિત્ર માણસોનાં હૃદયોમાં પણ રોષ ને તિરસ્કાર હોય છે. અમારા ધર્મગુરુઓમાં–પંડિતોમાં–પણ એકબીજા પ્રત્યેનો ભયંકર દ્વેષ હોય છે. ભારતમાં પણ હજુ યે કોમકોમ વચ્ચેની લડાઈઓ કે રમખાણોમાં સેંકડો નિર્દોષોના જાનની આહુતિ અપાય છે, પણ આ ખ્રિસ્તીઓ તો ખ્રિસ્તના

પ્રેમ વિશે ગીતો ગાતાં હતાં. શુદ્ધ, પ્રકાશિત ને સાચો પ્રેમ. હું પણ મારા હૃદયમાં આવો પ્રેમ હોય તેવું ઈચ્છતો હતો.

બીજાં થોડાં ગીતો ગવાયાં. પછી ઉપદેશક અબ્દુલ હમીદ મંચ ઉપર આવ્યા. પછી એક દાનની તાસક ફેરવવામાં આવી. મેં એક પેનીનો સિક્કો નાખ્યો. બીજા કેટલાકે પણ તેમાં થોડા નાના સિક્કા નાખ્યા. મને થયું કે હું પૂજા વખતે જે ભેટો મેળવતો તેની સરખામણીમાં આ દાન કેટલું જૂજ હતું! ઉપદેશક ગુસ્સે થશે.

પરંતુ મારી ભૂલ થતી હતી. દાનની તાસક આગળ લાવવામાં આવી. પછી ઉપદેશકે પ્રાર્થના કરતાં કહ્યું, "ઓ અમારા આકાશવાસી પિતા, અમે આ દાન માટે તમારો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. તમારી સેવામાં ને તમારા મહિમાર્થે તે પ્રાર્થનાપૂર્વક ને કાળજીપૂર્વક વપરાય તેવું થવા દો. ઈસુના નામમાં પ્રાર્થીએ છીએ, આમીન."

'પ્રાર્થનાપૂર્વક ને કાળજીપૂર્વક' આ થોડા સિક્કા વાપરવાની વાતથી મને લગભગ હસવું આવ્યું. પૂજા વખતે મળતું દાન કે ભેટ કયો મૂર્ખ પંડિત ભગવાનને ખાતર વાપરવાનું પસંદ કરે? તે પોતે જ એનો યોગ્ય ઉપયોગ કેમ ના કરે? મને ચડાવવામાં આવેલાં દાન–દક્ષિણાનો મેં કેવો સ્વાર્થી ઉપયોગ કર્યો હતો? રામરાયે મને કાનમાં કહ્યું કે આ ઉપદેશકે પોતાની સારા પગારવાળી નોકરી મૂકી દઈ ઈશ્વરની સેવામાં ખૂબ ઓછા પગારે જોડાવાનું પસંદ કર્યું હતું. તેને ત્રણ નાનાં બાળકો હતાં.

ભાષણ ગીતશાસ્ત્રના ત્રેવીસમા અધ્યાય પર આધારિત હતું. તે સરળ છતાં ગહન હતું. શ્રદ્ધાપૂર્વક ને આધ્યાત્મિક બળ સહિત ઉપદેશકે પોતાના વિચારો રજૂ કર્યા. લગભગ દરેક શબ્દ મને લાગુ પડતો હતો. આ માણસને મારા આંતરિક સંઘર્ષની, મને મૂંઝવતા પ્રશ્નોની અને મને આવતા વિચારોની કેવી રીતે જાણ થઈ ગઈ હશે? હું આવવાનો હતો તેની તો તેમને ખબર પણ ન હતી.

"ઈશ્વર મારા ઘેટાંપાળક છે. મને કશી વાતે અધૂરપ કે ઊણપ સાલવાની નથી." આ શબ્દોથી મારા હૃદયમાં ઝણઝણાટી થઈ. મને અંદરખાને જાણ હતી કે સાચા ઈશ્વર ને ઘેટાંપાળક મને પોતાનું એક ઘેટું બનાવવા માટે બોલાવી રહ્યા છે. પણ અંદરનો એક બીજો અવાજ ઉપદેશક જે કંઈ કહેતા હતા તેની સામે લડતો હતો ને દલીલો કરતો હતો. તે ચેતવણી આપતો હતો કે મારે મારું બધું ગુમાવવું પડશે અને પંડિત જાનકીપ્રસાદ શર્મા જેવી પ્રતિષ્ઠા ને ગૌરવ મને મળશે નહિ. મારી માતાનું હૃદય ભાંગી જશે! પિતાજીના નામને કલંક લાગશે! બંને અવાજો વચ્ચે લડાઈ થતી હતી પરંતુ ભલા ભરવાડ પાસે જવાનું તેડું આપતો અવાજ પ્રેમથી કહેતો હતો, જ્યારે બીજા અવાજમાં કટુતા હતી, થોડી ધમકી પણ હતી. ગીત-સંહિતા (psalms)ના લેખકે જે ઈશ્વરનું વર્ણન કર્યું છે તેની જ હું શોધ કરતો હતો. જો મારે મારા સર્વસ્વનો ત્યાગ કરવો પડે તો પણ શો વાંધો? જો હું સર્જન-

હારને જ મારા ઘેટાંપાળક કે ભરવાડ થવા દઉં તો પછી મારે બીજા શાની જરૂર પડે? જો તે આ સમગ્ર વિશ્વનું સર્જન કરી શકતા હોય તો નક્કી તેમને મારી ચિંતા હોવી જોઈએ.

"તે પોતાના નામને ખાતર મને સત્યધર્મના માર્ગ પર દોરે છે." હું પોતે અપરાધી હોવાની લાગણીથી પીડાતો હતો, ને મારી જાતને નૈતિક રીતે શુદ્ધ કરવાના મારા પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. હજારો પવિત્ર સ્નાનો પછી પણ હું આંતરિક રીતે અશુદ્ધ છે ને પાપિષ્ઠ હતો. પરંતુ આ ઈશ્વર તો મને સત્યધર્મમાં દોરી જવાનું વચન આપતા હતા. મારે મારી પોતાની ભલાઈનો ગર્વ કરવાની જરૂર નહોતી, વધુ સારો પુનર્જન્મ મળે તે માટે મારાં કર્મોમાં સુધારણા લાવવાની જરૂર નહોતી; તે મને માફી આપી શકે છે, જેથી હું મારી પોતાની કશી લાયકાત વિના તેમનો પોતાનો બની જાઉં ને પછી તેમણે મારે માટે આયોજિત જિંદગી જીવવામાં તે મને મદદરૂપ બને. આ તો તેમનું પોતાનું ન્યાયીપણું છે. ને જો હું તે સ્વીકારું તો તે ભેટ તરીકે મને આપવા માંગે છે. ધીમે ધીમે, મેં પહેલાં જેના વિશે કદી સાંભળ્યું નહોતું તે ઈશ્વરની કૃપાની મહાનતા મારે માટે વિશ્વાસયોગ્ય બની.

"હા, જો કે મરણની છાયાની ખીણમાં થઈને ચાલું તો પણ હું કશી ભૂંડાઈથી બીશ નહિ; કારણ, હે ઈશ્વર, તું મારી સાથે છે." બધું અદ્યતન અંગ્રેજીમાં બોલાતું હતું છતાં એકદમ સ્પષ્ટ હતું. જો હું મારાં દેવદેવીઓને પ્રસન્ન કરવાનો સતત પ્રયત્ન ન કરું તો તેઓ શું કરી બેસે તેનો ભય, જે દુષ્ટ બળો મારા જીવનમાં અસરકારક બનતાં હતાં તેમનો ભય ને મારા કુટુંબને ત્રાસદાયક બનતા પ્રેતાત્માઓનો ભય–આ બધા વચ્ચે તો હું જીવતો હતો—તેમાંથી તે મને મુક્તિ અપાવી શકે છે. જો આ ઈશ્વર મારા ઘેટાંપાળક બને તો મારે કશાનો ભય રાખવાની જરૂર નહોતી; કારણ, તે મારી સાથે રહે, મારું રક્ષણ કરે, ને મને શાંતિ પમાડે.

"મારી જિંદગીના બધા દિવસો સુધી ભલાઈ અને દયા મારી પાછળ આવશે અને હું સદાસર્વદા પ્રભુના ઘરમાં રહીશ." ઉપદેશકે કહ્યું કે, "આનો અર્થ તો એવો છે કે તમે ઈશ્વરની હાજરીમાં સ્વર્ગમાં વસો છો કે વસશો". આ તો આત્મ-સાક્ષાત્કાર કરતાં ક્યાંય ચઢિયાતું હતું.

"પ્રભુ ઈસુ તમારા ઘેટાંપાળક થવા માંગે છે. તમે તમારા હૃદય સાથે વાત કરતી તેમની વાણી સાંભળી છે? પુનરુત્થાન પામ્યા પછી ઈસુએ કહ્યું કે, 'જુઓ, હું બારણાં પાસે ઊભો રહી ખખડાવું છું. જો કોઈ માણસ મારો અવાજ સાંભળશે ને બારણું ઉઘાડશે તો હું તેની પાસે અંદર જઈશ ને તેની સાથે જમીશ.' તો અત્યારે જ તમારાં હૃદયો તેમને માટે ઉઘાડો. આવતીકાલ સુધી વાટ જોશો નહિ—કદાચ, આવતીકાલ તમારે માટે ન પણ હોય!" ઉપદેશક તો જાણે મને જ સીધેસીધું સંબોધન કરતા હતા. હું હવે વધુ વખત વાટ જોઈ શકું તેમ નહોતું.

મારામાં જે યુદ્ધ ખેલાતું હતું તેનો અંત આણીને હું મારી બેઠક પરથી ઊભો થયો ને શાંતિથી આગળ જઈ ઘૂંટણે પડયો. ઉપદેશકે મારી સામે જોઈ સ્મિત કર્યું અને પૂછયું કે, "શું બીજા કોઈ ખ્રિસ્તનો સ્વીકાર કરવા માંગે છે?" કોઈ પોતાને સ્થાનેથી ખસ્યું નહિ. પછી ઉપદેશકે ખ્રિસ્તીઓને આગળ આવી મારી સાથે પ્રાર્થનામાં જોડાવા સૂચના આપી. કેટલાક આગળ આવી મારી પાસે ઘૂંટણે પડયા. વર્ષોથી હિંદુઓ મને પગે પડતા હતા, અને આજે હું ખ્રિસ્તને પગે પડયો હતો!

ઉપદેશકે કહ્યું, "તમે મારી પાસે આવતા નથી પણ ઈસુ પાસે આવો છો! એકલા તે જ તમને પાપની માફી આપી શકે છે, તમને શુદ્ધ કરી તમારું જીવન બદલી શકે છે. ને જીવતા ઈશ્વર સાથેના જીવંત સંબંધમાં તમને લાવી શકે છે." કંઈ જ ટીકાટિપ્પણ વગર હું તે સમજી શકયો. જે ઈસુ વિશે વક્તા કહેતા હતા તેમને મેળવવા માટે જ હું નીચે નમ્યો હતો.

ઈસુને મારા હૃદયમાં આમંત્રણ આપવા માટેની પ્રાર્થના મેં ઉપદેશકના શબ્દોમાં દોહરાવી, "પરંતુ મને ખ્રિસ્તી બનાવો", એ શબ્દો હું ઈરાદાપૂર્વક ગળી ગયો. મારે ઈસુની જરૂર છે, પણ ખ્રિસ્તી થવાની જરૂર નથી. ઈસુને હૃદયમાં આવવાનું આમંત્રણ આપવાથી હું ખ્રિસ્તી બન્યો હતા અને બીજી કોઈ રીતે કોઈ માણસ ખ્રિસ્તી બની શકે નહિ તે હું ત્યાં સુધી સમજતો ન હતો.

પછી શ્રીયુત્ હમીદે કહ્યું, "આમીન." તેમણે મને પોતાના શબ્દોમાં પ્રાર્થના કરવા માટે સૂચન કર્યું. ધીમેથી, ઊભરાતી લાગણીઓ વચ્ચે મેં પ્રાર્થના શરૂ કરી: "ઈસુ ભગવાન, મેં કદી બાઈબલનો અભ્યાસ કર્યો નથી, એ શાના વિશે છે તે પણ હું જાણતો નથી. પરંતુ મેં સાંભળ્યું છે કે ઈશ્વર સાથે મારું સમાધાન થાય ને મને માફી મળે માટે તમે મૃત્યુને ભેટયા હતા. મારાં પાપો માટે મરવા માટે, મારા હૃદયમાં આવવા માટે અને મને માફી આપવા માટે હું તમારો આભાર માનું છું. હું એક નવી અને ફેરબદલો પામેલી વ્યક્તિ બનવા માંગું છું."

હું જે પ્રકારની જિંદગી જીવ્યો હતો, મેં જે અભિમાન, ઈર્ષ્યા, સ્વાર્થ અને ક્રોધ દર્શાવ્યાં હતાં, મેં જે મૂર્તિપૂજા કરી હતી, ઈશ્વરને માટે યોગ્ય તેવી ભક્તિનો સ્વીકાર કર્યો હતો, ઈશ્વર ગાય કે તારા કે માણસ જેવા છે તેવી વ્યર્થ કલ્પનાઓ કરી હતી: આ બધાં માટે મેં પશ્ચાત્તાપનાં આંસુ સાર્યાં. મેં કેટલીક મિનિટો સુધી પ્રાર્થના કરી. મેં પ્રાર્થના પૂરી કરી ત્યાં સુધીમાં મને સમજાઈ ગયું કે ઈસુ બીજા કરોડો દેવો જેવા નથી. મને જેની ભૂખ હતી તે જ ઈશ્વર તે છે. હું વિશ્વાસપૂર્વક ઈસુની પાસે ગયો હતો અને તે જ એકમાત્ર સર્જનહાર છે તેવી શોધ કરી હતી. મારા પરના પ્રેમને કારણે તે માનવ બન્યા હતા ને મારાં પાપો માટે મૃત્યુ પામ્યા હતા. આ સાક્ષાત્કાર સાથે જ અંધકારના લાખો ટનો જાણે ઊંચકાયા ને એક દિવ્ય

તેજથી મારો આત્મા ભરાઈ ગયો. તેમના પ્રેમના સૂર્યપ્રકાશથી મારું હૃદય પણ ઝળહળી રહ્યું.

અન્ય ગ્રહો પરની મુસાફરી, અપાર્થિવ એટલે દુન્યવી નહિ તેવું સંગીત, ચિત્રવિચિત્ર રંગો ને સાધનામાં પ્રાપ્ત થતી ચૈતન્યની વિવિધ કક્ષાઓ–આ બધું હવે ધૂળ અને રાખ જેવું બની ગયું હતું. હવે મને એક જુદા જ પ્રકારનો અનુભવ થતો હતો. મને એની ખાતરી હતી. મૉલીએ કહ્યું હતું કે, "ઈસુ પોતે પોતાનો પુરાવો આપશે." હવે તેના કહેવાનો અર્થ મને સમજાતો હતો. ઈસુ હવે મારામાં જીવવા માટે આવ્યા હતા. મને ખાતરી થઈ હતી કે તેમણે મારાં પાપ હરી લીધાં છે. તેમણે મને નવી વ્યક્તિ અને આંતરિક રીતે પણ નવો માણસ બનાવ્યો છે. પશ્ચાત્તાપનાં આંસુ હવે આનંદનાં આંસુમાં પલટાઈ ગયાં. જીવનમાં પહેલી વાર સાચી શાંતિ એટલે શું તે મને સમજાયું. દુઃખી, કંગાળ ને સુખના અભાવની લાગણી નાશ પામી. હવે હું ઈશ્વર સાથે સીધા સંબંધમાં આવ્યો હતો. હું પ્રભુપિતાનું બાળક બન્યો હતો. મારો નવો જન્મ થયો હતો.

નાનકડી મંડળી ગાવા લાગી:

"હું છું તેવો જ હક વિના આજ,
પણ વહેવાડ્યું તુજ રક્ત મુજ કાજ,
ને મુજને તેડે તુજ અવાજ.
દેવના હલવાન, હું આવું છું!"

હું હજુયે મારાં ઘૂંટણો પર હતો ને એકેએક શબ્દને સાંભળતો, દેવની ક્ષમા માટે આભારની લાગણી અનુભવતો હતો. મને થતું હતું કે આ ગીતમાં મારી જ લાગણી અભિવ્યક્ત થતી હતી. લેખકે અપરાધવૃત્તિમાંથી આવો જ એટલે મારા જેવો જ છુટકારો અનુભવ્યો હશે. હલવાન એટલે ઘેટાનું બચ્ચું. તરત મને સમજાઈ ગયું કે ઈસુ નમ્ર, દયાળુ ને પ્રેમાળ હતા. પ્રેમાવતાર હતા. મૉલીએ ઈસુના પ્રેમ વિશે કહેલા શબ્દો હવે ફરીફરી યાદ આવતા હતા. એ દિવ્ય પ્રેમથી મારો આત્મા ભરપૂર થયો હતો.

બ્રાહ્મણ હોવાનો મારો ગર્વ ભૂંસાઈ ગયો હતો. આ ખ્રિસ્તીઓ આગળ ધૂળવાળી ફરસબંદી ઉપર એક ઊંચા કુળનો બ્રાહ્મણ ઘૂંટણે પડે? પણ હવે જ હું કેટલો નાનો કે ક્ષુદ્ર હતો અને મારા ઈશ્વર કેવા મહાન હતા તેની પ્રતીતિ મને થતી હતી. નમ્રતાનો અર્થ નીચી કોટિએ ઉતારી પાડવાનો થતો ન હતો, ને તેનાથી મને મારા પ્રત્યે કશી ક્ષુદ્રતાની લાગણી થતી ન હતી. એનો સીધો સાદો અર્થ તો આટલો જ હતો કે, હું દરેક વસ્તુ માટે મારા સર્જનહાર પર અવલંબિત કે આશ્રિત હતો. આ કબૂલાતથી ઈસુમાં એક નવી જિંદગીનું દ્વાર ઊઘડતું હતું.

આંખોમાં હર્ષાશ્રુ ને આનંદી ચહેરાઓ સાથે એ નાની મંડળીએ મારી સાથે ઉષ્માપૂર્વક હાથ મિલાવ્યા. મને ઈશ્વરના કુટુંબમાં આવકાર આપ્યો. મારાં પોતાનાં સગાંમાં પણ મને આવા પ્રેમ, આનંદ ને પોતીકા હોવાની લાગણીનો અનુભવ થયો નહોતો. જ્યારે આનંદથી ખુશખુશાલ ચહેરે શાંતિ મને મળવા આવી ત્યારે મારા આનંદની સીમા ન રહી! અમે દાખલ થયા તે પછી તે આવી હતી ને તે ત્યાં હાજર હતી તેની મને પણ ખબર નહોતી. તેણે ઉષ્માપૂર્વક કહ્યું, "રવિ, તેં ઈસુને તારા જીવનમાં સ્વીકાર્યા તેથી મને ખૂબખૂબ આનંદ થયો છે. તેં આજે સૌથી સુંદર પગલું ભર્યું છે." મારે શાંતિ સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. પરંતુ હવે અમારી વચ્ચે એક નવા સંબંધનો આરંભ થતો હતો. અમે બંને એક જ ઈશ્વરના કુટુંબનાં સભ્યો હતાં!

ઘર તરફ જતાં રસ્તા પરના શેરડીના ઊંચા છોડ સમુદ્ર તરફથી આવતી લહેરોમાં જાણે નૃત્ય કરતા હતા. ઝાંખા ચંદ્રપ્રકાશમાં લીલાં પર્ણો ફરફરતાં હતાં. અને તારાઓ! આ પહેલાં તારાઓ મને ક્યારે પણ આટલા બધા પ્રકાશોજ્જવલ દેખાયા ન હતા! મને પહેલેથી જ પ્રકૃતિ પ્રત્યે પ્રેમ હતો, પરંતુ અત્યારે તો મને પ્રકૃતિના સૌંદર્યમાં દસ ગણો વધારો થયો હોય તેવું લાગતું હતું. એકવાર હું આ આકાશી તત્ત્વોની પૂજા કરતો હતો, પણ હવે મને તેમનું જુદું દર્શન થતું હતું. જે ઈશ્વરને મેં હમણાં જ ઓળખ્યા તેમનું જ આ બધું સર્જન હતું. ને સર્જનહારનાં સામર્થ્ય, કલાસૂઝ અને દિવ્ય જ્ઞાનની ઊંડી કદરદાનીથી મારું મન ભરાઈ ગયું. હું સદાકાળ તેમની જ સ્તુતિ કરીશ ને કહીશ કે, આ જીવન માટે પણ હું તેમનો કેટલો બધો આભારી છું! 'હવે હું કદી જન્મ્યો જ ન હોત તો સારું'ની લાગણી ક્યાંય અદશ્ય થઈ ગઈ હતી. હું જીવન માટે ઈશ્વરનો આભારી હતો. હું સદાસર્વદા જીવવા માંગતો હતો. અમે ત્રણે ચાલતાં ચાલતાં પેલાં આત્મિક ગીતો ગાવા લાગ્યાં. અમે સાથેસાથે ખ્રિસ્તી પારિભાષિક શબ્દો અને બાઈબલનાં વચનોની—મારે માટે તો બધું જ નવું હતું—ચર્ચા કરતા હતા.

અમે ઘેર પહોંચ્યા ત્યારે દેવનારાયણમામા ને મામી સિવાય બાકીનાં બધાં જ દીવાનખંડમાં અમારી વાટ જોતાં બેઠાં હતાં. શાંતિ અમારા પહેલાં કારમાં આવી પહોંચી હતી ને દેખીતી રીતે જ તેણે બધું કહી દીધું હશે. પહેલાં તો કોઈ મને ખ્રિસ્તી સભામાં જોઈ જાય તેનો ડર હતો, પણ હવે મારા હૃદયમાં તારણહાર ખ્રિસ્તનું આગમન થવાથી બધો જ ડર, ગભરાટ ને સંકોચ નાશ પામ્યાં હતાં. હવે આ શુભ સમાચાર મારા એકલાના ન હતા. આખી દુનિયાને હું મારા પ્રભુ વિશે જણાવવા માંગતો હતો.

એ લોકોના આશ્ચર્યચકિત ચહેરાઓ સામે જોઈ મેં આનંદથી કહ્યું, "આજે રાત્રે મેં ઈસુને મારા જીવનમાં આવવાનું આમંત્રણ આપ્યું. આ તો અદ્ભુત છે.

તેમનું મૂલ્ય મારે મન કેટલું બધું છે તે હું કહી શકતો નથી. તેમણે મને નવો માણસ બનાવ્યો છે."

"હું એ વાત પર વિશ્વાસ કરી શકતી નહોતી, પણ હવે એ મેં તારી પાસેથી સાંભળ્યું છે," રેવતીમાસીએ લાગણીથી ગળગળા થઈ કહ્યું. "તારી માતા આ જાણશે ત્યારે શું કહેશે? તેમને આઘાત નહિ પહોંચે?" તે ઓચિંતાં ખંડમાંથી ચાલ્યાં ગયાં, પણ તેમના મોં ઉપર મેં ધારેલો તેવો ગુસ્સો ન હતો. એને બદલે તે વ્યથિત અને મૂંઝાયેલાં લાગતાં હતાં.

રેવતીમાસીએ મને ખુલાસો કરવાની તક ન આપી તેથી હું દિલગીર થયો. એમને માટે હવે મારા હૃદયમાં નવો પ્રેમ હતો. મેં પ્રાપ્ત કરેલી શાંતિ વિશે હું તેમને જણાવવા માંગતો હતો. અને દાદીમા? તેમનો પ્રત્યાઘાત કેવો હશે? મેં તેમના તરફ જોયું તો મારા આશ્ચર્ય વચ્ચે તેમનો ચહેરો આનંદથી ચમકતો હતો.

"રવિ, તેં સર્વોત્તમ નિર્ણય કર્યો છે. મારે પણ ઈસુની શિષ્યા બનવું છે," તેમણે આનંદથી કહ્યું.

હું દાદીમા પાસે દોડી ગયો ને મારા હાથ તેમની કમરે વીંટાળી તેમને ભેટી પડયો. "હું આજ સુધી જે રીતે વર્ત્યો છું તે બદલ દિલગીર છું. મહેરબાની કરી મને માફ કરશો?"

શાંતિ પણ હવે પોતાનું રહસ્ય છુપાવી શકી નહિ. પોતાની આંખોમાંથી આંસુ લૂછતાં તેણે કહ્યું, "મેં પણ થોડા દિવસ પહેલાં ઈસુને મારી જિંદગી સમર્પિત કરી દીધી છે."

અમે ભારે ઉત્તેજનામાં વાતો કરતાં કરતાં ઘણો સમય વિતાવ્યો. અમે ખ્રિસ્તમાં મેળવેલા એકબીજા પ્રત્યેના નવા પ્રેમને અરસપરસ વહેંચતાં હતાં. દાદીમાએ કહ્યું કે, "થોડા દિવસ પહેલાં શાંતિ ત્યાંની સભામાં ચોરીછૂપીથી ગઈ હતી અને પાછી ફરી ત્યારે બારીમાંથી કૂદીને ઘરમાં આવતાં રેવતીમાસીએ પકડી પાડી હતી. તારા મામાએ તેને સોટીથી ફટકારી પણ હતી."

મેં દાદીમાને ભાષણ વિશે વાત કરી. તેમણે જણાવ્યું કે ગીતશાસ્ત્રનું ત્રેવીસમું ગીત તેમને પણ અત્યંત પ્રિય હતું ને દાદાએ તેમનાં બાઈબલોનો નાશ કર્યો તે પહેલાં તેમણે દાઊદનાં બીજાં ઘણાં ગીતો પણ વાંચ્યાં હતાં.

રાતે સૂઈ જતાં પહેલાં મેં સિગારેટોના ગુપ્ત ભંડારનો નાશ કરી નાખ્યો. હવે સિગારેટ પીવાની કશી ઇચ્છા થતી ન હતી. બીજે દિવસે વહેલામાં વહેલી તકે મેં તેમની સાથે કરેલા વર્તાવ બદલ રેવતીમાસીની માફી માંગી. શો પ્રત્યુત્તર આપવો તેની પણ માસીને સૂઝ પડી નહિ. વર્ષોથી જેને તે ઓળખતી હતી તે રવિ આ નહોતો. મેં તેમની આંખોમાં અચોક્કસતાનો ભાવ જોયો ને મને તેમને માટે દુ:ખ

થયું. તે કેટલાં બધાં વ્યથિત દેખાતાં હતાં! તેમના હૃદયમાં ચાલી રહેલી ભીષણ લડાઈની મને પૂરેપૂરી સમજણ હતી.

મેં જે કારને આશીર્વાદ આપ્યો હતો તે કારને મામા પૉલિશ કરતા હતા. તેમની સામે જવું એ કાંઈ સરળ ન હતું. હું ખ્રિસ્તી બન્યો છું, એમ સ્પષ્ટ કબૂલાત કરતાં હું અચકાયો. મેં તેમની પાસે જઈને કહ્યું, "મામાજી, મેં મારા જીવનમાં પવિત્ર આત્માનો સ્વીકાર કર્યો છે."

તેમણે પોતાનું માથું ઊંચું કર્યું ને આશ્ચર્ય સાથેના કઠોર ઠપકાના ભાવ સાથે જણાવ્યું, "તારા પિતાજી મહાન હિંદુ હતા ને તારી માતા પણ મહાન હિંદુ છે. તું ખ્રિસ્તી થઈ રહ્યો છે તેવું જાણીને તારી માતાને ભારે દુઃખ થશે. તું શું કરવા માંગે છે તે વિશે બે વાર વિચાર કર. તું કદાચ ખૂબ મોટી ભૂલ કરી રહ્યો છે."

"તમે શું કહેવા માંગો છો તે હું સમજું છું, પણ મેં જે કિંમત ચૂકવવાની છે તેનો પણ વિચાર કરી લીધો છે."

કૃષ્ણરાજ પોતાની માતા સાથે ઘણી નિખાલસતાથી વાત કરી શકયો. તેને ખબર પડી કે તેની માતાને તો વર્ષોથી અમારાં ધાર્મિક ક્રિયાકાંડો તરફ સખત અણગમો હતો. તેમનો ભ્રમ ભાંગી ગયો હતો; પરંતુ આ વાત કોઈને પણ કહેતાં તે ડરતાં હતાં. કૃષ્ણરાજે તેમને દૂરના શહેરમાં આવેલા એક ચર્ચનું નામ આપ્યું, જ્યાં તેમને ઓળખી કાઢે તેવું કોઈ ન હતું. પછીના રવિવારે રેવતીમાસી પણ તેમની સાથે ચર્ચમાં ગયાં. અલબત્ત, ઘણી આનાકાની સાથે. સાંજે તે પાછાં ફર્યાં, ત્યારે અમે, જેઓ ખ્રિસ્તી બન્યાં હતાં, તેમની આતુરતાથી રાહ જોતાં હતાં. અમને વિશ્વાસ હતો કે અમારી પ્રાર્થનાઓ સાંભળવામાં આવી હશે. શું બન્યું તે પૂછવાની કોઈને જરૂર લાગી નહિ, તેમના ચહેરા પરથી જ બધું સમજાઈ જતું હતું.

રેવતીમાસી ને દાદીમા એકબીજાને વળગીને ઘણાં લાંબા સમય સુધી રડતાં જ રહ્યાં, પછી રેવતીમાસીએ માથું ઊંચું કર્યું, પોતાની આંખો લૂછીને મારા તરફ જોયું. "રવિ," તેમણે કહ્યું, ને અમે બંને એકબીજાને ભેટી પડયાં. અમારા ગાલ પરથી આંસુની ધારાઓ વહેતી રહી ને તેમાં અમારા બે વચ્ચેનો તિરસ્કાર ને કટુતા કાયમને માટે નાશ પામ્યાં.

બીજે દિવસે હું અને કૃષ્ણરાજ પૂજાના ખંડમાં સિંઘાસન પાસે ગયા. અમે ત્યાં હતું તે બધું જ વાડામાં લઈ ગયા. ધર્મગ્રંથો ને મૂર્તિઓ, તેમનાં પવિત્ર વસ્ત્રોમાં વીંટાળીને બહાર લઈ ગયા. હવે અમારે જૂનાં ક્રિયાકાંડો કરવાનાં પણ નહોતાં, ને પછી તેમનો શો ખપ હતો? હવે તો રેવતીમાસી પણ ખ્રિસ્તી બન્યાં હતાં. તે પહેલાં અમે આવું કંઈ કરવાની હિંમત કરી નહોતી. હવે અમને ભૂતકાળ સાથે બાંધનાર કે જોડનાર બધાં જ બંધનોમાંથી મુક્ત થવા ઈચ્છતાં હતાં; અંધકારનાં જે બળોએ અત્યાર સુધી અમને બાંધીને ગુલામ બનાવી રાખ્યાં હતાં તેમનાથી પણ

મુક્તિ મેળવવા ઇચ્છતાં હતાં. બીજાંઓ પણ અમારી સાથે જોડાયાં, ને અમે ભેગાં મળી મોટા કદના મંદિરને પણ બહાર લઈ આવ્યાં. પૂજાખંડ ખાલી થઈ જતાં અમે તેને વાળીઝૂડીને-ધોઈને સાફ કર્યો. પછી બધા જ ઓરડાઓમાં ફરીને જે કંઈ અમારા નવા ધર્મને અનુરૂપ નહોતું તે—દોરા-ધાગા, કામણ-ટૂમણ, માદળિયાં, જેમાં કહેવાતાં દૈવી તત્ત્વોનું આરોપણ કર્યું હોય તેવા પદાર્થો, ધાર્મિક ચિત્રો—આ બધું જ લઈ જઈને બહાર ફેંકી દીધું. દેવનારાયણમામાનાં પત્ની ખૂબ રૂઢિચુસ્ત બ્રાહ્મણ હતાં. તે મોટો આઘાત પામીને અમારી આ નવી કામગીરી જોતાં હતાં. તેમણે જઈને મામાને પણ આ બધું કહી દીધું. બાકીનાં બધાં અમારી સાથે હતાં. બધાં થઈને મારી સાથે બાર જણે ઈસુ ખ્રિસ્ત પ્રત્યે અમારાં હૃદયો ઉઘાડયાં હતાં, ને અમને ખાતરી થઈ હતી કે અમને અમારાં પાપોની માફી મળી ચૂકી છે. ઉદ્ધાર પામેલાઓમાં ત્રણ મારાં મસિયાઈ ભાઈ-બહેનો હતાં.

અમને અમારા નવા ધર્મથી મળેલી મુક્તિમાં અનહદ આનંદ હતો. થોડા દિવસો પહેલાં તો અમારા ઘરમાં પડેલી એક પણ મૂર્તિને હાથ પણ લગાડવાની મેં હિંમત કરી ન હોત. એ દેવદેવીઓનો મને કેટલો બધો ડર લાગતો હતો! પણ હવે એ મહાત્રાસની લોખંડી જંજિરો ઈસુના બળવાન પરાક્રમથી ભાંગી ગઈ હતી. અમારી આંખો તેમણે ઉઘાડી હતી. અમને ખબર હતી કે અજવાળા સાથે અંધારાને કશી સોબત હોઈ શકે નહિ. જૂના સાથે નવાનો કશો મેળ હોઈ શકે નહિ. નવો ધર્મ જૂનાને સાથે રાખીને ચાલી શકે નહિ. ઈસુ તેત્રીસ કરોડ દેવોમાંના એક ન હતા. તે એક અને અજોડ ઈશ્વર હતા. બીજા બધા ધર્મોમાં તો અનેક રસ્તાઓની વાતો છે, પણ એ બધા તો ઈસુ કહે છે તેમ વિનાશમાં લઈ જાય છે. અનંત જીવનમાં પ્રવેશવાનો એક જ સાંકડો માર્ગ છે અને તે છે ઈસુના લોહી દ્વારા મુક્તિ.

બધું જ જ્યારે એકઠું થયું, પછી અમે તેને સળગાવી દીધું. અમે જોયું કે જ્વાળાઓમાં જે સળગીને ભસ્મ થઈ જતો હતો તે અમારો પાપિષ્ઠ ભૂતકાળ હતો. પેલી મૂર્તિઓ પણ બળીને ભસ્મીભૂત થઈ ગઈ. હવે કોઈપણ દુષ્ટ બળો અમને ત્રાસ આપી શકશે નહિ. અમે એકબીજા સાથે આનંદ કર્યો ને અમને મુક્ત કરવા માટે પોતાનું પ્રાણાર્પણ કરનાર ઈશ્વરપુત્ર ઈસુની અમે ભાવપૂર્વક વંદના કરી. અમે ગીતો ગાયાં, પ્રાર્થના કરી ને સાથે ઈશ્વરની સ્તુતિ કરી ત્યારે અમે જોયું કે પ્રત્યેકનો ચહેરો ખ્રિસ્તમાં પ્રાપ્ત થયેલ નવી સ્વતંત્રતા અને આનંદથી ચમકતો ને ઝળહળતો હતો. કેવો અવિસ્મરણીય દિવસ!

ભૂતકાળનું કશું જ પાછળ બાકી ન રહે તે માટે મેં રાખને પણ સંકોરી—મને લગભગ આઠ વર્ષ પહેલાંનો પ્રસંગ યાદ આવ્યો. તે મારા પિતાના અંતિમ સંસ્કારનો દિવસ હતો. મારા પિતાના મૃતદેહને દેવોને અર્પણ કર્યા પછી તેમની ચિતાને આગ લગાડવામાં આવી હતી. અમારા અત્યારના મહાન આનંદ સામે ત્યારે કેટલા બધા

ઊંડા શોકમાં બધાં સ્નેહીજનો ડૂબી ગયાં હતાં ને હૈયાફાટ રૂદન કરતાં હતાં. મને વચગાળાનાં વર્ષો યાદ આવ્યાં, જેમાં મેં પિતાજી જેવા થવા માટે દઢતાથી પ્રયત્નો કર્યા હતા. ત્યારે મને જેમાં ઊંડી શ્રદ્ધા હતી તેના જાણે કે વિનાશમાં મને આનંદ આવતો હતો. જે બધાંને માટે હું જીવ્યો હતો તે જ્વાળાઓમાં ભસ્મીભૂત થતું હતું ને સાથે મારો આખો ભૂતકાળ પણ. મેં હૃદયપૂર્વક ઈશ્વરની સ્તુતિ કરી.

એક રીતે જોતાં આ મારો પોતાનો અગ્નિસંસ્કાર હતો. હું જેવા પ્રકારનો માણસ હતો તેનો, મારા જૂના માણસપણાનો આ અગ્નિસંસ્કાર હતો. કહો કે, એક પંડિત યાને ગુરુનું મૃત્યુ હતું. મારા આત્મિક નવા જન્મ પછીના થોડા જ દિવસોમાં મને સમજાયું હતું કે 'નવો જન્મ' મેળવવામાં–ખ્રિસ્તના મારે માટેના મરણ અને પુનરુત્થાન દ્વારા—મારા જૂના વ્યક્તિત્વનું મૃત્યુ થયું હતું અને એક નવી વ્યક્તિનું—નવા માણસનું—પુનરુત્થાન થયું હતું.

જૂનો રવિ મહારાજ ખ્રિસ્તમાં મૃત્યુ પામ્યો હતો. ને તેની મૃત્યુસમાધિમાંથી નવા રવિનો ઉદય થયો હતો, જેનામાં હવે ખ્રિસ્ત જીવતા હતા.

પુનર્જન્મ કરતાં આ નવો જન્મ કેવી અદ્ભુત રીતે જુદો છે! પાટી પરનું લખાણ સંપૂર્ણપણે ભૂંસી નાખવામાં આવ્યું હતું ને હું ઈસુ ખ્રિસ્ત, મારા પ્રભુમાં, શરૂ થયેલા નવા જીવનને ઉત્સાહ ને આનંદથી નિહાળતો હતો.

# ૧૬. નવો આરંભ

અમારા કુટુંબમાં કેવું રૂપાંતર થયું હતું ! ઝગડા-ટંટા ને કડવાશને બદલે હવે અમે આનંદમાં ને સુમેળમાં જીવતાં હતાં. ખ્રિસ્તે એવું મોટું પરિવર્તન આણ્યું હતું કે અમને દરેકનો દરરોજ તેનું આશ્ચર્ય થતું. મારી અને મારાં માસી વચ્ચે જે વેર-ભાવ હતો તે જાણે એક દુઃસ્વપ્ન જેવો બની ગયો હતો ને અમે બંને તેમાંથી જાગી ગયાં હતાં. અમે અત્યાર સુધી ઉત્સાહથી જે ધર્મનું પાલન કરતાં હતાં તેનાથી તો જાણે અમારાં બંને વચ્ચેની વિસંવાદિતામાં જ ખરેખર વૃદ્ધિ થતી હતી—એક કૌટુંબિક પૂજા દરમ્યાન રેવતીમાસીએ પવિત્ર જળ ભરેલો પિત્તળનો લોટો ગુસ્સામાં મારા તરફ ફેંકયો હતો. પણ ખ્રિસ્તે અમને બંનેને બદલી નાખ્યાં હતાં. હવે અમને બંનેને એકબીજા પ્રત્યે ઊંડો પ્રેમ હતો. હવે ફરી એક વાર તે નવી રીતે મારી માતા જેવાં બન્યાં હતા. તેમના પુત્ર કૃષ્ણરાજને પણ હું ધિક્કારતો હતો તે હવે મારે માટે એક ભાઈથી પણ વિશેષ હતો. ખરેખર તો અમે બંને ખ્રિસ્તમાં ભાઈઓ હતા. ભૂતકાળ ભૂંસાઈ ગયો હતો, કચરાના ઢગલા પરનાં કાગળનાં પત્તાંની જેમ બળી ગયો હતો.

ઈશ્વરની કૃપાથી આ ચમત્કાર સર્જાયો હતો, આ પરિવર્તન આવ્યું હતું. હિંદુઓ તરીકે અમારી પાસે માફીની સંકલ્પના નહોતી; કારણ, કર્મમાં કશી માફી નથી અને તેથી અમે એકબીજાને માફ કરી શકતાં નહોતાં. પણ હવે ઈશ્વરે ખ્રિસ્તમાં અમને ક્ષમા આપી હતી તેથી અમે પણ એકબીજાને માફ કરી શકતાં હતાં. અમે ખ્રિસ્ત પાસેથી એવું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું કે જેઓ પોતાના ખરા હૃદયથી બીજાઓને માફી આપતા નથી તેમને ઈશ્વરપિતા પણ માફ કરશે નહિ. એમણે એ માફી આપનાર આત્મા અમારામાં મૂકયો હતો, તેથી હવે હું કદી પણ કોઈની વિરુદ્ધ ઈર્ષ્યા કે વેર રાખી શકતો ન હતો. 'હું દિલગીર છું'—કે 'હું તમને માફ કરું છું' જેવાં વાકયો પહેલાં અમે સાચી નિષ્ઠાથી બોલી શકતાં ન હતાં, તે હવે જ્યારે જરૂર હોય ત્યારે અમારા ઘરમાં સંભળાતાં ને તેથી અમારાં હૃદયોમાં પ્રેમની વૃદ્ધિ જ થતી.

સૌથી મોટો ચમત્કાર તો એ બન્યો કે હું ઘરના કામકાજમાં મદદ કરવા લાગ્યો ને તેમાં મને મજા પડવા માંડી. અમે બધા તરુણો ઘરમાં પણ કચરા—પોતાંનું કામ કરતા ને વાડામાં પણ પાણી પાતા, નકામા છોડવાનું નિંદામણ કરતા, ફૂલછોડ ઊછેરતા ને ખરેલાં પાદડાં ઉપાડતા. પડોશીઓ પણ આશ્ચર્યમુગ્ધ બનીને જોયા કરતાં ને અમારા બગીચાનો દેખાવ જ જાણે ફરી ગયો. ફૂલો મહેંકી રહ્યાં. કોઈને પણ આ પરિવર્તનની નોંધ લીધા વિના ચાલ્યું નહિ !

બીજું એક પરિવર્તન બહારથી દેખાતું ન હતું, પરંતુ અમારે મન તેનું મહત્ત્વ વિશેષ હતું. દાદાજીના પ્રેતાત્મા દ્વારા પહેલાં જે હરકતો થતી એટલે અમારા શયનખંડોની બહાર ને પગથિયાં પર પગલાંના ધબધબ અવાજો સંભળાતા તે હવે સંભળાતા બંધ થઈ ગયા. આવી ઘટનાઓ વખતે જે ઘૃણાજનક દુર્ગંધ પ્રસરતી, ને જે ક્યાંથી આવે છે તે અમે શોધી શકતા નહોતા તે પણ કાયમને માટે આવતી બંધ થઈ ગઈ. ફરી કદી એ દુર્ગંધ આવી જ નહિ. પહેલાં જેમ કોઈ અદૃશ્ય હાથો વડે ટેબલો કે અભરાઈઓ કે કબાટોમાંથી વસ્તુઓ ધડાધડ ફરસબંદી પર પડતી તે પણ અટકી ગયું. અમને છેવટે સમજાયું કે આ બધું બનવાનું કારણ દાદાજીનો પ્રેતાત્મા નહોતો પણ બાઈબલ જેને દુષ્ટાત્માઓ કહે છે તે બીના હતી. આ દુષ્ટાત્માઓએ તેમના નાયક સેતાનની સાથે ઈશ્વર સામે બંડ કર્યું હતું ને માણસોને ગૂંચવાડામાં નાખી દઈ કે છેતરીને તેઓ ઈશ્વર સામેના પોતાના બળવામાં તેમને ભાગીદાર બનાવવા માગે છે. આવાં દુષ્ટ બળો જ સર્જનહાર ને પ્રભુ તરીકેના ઈશ્વરના સાચા સ્થાન ને હક-દાવાની આડે આવતા ધર્મો ને ફિલસૂફીઓ ઉત્પન્ન કરી માણસોને પોતાની પાછળ ભમાવે છે. હવે મને સમજાતું હતું કે મારી યોગસાધનામાં આ દુષ્ટ બળો કે તત્ત્વો જ જુદાંજુદાં દેવદેવીઓનું રૂપ લઈ મને ભટકાઈ જતાં હતાં.

'નવો કરાર' વાંચતાં મને મૂંઝવતા કૂટપ્રશ્નો—હું કોણ છું, શા માટે માનવ તરીકેનું મારું અસ્તિત્વ છે, મારે માટે ઈશ્વરની યોજના કઈ છે—હવે સ્પષ્ટ થવા લાગ્યા ને આ બધા પ્રશ્નોના યોગ્ય ઉત્તરો પણ આકાર લેતા ગયા. હું ઘૂંટણિયે પડી ધર્મશાસ્ત્રનો અર્થ સમજાવવા માટે ઈશ્વરને વિનંતી કરતો; પછી હું દરેક વાક્ય (કલમ) ધીમેથી વાંચતો ને તેને સમજવાનો પ્રયત્ન કરતો ને વિશ્વાસ રાખતો કે પવિત્ર આત્મા મને તેનો અર્થ સમજાવશે. હું પ્રાર્થનામાં ને ઈશ્વરનાં વચનો વાંચવામાં કલાકોના કલાકો ગાળતો, જેમ એક વાર હું ધ્યાનસાધનામાં ને પૂજાપાઠમાં પહેલાં કલાકો વિતાવતો હતો તેમ. આમ, મેં વખતોવખત 'નવા કરાર'નું કાળજીપૂર્વક વાચન કર્યું. મેં 'જૂનો કરાર' પણ વાંચ્યો અને 'બાઈબલ' એ રહસ્યમય, અસ્પષ્ટ અને વિરોધાભાસી વિધાનોથી ભરેલું પુસ્તક નથી એ શોધી કાઢ્યું. "બાઈબલ"માં કોઈ કપોળકલ્પિત દેવોની વાર્તાઓ નથી, જ્યારે હું પહેલાં જેમને ઓળખતો હતો તેઓમાં તો દેવત્વનું આરોપણ કરવામાં આવ્યું હતું.

'બાઈબલ'માં તો પડકારી ન શકાય તેવી હજારો સાબિતીઓ મળી આવે છે. 'બાઈબલ' તો હકીકતમાં ઐતિહાસિક ગ્રંથ છે. ઈબ્રાહીમ, દાઉદ, દાનિયેલ, પીતર ને પાઊલ જેવા ઈશ્વરને ઓળખનારા ઐતિહાસિક પુરુષોને ઈઝરાયલ, ઈજિપ્ત, ગ્રીસ ને રોમ જેવાં ખરાં રાજ્યોની વાતો આવે છે. તેમાં સર્જનહાર ઈશ્વરની બધાં માણસો માટેની યોજના છે. ઈશ્વર તો ઈતિહાસના ઈશ્વર છે અને આજે પણ તે માણસોનાં જીવનોમાં અને રાષ્ટ્રોના વહીવટમાં કામ કર્યે જાય છે. ઈશ્વર હવે જ ઈતિહાસને તેની પરાકાષ્ઠાએ પહોંચાડે છે તેનું 'બાઈબલ'માં પ્રગટીકરણ જોવા મળે છે.

હું વર્તમાન બનાવોને—ખાસ કરીને મધ્યપૂર્વના ઇઝરાયલ, ઇજિપ્ત, ઈરાન, ઈરાક વગેરે દેશોમાં સંપૂર્ણ કરાતી ભવિષ્યવાણીઓને—નવા પ્રકાશમાં જોઈ શકયો. ઈશ્વરનાં વચનમાંથી અમે શું શું શીખ્યાં તેની ચર્ચામાં અમારા કુટુંબમાં બધાંને ઘણો આનંદ થતો.

દાદીમા તો સરળ ને બાળસહજ વિશ્વાસથી 'બાઈબલ' વાંચતાં. જો આ ઈશ્વર-પ્રેરિત પવિત્ર ગ્રંથ તેમને કોઈ વચન આપતો તો તે તરત સ્વીકારી લેતાં ને તે પ્રમાણે વર્તવા લાગતાં. એ એટલું બધું સરળ હતું. ઈસુએ માંદાંઓને સાજાં કર્યાં હતાં ને ઈસુ પોતાને પણ કેમ સાજા નહિ કરે તે વિશે તેમને અવિશ્વાસ કરવાનું કશું કારણ દેખાતું નહિ. તેઓ કહેતાં, "પ્રભુ તમે મારે માટે સત્યસ્વરૂપ છો. પ્રાચીન સમયમાં તમે અદ્ભુત ચમત્કારો કર્યા હતા. તમે આજે પણ જીવંત છો. હું ફરીથી ચાલવા માગું છું. પ્રભુજી, તમારો આભાર." દાદીમાને તો ખાતરી જ હતી કે પ્રભુજી તેમને નીરોગી કરશે.

ધીમેધીમે ચમત્કાર થવા માંડયો. દરરોજ અમે કંઈક સુધારો જોતાં. દાદીમા થોડાં વધુ સ્વસ્થ બન્યાં, થોડું થોડું ઊભાં રહેવા લાગ્યાં, ને પછી ફર્નિચર પકડીને બાળકની જેમ અનિશ્ચિત પગલે ચાલવા લાગ્યાં. થોડાંક અઠવાડિયામાં તો તે રસોડામાં જઈ શકયાં ને પછીથી તો તે રસોઈમાં પણ મદદ કરવા લાગ્યાં. થોડા વખત પછી તો તેમનામાં બહારનાં પગથિયાં ચઢવા ને ઊતરવાની શકિત આવી ને જેમને તે હમેશાં બારી પાસે જોતાં તે પક્ષીઓને અને ફૂલોને બગીચામાં જઈ નજીકથી જોવા લાગ્યાં. "ઈશ્વરની સ્તુતિ થાઓ!" તે વારેવારે કહેતાં. "સૌથી હોશિયાર ડૉકટરો અને જ્યોતિષીઓ જે ન કરી શકયા, તે ઈસુએ કરી બતાવ્યું. ઈસુ આજે પણ જીવે છે!"

સાજાં થયાં તે પહેલાં દાદીમા ઘૂંટણે પડી શકતાં ન હતાં. તેમનાં ઘૂંટણોનાં હાડકાં કદી સાજાં થઈ શકે તેવાં દેખાતાં નહોતાં. તે ફરીથી ચમત્કારિક રીતે કામ કરવા લાગ્યાં ને પછી તો કલાકો સુધી પોતાનાં ઘૂંટણો પર નમી પ્રાર્થના કરતાં પણ થઈ ગયાં. દાદીમા પાસે જાણે મધ્યસ્થી કરવાનું ખાસ સેવાકાર્ય હતું. તે કુટુંબનાં બધાં સભ્યો, સગાંસંબંધીઓ ને પડોશીઓ માટે પણ પ્રાર્થના કરતાં, જેથી તેઓ ખ્રિસ્તને ઓળખે ને જીવતા ઈશ્વર સાથેની સંગતમાં આવી શકે. જો કે તેમની ઉંમર સિત્તોર વર્ષ કરતાં પણ વધારે હતી, છતાં તેઓ છ વાગ્યા પહેલાં ઊઠી જતાં ને બપોરના અગિયાર વાગ્યા સુધી પ્રાર્થના કર્યા કરતાં. છેવટે, જ્યારે તે પ્રાર્થનાખંડમાંથી બહાર આવતાં ત્યારે અમે બધાં તેમના મુખ પરની પ્રભા જોઈ શકતાં અને જાણી જતાં કે દાદીમા ઈસુની સંગતમાં બેસીને આવ્યાં છે.

અમારા શહેરમાં ને બહારનાં ગામોમાં પણ ઝડપથી અફવાઓ ફેલાવા લાગી. શરૂઆતમાં તો અમે ખરેખર ખ્રિસ્તી બન્યાં છીએ તેવી વાત પણ ઘણાં ઓછાં માણસો માની શકયાં. કેટલાંકને તો અમે જાણે પાગલ થઈ ગયાં હોઈએ તેવું લાગ્યું. અફવાઓ સાચી છે કે કેમ તેની ચકાસણી જાતે કરવા માટે મુલાકાતીઓની વણજાર

ચાલુ રહેતી. કેટલાંક ઉગ્રતાથી દલીલો કરતાં. કેટલાંક સાંભળીને ચોંકી જતાં. પરંતુ આશ્ચર્ય ને આઘાત થોડી જ વારમાં તિરસ્કાર ને વિરોધમાં પલટાઈ જતાં. જેઓ એક વાર મારી આગળ પ્રણામ કરતાં ને ભક્તિભાવપૂર્વક મારી સાથે વાત કરતાં, તે હવે મને જોઈને ધુત્કારતાં ને ગલીચ શબ્દો બોલતાં. અમે અમારા દેવોનો નાશ કર્યો હતો તેથી તેઓ ખૂબ ક્રોધે ભરાયાં હતાં. અમે, નમ્ર રીતે, આ દેવો કેવી રીતે અમને મદદ કરવા માટે અસમર્થ હતા, અને જે ઈશ્વર માણસ બનીને અમારાં પાપો માટે મરવા આવ્યા હતા તેમને વિશે સમજાવવાનો પ્રયત્ન કરતાં. શરૂઆતમાં તો પડોશીઓ ને સગાંસંબંધીઓ ઈશ્વરની ખ્રિસ્ત દ્વારા મળતી માફીનો સ્વીકાર કરવાનો દઢતાથી વિરોધ કરતાં. તેઓ કેવી લાગણી અનુભવે છે તે હું સ્પષ્ટ રીતે સમજતો હતો. સત્ય તેમને માટે હકીકત ન બને ત્યાં સુધી કશી સમજૂતી તેમને માટે પૂરતી બનવાની ન હતી.

મૉલીએ શોધી કાઢયું હતું કે અમારા શહેરમાં પણ ખ્રિસ્તીઓની એક નાનકડી સભા મળતી હતી. પછીને રવિવારે હું આ થોડાક સભ્યોની સભામાં ભાગ લેવા માટે નીકળ્યો. સભાગૃહ એક નાનકડી ને નીચી ઓરડી હતું, જેને થાંભલાઓ પર ઊભું કરવામાં આવ્યું હતું. તે સૂર્યના પ્રખર તાપ સામે ને વરસાદનાં માવઠાં સામે રક્ષણ આપતું હતું.

"જુઓ, જુઓ, આ પેલો ઈસુભક્ત કે બગભગત ચાલ્યો !" મને જતો જોઈને પડોશની સ્ત્રીએ બૂમ પાડીને કહ્યું.

"હું બગભગત નથી, પણ ઈસુભક્ત થવાનો પ્રયત્ન કરું છું, ને તેનો મને આનંદ છે," મેં સ્મિત કરી કહ્યું.

નાનકડી મંડળીમાં માત્ર થોડા નીચલી વર્ણના પૂર્વભારતવાસીઓ અને હબસીઓ હતા. એક હિંદુ તરીકે હું કદી તેમની સાથે ભળ્યો ન હોત. પરંતુ તેમણે અમને કેવો ઉષ્માભર્યો આવકાર આપ્યો! જેમને હું એકવાર અછૂત કહી ધિક્કારતો હતો તેમને ગળે હાથ નાખી ભેટવાનું કેવું વિચિત્ર છતાં અદ્‌ભુત લાગતું હતું ! હવે હું તેમને મારા પ્રભુ ખ્રિસ્તના પ્રેમથી ચાહતો હતો ને તેથી જ તેમને મારાં ભાઈ-બહેનો તરીકે ભેટી શકયો.

જે ધર્મને મેં અતિ ઉત્સાહથી પાળ્યો હતો તેના પાયામાં આ જાતિભેદ છે, જુદી જુદી કોમો વચ્ચેના ઉચ્ચનીચના ભેદભાવો છે અને તે તો હિંદુ ધર્મના પાયામાં છે–તેમને હિંદુ માનસમાંથી કયારે પણ દૂર કરી શકાશે નહિ. કર્મ અને પુનર્જન્મના સિદ્ધાન્તોમાંથી એવું તર્કબદ્ધ તારણ નીકળે છે કે જ્ઞાતિની જુદી જુદી કક્ષાઓ કે વર્ણોમાંથી ઊંચે ચઢીને જ ઈશ્વર તરફ ઉત્ક્રાન્તિ કરી શકાય. સાધનામાં ચૈતન્યની જે ઉચ્ચ કક્ષાઓ શોધવામાં આવે છે તે જ્ઞાતિપ્રથાનાં સૂક્ષ્મ વિસ્તરણો છે. એક સમયે તો આ જ્ઞાતિપ્રથા મને દિવ્ય દેખાતી હતી, પરંતુ હવે મને જ્ઞાતિપ્રથા માનવ-માનવ વચ્ચે ક્રૂર વિઘ્નો કે અવરોધો ઊભા કરનાર મોટી દુષ્ટતાની દીવાલ

તરીકે—તેના સાચા સ્વરૂપમાં—દેખાતી હતી. તે અમુક કહેવાતી ઉચ્ચ વર્ણોને કપોળ-કલ્પિત શ્રેષ્ઠતા આપતી ને અમુક લોકોને ધિક્કારવાલાયક કે ઉપેક્ષિત અને બીજાથી અલગ રાખતી.

* * *

ક્રિસ્મસની રજાઓ દરમ્યાન મારા રામચંદ્રકાકાએ પોતાને ત્યાં આવવાનું મને આમંત્રણ આપ્યું. મને ત્યાં ઘણી મજા પડતી હતી. હું ત્યાં પહોંચ્યો કે તરત જ તેમણે મારી સાથે ચર્ચા શરૂ કરી.

"રવિ, મેં તારે વિશે ઘણી અટપટી વાતો સાંભળી છે. તારા પિતાજી કેવી જિંદગી જીવ્યા તેની તેને ખબર છે? તેમણે તો ખૂબ ઊંચાં ધોરણો સાચવ્યાં હતાં. તારી માતા પણ એક પવિત્ર સ્ત્રી છે અને આપણી હિંદુ ધર્મ-સંસ્કૃતિને તે વરેલી છે." તેમના મત મુજબ તો હજુપણ હું હિન્દુ હતો.

મેં માથું હલાવ્યું. તેમને ખરેખર મારે માટે ચિંતા હતી. તે પોતે માંસ ખાય તેથી હું કેટલો બધો ચિંતાતુર બની ગયો હતો, તે શું તેમને યાદ હશે? હવે ખ્રિસ્તી થયા પછી મેં પણ થોડાં ઈંડાંનો નાસ્તો કરવાનું શરૂ કર્યું હતું. હું પહેલાં તો ઘણો નબળો હતો; કારણ, મારામાં પ્રોટિનની ખામી હતી. મારા કાકા તો શોખને કારણે માંસાહારી બન્યા હતા. જે ધર્મને પોતે પૂરેપૂરો પાળતા નહોતા તે ધર્મથી દૂર જવા માટે તે હવે મને ઠપકો આપતા હતા.

"તને ખબર છે કે કિલોમિટરોના વિસ્તારોમાં વસતા હિંદુઓ આપણા કુટુંબ તરફ જુએ છે. તું કેવી નિષ્ઠાથી ધર્મના નિયમો પાળે છે તે વિશે બધાંને માન છે. તારાથી આવી ભૂલ થાય નહિ ને એવું કરીશ તો તેં નિષ્ઠાપૂર્વક મેળવેલું બધું જ ખલાસ થઈ જશે."

"પરંતુ હું માનું છું કે ઈસુ એ જ એકમાત્ર ઈશ્વર છે, આપણાં પાપ માટે મૃત્યુ પામનાર ઉદ્ધારનાર છે," મેં મૃદુતાથી અને સન્માનસહિત કહ્યું. હું તેમને નારાજ કરવા માંગતો ન હતો; કારણ, તેમના પ્રત્યે મને ઘણો પ્રેમ હતો.

આદરપૂર્ણ રીતે રામચંદ્રકાકાએ પોતાની અભરાઈ ઉપરથી શ્રીમદ્‌ભગવદ્‌-ગીતાનું પુસ્તક કાઢયું અને તેને કાળજીપૂર્વક ઉઘાડયું. પછી કહ્યું, "ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ આમ કહે છે: "જ્યારે જ્યારે ધર્મ મંદ પડે છે તથા અધર્મ જોર પકડે છે ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું. સાધુઓની રક્ષાને અર્થે અને દુષ્ટોના નાશને અર્થે તથા ધર્મનો પુનરુદ્ધાર કરવાને સારુ યુગેયુગે હું જન્મ લઉં છું." તેમણે ધીમેથી ને ભાર મૂકીને શબ્દો વાંચ્યા. તે મારો પ્રતિભાવ જોતા હતા.

"એ સ્પષ્ટ છે કે ભગવાન કૃષ્ણ ભગવાન ઈસુ રૂપે પાછા આવ્યા. તેમને ઓળખનાર દરેક હિંદુ વિશ્વાસ કરે છે કે ઈસુ એ એક દેવ છે. ઈસુ દેવ છે એવો વિશ્વાસ કરવા માટે તારે ખ્રિસ્તી થવાની જરૂર નથી. એ તો ખ્રિસ્તી તરીકે જન્મેલા લોકો માટે છે. તું તો હિંદુ તરીકે જન્મ્યો છે, તેથી તું ગમે તે માન, પરંતુ તારે તારો ધર્મ બદલવાની જરૂર નથી. તારે તો હમેશાં હિંદુ જ રહેવું જોઈએ."

"હું આની સાથે સંમત થઈ શકતો નથી," મેં નમ્રતાથી છતાં દઢતા દાખવીને કહ્યું, "ઈસુએ કહ્યું છે કે, 'માર્ગ, સત્ય તથા જીવન હું છું.' તે જ એકમાત્ર માર્ગ છે, બીજો કોઈ જ માર્ગ નથી. તેથી બાકીના બધા નીકળી જાય છે. તે કંઈ દુષ્ટોના કે પાપીઓના સંહારને માટે આવ્યા નથી, પણ તે તો બચાવવા માટે આવ્યા છે. બીજા કોઈ દ્વારા ઉદ્ધાર નથી. તે એકલા જ સાચા ઈશ્વર છે, અને તે માણસનું રૂપ ધારણ કરીને દુનિયા પર આવ્યા કે તે આપણને માત્ર દષ્ટાન્ત પૂરું પાડે નહિ, પરંતુ આપણા માટે મરણ પામે. કૃષ્ણ, રામ કે શિવ કે બીજા કોઈ પણ દેવનું પુનરુત્થાન થયું નથી, જ્યારે ઈસુ મરણમાંથી પાછા સજીવન થયા છે. વધુમાં મને પુનર્જન્મમાં પણ આસ્થા નથી. બાઈબલમાં કહ્યું છે કે, "માણસને માટે મરણ તો નિશ્ચિત છે ને તે પછી ન્યાયકાળ છે."

મારાં કાકી ધ્યાન દઈને સાંભળતાં હતાં, તે હવે તો પોતાનાં ડૂસકાં પણ દબાવી શકતાં ન હતાં. કાકા ખૂબ નિરાશ થઈ ગયા હતા. તે ખૂબ નિખાલસ ને દયાળુ હતા. મને તેમના પ્રત્યે ઘણું માન હતું. પણ પુરાવા બરોબર તોળી જોવા, પોતાના ધર્મને શુદ્ધ તાર્કિકતાથી તપાસવો ને તેની પરસ્પર વિરોધી બાબતો નિષ્ઠાપૂર્વક સ્વીકારવી તે તેમને માટે શક્ય ન હતું. હું જે ધર્મસંસ્કારમાં ઊછર્યો હતો તેમાંથી દૂર જતો ન રહું તે જ તેમની મુખ્ય ચિંતા હતી. જો હું મારા દેવોમાં એક વધારાના દેવ તરીકે ઈસુ ખ્રિસ્તને સ્થાન આપું તો તેમને કશો વાંધો ન હતો, અથવા, જો હું કોઈપણ ઈશ્વરમાં વિશ્વાસ ન મૂકનાર નાસ્તિક બની જાઉં ને છતાં પોતાને હિંદુ કહેવડાવું તો પણ તેમને વાંધો ન હતો. પણ મારે માટે તો એ પરંપરાનો પ્રશ્ન નહોતો, પણ સત્યનો સવાલ હતો. એક કલાકની ચર્ચા પછી સ્પષ્ટ થઈ ગયું કે વધુ વાતચીત અર્થહીન હતી. પરસ્પરની સંમતિથી તે જ દિવસે હું ઘેર પાછો ગયો.

હું ખ્રિસ્તી બન્યો છું એ હકીકતનો ગોપાળદાદા સ્વીકાર કરી શકતા ન હતા. રામચંદ્રકાકાની માફક તે પણ માનતા હતા કે અન્ય કરોડો દેવદેવીઓની જેમ ઈસુ પણ એક દેવ છે ને બ્રહ્મ તરફ લઈ જતો એક માર્ગ છે. તેમણે એક વાર મને કહ્યું, "ભાઈ, બધા માર્ગો એક જ મંજિલે લઈ જાય છે." મેં તેમની સાથે દલીલ કરવાનો પ્રયત્ન કર્યો કે, હું તેમની જ 'મંજિલે' પહોંચવાનો પ્રયત્ન કરતો ન હતો. ઈસુએ તો યહુદીઓને પણ કહ્યું હતું કે, "તમે તમારાં પાપોમાં મરશો. હું જ્યાં જાઉં છું ત્યાં તમે આવી શકતા નથી." પણ આવી વાતોનો કશો અર્થ નહોતો. હું ગમે તેવા પુરાવાઓ રજૂ કરું પણ ગોપાળદાદા પોતાની માન્યતાઓ બદલવાના નહોતા. અમે હવે પરસ્પર વિચારોની આપ-લે કરી શકવાના નહોતા તેથી મને ઘણું દુઃખ થતું હતું.

એ તો અનિવાર્ય જ હતું કે પંડિત જાનકીપ્રસાદ શર્મા અફવાઓ ખરી છે કે ખોટી તે જાણવા માટે અમારી મુલાકાત લે, ને ખ્રિસ્તી ધર્મ તરીકે ઓળખાતા આ દીવાનાપણાને દૂર કરવા સમજાવે. અંદર દાખલ થતાં ચારેબાજુ નજર કરતાં જ તેમને સ્પષ્ટ થયું કે અમારી દીવાલો પર વર્ષોથી લટકતાં દેવોનાં ચિત્રો ને અન્ય દેવમંડળો દેખાતાં નથી. તે ધીમેથી ખુરસી પર બેઠા, લાંબો શ્વાસ લીધો ને નિસાસો નાખ્યો.

તેમણે દુઃખથી કહ્યું, "હું આ બધું સમજી શકતો નથી ! લોકોએ શા માટે તમારી વિરુદ્ધ જૂઠાણાં ઓકવાં જોઈએ ? તે બધાં તો કહે છે કે તમે ખ્રિસ્તીઓ બની ગયાં છો." બાબાની આંખોમાં આંસુ આવ્યાં. તેમણે જુસ્સાભેર જાહેર કર્યું, "હું તેમની વાતો પર વિશ્વાસ કરતો નથી. મને કહો, લોકો શા માટે આવી ભૂંડી વાતો ફેલાવે છે ?" આ વૃદ્ધ ને માયાળુ પંડિત પ્રત્યે અમને ઘણો પ્રેમ હતો. અત્યારે તેમના ચહેરા પર ચિંતાની લિપિ લખાયેલી હતી.

"પણ બાબાજી, એ સત્ય છે," રેવતીમાસીએ હિંદીમાં કહ્યું.

તે મારી તરફ ફર્યા ને આંખમાં આંસુ સાથે બોલ્યા, "તારા પિતાજી–તે શું ધારશે ? ને રવીન્દ્રનાથ, તું આવું કરે ? મને તો સાચું લાગતું નથી. મને ખબર છે કે પંડિતો પણ કેટલીક વાર પ્રામાણિક ને ઉદાર હોતા નથી. મને કહે કે સાચી વાત શી છે ?"

"અમને કોઈએ દૂભવ્યાં કે નારાજ કર્યાં નથી," મેં તરત ઉત્તર આપ્યો. "અમને માલૂમ પડયું છે કે ઈસુ સત્ય છે, તેમણે અમને પાપોની માફી અને સાચી શાંતિ આપ્યાં છે. તે આપના ઉપર પણ પ્રેમ રાખે છે, તે આપનાં પાપો માટે પણ મૃત્યુ પામ્યા છે. આપ પણ તેમના દ્વારા મુક્તિ મેળવી શકો."

બાબાજીના ચહેરા પર મૂંઝવણ પથરાઈ રહી. તે પાપોની માફીના વિચારને જેમ હું પહેલાં સમજી શકતો ન હતો તેમ સમજી શકયા ન હતા. કુમારમાસા તરફ જોઈને તેમણે પૂછ્યું, "અને તમે પણ...?"

કુમારમાસા હમણાં જ અગાઉથી જણાવ્યા વગર ઈંગ્લૅન્ડથી આવ્યા હતા. તેમણે પોતે ખ્રિસ્તી બન્યા છે તેવું જણાવી બધાંને અચંબામાં નાખી દીધાં હતાં.

કુમારમાસાએ માનપૂર્વક ઉત્તર આપ્યો, "બાબાજી, આપ જાણો છો કે ત્રણ વર્ષ પહેલાં ત્રિનિદાદથી નીકળ્યો ત્યારે હું નિરાશાજનક દારૂડિયો હતો. હિંદુ દેવો મારે માટે કશું પણ કરવા અસમર્થ હતા. મારાં કર્મો તો મને પુનર્જન્મની શૃંખલામાં ખૂબ નીચે ઉતારી પાડત. આપ જાણો છો કે આપણા ઘણા ધર્મગુરુઓ પણ નશાખોરીમાં જીવે છે અને તેમનો ધર્મ તેમને કશી મદદ કરતો નથી. હું લંડનમાં નવી શરૂઆત કરવા માગતો હતા. એક વખતે ત્રિનિદાદમાંથી મારા એક દારૂડિયા દોસ્ત મને મળવા આવ્યા ત્યારે હું ગભરાઈ ઊઠયો હતો. પણ તેમને જોતાં જ

મને સમજાઈ ગયું કે તે એક જુદી વ્યક્તિ બની ગયા છે. તેમણે મને કહ્યું કે, "હું ખ્રિસ્તી બન્યો છું. ખ્રિસ્તે મને દારૂના દૈત્યના પાશમાંથી છોડાવ્યો છે." આ તો સમજાવું મુશ્કેલ હતું. મેં તેમને કહ્યું કે, "તમે તો ખ્રિસ્તી જ હતા; બન્યા કેવી રીતે?" તેણે કહ્યું કે, "ઘણા ખ્રિસ્તી મંડળીના સભ્ય હોવાથી પોતાને 'ખ્રિસ્તી' કહેવડાવે છે, પણ તેમણે કદી ખ્રિસ્તનો અનુભવ કર્યો હોતો નથી કે તેઓ ખ્રિસ્તને ઓળખતા પણ હોતા નથી. તેઓ એમના સાચા અનુયાયીઓ હોતા નથી."

કુમારમાસાએ વધુમાં કહ્યું, "તેમના દારૂડિયાપણા કરતાં તેમના ખ્રિસ્તી ધર્મથી હું વધારે ડરતો હતો. છતાં હું તેમને લંડનનાં જોવાલાયક સ્થળો જોવા લઈ ગયો. તે તો ખૂબ પ્રભાવશાળી વક્તા છે, તેથી હું તેમને હાઈડ પાર્કમાં 'સ્પીકર્સ કોર્નર' (વક્તાખૂણા)માં પણ લઈ ગયો. ત્યાં એક જુવાન ખ્રિસ્તી ધર્મ વિશે ભાષણ કરતો હતો. એ સત્ય કહેતો હતો તેમ મને તરત જ સમજાયું પણ હું સાંભળવા માગતો નહોતો. હું ઘેર પાછો ફર્યો પણ પેલા જુવાનની હૃદયભેદક વાતો હું વીસરી શકતો નહોતો. હું તે રાતે ઘૂંટણિયે પડયો ને ખ્રિસ્તને મારાં પાપોની માફી આપવા ને મારા હૃદયમાં પ્રભુ તથા તારણહાર તરીકે પધારવા આજીજી કરી. બાબાજી, ઈસુએ મને સંપૂર્ણ શાંતિ આપી ને મને નવો માણસ બનાવ્યો. મારી માતા આપને ઘણીવાર મારી દારૂ પીવાની કુટેવ વિશે ફરિયાદ કરતી હતી ને દારૂ પાછળ મેં હજારો ડોલરો બેફામ રીતે ઉડાવી દીધા હતા. હવે મેં દારૂ છોડી દીધો છે."

ન માની શકાય તેવી વાત. બાબા તો આંખો ફાડી પોતાના ફેરબદલો પામેલા સાથી સામે જોઈ જ રહ્યા હતા. તે મૂંગા બની ગયા હતા. રેવતીમાસી થોડાં નજીક આવ્યાં ને આ વૃદ્ધ પુરુષની અહોભાવયુક્ત આંખોમાં જોઈ તેમણે કહ્યું, "બાબાજી, મારી સાથે જે બન્યું તે વિશે મને કહેવા દો. હું પૂજાખંડમાં પૂજા કરતી હતી, ત્યાં અચાનક મને એવી વાણી સંભળાઈ કે, 'તું જેમની પૂજા કરે છે તે સાચા દેવો નથી. માર્ગ, સત્ય તથા જીવન હું છું, મારા સિવાય કોઈ પિતાની પાસે આવી શકતું નથી.' મને તરત સમજાઈ ગયું કે ઈસુ મારી સાથે વાત કરે છે. થોડા દિવસો પછી મેં મારા જીવનનું સ્વાર્પણ તેમને કર્યું ને તેમણે મને આખેઆખી બદલી નાખી. મારો ભૂતકાળ મારી પાસે હવે નથી રહ્યો, મારાં પાપો માફ થયાં છે ને હું જાણું છું કે હું સદાને માટે તેમની સાથે સ્વર્ગમાં રહીશ. ઈસુએ કહ્યું જ છે કે "ઈશ્વરે જગત પર એટલો તો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકનોએક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એના ઉપર વિશ્વાસ કરે તે નાશમાં ન જાય પરંતુ તે અનંતજીવન પામે." આ મુક્તિ બધી કોમો માટે છે, તે દરેક રાષ્ટ્રની દરેક પ્રજા માટે છે. બાબાજી, તે આપને માટે પણ છે જો આપ પણ તેમના ઉપર વિશ્વાસ કરી તેમને તમારા હૃદયમાં આવવા દેશો તો તે આપને પણ માફી ને અનંતજીવન બક્ષશે."

બાબાજી હજી પણ કશું કહી શકતા નહોતા. તે જાણે દિઙ્મૂઢ બની ગયા હતા. તે એકથી બીજા તરફ જોઈ રહ્યા. હવે તેમને ખાતરી થઈ ચૂકી હતી કે તેમણે પોતાના શ્રેષ્ઠ ને સાચા શિષ્યો ગુમાવ્યા છે. તે ધીમેધીમે ઊભા થયા. તેમના ચહેરા પર ઘેરી નિરાશા હતી. તે ખૂબ વિવેકી ને માયાળુ હતા. તે હજુ પણ અમારા મિત્ર રહેવા માગતા હતા, પણ સાથેસાથે તે પોતાની પ્રતિકાર ન થઈ શકે તેવી લાગણીઓને દબાવી દેવાનો પ્રયત્ન કરતા હતા. અમે તેમને 'આવજો' કહ્યું ત્યારે અમારાં હૃદયો પણ દુઃખી હતાં, અમે ફરીથી કદી બાબાજીને જોયા નહિ.

હિંદુઓ કેટલા બધા ઉદાર મનના છે તેવી અત્યાર સુધી જેઓ શેખી કરતા હતા અને હિંદુ ધર્મ બધા ધર્મોને સ્વીકારે છે એવો દાવો કરતા હતા તેઓ જ ઈસુના અનુયાયીઓ થવા માટે અમારી કટ્ટર ટીકા કરતા હતા. જેઓ અમારા બાપ-દાદાઓના ધર્મ તરફ અમે પાછા ફરીએ તે માટે અમને આગ્રહ કરનારાઓની વાતો જેમ જેમ અમે સાંભળતા ગયા તેમ તેમ અમને સમજાતું ગયું કે ધર્મ પ્રત્યેની માણસની વફાદારી એ સત્યપ્રાપ્તિની ઈચ્છા પર આધારિત હોવાને બદલે સાંસ્કૃતિક પરંપરાઓ પ્રત્યેનાં લાગણીશીલ જોડાણો કે બંધનો પર આધારિત હોય છે. સંસ્કૃત મંત્રોના અર્થ સમજવાને બદલે ઘણા હિંદુઓ જિંદગીભર માત્ર મોઢેથી તેમનો પાઠ જ કરતા રહે છે. અમારી સાથે દલીલો કરવા આવતા ઘણા હિંદુઓમાંથી મોટા ભાગને તો પોતે શા માટે હિંદુ છે તેની પણ ખબર નહોતી. તેઓ તો માત્ર હિંદુ જ્ઞાતિમાં જન્મ્યા હોવાને કારણે હિંદુ હતા અને ધર્મનાં મૂળતત્ત્વોની તેમને જરીકે સમજણ ન હતી. અમે અમારા પૂર્વજોનાં ધર્મનો ત્યાગ કર્યો હતો એ જ અમારો અપરાધ હતો અને તેથી સત્ય વિશેની કોઈપણ ચર્ચા અર્થહીન બની જતી હતી.

વિચિત્રતા તો એ હતી કે ઘણા મુસ્લિમો અમારી ખિલાફ થઈ ગયા હતા, જો કે અમે કંઈ તેમના ધર્મનો ત્યાગ કર્યો નહોતો. એક મુસ્લિમ મિત્રે મને ગુસ્સે થઈને કહ્યું હતું, "મેં સાંભળ્યું છે કે તમે પેલા ગુનેગાર ઈસુને અનુસરવાનું શરૂ કર્યું છે!" છતાં કુરાન પણ ઈસુ શુદ્ધ ને નિષ્પાપ જીવન જીવ્યા હતા તેવું પ્રતિપાદિત કરે છે.

શરૂઆતમાં તો ઈસુનું નામ જ જેઓ ભૂતકાળમાં અમારા ગાઢ મિત્રો હતા તેમનાં હૃદયોમાં શા માટે ક્રોધ અને ધૃણા જન્માવે છે તે જ અમને સમજાતું ન હતું. પછીથી અમે 'શુભસંદેશ'માં વાંચ્યું કે ઈસુએ કહ્યું હતું કે, "મારે નામને ખાતર લોકો તમારી નિંદા કરશે ને તમને ધિક્કારશે." છતાં, લોકો શા માટે ઈસુને ધિક્કારે ને તેમને વધસ્તંભે જડાવે તે જ સમજવું મુશ્કેલ હતું. ઈસુએ તો માત્ર ભલું જ કર્યું હતું. છતાં તેમણે ઈશ્વર પાસે જવાનો એકમાત્ર માર્ગ પોતે હોવાનો ને ઈશ્વર-પુત્ર હોવાનો દાવો કર્યો હતો, અને પછી અમને સમજણ પડી કે આને કારણે તો લોકોને પોતાનાં ધાર્મિક ક્રિયાકાંડો ને બલિદાનો ને રિવાજો બધું મૂકી દેવું પડે ને

પોતાનાં પાપ માટે માત્ર ઈસુના મૃત્યુનો જ સ્વીકાર કરવો પડે, તેથી લોકોને ઈસુ પર ક્રોધ ચડતો હતો. ઈસુ પ્રત્યેનો આ તિરસ્કાર તેના શિષ્યો તરફ એટલે અમારી તરફ વળ્યો હતો.

* * *

"તમે તો હિંદુ સમાજ માટે શરમરૂપ ને કલંકરૂપ છો ! ઢોંગીઓ ! વિશ્વાસઘાતીઓ." મોટી બૂમોથી હું ચોંકી ઊઠયો ને હું શું થયું તેની તપાસ કરવા બહારના વરંડામાં દોડી આવ્યો. કૃષ્ણરાજ અને શાંતિ ત્યાં જ ઊભાં હતાં. અમારા ઘર પાસેના રસ્તા ઉપર એક વિશાળ અમેરિકી કાર ઊભી હતી. તેના ઉપર લાઉડસ્પીકર હતું અને શોફરની પાછળ હાથમાં માઈક્રોફોન લઈને બેઠેલો માણસ મોટેથી બૂમબરાડા પાડતો હતો. અમે તેને ઓળખી કાઢયો–તે ત્રિનિદાદના સૌથી શ્રીમંત માણસોમાંનો એક હતો, ને હિંદુ સમાજનો આગેવાન હતો.

"તમે તો તમારા ધર્મ તરફ ને તમારા બાપદાદા તરફ પીઠ ફેરવી છે. નમાલાઓ ! આથી વધુ ખરાબ વાત હિંદુ માટે શી હોઈ શકે ? તમે તો સનાતન ધર્મનું અપમાન કર્યું છે. તમે તો દુનિયાના સૌથી મહાન ધર્મનો ત્યાગ કર્યો છે. આની મોટી કિંમત તમારે ચૂકવવી પડશે !" દેખીતી રીતે આ માણસે કાળજીપૂર્વક પોતાનું કહેવાનું તૈયાર કર્યું હતું ને મોટે અવાજે તેમણે કેટલીયે મિનિટો સુધી પોતાનું ભાષણ દોહરાવે રાખ્યું. અમારા ઘણા પડોશીઓ આ ગમતી વાત સાંભળવા શેરીમાં એકઠા થયા ને તેથી તો આ વક્તાને વધુ ઉત્તેજન મળ્યું. પછી મોટા અવાજ સાથે કાર ત્યાંથી ઊપડી ગઈ.

છેવટે દેવનારાયણમામા ને મામીને આ બધું અસહ્ય થઈ પડયું. અમારા કુટુંબમાં આવેલા આ મહાન પરિવર્તન પહેલાં પણ મામીને કુટુંબનાં ઘણાં સભ્યો સાથે સુમેળ નહોતો. હવે તો અમે પાછાં ખ્રિસ્તી બન્યાં હતાં, એટલે મામા ને તેમના કુટુંબ માટે અમારી સાથે એક જ ઘરમાં રહેવાનું અતિ મુશ્કેલ થઈ પડયું ને તેઓ ઘરમાંથી નીકળી ગયા.

* * *

દરરોજ બસ દ્વારા આટલે બધે દૂર જવું વ્યવહારુ નહોતું. કુમારમાસાની મદદથી મેં કવીન્સ રૉયલ કૉલેજ પાસે રહેતા એક કુટુંબમાં 'પેઇંગ-ગેસ્ટ' તરીકે રહેવાનું નક્કી કર્યું. તે કુટુંબ હિંદુ હતું. સ્થળ સ્કૂલે જવા અનુકૂળ હતું, પરંતુ મકાનમાં ઘણાં માણસો રહેતાં હતાં. મકાનમાં શયનખંડ બે હતા ને અમે હતાં દસ માણસો. સૌથી મોટો દીકરો મારી જેમ હાઈસ્કૂલમાં ભણતો હતો. અમે બે જણ દીવાનખંડમાં સૂઈ જતા. ફરી એકવાર દેવોની મૂર્તિઓ ને ચિત્રો મારી સામે આવ્યાં. મારે માટે પરિસ્થિતિ અશાંતિ ઊભી કરનારી હતી. આ મિત્રોએ સાંભળ્યું નહોતું

કે હું ખ્રિસ્તી બન્યો હતો, પરંતુ જ્યારે દિવસોના દિવસો સુધી હું કૌટુંબિક પૂજામાં જોડાઈ શક્યો નહિ ત્યારે મારે ખુલાસો કરવો પડયો.

"હું ખ્રિસ્તી બન્યો છું," મેં એક સાંજે જણાવ્યું.

આખું કુટુંબ અવિશ્વાસના ભાવથી મારી સામે તાકી રહ્યું. છોકરાના પિતાજીએ હું મજાક કરું છું એમ માની હસવા માંડ્યું. પણ જ્યારે તેમણે જોયું કે હું ગંભીર હતો ત્યારે તે ગુસ્સે થઈ ગયા. "તું એમ કહેવા માંગે છે કે ખ્રિસ્તી થવા માટે તેં સૌથી મહાન ધર્મનો ત્યાગ કર્યો છે? તેં શા માટે આવું કર્યું?"

"હું સત્યની શોધ કરતો હતો ને મને પ્રતીતિ થઈ કે ખ્રિસ્ત જ એકમાત્ર સત્ય છે, સાચા દેવ છે, જે આપણાં પાપો માટે મૃત્યુ પામ્યા હતા."

મને પાછો જીતી લેવા તેમણે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ હું મારી પસંદગીમાં ગંભીર હતો એવી ખાતરી થતાં જ તેમનાં વલણોમાં ફેર પડયો. મારા પૂર્વજોના ધર્મ પ્રત્યે અવિશ્વાસુ બનવા બદલ તેઓ મારી ટીકા કરવા લાગ્યા. જો કે તેઓ પોતે પોતાની દુકાનમાં માછલી ને માંસ નાંખીને બનાવેલી વાનગીઓ વેચતા હતા! મને તેની ટીકા કરવી યોગ્ય લાગી નહિ. છોકરાના પિતાજી રોજ સાંજે દારૂ પીને જ આવતા. પછી તે ઈસુનું નામ લઈને ગાળો ભાંડતા ને ભાંડણલીલા મારી સામે જ ચાલતી, પરંતુ હું કશો પ્રતિભાવ દાખવતો નહિ. જ્યારે નશો ઊતરી જાય ત્યારે તો શિષ્ટ ને ભલા માણસ લાગે, ને આખું કુટુંબ ખ્રિસ્તીઓનો તિરસ્કાર કરતું હતું તે છતાં બધાં મારા પ્રત્યે ઉદાર થવાનો ને અતિથિ તરીકે મારી સગવડો સાચવવાનો પ્રયત્ન કરતાં.

માનવીની દુશ્મનાવટ કરતાં દુષ્ટાત્માઓનો વધતો જતો વિરોધ વધારે મુશ્કેલ હતો. દુષ્ટાત્માઓ તો જરાપણ દયા દર્શાવવા તૈયાર નહોતા. ભયંકર દેખાતી મૂર્તિઓથી હું તે ઘરમાં ઘેરાયેલો રહેતો. આ બૂરી દૃષ્ટિથી જોતાં મહોરાં પાછળની ખરી તાકાતની મને ખબર હતી અને તેથી આવા ઘરમાં રહેવા માટે હું કેમ સંમત થયો તેની મને પોતાને સમજણ પડતી નહોતી. પરંતુ એ વખતે બીજો કોઈ વિકલ્પ પણ દેખાતો ન હતો.

સ્કૂલમાં પણ મુશ્કેલીઓ વધી ગઈ હતી. છેલ્લે છેલ્લે તો હિંદુ નેતા તરીકે મેં મારા સાથીઓનો આદર જીત્યો હતો પણ હવે તો મારા ઉપર ખ્રિસ્તને અનુલક્ષીને કટાક્ષો કરવામાં આવતા હતા. જે છોકરાઓને હું ખ્રિસ્તી માનતો હતો તેઓ પણ મને સતાવતા હતા. એક રાતે આ બધું ખૂબ અસહ્ય થઈ પડયું, દુષ્ટાત્માઓનું બળ ને માનસિક ત્રાસ અનુભવતો હું બેઠકખંડની ફરસબંદી પર સૂતો હતો. ઊંઘ જાણે જોજનો દૂર નાસી ગઈ હતી. "પ્રભુ", મેં આંસુ સારતાં કહ્યું, "તમારાઅનુયાયી થવામાં આટલી બધી મુશ્કેલીઓ કેમ અનુભવવી પડે છે? હું તમારા પર પ્રેમ રાખું છું, મારા હૃદયમાં તમારી શાંતિ છે, પરંતુ હવે તો આ ઘરમાં ને શાળામાં પરિસ્થિતિ અતિ વિકટ ને દુઃખદાયક બનતી જાય છે. શું મારી હાલત કાયમ આવી જ રહેશે?" દુઃખથી મારી આંખો ઘેરાઈ ગઈ ને હું નિદ્રાવશ થઈ ગયો.

રાતે લગભગ બે વાગ્યે કોઈ મને જોરથી હલાવતું હતું. મારી આંખો ઉઘાડીને મેં આશ્ચર્ય સાથે જોયું તો ઉજ્જવલ પ્રકાશ પરિધાન કરેલ કોઈ વ્યક્તિ મારી પાસે ઊભી હતી. હું બરોબર જાગી ગયો હતો. મેં એ પ્રકાશપુંજ સામે જોયું અને મને ખાતરી થઈ ગઈ કે તે ઈસુ છે. જો કે તે ચિત્રોમાં દેખાય છે તેવા દેખાતા નહોતા. તેમણે મારા તરફ પોતાનો હાથ લંબાવ્યો ને મને મૃદુતાથી કહ્યું, "શાંતિ! મારી શાંતિ હું તને આપું છું!" આ શબ્દો કહી તે અંતર્ધાન થઈ ગયા. ફરીથી મારા ખંડમાં અંધારું ફેલાઈ ગયું. હું ખરેખર જાગું છું તેની ખાતરી કરવા હું ઘણો સમય બેસી રહ્યો. હવે કશી શંકા રહી નહોતી. મને "હાલેલૂયા!" એટલે "પ્રભુની સ્તુતિ થાઓ!" એવી બૂમ પાડવાની ઇચ્છા થઈ આવી, પરંતુ મેં તેમ કર્યું નહિ. વિશ્વાસની આંખોથી આકાશ સામે નિહાળતો ને પ્રભુમાં આનંદ કરતો હું બેસી રહ્યો.

આ અનુભવથી મને નવી હિંમત મળી. મને નવેસરથી ખાતરી થઈ કે ખ્રિસ્ત મારી સાથે છે, તે મને ચલાવે છે, દોરે છે ને મારી સંભાળ રાખે છે. અલબત્ત આ બધા ઉપર મેં વિશ્વાસ કર્યો હતો અને મારી ઈસુ ઉપરની શ્રદ્ધામાં ખોટ આવી નહોતી, છતાં હવે મુશ્કેલમાં મુશ્કેલ સંજોગો પણ જેને ડગાવી ન શકે તેવો ઊંડો ને અટલ વિશ્વાસ મને પ્રાપ્ત થયો. આ વિશ્વાસે કદી મારો ત્યાગ કર્યો નથી ને કદી કરશે પણ નહિ.

એક દિવસે મેં હાઈસ્કૂલના બુલેટિન બૉર્ડ પર નોટિસ જોઈ કે 'ખ્રિસ્ત માટે યુવાનો' ની સભા કૉલેજના સભાખંડમાં મળવાની છે. એ તો સ્કૂલનું મોટામાં મોટું મંડળ હતું, પણ મેં તે વિશે કદી સાંભળ્યું નહોતું ને હું તો એમ જ ધારતો હતો કે કવીન્સ રોયલ કૉલેજમાં હું જ એક માત્ર ખરો ખ્રિસ્તી છું! પ્રથમ સભામાં જ મારો ઉષ્માભર્યો સત્કાર કરવામાં આવ્યો ને ટૂંક સમયમાં જ મારે ઘણા ખ્રિસ્તી મિત્રો થયા. બ્રિજભૂષણ સાથે મારે અત્યંત ગાઢ મિત્રતા થઈ. તે એક જાણીતા ક્રિકેટ અમ્પાયરનો પુત્ર હતો. તે પણ થોડા જ સમયથી ખ્રિસ્તી બન્યો હતો. અમે સાથે પ્રાર્થના કરતા ને બાઇબલ વાંચતા, ને ખ્રિસ્ત માટે જીવન જીવવા ને બીજાંઓને સાક્ષી આપવા એકબીજાને ઉત્તેજન આપતા. મારી પોતાની સાક્ષીથી ને 'ખ્રિસ્ત માટે જુવાનો' એ મંડળની સાપ્તાહિક સભાઓથી ઘણા મિત્રો ખ્રિસ્ત માટે જિતાવા લાવ્યા. મને આ મંડળના સ્ટાફ ઉપર પણ નીમવામાં આવ્યો. આ 'નવો જન્મ' પામેલા ખ્રિસ્તીઓને પણ 'નવા જન્મ'ની જરૂર હોય છે તે સમજાવવામાં ઠીક ઠીક મુશ્કેલી પડતી.

પેલા હિંદુ કુટુંબ સાથેનું ઘર્ષણ ટાળવા માટે મેં શાળાના જ એક રૂમમાં મોડે સુધી અભ્યાસ કરવા માટે મને આચાર્યની મંજૂરી મળી. મારો ઘણો સમય હું બાઇબલ-અભ્યાસ ને પ્રાર્થનામાં ગાળતો, ને ઘણીવાર તો ઘરનાં બધાં લગભગ સૂઈ ગયાં હોય કે ઊંઘવાની તૈયારીમાં હોય ત્યારે ઘેર પહોંચતો. એક વર્ષ પછી એ મકાન નવાં મકાનો ત્યાં બંધાવાનાં હોવાથી તોડી પાડવામાં આવ્યું. મારું નવું ઘર કૉલેજથી

વધારે દૂર હતું, છતાં ત્યાં સગવડો પણ વધારે હતી. બ્રિજભૂષણ આવવા-જવા માટે મને તેની સાઈકલ વાપરવા આપતો. હું જે કુટુંબમાં રહેતો હતો ત્યાંનાં ઘરમાલિક બહેન ખૂબ મજાનાં ખ્રિસ્તી હતાં ને તેમણે પણ મને વિશ્વાસમાં બળ પમાડયું.

તરુણ તરીકેની જિજ્ઞાસાને વશ થઈ મેં ઘણીવાર મારું ઘડિયાળ ખોલ્યું હતું ને સમું કર્યું હતું. હવે તે જ્ઞાનનો લાભ લઈ હું મિત્રોની ઘડિયાળો સમારી આપવા લાગ્યો. હજામત કરવાની બ્લેડ, નાનકડું ચપ્પુ, સ્ક્રૂ-ડ્રાઈવર ને એક પિન—એટલાં જ મારાં સાધનો હતાં. બ્રિજભૂષણની સાઈકલ પર બેસી, દર શુક્રવારે પોર્ટ ઑવ્ સ્પેનના બજારમાં જઈ હું સ્પેરપાર્ટ્સ ખરીદી લાવતો. થોડા જ સમયમાં મારી નામના વધી. વિદ્યાર્થીઓ ને અધ્યાપકો પણ સમી કરવા માટે મને તેમની ઘડિયાળો આપવા લાગ્યા. હું મારા ખિસ્સાખર્ચ માટે ને રહેવા—જમવા માટે પૂરતી કમાણી કરવા લાગ્યો.

શનિ—રવિના દિવસોમાં હું ઘણીવાર લક્ષ્મણસિંગ જંકશન જતો. ત્યાંના એક નાના ચર્ચમાં સન્ડે સ્કૂલમાં પણ શીખવતો. કૃષ્ણરાજ સાન ફર્નાન્ડોની એક પ્રાથમિક શાળામાં શિક્ષક બન્યો હતો. તે અને શાંતિ બંને જણ શનિ-રવિ પર ઘેર આવતાં ને અમને બધાંને બાઈબલના વાચન—મનનમાં ઘણો આનંદ મળતો. ઈશ્વર અમારાં જીવનોમાં શું કરી રહ્યા છે તેની એકબીજા સાથે ચર્ચા કરવામાં ને વચનની આપ-લેમાં ઘણું ઉત્તેજન મળતું. પોતાના પ્રાર્થનામય જીવન વડે દાદીમા ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતાં હતાં. અમને બંનેને એકબીજા ઉપર ભારે પ્રેમ હતો. દર શનિ—રવિએ દાદીમા મારી સાથે પ્રાર્થના કરતાં, જેથી અમેરિકી પદ્ધતિનું શાળાશિક્ષણ પૂરું કર્યા પછી મારે માટે ઈશ્વરની ઈચ્છા શી છે તે પ્રભુ અમને બતાવે.

મને મૅડિકલ ડૉક્ટર થવાની ઈચ્છા હતી. મને થતું કે ડૉક્ટર થવાથી હું જેમને સેવાની જરૂર હોય તેવા લોકોને મદદ કરી શકું ને તે સાથે મારાં દર્દીઓ સાથે હું ખ્રિસ્તના પ્રેમમાં સહભાગી બની શકું, ખ્રિસ્તના પ્રેમને વહેંચી શકું. કદાચ, વધુ અભ્યાસાર્થે ઇંગ્લૅન્ડ જવાની તક મળે તો જાઉં.

---

# ૧૭. પુનર્મિલન અને વિદાય

"રવિ, તારી માતા ઘેર પાછી આવી રહી છે!"

રેવતીમાસી વરંડાના દરવાજામાં ઊભાં રહી બહારથી આવેલી ટપાલ વાંચતાં હતાં. દાદીમા પાસે ઊભાં હતાં. અમે બધાં માની ન શકાય તેવા અચાનક આવેલા આ સમાચારથી આશ્ચર્યચકિત બની ગયાં હતાં. શું એ સત્ય હોઈ શકે—અગિયાર વર્ષ પછી?

"તેમણે લંડનથી પત્ર લખ્યો છે," માસીએ મને પત્ર આપતાં કહ્યું. "તેમને ત્રિનિદાદ આવતું વહાણ મળી ગયું છે, ને આજે તો આવી પહોંચશે!"

લલિતપ્રસાદ અમેરિકાથી ટૂંકી મુલાકાત માટે ઘેર આવ્યા હતા હતા. ત્યાં તે પીએચ.ડી.નો અભ્યાસ કરતા હતા. અમારા ઉત્તેજનાભર્યા અવાજો સાંભળી તે દોડી આવ્યા. "વહાણ ક્યારે આવી પહોંચે છે?" તેમણે પૂછ્યું.

"થોડા જ સમયમાં," માસીએ કહ્યું. "આપણે ઉતાવળ કરવી જોઈએ."

અમે ખૂબ ઝડપથી મોટર મારી મૂકી. છતાંય પહોંચ્યાં ત્યારે વહાણ ડક્કા ઉપર આવી ગયું હતું. બધાં પ્રવાસીઓ ઊતરી ગયાં હતાં, ને મારી માતા ક્યાંય દેખાતી ન હતી. લલિતપ્રસાદે કહ્યું, "એમણે જરૂર ટેકસી કરી લીધી હોવી જોઈએ. ચાલો આપણે ઝડપથી પાછાં જઈએ." અમે પાછાં ફર્યાં, ને આ વખતે તો પહેલાં કરતાં વધારે ઝડપથી કાર હંકારી. અમે ઝડપથી પગથિયાં ચઢીને બેઠકખંડમાં ધસી ગયાં. ત્યાં મારી માતા હતી! જેને મેં હું સાત વર્ષનો હતો ત્યારથી જોઈ ન હતી! તે ડાઈનિંગ ટેબલ પાસે ઊભી હતી ને દાદીમાનો ચહેરો આટલો બધો તાજગીભર્યો જોઈને ને વધુમાં તો તેમને હરતાં—ફરતાં જોઈને તાજુબ થઈ રહી હતી, જો કે અમે અમારા પત્રોમાં ઈશ્વરે તેમને કેવી રીતે સાજાં કર્યાં તે બધું જણાવ્યું જ હતું.

માતાએ લલિતપ્રસાદને જોયા, ઓળખ્યા ને બંને ભેટી પડયાં. પછી રેવતી-માસીનો વારો આવ્યો. આનંદનાં આંસુ વહેતાં હતાં. હું બારણામાં ઊભો રહી ગયો હતો ને ધડકતા હૃદયે આ લાગણીભીનાં દૃશ્યો નિહાળતો હતો. મને માતા માટે દુ:ખ થતું હતું. થતું કે તે જરૂર ઘરમાં બધે ને પૂજાખંડમાં પણ ફર્યાં હશે. પૂજાખંડ ખાલી હતો. ન હતી મૂર્તિઓ કે ન હતાં ધાર્મિક ચિત્રો ને ઉપકરણો. આ બધું તેમને મુશ્કેલ લાગ્યું હશે. કદાચ, ખ્રિસ્તીઓના આ ઘરમાં આવવામાં પણ તેમને થોડો ડર લાગ્યો હશે. કારણ, હજુ પણ તે તો હિંદુ જ હતી! છતાં, આ તેનું પોતાનું ઘર હતું, પોતાનું કુટુંબ હતું અને છતાં કદાચ, અમે તેમને અજાણ્યા જેવાં લાગતાં હોઈશું.

તે મને જોતી તો હતી, પણ તેની આંખોમાં ઓળખની ચમક દેખાતી ન હતી. છેવટે તેણે પૂછ્યું, "પણ રવિ ક્યાં છે?"

કોઈએ કશો જવાબ આપ્યો નહિ. હું પણ મૂંગો રહ્યો. પછી મારા તરફ આંગળી કરી તેણે પૂછયું, "એ કોણ છે?" છતાં કોઈએ જવાબ આપ્યો નહિ.

હવે તો બધાંની અધીરાઈ પરાકાષ્ઠાએ પહોંચી હતી. રેવતીમાસીએ કહી દીધું કે, "એ જ રવિ છે!"

બધાં હવે મારી દિશામાં જોઈ રહ્યાં હતાં. હું વધુ વખત જાત ઉપર અંકુશ રાખી શક્યો નહિ ને દોડીને મારી માતાને ભેટી પડયો. મેં તેને વહાલથી ચુંબન કર્યું. માતા પણ મને ભેટી પડી. પણ અગિયાર લાંબાં વર્ષો પછી જે ઉષ્મા ને લાગણીની મેં અપેક્ષા રાખી હતી તેનો અભાવ દેખાતો હતો.

"રવિ, તું કેટલો બધો મોટો થઈ ગયો છે! હું તો તને ઓળખી પણ શકી નહિ," મારા તેના પ્રત્યેના અપાર પ્રેમ છતાં મને લાગ્યું કે અમારી બંનેની વચ્ચે કશી ખાઈ પડી ગઈ છે.

"અમે થોડાં મોડાં પડયાં. તમને આવ્યે કેટલી વાર થઈ?" રેવતીમાસીએ ક્ષમાસૂચક સ્વરે કહ્યું.

"બસ પંદર મિનિટ થઈ હશે, પણ એવી ચિંતા કરશો નહિ."

"પણ તમે એટલે બધે દૂરથી ને આટલા લાંબા સમયે આવ્યાં ને છતાં તમારો સત્કાર કરવા માટે ડક્કા પર કોઈ ન હોય તો કેવું લાગે!"

"હા, મને ખબર છે કે અહીં પણ ટપાલનો ભરોસો હોતો નથી." માતાએ થોડી દેખીતી નિરાશા સાથે કહ્યું. અમે જાણતાં હતાં કે તેની આંખોમાં દેખાતી નિરાશા જુદા કારણને લીધે હતી.

જે પુનર્મિલન કદી શકય નહિ બને તેવું હું ધારતો હતો તે આજે શકય બન્યું હતું. અમારે કેટલી બધી વાતો કરવાની હતી! ભંડારો તો ભરેલા હતા પણ અમે બધાં જાણે એક તરફ હતાં ને માતા સામી તરફ હતી. વચ્ચે જાણે દીવાલ હતી. બાબા મુક્તાનંદ નામે ગુરુના આશ્રમમાં માતા ઘણો સમય રહી હતી. માતા તેની પ્રશંસા કરવાથી જાણે ધરાતાં ન હતાં. હવે તો તે યોગતાલીમ આપનાર શિક્ષિકા બન્યાં હતાં. શારીરિક તાલીમ ને ભારતીય યોગસાધનાના લાભ વિશે તે કહેવા માગતી હતી. જો કે અમને ખબર હતી કે આનાથી તો મન દુષ્ટાત્માઓના પ્રભાવ નીચે આવી જવાની શકયતા વધી જતી હતી–પણ અમે તેને કેવી રીતે કહી શકીએ? હિંદુ ધર્મ વિશે ઘણી ઘણી વાતો તે મારી સાથે ચર્ચવા માંગતી હતી, પણ તેને ખબર હતી કે હું ઘણીખરી બાબતો સાથે હવે સંમત નહોતો ને અમે બંને ચર્ચા કે સંઘર્ષ ટાળવા માંગતાં હતાં.

હિંદુ ધર્મ બાકીના બધા ધર્મોને સ્વીકારે છે અને દરેક જણ ભલે જુદા જુદા માર્ગે પરંતુ એક જ મંજિલે પહોંચે છે તેવો દાવો કદાચ ઘણા માણસોને તત્ત્વ-જ્ઞાનની રીતે સાચો લાગતો હશે. અરસપરસ સહિષ્ણુતા અને બધા ધર્મોના સમભાવ

માટે દલીલો કરનારા એક વાત ભૂલી જાય છે કે કેટલાક મૂળભૂત ભેદભાવો માણસની જિંદગી ઉપર અસર પહોંચાડે છે. આવી મૂળભૂત વાસ્તવિકતાઓ સર્વધર્મીય સમજૂતીઓથી દૂર થઈ શકે નહિ. બ્રહ્મ એ જ એકમાત્ર વાસ્તવિકતા છે અને કર્મનો નિયમ ભૂતકાળનાં પાપો માટે ભાવિમાં થનાર સજાનો આગ્રહ રાખે છે તેવી હિંદુ ફિલસૂફીને મારી માતા વરેલી હતી, માનતી હતી. અમને બાકીનાં સહુને ખાતરી થઈ હતી કે ભલાઈ અને ભૂંડાઈ ભિન્ન છે અને સર્જનહાર ને સર્જન એકરૂપ નથી. ઈસુ જે માફી આપે છે તેનો અમને પ્રત્યક્ષ અનુભવ થયો હતો અને અમે પુનર્જન્મમાં માનતાં નહોતાં. આ બંને તદ્દન ભિન્ન માન્યતાઓ વચ્ચે કેવી રીતે મેળ પડી શકે? ભાષા અને વિચારોના બધા અર્થોને નકાર્યા પછી જ આ ભિન્ન વિચારસરણી વચ્ચે સમાધાન થઈ શકે.

અમે હવે હિંદુ રહ્યાં નથી એ હકીકતનો સામનો કરવામાં મારી માતા ઘણી મુશ્કેલી અનુભવતી હતી તેની મને ખબર હતી. તે તો અમારી હાજરીમાં ખાલીખાલી, શૂન્યમનસ્ક ને અચોક્કસ દેખાતી. તેના સિવાય બાકીનું બધું બદલાઈ ગયું હતું. અમે જે ધર્મપુરાણોનો ત્યાગ કર્યો હતો તેની જ પરંપરાઓમાં માતા માનતી હતી. ત્રણ દિવસ પછી ત્રિનિદાદમાં પોર્ટ ઑવ્ સ્પેનમાં આવેલા એક વિશાળ મંદિરમાં મુખ્ય પૂજારિણીનું કામ સ્વીકારવા તે ગઈ. આ પદની તો તે ભારત રવાના થઈ તે પહેલાંથી તેને ઑફર કરવામાં આવી હતી. આટલા ટૂંકા સમયમાં તે જાય તેથી અમને દુ:ખ થતું હતું પરંતુ અમારી વચ્ચેના મતભેદો મોટા હતા.

"તારે આવીને મંદિરમાં મારી સાથે રહેવું જોઈએ," જતાં જતાં માતાએ મને કહ્યું. "તું સ્કૂલે જાય ત્યારે આવીને મને મળજે. અમારે રહેવાનાં મકાનો ખૂબ સારાં છે ને તે કવીન્સ કૉલેજથી ખાસ દૂર પણ નથી!"

ભલેને એ મારી માતા સાથે રહેવાની વાત હોય છતાં આવા સ્થળે રહેવા માટે મારું મન માનતું નહોતું, પરંતુ તે સાથે કયા શબ્દોમાં ના પાડવી તે પણ મને સમજાતું ન હતું. મને તો મંદિરમાં તેમની મુલાકાતે જતાં પણ ડર લાગતો હતો.

મારી પહેલી મુલાકાત તો અવિસ્મરણીય બની રહી. મને કોઈકે માતાનું નિવાસસ્થાન બતાવ્યું. હું ઘરમાં દાખલ થયો તો ત્યાં શું જોયું? માતા પદ્માસન વાળી, હાથ જોડી, એક મોટા દર્પણ સામે બેઠી હતી ને 'સ્વ'ની પૂજા કરતી હતી. આ જોઈને મારું હૃદય ભાંગી ગયું. તેના પૂજાસ્થાનના આસન ઉપર તેના ગુરુ મુક્તાનંદનો વિશાળ કદનો ફોટો હતો. માતા લગભગ આખો દિવસ પોતાના ગુરુની પૂજા કરતી ને ધ્યાનસાધના કરતી.

માતાએ ઉત્સાહથી મને આવકાર્યો. "રવિ, તું આવ્યો તે મને કેટલું બધું ગમ્યું! જો હું તને બધું બતાવું." પાસેના ઓરડામાં લઈ જઈ તેણે કહ્યું. "જો, આ મેં તારે માટે રાખ્યો છે. તું ક્યારથી આવીશ?"

"હં...પણ...આ તો સ્કૂલથી ઘણું દૂર છે..." મેં અચકાતા અચકાતાં કહ્યું.

"કદાચ, પાંચ મિનિટ વધુ લાગે," માતાની આંખોમાં નિરાશા ડોકાઈ રહી.

"મને વિચાર કરવા દો," મેં કહ્યું. હકીકતમાં તો મારાથી ત્યાં રહેવાનું બની શકે જ નહિ. પણ તે કહેવું કેવી રીતે?

દર વખતે જ્યારે હું જતો ત્યારે મને મારી માતા ત્યાં રહેવાનો આગ્રહ કરતી. હું અસ્પષ્ટ ને મુલત્વી રાખનારા જવાબો આપતો. એકદમ ના પાડી દેવામાં ક્રૂરતા લાગતી. માતાને માટે એ કેટલું બધું મુશ્કેલ થઈ પડતું હશે? હું એક મહાન હિંદુ નેતા બનું તેવાં સ્વપ્નાં તેણે સેવ્યાં હતાં. હવે હું તેને માટે મૂંઝવણ-રૂપ બની ગયો હતો. ત્રિનિદાદના ઘણા હિંદુઓ માતાને માનથી જોતા હતા. તે આખા ટાપુમાં ફરીને ભાષણો આપતી હતી. જરૂર તે વખતે હિંદુ આગેવાનો મારે વિશે પૂછતા હશે. દેખીતી રીતે જ હું માતાને માટે શરમરૂપ ને કલંકરૂપ બની ગયો હતો.

તેમ છતાં, મારા વર્તમાન દુઃખ કરતાં માતા માટેની મારી ખરી વેદના ઘણી ઊંડી હતી. હું તેના સાર્વકાલિક ભાવિ માટે ચિંતાતુર હતો. તે તો ખોટા દેવોને વળગી રહી હતી, પણ ખરા ઈશ્વરે તેમની અસીમ કૃપામાં મને સમાવી લીધો હતો અને ખાતરીપૂર્વક તે મારી માતા આગળ પણ પોતાને જરૂર પ્રગટ કરશે. હું દરરોજ માતાના ઉદ્ધાર માટે પ્રાર્થના કરતો હતો. બાકીના બધા કરતાં તેને માટે ઉદ્ધારને માર્ગે જવાનું કેટલું બધું કઠિન હતું? અભિમાને તેની આંખો પર પડળ ચઢાવ્યાં હતાં. હિંદુ સમાજમાં જે પ્રતિષ્ઠા મળતી હતી તેનો ત્યાગ કરવો તે પણ મુશ્કેલ હતું અને જો તે ધર્મત્યાગ કરે તો તેને આખા હિંદુ સમાજનાં તિરસ્કાર અને રોષના ભોગ થવું પડે. માત્ર એક વાર મેં તેને સમજાવવાનો પ્રયત્ન કરતાં ઈસુનું વચન જણાવ્યું હતું: "માર્ગ, સત્ય અને જીવન હું છું."

માતાએ તરત ઉત્તર આપ્યો હતો "ચોક્કસ" હું એ વાત પર વિશ્વાસ કરું છુ. ઈસુ કહે છે કે આપણે બધા માર્ગ છીએ. વેદો તેવું જ શીખવે છે. દરેક માણસનો ધર્મ જુદો હોય છે, અને દરેકે પોતાની અંદર પડેલા સત્યને પામવું પડે છે."

"પણ બા, ઈસુ તો એમ કહે છે કે હું જ એકમાત્ર માર્ગ છું!"

થોડો સમય ચર્ચા કર્યા પછી અમને બંનેને સમજાઈ ગયું કે ધાર્મિક દલીલોમાં ઊતરવાનું અમારે માટે મુશ્કેલ હતું ને અમે વિષય બદલી નાખ્યો. તે પોતાના વિશે જે કહેતી તેથી મને ખાતરી થઈ હતી કે માતા પૂરેપૂરી સુખી નથી; તેથી હું પ્રાર્થના કર્યા જ કરતો કે તે પોતાની આંતરિક ભૂખને–સત્યને પ્રાપ્ત કરવાની–ઓળખી શકે અને સાચા ઈશ્વરને શોધી શકે.

એક બપોરે જ્યારે હું મારી માતાને મળવા ગયો ત્યારે તેણે કહ્યું, "રવિ, સારું થયું કે તું આવી ગયો. હું થોડી જ વારમાં ટેલિવિઝન સ્ટુડિયોમાં જવાની છું. મારી સાથે ચાલ."

મારી જવાની ઇચ્છા નહોતી, કારણ, હું જાણતો જ હતો કે મારે હિંદુ ધર્મ પરનું તેનું એકાદ ભાષણ સાંભળવું પડશે અને ભાષણ પૂરું થયા પછી તે મને તેની ઉપર ટીકા ટિપ્પણી કરવાનું કહેશે અને તેમાંથી વાદવિવાદ શરૂ થશે. પરંતુ મારી પાસે બીજો વિકલ્પ નહોતો.

ટેલિવિઝન સ્ટેશને મારી માતા કૅમેરાઓની સામે બેઠી ને મનની શાંતિ પ્રાપ્ત કરવા માટે યોગ ને મનન—સાધનાની ઉપયોગિતા વિશે છટાદાર પ્રવચન આપવા લાગી. મને ખાતરી જ હતી કે જે શાંતિ વિશે તે વ્યાખ્યાન આપતી હતી તે મનની સાચી શાંતિ તેને પ્રાપ્ત થઈ ન હતી. હું મારા અનુભવમાંથી જાણતો હતો કે મેં પણ શાંતિને ઉદ્દીપ્ત કરવા ને મારી જાતને શાંતિનો અનુભવ કરાવવા પ્રયત્નો કર્યા હતા, પણ એ સફળ થયા ન હતા. માત્ર પોતાના સર્જનહાર સાથે સાચા સંબંધમાં આવવાથી જ શાંતિ પ્રાપ્ત થઈ શકે અને માતા હજુ એવા સંબંધમાં આવી શકી ન હતી.

કાર્યક્રમ પૂરો થયા પછી તેમણે ઉત્સાહપૂર્વક મને પૂછ્યું, "રવિ, તને કેવું લાગ્યું?" જો હું હજુ પણ હિંદુ હોત તો મારી માતાની આ કામગીરીથી મને કેટલો બધો આનંદ થયો હોત! પણ હવે તો તેનાં ધાર્મિક ઉત્સાહ ને સિદ્ધિઓથી મારા દુ:ખમાં જ ઉમેરો થતો હતો. મેં થોડાક ખચકાટ પછી કહ્યું, "બા, તું સરસ બોલે છે. તારો અવાજ પણ સારો છે, ને તારું ટેલિવિઝન ઉપરનું ચિત્ર પણ સરસ આવે છે."

માતાની આંખોમાં નિરાશા દેખાઈ આવી. સ્વાભાવિક રીતે જ તેણે મારા આવા ઔપચારિક ઉત્તર કરતાં ઘણા વધારે ઉષ્માભર્યા પ્રત્યુત્તરની અપેક્ષા રાખી હતી. શું હું હિંદુ ધર્મ તરફ પાછો ફરીશ તેવી આશા હજુયે તેના મનમાં હશે?

અમેરિકી પદ્ધતિનું શાળાજીવન પૂરું કર્યા પછી મને ઘણાં જુદાં જુદાં ચર્ચોમાં વ્યાખ્યાનો માટે આવવાનાં આમંત્રણો મળવા લાગ્યાં. કૃષ્ણરાજ અને હું ઘણીવાર ગીતો ગાઈને અમારી સાક્ષી આપતા અને ઉપદેશ કરતા. અમને પળેપળ રમણીય લાગતી પરંતુ મને એવું થવા માંડ્યું હતું કે ઈશ્વર મને ત્રિનિદાદમાંથી કંઈ બહાર લઈ જવા માંગે છે. હું પ્રાર્થનામાં ઈશ્વરની ઇચ્છા શોધવામાં ઘણો સમય ગાળતો હતો. મને પ્રતીતિ થઈ હતી અને દાદીમા અને રેવતીમાસી તેમાં ભાગીદાર હતાં કે પ્રભુ મને ઇંગ્લેન્ડમાં લઈ જવા માંગે છે. મને મૅડિકલ ઇન્સ્ટિટ્યૂટમાં જવાની ઘણી ઇચ્છા હતી. ડૉક્ટર તરીકે હું માનવજાતિની સેવા કરી શકું ને મારી પાસે આવનાર દર્દીઓને ખ્રિસ્ત વિશે જણાવી શકું.

"જો, તારા કુમારમાસા તરફથી તારે માટે પત્ર છે", કાગળો વાંચતાં રેવતી-માસીએ મને જણાવ્યું. મારી માતા ત્રિનિદાદ આવી તેના થોડા સમય પહેલાં માસા ઇંગ્લૅન્ડ ગયા હતા.

"માસા મને ઇંગ્લૅન્ડ આવવાનું લખે છે અને જણાવે છે કે હું તેમની સાથે રહી શકીશ", મેં અત્યંત ઉત્તેજના અનુભવીને કહ્યું. મેં તો ઈશ્વરની યોજના શોધવા માટે પ્રાર્થના ને ઉપવાસ કરવામાં માત્ર ચાર જ દિવસ ગાળ્યા હતા અને હવે તે મને ઇંગ્લૅન્ડ લઈ જવા માંગે છે તેની સ્પષ્ટ સાબિતી પણ મળી હતી. જો કે મારી પાસે પ્રવાસ ખર્ચ માટેનાં નાણાં ન હતાં, છતાં જો ઈશ્વરની ઇચ્છા હશે તો તે જરૂર નાણાં પૂરાં પાડશે. ઈ.સ. ૧૯૬૭ના ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં મેં સાંભળ્યું કે એસ. એસ. એન્ટીલીઝ નામનું ફ્રેન્ચ વહાણ ચૌદમી તારીખે લંડન જવા માટે ઊપડવાનું હતું. મારા હૃદયના ઊંડાણમાં મને એમ થતું હતું કે મારે આ જ વહાણમાં બેસી ઇંગ્લૅન્ડ જવાનું છે, પરંતુ હજુ નાણાંની કશી સગવડ થતી ન હતી. તેમ છતાં, બારમી તારીખે સવારે પોર્ટ ઑવ્ સ્પેન જઈને મેં મારો પાસપોર્ટ કઢાવી લીધો. પછી હું તરત જ બ્રિટિશ હાઈ કમિશનમાં વીઝા મેળવવા માટે ગયો.

મને કહેવામાં આવ્યું કે, "તમે પંદરસો ડૉલર તમારી સાથે લઈ જવાની ખાતરી કરાવો પછી જ અમે તમને વીઝા આપી શકીએ." પરંતુ મારી પાસે તો હજી પ્રવાસ ખર્ચના પૈસા નહોતા !

હું ઑફિસમાંથી નીકળ્યો ત્યારે માત્ર ઘેર પાછા જઈ શકાય તેટલાં જ નાણાં મારી પાસે હતાં. સાંજે ઘેર પહોંચતાં જ મને જણાયું કે મને ત્રણ જુદીજુદી ભેટો મળી છે, જેની કુલ કિંમત બરોબર પંદરસો ડોલર થાય છે ! મારી માતા, લલિત-પ્રસાદ અને કૃષ્ણરાજે મારે માટે એ નાણાં એકઠાં કર્યા હતાં. મારે કેટલા પૈસા જોઈએ છે તેને વિશે મેં કોઈને કશી વાત કરી નહોતી, છતાં મારે જેટલી રકમની જરૂર હતી બરોબર તેટલી જ રકમ મને ભેટમાં મળી હતી એ ઈશ્વરનાં માર્ગદર્શન ને કૃપાનો એક વધુ પુરાવો હતો.

તે જ સાંજે બીજા એક મિત્રે મારા પ્રવાસખર્ચ માટે લોન આપવાની ઑફર કરી. હવે તો જાણે દ્વાર ચોક્કસ રીતે ઊઘડયાં હતાં, લંડનમાં રહેવાની વ્યવસ્થા પણ મળી ચૂકી હતી ને જરૂરી નાણાં પણ મળી ગયાં હતાં.

"હું ચૌદમી તારીખે લંડન જવા ઊપડું છું," મેં કુટુંબનાં સભ્યોને તે રાતે જણાવ્યું.

"ચૌદમી તારીખે? એ તો પરમ દિવસની વાત થઈ. તું એટલીવારમાં નાણાં, ટિકિટ ને વીઝા–એ બધાની વ્યવસ્થા કેવી રીતે કરી શકીશ ?"

"મને આજે મારો પાસપોર્ટ મળી ગયો છે. ઈશ્વરેચ્છા હશે તો આવતી કાલે વીઝા ને ટિકિટ મળી જશે.

મને ખબર નહોતી કે ઇંગ્લૅન્ડ જવા માટે વીઝા મેળવવામાં મુશ્કેલી પડશે. બીજે દિવસે બ્રિટિશ હાઈ કમિશનમાં ઑફિસરે કહ્યું કે, "હું દિલગીર છું, પરંતુ અમે તમને વીઝા આપી શકતા નથી."

"પણ સાહેબ, મેં તો આપે જણાવ્યું હતું તેમ પંદરસો ડૉલરની વ્યવસ્થા કરી પણ દીધી છે."

"પણ તેનો અર્થ એવો નથી કે તમને આપોઆપ વીઝા મળી જાય."

"પણ શા માટે નહિ?" મેં સાંભળ્યું હતું કે બ્રિટિશ ગવર્નમેન્ટ પરદેશીઓને તેમના દેશમાં પ્રવેશ આપવામાં પ્રતિબંધો મૂકી રહી છે.

ઑફિસરે કંઈ સમજૂતી આપી નહિ, પરંતુ કહ્યું, "હું દિલગીર છું મારાથી તમને વીઝા આપી શકાશે નહિ."

તે મારા પાસપોર્ટ પર સિક્કા મારતા હતા, પછી તેમણે અમારી વચ્ચેના કાઉન્ટર પર તે પાસપોર્ટ મૂકી દીધો. મેં પાસપોર્ટ લીધો નહિ, પરંતુ બારીમાંથી બહાર જોઈ ઈશ્વરને પ્રાર્થના કરી, "પ્રભુ, મહેરબાની કરી આ મુશ્કેલીમાં મારી મદદ કરો!"

ઑફિસરે ફરી મારો પાસપોર્ટ લીધો, ને તેમાં વીઝાનો સિક્કો માર્યો.

"આભાર, પ્રભુજી," મેં આભારવશ ને ગળગળા થઈ જઈ કહ્યું.

હું તે જ સાંજે હાથમાં વીઝા ને ટિકિટ લઈને ઘેર પાછો ફર્યો. ત્યાં દાદીમાએ ને રેવતીમાસીએ વિદાયસમારંભ ગોઠવ્યો હતો, ને થોડાંક સગાંસંબંધી ને પડોશીઓને બોલાવ્યાં હતાં. ખાસ આ પ્રસંગ માટે મારી માતા પોર્ટ ઑવ્ સ્પેનથી આવી હતી. અમારાં બધાં માટે આ લાગણીભીની પળ હતી. થોડા જ સમય પહેલાં માતા પરદેશથી સ્વદેશ આવી હતી ને હું હવે સ્વદેશથી પરદેશ જતો હતો. દાદીમા ઘણાં વૃદ્ધ થયાં હતાં ને તેમને છોડી જતાં હૃદયમાં અપાર દુઃખ પણ થતું હતું. અને રેવતીમાસી? અમે ખ્રિસ્તમાં એકબીજાની કેટલી નજીક આવ્યાં હતાં અને ઈશ્વરે અમને એકબીજા માટે કેવો ઉત્કટ પ્રેમ આપ્યો હતો! અને શાંતિ તથા કૃષ્ણરાજ—અમે સાથે ઈશ્વરમાં કેટલો આનંદ કર્યો હતો. મારાં મસિયાઈ ભાઈ–બહેનો, જેઓ ખ્રિસ્તી બન્યાં હતા ને મારાં કેટલાંક માસીઓ, માસાઓ, કાકીઓ ને કાકાઓ ખ્રિસ્તી થયા ન હતાં... મારા દેવનારાયણમામા તો મારે મન પિતાજીતુલ્ય હતા. છતાં એ તે રાત્રે આવ્યા નહોતા. હું આમાંથી કોઈને પણ છોડવા માંગતો ન હતો, છતાં મને વિશ્વાસ હતો કે ઈશ્વર પાસે સ્પષ્ટ યોજના હતી ને તે જ મને દોરીને લઈ જતા હતા.

વિદાય વખતે જે ભાષણો થયાં તે શુભહેતુવાળાં, પ્રેમપૂર્ણ ને નિખાલસ હતાં. આંખમાં આંસુ સાથે રેવતીમાસીએ મારા પ્રત્યેનો તેમનો ઊંડો પ્રેમ પ્રગટ કર્યો. અમે કેવી રીતે ખ્રિસ્તને કારણે એકબીજાની ખૂબ નિકટ આવ્યાં હતાં ને ઘરમાં મારી મદદ-એ બધું તેમણે ભાવપૂર્વક યાદ કર્યું. એનાથી તો ભૂતકાળ જાણે કે જીવંત બની ગયો ને મહાન ઈશ્વરે કેવી અદ્ભુત રીતે અમારાં પરિવર્તનો કર્યાં હતાં તેનું મને સ્મરણ થયું. દાદીમાએ પણ સુંદર વાતો કરી મને આશીર્વાદ આપ્યા. અમારાં કેટલાંક હિંદુ પડોશીઓએ પણ કેવી રીતે તેમણે મારા નવા જીવનની નોંધ લીધી

હતી અને પરિણામે મારા પ્રત્યે તેમને એક નવો ભક્તિભાવ પેદા થયો હતો તેની વાતો જણાવી.

પછી મારી માતા ઊભી થઈ. તેણે કહ્યું, "રવિ મારો એકનો એક દીકરો છે. મને તેના જેવો દીકરો હોવાનો ગર્વ છે!" આ કોણ માતા બોલતી હતી? મારી આંખો આંસુથી છલકાઈ ઊઠી. "ભારતમાંથી ત્રિનિદાદમાં આવ્યા પછી મેં ઘણી કાળજીપૂર્વક તેના જીવનનું નિરીક્ષણ કર્યું છે. હકીકતમાં તો હું છૂપી રીતે તેની પ્રશંસક બની ગઈ છું! મેં જે જોયું છે તેથી મને આનંદ થયો છે. મને તેનું જીવન તપાસતાં જણાયું છે કે તેનું એક વિશિષ્ટ વ્યક્તિત્વ છે. તેનું જીવન એક અનોખા પ્રકાશથી ઝળહળે છે."

મારી માતા મિતભાષી કે ઓછું બોલનારી હતી. તેથી તો તે જે કહેતી હતી તેનું મહત્ત્વ વધી જતું હતું—મેં તો ક્યારેય પણ કલ્પના કરી નહોતી કે માતાએ મારા જીવનમાં ઊંડો રસ લીધા કર્યો હતો! મારું હૃદય ભાવવિભોર બની ગયું. માતાને માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખવા મને નવું ઉત્તેજન મળ્યું.

માતાએ મારામાં જે જોયું હતું તે કંઈ મારા સદ્ગુણ કે મારો પ્રકાશ નહોતો, પરંતુ તે તો નવા જન્મને કારણે મારામાં ઉત્પન્ન થયેલા ખ્રિસ્તનો પ્રેમ અને જીવન હતાં. તેણે મારા જે સદ્ગુણોની પ્રશંસા કરી તે મારા ન હતા. ઈસુ જ આ ભિન્નતા કે જુદાપણા માટે જવાબદાર હતા. તેમણે જ મારા જીવનનું પરિવર્તન કર્યું હતું. મારા ઉદ્ધારનાર સ્વામીની જ એ પરમકૃપા હતી. મારી માતા પણ ખ્રિસ્તમાં મળતું આ નવું જીવન પ્રાપ્ત કરે તો કેવું સારું!

# એક યોગીનો નવો જન્મ

આ કથામાં
એક હિંદુ યોગીના આંતરિક સંઘર્ષનું અજોડ દર્શન સાંપડે છે. તે મૃત્યુ ઉપરના અંતિમ વિજયની શોધ કરે છે. મને આ પુસ્તક પડકાર આપનાર ને હૃદયસ્પર્શી જણાયું છે. અતિ પ્રેરણાદાયક પુસ્તક.

— હલ લિંડસે

રવિન્દ્રનાથ મહારાજ બ્રાહ્મણ પુરોહિતોના વણશમાં જન્મ્યા છે ને તેમણે યોગી તરીકેની તાલીમ મેળવી છે. તે બાલ્યાવસ્થાથી જ પોતાના વતન ત્રિનિદાદમાં દરરોજ કલાકો સુધી ચિંતન-મનન કરતા. પોતાની યુવાવસ્થામાં તે હિંદુ આગેવાન તરીકે બહાર આવ્યા. ડેવ હન્ટની મદદથી લખાયેલી આ જીવનકથામાં હિંદુ જીવન અને રીતરિવાજોનાં દિલચસ્પ, સ્પષ્ટ અને સચોટ વર્ણનો મળે છે. મજબૂત પકડ ધરાવનારા આ કથામાં જીવનનો અર્થ શોધવાની તેમની કઠિન જહેમત, તેમના ભ્રમનું નિરસન અને હિંદુ ધર્મ તેમ જ ખ્રિસ્તી ધર્મ વચ્ચેની પસંદગી માટેના તીવ્ર સંઘર્ષનાં દર્શન થાય છે.

રવીન્દ્રનાથ મહારાજ અત્યારે જુવાનોમાં ધર્મસેવાનું કામ કર છે. અને તેમને પૂર્વના ધર્મો વિશેની સમજ આપે છે. તેમણે સ્વીઝર્લેન્ડમાં ખ્રિસ્તી કાર્યકરો માટેનું તાલીમકેન્દ્ર શરૂ કર્યું છે ને આખી દુનિયામાં ફરી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા જુવાનોમાં ધર્મશિક્ષણ આપે છે.

ડેવ હન્ટ વિવિધ ધર્મપ્રણાલીઓના તજ્જ્ઞ છે ને ૪૦ દેશોમાં પ્રવાસો કરી તેમણે સંશોધન ગ્રંથો લખ્યા છે.

217 08 01
B/01 370